તત્ત્વ ચિંતન

(મહાત્મા જેમ્સ ઍલન કૃત
મેડિટેશન્સનું ભાષાંતર)

પ્રકાશક:
શ્રીરામકૃષ્ણ સેવાસમિતિ,
અમદાવાદ.

તત્ત્વ ચિંતન

યાને

નિત્યપાઠ શિક્ષાપત્રી

(મહાત્મા જેમ્સ ઍલન કૃત
મેડિટેશન્સનું ભાષાંતર)

ભાષાંતર કરનાર

શ્રી. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર.

પ્રકાશક :

શ્રીરામકૃષ્ણ સેવા સમિતિ.

અમદાવાદ.

પ્રકાશકો:

વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર,
'શ્રી રામકૃષ્ણ ભુવન', ગુજરાત સોસાયટી,
અમદાવાદ.

રસિકલાલ વાસુદેવ મહેતા,
સાંકડી શેરી, હજીરાની પોળ, અમદાવાદ.
માનદ મંત્રીઓ, શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ,
અમદાવાદ.

બીજી આવૃત્તિ

વિ. સં. ૧૯૯૮] કિંમત રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ,, ૦-૪-૦ [ઈ. સ. ૧૯૪૧

પ્ર ૧૦૦૦

મુદ્રક:—સોમાલાલ મંગળદાસ શાહ.
મુદ્રણાલય:—ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ,
મુદ્રણસ્થાન:-પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.

અર્પણ

મારા પૂજ્ય માતાપિતાને ચરણે

વૈકુંઠલાલ.

પ્રકાશકનું નિવેદન

મહાત્મા જેમ્સ ઍલનના મેડિટેશન્સનું આ ભાષાંતર સને ૧૯૧૭ તથા ૧૯૧૮માં શ્રી. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોરે સદ્ગત ભાઈ જીવણલાલ અમરશી મહેતા મારફત બે ભાગમાં પ્રસિદ્ધ કર્યું હતું. આ પુસ્તકની માંગ આવવાથી શ્રી. વૈકુંઠલાલે તેની બીજી આવૃત્તિ કાઢવા સદ્ગત ભાઈ જીવણલાલને ત્રણેક વર્ષ અગાઉ લખ્યું હતું, પરંતુ તેમની ઈચ્છા થઈ નહીં. ચાલુ સાલમાં આ પુસ્તકના પ્રકાશનનો સુસંજોગ આવ્યો એટલે એ કામ તેમણે અમને સોંપ્યું.

લગભગ પચીશ વર્ષ અગાઉ કરેલા ભાષાંતરના શૈલી ને વિચારમાં આજ ફેરફાર જોવા ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પરંતુ નાદુરસ્ત તબિયત તથા બીજાં કારણોને અંગે શ્રી. વૈકુંઠલાલે આ પ્રસંગે તે બદલ ક્ષમા માગી લીધી છે. છતાં છેલ્લા પ્રુફ એમણે ના જોયાં હોત તો ઘણી ભૂલો રહી જવા સંભવ હતો. જોડણી માટે બને તેટલી કાળજી રાખવામાં આવી છે, છતાં શરૂઆતના પાનાઓમાં જે કેટલીક ભૂલો રહી ગઈ છે તે નવી આવૃત્તિમાં સુધારાશે, એટલે જે રૂપમાં પહેલી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ તે મુજબ અમે પ્રસિદ્ધ કરીએ છીએ. ફેરફાર કર્યા હોય તો બે છે—એક મહાત્મા ઍલનનો ફોટો અમે આપ્યો છે, અને બીજું પુસ્તકની કિંમત રૂા. અઢી હતી તે ઘટાડીને આવા મોંઘવારીના વખતમાંયે ફક્ત એક રૂા. રાખી છે. આ કિંમતમાંથીયે જે કંઇ વધશે તે શ્રી રામકૃષ્ણ સેવા સમિતિને શ્રી. વૈકુંઠલાલ આપી દેશે.

આ પુસ્તકના પ્રકાશનમાં ભાઈશ્રી ધનશંકર ત્રિપાઠીએ અમને જે અમૂલ્ય મદદ આપી છે તે ભૂલાય તેમ નથી. ત્રણ માસના ટૂંકા ગાળામાં અમે તે પ્રસિદ્ધ કરી શકયા તેનું માન પણ તેમને ઘટે છે. અમે આશા રાખીએ છીએ કે આ જાતના પુસ્તકનું વાંચન વિશેષ ફેલાવો પામે.

માગશર સુદ ૫
સંવત ૧૯૯૮
તા. ૨૩-૧૧-૪૧
અમદાવાદ.

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

મર્હૂમ મી. જેમ્સ એલનના સુપ્રસિદ્ધ પુસ્તકનો આ તરજુમો ગુજરાતી વાચક વર્ગ સમક્ષ રજુ કરતાં મને ઘણો આનંદ થાય છે. મી. એલનના "મેડિટેશન્સ" ઉપરાંત "એઝ એ મેન થિન્કેથ" અને "લાઈફ ટ્રાયમ્ફન્ટ" ઈત્યાદિ પુસ્તકો જેમણે વાંચ્યાં હશે તેમને મી. એલન એક ઋષિ હતા અને તેવુંજ આદર્શ જીવન ગાળતા હતા એમ કહ્યા સિવાય ચાલશે નહીં. એમનાં પુસ્તકોમાં અપાયલો બોધ એમના વેદાંતી જ્ઞાનની, એમના વિશ્વવ્યાપી પ્રેમની સાક્ષી પૂરે છે. એ બોધ સંબંધી વિવેચન કરવા જતાં પ્રસ્તાવનાનાં ઘણાં પાનાં ભરાઈ જાય, અને તેથી આ પુસ્તકમાં સાર રૂપ જણાતા થોડાક મુખ્ય મુદ્દા બાબત જ કંઈક લખવું યોગ્ય ધાર્યું છે. બાકી પુસ્તકનું દરેકે દરેક પાનું, દરેકે દરેક શબ્દ લેખકના શાંત, ગંભીર અને સુદૃઢ વિચારનું પરિણામ છે, અને હમેશ મનન કરવા યોગ્ય છે.

આ સૃષ્ટિમાં એવા અનેક મનુષ્યો છે જેઓ પોતાનાજ ધર્મ, મત યા સંપ્રદાય ખરા છે અને બીજાના ખોટા છે, તેમનાજ ધર્મપંથને અનુસરેથી મુક્તિ મળશે વગેરે વિચાર ઠસાવવા મથે છે, અને નિરર્થક વાદવિવાદ તથા કલહનાં બીજ રોપે છે. એવા અજ્ઞાન જીવોને સત્ય શું છે, અને સત્યનો માર્ગ કયે રસ્તે છે એ મી. એલને એમના પુસ્તકમાં બહુ સારી રીતે સમજાવ્યું છે.

વળી અમુક મનુષ્ય કયા ધર્મનો છે, કયા વર્ણ યા જાતિનો છે, રંગે રૂપે કેવો છે એ સંબંધી નજર નહીં રાખતાં તેના આચારવિચાર કેવા છે, તેનું જીવન–તેનું વર્તન આપણાથી જુદું હોય, વખતે આપણને ગમતુંયે ન હોય, તોપણ તેના તરફ ક્રોધ નહીં કરતાં, તેના તરફ હલકી નજરે નહીં જોતાં દયામય દૃષ્ટિ રાખવી; કારણ આપણો અને તેનો આત્મા એક છે, અને

મનુષ્ય જે કંઈ ભૂલચૂક કરે છે, તે તેની અજ્ઞાન દશાનું પરિણામ છે, એવો મી. એલનનો બોધ છે.

એ ઉપરાંત કર્મ અને પુનર્જન્મના નિયમો તેઓ બહુ સારી રીતે સરળ ભાષામાં સમજાવે છે. અમુક મનુષ્યને લીધે અમુક દુઃખ ખમવું પડયું, એમ કહેવું એ તો જગતના ન્યાયરૂપી કાયદાનું અજ્ઞાન સૂચવે છે. આપણા પર આવી પડતાં દુઃખ અને વિટંબણાનાં કારણ આપણી જ અજ્ઞાનતા, દોષ, મલિન વાસના અને પાછલા જન્મ અગર આ જન્મનાં કર્મો છે; અને તેથી વાવેલાં બીજોનું ફળ આપણને ચાલુ જીવનમાં અગર બીજે જન્મ મળવું જ જોઈએ. કર્મનું પૂરૂં ફળ જપ વ્રત આદિ કરેથી, યા અમુક ધર્મ હાથ ધરેથી દૂર કરી શકાય તેમ નથી. જે દુઃખ આવી પડે, જે સ્થિતિ કર્માનુસાર ભોગવવી પડે તે સઘળું બડબડાટ સિવાય શાંતિથી સહેવું. આપણું ભવિષ્ય સારૂં યા માઠું રચવું એ આપણા જ હાથમાં છે, તેથી ચાલુ જીવન–આપણા વિચારબળો તથા કર્મો બને તેટલાં શુદ્ધ, નિઃસ્વાર્થી અને જગતના મહાન નીતિનિયમોને અનુસરતાં કરવાં. મોક્ષનો માર્ગ–જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાનો માર્ગ–આ સિવાય બીજા ઉપાયોથી મળે તેમ નથી એવું મી. એલન બતાવે છે.

જગતની પ્રવૃત્તિઓમાં રચીપચી રહેલા જીવને નિવૃત્તિનો માર્ગ બતાવતો, દુઃખીઆને દિલાસો આપતો, નિરાશ થયેલા જીવોને આશા આપતો, આધ્યાત્મિક ચિંતનનો પુણ્ય માર્ગ દર્શાવતો મી. એલનનો દૈવી સંદેશ ખરેખર આશીર્વાદ રૂપ છે. એ સંદેશથી, એ બોધથી કોઇ પણ હૃદયને શાંતિ મળશે, કોઈ પણ જીવ ઉન્નત માર્ગ તરફ વળશે તો ભાષાન્તરકાર તેની મહેનત સાર્થક થઈ સમજશે.

આ પુસ્તક લગભગ બે વર્ષ અગાઉ પ્રકટ કરવા મારી ઇચ્છા હતી, પરંતુ અનેક વિટંબણાને લીધે તેમ બની શક્યું નહીં. આટલું વહેલું અને બને તેટલી સરળ ભાષામાં પ્રકટ કરી શકયો તેનું સઘળું માન મારા પૂજ્ય વડીલ જાદવરાયજી હુકમતરાયજીને ઘટે છે. કેટલીક તારીખોને છેડે જે નાની નાની સુંદર કવિતાઓ અને પદો ટાંકયા છે તેની પસંદગી પણ તેમની જ છે. એ કવિતાઓ અને પદો આ પુસ્તકમાં મૂકવાનો હેતુ ફક્ત એજ છે કે જગતમાં નીતિના સિદ્ધાન્તો સર્વસામાન્ય છે અને સર્વ ધર્મોનું લક્ષ્યબિંદુ એકજ છે, અને તે સત્–સદાચાર યા સદ્વર્તન છે.

છેવટે, આ પુસ્તકનો તરજુમો કરવાની પરવાનગી આપવા બદલ મ **એલનનાં** ધર્મપત્ની શ્રીમતી **લીલી એલન**, જેઓ તેમના પતિના જેવું જ શુદ્ધ જીવન ગાળે છે અને પરોપકારનાં અનેક કાર્યો કરતાં રહે છે તેમનો ઉપકાર માનું છું.

બીમરાવ વાડી, ઠાકોરદ્વાર
મુંબઇ, તા. ૧ જુન ૧૯૧૭ — **વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર.**

કબીરજી —

अैरण की चोरी करे, सूई का करे दान,
उपर चढकर देख रहे, कबु आया नहीं विमान.

" He who does not find
The way of Meditation cannot reach
Emancipation and enlightenment.
But thou wilt find the way of Holy Thought;
With mind made calm and steadfast, thou wilt see
The Permanent amid the mutable,
The Truth eternal in the things that change;
Thou wilt behold the Perfect Law. Cosmos
From Chaos rises when the conquered self
Lies underneath man's heel. Love be thy strength;
Look on the passion—tortured multitudes,
And have compassion on them; know their pain
By thy long sorrow ended. Thou wilt come
To perfect peace, and so wilt bless the world,
Leading unto the High and Holy Way
The feet of them that seek.—And now I go
To my Abode; go thou unto thy work."

(*James Allen*)

શુદ્ધિપત્ર

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૩	મહત્વ કાંક્ષા	મહત્વાકાંક્ષા
૬	૨૨	અક	અર્ક
૧૦	૮	ભલો	ભૂલો
૧૧	૩	કારણુ કે	કારણુ કે એ
૧૫	૮	હ્રદય	હ્રદયને
૧૯	૧૭	કરવાની જરૂર છે.	કરવો.
૨૦	૧૯/૨૦	અને તે પણ તમારા જ અનંત સુખને માટે નથી, તેનું સુખ તમે ચિરકાલ ભોગવી શકશો નહીં.	અને જે આવશે તે તમારા અનંત સુખ સારૂ જ હશે.
૨૯	૧૮	જે.	જે
૩૪	૯	જો	જે
૩૭	૧૬	દરેક વિચાર	તમારા દરેક વિચાર
૪૭	૧૦	રહે છે	રહે છે.
૬૮	૧૭	જવાય છે,	જવાય છે.
૬૯	૧૦	ઉપભોગો	ઉપભોગો,
૭૨	૧૩	આંખે	આંખે,
૯૦	૧૩	મનુષ્ય જાત	મનુષ્યજાત
૯૬	૧૦	નિાશ્ચંતતા	નિશ્ચિંતતા
૯૭	૮	કરતા	કરતા
૧૦૫	૧૮	બ ળી	બોળી
૧૦૭	૪	પરોવાયલું છેઃ તે	પરોવાયલું છે તે
૧૩૦	૪	પ્રકૃ તેજન્ય	પ્રકૃતિજન્ય

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૩૯	૬	એ પાપો	એ દુર્ગુણ
૧૪૧	૧૫	એટલું જ નહીં પણ	તે ઉપરાંત,
૧૪૨	૧૦	ગુણોથી	વ્યવહારથી
૧૪૮	૨૭	आत्मवै	आत्मैव
૨૦૪	૯	વક્રો ક્તિ.	વક્રોક્તિ
૨૧૧	૧૪	સદ્ગુણ	સ્વભાવ
,,	૧૬	સદ્ગુણમાંથી	સ્વભાવમાંથી
૨૧૩	૫	તેમના દુષ્કૃત્યથી	આપણા દુષ્કૃત્યથી
૨૪૪	૪	દુનિયા	દુનિયા—
૨૬૧	૯	કાળમ છે	કાળમાં છે
૨૬૪	૩	અહ ભાવ	અહંભાવ
૨૭૮	૧૭	ાવચારો	વિચારો
૨૮૪	૧૫	ફત્તહમંદ	ફત્તેહમંદ
૨૮૮	૧૯	ભોગ ો છે.	ભોગવે છે.
૩૦૫	૧૪	બ ધનમાં	બંધનમાં
૩૨૩	૨૪	જેની	જેને
૩૨૫	૨૧	જાન	જ્ઞાન
૩૨૭	૪	છટકો	છૂટકો
૩૩૧	૨૬	ગુણગાન,	ગુણવાન,
૩૩૩	૧૨	જીવની	જીવનની
૩૪૨	૧૦	સ્મરણ-પટપર	સ્મરણ પટપર
૩૫૦	૪	તે-સોનો	તે સૌનો
૩૫૧	૧૦	તૃપ્તિ	તૃપ્ત
૩૫૫	[illegible]	કાશલ્ય	કૌશલ્ય
૩૬૧	૬	} ચિહ્ના	ચિહ્નો
,,	૭		



મહાત્મા જેમ્સ એલન

ૐ

તત્ત્વચિંતન

તા. ૧ લી જાન્યુઆરી.

પોતાના મન ઉપર કાબુ મેળવવાથી ક્રોધાવેશમાંથી શાંતિના માર્ગે જવાય છે.

●

મનોવિકારવૃત્તિવાળો પુરુષ વારંવાર બીજાઓને સુધારવા અત્યંત આતુર હોય છે; પણ વિવેકી પુરુષ તો પોતાના પંડનેજ યોગ્ય રીતે સુધારવા મથે છે. જે કોઇ જગતને સુધારવા ચ્હાતો હોય, તેણે પ્રથમ પોતાની જાતે સુધરવાને આરંભ કરવો. વિષયવાસનાના વિકારોના બીજને નાશ કરવાથી સુધારો પૂર્ણ થતો નથી; પણ એ તો માત્ર તેનો પ્રારંભ છે, તેનું પહેલું પગથીઉં છે. દરેક ખોટા વિચાર અને સ્વાર્થી ધારણા વશ કર્યાથી જ સુધારો પૂર્ણ થાય છે. પૂર્ણ નિર્દોષપણું અને વિવેકના સ્થાન ઉપર પ્હોંચતાં પહેલાં, દેહાભિમાન અથવા મૂર્ખતાનો કાંઈ પણ અંશ રહ્યો હોય તો તેનો પરાભવ કરવો જરૂરનો છે.

મહત્વાકાંક્ષારૂપી પાંખો માણસને પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, તિમિરવાળા નીચા પ્રદેશમાંથી પ્રકાશવાળા ઉચ્ચ પ્રદેશમાં લઈ જાય છે. તેના સિવાય તે મનુષ્ય માયાની, વિષયી, અજ્ઞાન અને ઈશ્વરી પ્રેરણા રહિત અધમ પ્રાણી રહે છે.

●

દિવ્ય વસ્તુઓની પ્રાપ્તિ માટે જે લાલસા તેને મહત્વાકાંક્ષા કહે છે.

તા. ૨ જી જાન્યુઆરી.

શાંતિ ક્યાં મળે છે? સત્યનું ગુપ્ત સ્થાન ક્યાં છે?

●

જે વસ્તુઓનો પહેલો હક છે તેને પ્રથમ મૂકો; રમત પહેલાં કામ, સુખભોગ પહેલાં સ્વધર્મ (કર્ત્તવ્યકર્મ), પોતાના પેહેલાં બીજા, આ એક સર્વોત્કૃષ્ટ નિયમ કોઈને અવળે માર્ગે દોરવતો નથી. યોગ્ય રીતે આરંભેલું કામ અર્ધ વિજય મેળવ્યા બરોબર છે. પહેલવાન ખોટી શરૂઆત કરે છે તો તે પોતાનું ઈનામ ખુવે છે; વેપારી ખોટે માર્ગે પોતાનો વેપાર શરૂ કરે છે તો તે પોતાની શાખ બગાડે છે; અને સત્યશોધક પોતાની શરૂઆત અન્યાય–અધર્મના માર્ગે કરે છે તો તે પોતાનો પ્રમાણિકતા રૂપી તાજ ખોઈ બેસે છે. ખરા માર્ગની શરૂઆત તો એ જ છે કે શુદ્ધ વિચાર, ખરી નેકી, નિઃસ્વાર્થ વૃત્તિ, પ્રૌઢ વિચાર અને શુદ્ધ અંતઃકરણ રાખવાનો પ્રારંભ કરવો. પ્રથમ વસ્તુને પ્રથમ મૂકવી તે આ જ કહેવાય છે. આ ક્રમે કરી બીજી બધી વસ્તુઓ સરળ–નિયમસર ચાલી આવે છે, અને તેથી આપણું જીવન સારૂં, સુંદર, કૃતાર્થ અને શાંત બને છે.

●

આત્મા (જીવ પોતાનું શિવ પણું) *પોતાની ગુમાવેલી શક્તિઓ પાછી મેળવવા પ્રયત્ન કરે છે.

---

* અખો—

આપોઆપ તું રે, હુંજ નબળું શેષ;
તું બોલે ચાલે સાભળે, તે મ્હારો તેં લીધો વેષ.
આપોઆપ તું રે.
હું પડછંદો ત્હારો, તાહરે તે સ્વાસોસ્વાસ;
મન તું તન તું ત્રીકમ, તું માંહે તે મ્હારો વાસ.
આપોઆપ તું રે.

તા. ૩ જી જાન્યુઆરી.

શાંતિ મેળવવા જેની ઈચ્છા હોય તેણે મનોવિકાર દૂર કરવા.

જ્યાં સુધી મનુષ્યને પાશવવૃત્તિ મધુર લાગે છે ત્યાં સુધી તે ઉંચે ચઢી શકતો નથી. તે એટલાથી જ સંતોષ માને છે; પરંતુ એ વાસનાઓનો સ્વાદ જ્યારે તેને અકારો થઈ પડે છે ત્યારે તે પોતાના દુઃખના સમયમાં સદ્ વિષયોનું ચિંતન કરે છે. જ્યારે સાંસારિક સુખ તેને મળતું નથી, ત્યારે તે સ્વર્ગીય સુખ માટે આકાંક્ષા કરે છે. પાપકર્મથી જ્યારે તે દુઃખના સપાટામાં ઘેરાય છે ત્યારે તે શુદ્ધ–સરળ માર્ગ શોધવા પ્રયત્ન કરે છે. ખરેખર, પશ્ચાત્તાપ રૂપી નાશ પામેલી–મૃત રક્ષામાંથી ફીનીક્ષ* પક્ષીની પેઠે તેની મહત્વાકાંક્ષા ઉંચે ચઢે છે, અને એવી મહત્વકાંક્ષાની સબળ પાંખોનો આશ્રય લેવાથી સ્વર્ગની સર્વોત્તમ ભુમિકા ઉપર જવાય છે. એવી મહત્વાકાંક્ષા વાળો પુરુષ, શાંતિના માર્ગ ઉપર ચઢેલો ગણાય છે, અને એ પુરુષ વચમાં અટકે નહીં, અથવા પાછો પડે નહીં, તો તે માર્ગને છેડે પ્હોંચે છે. દૈવી સંપત્તિની ઝાંખીથી જો તે પોતાનું મન નિરંતર સતેજ કરતો રહે તો તે દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરશે.

જેની કલ્પના થઈ શકે તે પ્રાપ્ત પણ થઈ શકે.

---

* અખો ભગત—

અખા લાઘવ સમજવામાંય, જો અંતર્યામી થાએ સહાય;
સામો હોય તો સાહે હાથ, પોતે પોતાના લેખો નાથ;
છે હુમાયુ પંખીની પઠે, કોય હેતુ વાદ કરશો માં હઠે.
અગ્નિ કાષ્ઠ મેલીને પંખ, ઉપર ઉડી નાખે નિરશંક,
નિજ ઇચ્છાયે બાળે કાય, સ્વાત બુંદ ફરિ પરગટ થાય;
એમ અખા હોય બ્રહ્મવિચાર, ઉત્પન્ન લય જ્યાં હું તું સાર.

તા. ૪ થી જાન્યુઆરી.

આપણા વિચાર અને કર્મો વડે આપણે આપણું જીવન ઘડીએ છીએ.

●

મનુષ્યની મહત્વાકાંક્ષાના પ્રમાણમાં તેને તેનું ફળ મળે છે. તેની ઈચ્છાઓ તે કેવો થવાનો છે તે દર્શાવે છે. મનને સ્થિર કરવું એ કાર્યની સિદ્ધિ અર્થે મૂળથી જરૂરી છે. હલકી ન્હાની બાબતોનો અનુભવ તથા જ્ઞાન, જેમ મનુષ્યને થઈ શકે છે, તેજ પ્રમાણે મોટી બાબતોનો અનુભવ તથા જ્ઞાન તેને મળી શકે છે. જે પ્રમાણે તે મનુષ્યદેહ ધારણ કરી શકયો છે, તેજ પ્રમાણે તે દેવ બનવાને શક્તિવાન છે. ઉચ્ચ અને દિવ્ય માર્ગ તરફ મનને વાળવું, એજ ખરૂં અને જરૂરી કાર્ય છે.

મલિન વાસના એ મનુષ્યના અપવિત્ર વિચાર સિવાય બીજું શું છે? સાધુતા એ મનુષ્યના પવિત્ર વિચાર સિવાય બીજું શું છે? એકના વિચાર બીજાથી થઇ શકતા નથી. પવિત્ર યા અપવિત્ર થવું એ પોતાના જ હાથમાં છે. મહત્વાકાંક્ષાવાળો પુરુષ સ્વર્ગની ઉંચી સીડી પોતાની સન્મુખ જુએ છે, અને તેનું અંતઃકરણ એ અંતિમ શાંતિ પ્રથમથી અનુભવતું હોય છે.

●

પાપવૃત્તિનો નાશ કરી દુઃખનો અંત આણે એવું પણ જીવન છે.

તા. ૫ મી જાન્યુઆરી.

મનુષ્ય જો *સત્ય અને સદ્દવસ્તુ સારૂ ઈચ્છા રાખે અને સંકલ્પ કરે તો તે મેળવી શકે ખરો.

●

સ્વર્ગના દરવાજા નિરંતર ઉઘાડા હોય છે. પોતાની મરજી અથવા શક્તિ સિવાય બીજું કોઈ તેને તેમાં પ્રવેશ કરતાં અટકાવી શકે તેમ નથી; પણ જ્યાં સુધી અધમ વાસનાઓ તેને પસંદ છે અને પાપવૃત્તિ તથા શોકને તે આધીન રહે છે ત્યાં સુધી તે સ્વર્ગના રાજ્યસ્થાનમાં પ્રવેશ કરી શકતો નથી.

પાપ કરવું તથા દુઃખ ભોગવવું એ જીવન, જે હાલ સર્વ-સામાન્ય છે, અને જેમાં લગભગ સૌ કોઇ બુડેલા છે, તેના કરતાં વિશાળ, ઉચ્ચ, ઉમદા એવું જીવન છે, અને તે જીવન પાપવૃત્તિનો નાશ કરી દુઃખનો અંત આણવાવાળું છે. એ જીવન વિવેકી અને સુખમય, કલ્યાણકારી અને શાંત, સદ્દગુણી અને શાંતિથી ભરેલું છે. આવું જીવન ચાલુ કાળમાં પણ મળી શકે અને અનુભવી શકાય; અને એ જીવન જે પુરુષ ભોગવે છે, તે આસપાસ ઉથલપાથલ થતી છતાં સ્વસ્થ, પ્રવૃત્તિઓમાં રહ્યા છતાં નિવૃત્તિ અનુભવતો, અને જગતના કલેશ-કોલાહલની વચ્ચે શાંત હોય છે.

●

દરેક ક્ષણ કેવી ગાળવી એ આપણી મુનસફી ઉપર છે. દરેક કલાકે આપણું ભાવી બંધાય છે.

---

*કવિ છોટમ—

સત્યનામ સમરીને, હરદમ જો ગ્રહે હાથજી;
છોટમ પાપને પરહરે, રમે બ્રહ્મની સાથજી.

તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી.

શુદ્ધ જીવન ચાહનાર પોતાના મનને હંમેશ સુધારે છે.

●

ધંધામાં ખબરદાર મનુષ્ય વિઘ્નોથી ડરતો નથી, પણ તેને શી રીતે દૂર કરવાં તેનો વિચાર કરે છે; તે મુજબ નિરંતર મહત્ત્વાકાંક્ષાવાળો પુરુષ લાલચમાં ફસાઈ પડતો નથી, પરંતુ પોતાના મનને કેમ મજબૂત કરવું, તેનું જ ચિંતન કરે છે. લલચાવનારી વસ્તુ એક હીચકારા પુરુષની બરોબર સરખાવી શકાય; તે નબળા અને અરક્ષિત સ્થળે જ ઘુસી જાય છે. લાલચમાં ખેંચાનાર પુરુષે, તે લાલચનો પ્રકાર તથા તેનો હેતુ બરોબર ધ્યાનમાં લેવાં જોઈએ; કારણ તે જાણ્યા સિવાય તે લાલચ જીતી શકાશે નહીં. જેણે લાલચને જીતવી હોય તેણે તે લાલચ પોતાની જ અજ્ઞાનતા અને ભુલાવામાં શી રીતે ઉત્પન્ન થાય છે તે સમજવું જોઈએ; અને અંતર્દૃષ્ટિ તથા મનન વડે તે *અજ્ઞાનને કેમ દૂર કરવું, અને અસત્‌ની જગોએ સત્‌ને કેમ સ્થાપવું, તેનો બરોબર અભ્યાસ કરવો જોઈએ.

સત્ય શું છે તે જાણવા ઈચ્છનારે પોતાની જાતને ઓળખવી જોઈએ. આત્મજ્ઞાન એ અહં જીતનારનો નોકર છે. (જેણે અહંવૃત્તિ જીતી છે તેને આત્મજ્ઞાન તરત મળે છે.)

●

સત્ય અને તેના જ્ઞાન અર્થે નિરંતર પવિત્ર સ્મરણ કરતા રહેવું.

---

*કવિ છોટમ—

વિદ્યા વિનય વિવેક વિચારે, અનુભવ અર્ક પ્રકાશે;
અંતરમાં જે ચોર અવિદ્યા, તરત તેહથી ન્હાસે.

તા. ૭ મી જાન્યુઆરી.

દોષો અને મલિનતા જેમ જેમ જણાતાં જાય તેમ તેમ દૂર કરવાં.

●

એક પણ પગલું આગળ-ઉંચે વધ્યા એનો અર્થ એ કે પાછળ-નીચે કોઇ પણ વસ્તુ છોડી દીધી. નીચલી-હલકી વસ્તુનો ભોગ આપ્યાથી જ ઉંચે-ઉન્નત માર્ગે પ્હોંચાય છે. ખરાબ વસ્તુનો ત્યાગ કરવાથી જ સારૂં પ્રાપ્ત થાય છે. અજ્ઞાનનો નાશ થવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રાપ્ત કરેલી દરેક વસ્તુનો બદલો આપવો પડે છે, અને તે લાભ પુરેપુરૂં દામ ચુકવેથી જ મળે છે. દરેક પશુ, દરેક વેલામાં, કાંઈને કાંઈ ઈશ્વરદત્ત કૌશલ્ય અગર શક્તિ હોય છે, જે પોતાના ઉચ્ચ માર્ગ તરફ જતાં, ત્યાંની વધુ સારી-ઉંચા પ્રકારની બક્ષિસ કે શક્તિ મેળવવા માટે, મનુષ્ય નીચે મૂકતો આવ્યો છે. ત્યારે મૂળની-જૂની સ્વાર્થી વૃત્તિઓને વળગી રહેવાથી માણસો કેટલી ગૌરવવાળી અને ઉપયોગી વસ્તુ ગુમાવે છે? પ્રત્યેક ન્હાના ન્હાના ભોગની પાછળ, દેવદૂત આપણને જ્ઞાન તથા બુદ્ધિના ગહન પ્રદેશ ઉપર લઈ જવા તૈયાર હોય છે. ન્હાના ન્હાના સ્વાર્થત્યાગ પણ અફળ જતા નથી.

જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેણે તે જતું ન રહે, પતિત ન થવાય, તે માટે સાવધ રહેવું. ન્હાની ન્હાની વસ્તુઓમાં તેણે બહુ જ સંભાળ રાખવી, અને પાપના પ્રવેશ સામે બરોબર ટક્કર ઝીલવા તૈયાર રહેવું.

●

સંપૂર્ણ-નિર્દોષ જીવનની પ્રાપ્તિ માટે ઉત્કટ ભાવના રાખો.

તા. ૮ મી જાન્યુઆરી.

દુનિયા પરના સર્વ પ્રકારના ઝઘડાનું સામાન્ય કારણ, દરેક વ્યક્તિનો સ્વાર્થ છે.

●

મનુષ્યનું અંતઃકરણ તેની વિધવિધ પ્રવૃત્તિઓનું મૂળ છે, તથા તેમાંથી જ સૌને ચૈતન્ય અથવા બળ મળે છે. મનુષ્યનાં સઘળાં સુખદુઃખનું કારણ તેના જીવનની બહારની પ્રવૃત્તિઓ નથી, પણ તેના અંતઃકરણની અને મનની અંદર રહેલી ચંચળ વૃત્તિઓ છે; અને મનુષ્યનાં આચરણ પર તેની બહારની દરેક શક્તિનો આધાર છે–જેવું વર્તન તેવી તેની શક્તિની ગતિ.

જે મનુષ્ય પોતાની ભૂલ યા દોષ બહાર આવે અને પ્રસિદ્ધ થાય, તે સહન કરી શકતો નથી, પણ તેને છુપાવવાને પ્રયત્ન કરે છે, તે સત્યના રાજમાર્ગ પર ચાલવાને લાયક નથી. લાલચની સામે યુદ્ધ કરવા, તથા તેનો પરાજય કરવા, તે બરોબર સજ્જ થયેલો નથી. જે મનુષ્ય નિડરપણે પોતાની અધમ વૃત્તિઓની સામે થઈ શકતો નથી, તે ત્યાગ રૂપી ઉંચા ખડબચડા પ્રદેશ પર ચઢી શકવા લાયક નથી.

●

દરેક મનુષ્ય બીજાના નહીં, પણ પોતાના જીવનના કર્મના નિયમને આધીન છે.

તા. ૯ મી જાન્યુઆરી.

મનુષ્ય જ્યારે ખરી કસોટી ઉપર ચઢે છે ત્યારે જ તેણે બહુ સાવચેતી રાખવાની હોય છે.

●

નિષ્ફળતાથી નાઉમેદ થતા નહીં. તમારી તે નિષ્ફળતાના પરિણામે વખતે તમને અમુક મહત્તા કે ખાસ જ્ઞાન પ્રાપ્ત થવાનાં હોય છે; અને નિષ્ફળતાથી મળેલો અનુભવ, જેટલી ખાત્રીથી અને ત્વરાથી તમને તે મહત્તા અથવા જ્ઞાન આણશે તેવું કોઈ પણ શિક્ષક તમને શીખવી શકશે નહીં. તમારી દરેક ભૂલમાં, દરેક અધઃપતનમાં, જો તમે મન દેશો તો કંઈ ને કંઈ અતિ અગત્યની શિખામણ લેવાનું જણાશે; અને દેખાતી વિપત્તિમાંથી જે કોઈ સાર લેવા તસ્દી લેશે, તે કોઇ વખત નાસીપાસ થશે નહીં, અને તેને અંતિમ શ્રેષ્ઠ સ્થાન પર પ્હોંચાડવા, તે જ નિષ્ફળતાઓનો ઉપયોગ વેગવાળા ઘોડાની પેઠે કરશે.

મૂર્ખ મનુષ્યો પોતાના દોષ તથા પાપ બદલ બીજાને ઠપકો આપે છે, પણ સત્યનો પ્રેમી તો પોતાને જ ઠપકો દેશે. પોતાની રહેણીકરણીની તમામ જુમ્મેદારી તેણે પોતેજ સ્વીકારવાની છે.

●

લાલચ જેટલી પ્રબળ હોય છે તેટલી તેની જીત પણ મોટી અને વધુ લાંબો વખત ટકે એવી હોય છે.

તા. ૧૦ મી જાન્યુઆરી.

અમર તત્વ, જેને સત્ કહે છે તે મેળવવાની મનુષ્યને ખરેખરી જરૂર છે.

નવું દેખાતાં પહેલાં જુનું અદૃશ્ય થવું જોઇએ. જુના ઝુંપડાની જગોએ નવો મહેલ બંધાવવો હોય, તો તે જુનું ઝુંપડું નાશ કરવું જોઇએ. નવું સત્ય દેખાતાં પહેલાં જુની ભુલો-કસુરો નાશ પામવી જોઈએ. નવું જીવન-નવું શરીર બંધાતાં પહેલાં જીર્ણ પિંડનો-અહંતાનો ત્યાગ થવો જોઇએ. મમતી સ્વભાવ, અધીરાઈ, ઈર્ષ્યા, મગરૂરી અને મલિનતાથી ભરેલા જુના પિંડનો જયારે નાશ થશે ત્યારે તેને બદલે નમ્રતા, ધીરજ, શુભેચ્છા, નિરભિમાન અને પવિત્રતા (નિર્દોષપણા) સાથે મનુષ્ય નવા રૂપમાં દેખા દેશે. પાપ તથા દુઃખથી ભરેલું જુનું જીવન છોડવું જોઇએ; નીતિમય અને આનંદમય જીવનનો ઉદય થવો જોઈએ. પછી જે કાંઈ જીર્ણ અને કદરૂપું હશે તે બદલાઇ જશે અને સુંદર થઇ જશે.

આત્માનું કાયમનું રહેઠાણ, સ્વર્ગનું રાજય અને દરેક અખંડ સુખનો ઝરો અને ભંડાર આ તત્ત્વની પ્રાપ્તિમાં છે.

●

સદ્‌ગુણી જીવન પ્રૌઢ અને સર્વોત્કૃષ્ટ છે.

તા, ૧૧ મી જાન્યુઆરી.

બહાર શું છે તેની ચિંતા કરવાની નથી, કારણ કે તમારા પોતાના અંતર્ જ્ઞાનનું પરાવર્તન-ચિત્તનું પ્રતિબિંબ છે.

●

બહારના છુટાછવાયા સુધારાની શોચનીય નિષ્ફળતાનું કારણ એમ સમજાય છે કે તેના ઉપાસકો તે તે સુધારાની સમાપ્તિમાં તેમનું અંતિમ લક્ષ્ય સમજે છે; પણ એમ જાણતા નથી કે તે તો માત્ર દરેક વ્યક્તિની પૂર્ણતા સારૂ-મુખ્ય હેતુની સાધના સારૂ-પ્રથમ પગથીઉં છે.

વિશુદ્ધ અંતઃકરણ અને મનવાળા પુરુષે સર્વ ખરો સુધારો અંતઃકરણથી-ભીતરની લાગણીવાળો કરવો જોઇએ. અમુક વસ્તુઓ ખાવી પીવી નહીં અને કેટલાક બાહ્યોપચારોથી દૂર ખસી જવું એ શરૂઆતમાં જરૂરી અને ઉપયોગનાં છે, પણ એ તો પગથીઆં જ કહેવાય; અને એટલામાં જ આપણા જીવનની કૃતકૃત્યતા માનીએ તો આપણે ખરા આધ્યાત્મિક જીવનથી ઘણા પાછળ પડીએ છીએ. તેથી અંતઃકરણને *નિર્મળ કરવું, મનને સુધારવું, અને બુદ્ધિને ખીલવવી એ સારૂં કામ છે; કારણ આપણે જાણીએ છીએ કે વિશુદ્ધિ પામેલું અંતઃકરણ એ જ ખરા ઉપયોગનું છે.

●

તમારૂં ભીતર કેવું છે એ જ જાણવાની જરૂર છે; કારણ કે તમારૂં બાહ્ય સ્વરૂપ તો તેને જ અનુસરતા રંગે તથા રૂપે દેખાય છે.

---

*કવિ છોટમ-

એકાદશીનું વ્રત આચરે, ફરાળ સારૂ ફાકે;
ઉપર ચોખ્ખા અંતર મેલા, પરધન હરવા તાકે,
રે શું સમજ્યો વૈષ્ણવ થઈ, અવિદ્યા જો અળગી નવ ગઇ.

તા. ૧૨ મી જાન્યુઆરી.

તમારા સંકલ્પ દરરોજ તાજા કરો, અને મોહના પ્રસંગે સત્યના માર્ગથી ચલિત થશો નહીં.

●

દિવસો લાંબા થતા જાય છે. હમણાં સૂર્યનારાયણ જરા ઉંચે ચઢતા જાય છે અને પ્રકાશ જરા લાંબો વખત પ્હોંચે છે. તે પ્રમાણે આપણું ચારિત્ર્ય આપણે દિનપરદિન સબળ કરી શકીએ; દિનપ્રતિદિન આપણું અંતઃકરણ સત્યના પ્રકાશ તરફ ખુલ્લું કરી શકીએ, અને નીતિરૂપી સૂર્યનો પ્રકાશ આપણા મન ઉપર વિશેષ પ્રમાણમાં આવવા દઈએ. સૂર્ય કદમાં તેમ પ્રચંડતામાં વધતો નથી, પણ પૃથ્વી ફરી તેના તરફ વળે છે, અને જેમ જેમ તે એ તરફ વધુ વળતી જાય છે તેમ તેમ એનો લાભ તેને વધુ મળતો જાય છે. સત્ય અને સદાચારનો વખત હાલ ચાલુ કાળમાં છે. તેમાં ન્યૂનાધિકતા થતી નથી, પણ આપણે જેમ જેમ તે તરફ જઇએ છીએ તેમ તેમ તેના પ્રકાશ તથા કૃપાનો લાભ નિરંતર વધતા પ્રમાણ અને શક્તિમાં મેળવતા જઇએ છીએ.

જેમ કોઈ કારીગર, પોતાના હથીઆર વડે દરરોજ ખંત રાખી કામ કર્યા કરવાથી, પોતાના ધંધાની ચીજો ઘડવામાં ચતુરાઈ મેળવે છે, તેમ સત્યનો નિરંતર કાળજીપૂર્વક અભ્યાસ સારાં કૃત્યો કરાવવામાં ઉપયોગી થઈ પડે છે.

●

અભ્યાસે કરીને જ સત્યની પ્રાપ્તિ થાય છે.

તા. ૧૩ મી જાન્યુઆરી.

વિવેકી મનુષ્યો પોતાના વિચારને પવિત્ર બનાવે છે.

●

આયુષ્ય-કાળ દરરોજ નવું રૂપ ધારણ કરે છે, અને નવું મંડાણ, નવી ઘટના તથા નવી સિદ્ધિઓને જન્મ આપે છે. તારાને તેમની કક્ષામાં ફરતા જન્માન્તરોએ જોયલા છે, પરંતુ કોઈ પણ યુગે આજનો દિવસ જોયો નથી. એ તો એક નવું રૂપ, નવું સત્ય છે. તે એક નવો અવતાર, એક નવો ક્રમ, એક નવા મંડળ, એક નવા યુગના આગમનની ખબર આપે છે. સર્વ મનુષ્યોને તે નવી આશાઓ, નવા પ્રસંગો બતાવે છે. એમાં તમે નવા પુરુષ, નવી સ્ત્રી થઈ શકો. તમારે માટે તો તે દિવસ પુનરૂત્પત્તિનો, જીર્ણોદ્ધારનો, પુનર્જન્મનો થઇ શકે. તમારૂં જુનું જીવન, જે ભુલો, નિષ્ફળતાઓ તથા દુઃખોથી ભરેલું હતું, તેમાંથી મુક્ત થઈ, કાર્ય સાધવાનો નિશ્ચય અને સામર્થ્ય ધરાવતા એક નવી ભાવનાની પ્રેરણાથી દીપતા તમે નવા જીવનમાં ચઢો.

મન અને શરીર પાક-નિર્દોષ રાખો. વિષયવાસનાનો ત્યાગ કરો. સ્વાર્થબુદ્ધિ મનમાંથી કહાડી નાખો, અને ઉચ્ચ-પવિત્ર જીવન ગાળો.

●

ન્યાયી, નમ્ર, અને નિષ્પાપ દીલના થાઓ.

તા. ૧૪ મી જાન્યુઆરી.

દુષ્કર્મો કમી કરવા અને સત્કર્મો વધારવા, સતત પ્રયાસ ચાલુ રાખો.

●

કોઈ પણ પ્રકારની જીત મેળવતાં અગાઉ તે સારૂ સવેળા તૈયારી કરવી પડે છે. જેમ ફુલ કે પર્વત આપોઆપ સહેજ મળતા નથી, તેવી રીતે જીત પણ મળતી નથી. તેમની માફક કાર્ય અને પરિણામની પરંપરાના વૃદ્ધિક્રમની એ પરિસીમા છે. માત્ર ઇચ્છા કરવાથી કે ધંતરમંતરથી ઐહિક ફળ–સાંસારિક જીત મળશે નહીં. તે તો યોગ્ય માર્ગે નિયમસર સાધેલા યત્નોથી જ મેળવવી જોઇએ. આધ્યાત્મિક જીતની શરૂઆત લાલચમાં ફસાવાનો સમય આવતાં સુધી થતી નથી એવું જે મનુષ્ય ધારે છે તેને તે જીત મળતી નથી. સઘળા આધ્યાત્મિક વિજયો, ચિંતનના શાંત સમયમાં અને ન્હાની ન્હાની કસોટીઓમાં ક્રમે ક્રમે ફતેહ મેળવવાથી પ્રાપ્ત થાય છે. મહાન્ મોહજાળની અચૂક અને સંપૂર્ણ જીત એ લાંબા કાળની તૈયારીનું પરિણામ છે—એ પ્રસંગ જીતની પૂર્ણાહુતિ છે.

●

સદ્‌ગુણનો અભ્યાસ રાખવા અને ઉત્તમ અચળ સિદ્ધાંતો સમજવા તથા તેમાં મન લગાડવા ઉપર તમારૂં લક્ષ આપો.

તા. ૧૫ મી જાન્યુઆરી.

અનંત આનંદ-પરમાનંદ તમારા મૂળ ધામ-*સ્વધામ આવવાની જુએ છે.

●

અનાજ અને ફળ પાકે તે સારૂ વરસાદ પડી જમીનને અગાઉથી તૈયાર કરે છે, તે મુજબ ઘણા દુઃખરૂપી વૃષ્ટિ અંતઃકરણ ઉપર પડવાથી તે નમ્ર અને હોશીઆર બને છે, અને એ રીતે હૃદય મુગ્ધ અને મનને નિર્દોષ-સર્વાંગ શુદ્ધ કરતી વિવેકબુદ્ધિ ખીલે છે. વાદળાંથી પૃથ્વી ઉપર અંધારૂં થાય છે, પણ તે તેને શીતળ અને ફળદ્રુપ કરવા સારૂ જ. તે જ પ્રમાણે દુઃખ રૂપી વાદળાંની છાયા, મનુષ્ય ઉમદા કૃત્યો કરવા તત્પર થાય તે માટે હોય છે. દુઃખમાં જ ઇશ્વર સાંભરે છે. અક્કલ વગરની હાંસી, નાગી મશ્કરી, અને શોચનીય નિંદાનો તે વખતે અંત આવે છે. તે હૃદયને બીજાની દાઝ જાણે તેવું નમ્ર અને મનને વિચારશીલ-રસિક બનાવે છે. દુઃખથી મળેલા સર્વ અનુભવની સ્મૃતિ-સંચય તે જ વિવેક (જ્ઞાન) છે.

તમારૂં દુઃખ ચાલુ રહેશે એવું ધારશો નહીં; વાદળની માફક તે પણ વિખેરાઈ જશે.

●

દેહાભિમાન છુટયું એટલે શોક રહેતો નથી.

---

*કબીર—

પાંચ ધાતકા પિંજરા, સો તો અપના નાહીં;
અપના પિંજર વહાં બસે, અગમ અગોચર માહીં.

તા. ૧૬ મી જાન્યુઆરી.

એક સાચા ગૃહસ્થ યા ગૃહિણીને છાજે એવી રીતે સુખ શાંતિથી અને આનંદમાં રહો.

●

સારા વિચાર, સારા કર્મ કે સારા ઉદ્યોગમાં મચ્યા રહેવું એનાથી અધિક સુખ બીજા કશામાં નથી. દરેક સદ્વસ્તુમાં સુખ રહેલું છે, અને જે હૃદયમાં અગર જે ઘરમાં પુણ્યનો–સદાચારનો વાસ છે ત્યાં અધર્મ–દુઃખ પ્રવેશ કરી શકતાં નથી. સારી રીતે ગોઠવાયલું લશ્કર જેમ દુશ્મનને દૂર રાખે છે, તે પ્રમાણે સદાચાર રૂપી દ્વારોથી રક્ષાયલા મનમાં દુઃખનો પ્રવેશ થઈ શકતો નથી. અરક્ષિત દ્વારમાંથી જ દુઃખ પ્રવેશ કરે છે; અને તેમ છતાંએ જો તે મનુષ્ય દુરાચારી હોતો નથી તો તેના ઉપર તેની પૂર્ણ સત્તા જામી શકતી નથી. દુષ્ટ વિચાર લાવવા નહીં, દુષ્ટ કૃત્યો કરવાં નહીં, નાલાયક તથા શંકા ભરેલા ધંધામાં જોડાવું નહીં, પણ દરેક વસ્તુમાં શ્રેય શોધવું. પરમ આનંદનું, શ્રેષ્ઠ સુખનું મૂળ આ જ છે.

●

શુદ્ધ–સાત્વિક સુખ એ આત્માની સાચી–વાસ્તવિક અને આનંદમય અવસ્થા છે.

તા. ૧૭ મી જાન્યુઆરી.

સર્વ વ્યવહાર કાર્ય કારણના કાયદાને અનુસાર હોવાથી નિયમસર અને ક્રમે ક્રમે ચાલે છે.

●

ફળપ્રાપ્તિ સારૂ ચિંતા રાખશો નહીં, તેમ ભવિષ્ય કેવું નિવડશે તેનો વિચાર આણશો નહીં; પણ આપણામાં શી શી ન્યૂનતા–ખામી છે તે જાણવા અને તે દૂર કરવા કાળજી રાખશો; કારણ આ એક સરળ સત્ય યાદ રાખશો કે સારામાંથી નરસું કદી જન્મ પામતું નથી, અને ચાલુ પવિત્ર જીવનનું ભવિષ્ય અશુભ નિવડતું નથી. તમે તમારા કર્મોના માલીક છો, તે કર્મોના પરિણામના નહીં. આજના કાર્ય પ્રમાણે કાલે સુખ અગર દુઃખ આવશે, તો ભવિષ્યમાં તમને શું થશે અને શું નહીં તે વિષે ચિંતા નહીં કરતાં તમે જે પ્રકારના વિચાર અગર કૃત્ય કરો તે ઉપર બહુ કાળજી રાખજો. કારણ જે પુરુષ સારાં કૃત્ય કરે છે, તે તેના પરિણામની ફિકર રાખતો નથી અને ભવિષ્યની અશુભ શંકાઓથી મુક્ત રહે છે.

●

ખરેખર, ધર્મનું જ રાજ્ય ચાલે છે અને તે નિરંતર રાજ્ય કરે છે. ન્યાય તથા પ્રેમ તેના સનાતન મંત્રીઓ છે.

તા. ૧૮ મી જાન્યુઆરી.

સત્ય તથા નિષ્કપટ વચનો જ બોલજો.

●

બહાર તોફાન–શોરબકોર ભલે હોય, પણ અંતરમાં શાંતિ હોય તો તેથી તેની કાંઇ અસર થશે નહીં. વા વરસાદના ભારે તોફાનના પ્રસંગે પાસે સગડી હોય તો ઠંડીની અસર થતી નથી, તે પ્રમાણે જેનું અંતઃકરણ સત્ય જ્ઞાનમાં–ઈશ્વરી નિયમમાં દઢ હશે, તે આસપાસ ચડસાચડસી અને ગભરાટ મચી રહેલા હશે, તોપણ શાંતિ ભોગવતો રહેશે. મનુષ્યની સખત પક્ષાપક્ષી તથા જગતના કોલાહલમાં આપણે સામેલ થઈ ભાગ નહીં લઈશું તો તે આપણને ક્રોધી તથા આકુલ-વ્યાકુલ કરશે નહીં. ઉલટું, આપણું મન શાંત હશે તો બહારની ધમચકડ આપણી શાંતિ ગાઢ કરશે, તેની ઉપયોગીતા વધુ સારી રીતે ઠસાવશે અને મનુષ્યનાં દિલ નમ્ર બનાવવા તથા તેમનાં મન પ્રબોધિત કરવા સલાહસંપનાં કાર્યો કેટલાં જરૂરી છે, તે બહુ સારી રીતે પ્રસિદ્ધિમાં આણશે.

જેના મન પર કોઈને કરેલા અપકારનો ભાર નથી, જેનું મન કોઇને કરેલા નુકસાનથી સંતાપ પામતું નથી, જેના નિર્દોષ હૃદયમાં બીજાના વિષે દ્વેષભાવના ઉત્પન્ન થઇ વૃદ્ધિ પામતી નથી તે જ મનુષ્ય સુખી સમજવો, તેનું જીવન ધન્ય છે.

●

જે બીજાની નિંદા કરે છે તેને શાંતિનો માર્ગ દેખાય જ નહીં.

તા. ૧૯ મી જાન્યુઆરી.

શુધ્ધાત્મા થવું એ અવશ્ય કઠણ કામ છે. સઘળી લાયકાત કથાવટથી મળે છે.

જ્યારે તોફાન નરમ પડે છે અને સઘળું ફરીથી શાંત થાય છે ત્યારે સર્વ પ્રકૃતિ તે શાંતિમાં—મૂળ સ્થિતિમાં આણુનારી શાંતિમાં કેવો વિસામો લેતી લાગે છે તેનું અવલોકન કરો. સર્વ વસ્તુઓ પર આ શાંત ચેતના—તાલાવેલી પ્રસરી રહે છે, તેથી જડ વસ્તુઓ પણ આ ઉત્સાહક વિશ્રાંતિ ભોગવતી હોય એમ જણાય છે. એ પ્રમાણે જ્યારે અતિશય ઉત્કંઠા અથવા આકસ્મિક જબરો આવેશ શમી જાય છે ત્યારે થઈ ગયલા બનાવનું મનન કરવાનો સમય આવે છે કે જે વખતે ચિત્તવૃત્તિ તેની પૂર્વસ્થિતિમાં હોય છે, અને સર્વે પદાર્થો તેમના ખરા સ્વરૂપ તથા યોગ્યાયોગ્યતા મુજબ દેખાઈ આવે છે. આવા વિશ્રાંતિના સમયમાં, આત્મપરીક્ષા કરવાની, હું* કોણ છું વગેરે ખરી રીતે જાણવાની તક શોધી લેવી અને અવરજનો સંબંધી વધુ દયાભાવથી વિચાર કરવાની જરૂર છે. શાંતિનો સમય એજ પરાવર્તનનો—જીવનસાફલ્ય કરવાનો કાલ છે એમ સમજવું.

દેહાભિમાન ખસી જવાથી હૃદયમાં આનંદ આવી ભરાય છે; એનો વાસ શાંતિપ્રિય સ્વસ્થ ચિત્તવાળાઓમાં હોય છે; તેનો અમલ નિર્દોષ મનુષ્યો ઉપર છે.

●

તમારા દરેક વિચાર, વાણી તથા કર્મ માયાભાવથી ભરેલા વિવેકયુક્ત અને નિષ્પાપ કરો.

---

* નરસિંહ મેહેતા—

એક તું એક તું એમ સૌ કો સ્તવે, કોણ હું તે નહીં કો વિચારે;
કોણ હું ક્યાં થકી આવિયો જગવિશે, જઈશ ક્યાં છુટશે દેહ ત્યારે.

તા. ૨૦ મી જાન્યુઆરી.

દુઃખના માઠા સમયમાં મનુષ્યો લગભગ સત્યના સાધક થઇ શકે છે.

●

જ્યારે તમારા નેત્રમાંથી અશ્રુ વહે અને અંતઃકરણ વેદના પામે ત્યારે સમસ્ત જગતનું દુઃખ યાદ કરજો. જ્યારે તમારા પર દુઃખ આવી પડે ત્યારે એવું દુઃખ સૌને થાય છે એટલું યાદ રાખજો. દુઃખથી કોઈ મુક્ત નથી. મનુષ્યજીવનમાં એ જ એક વસ્તુ છે, જે ધર્મની અગત્યતા સાબીત કરે છે. તમે એકલા જ અને તે પણ વગર વાંકે એ દુઃખ ભોગવો છો એમ કદી માનશો નહીં. જગતમાં પ્રસરી રહેલા સઘળા કલેશનો તે માત્ર અંશ છે. સર્વને એનો સામાન્ય અનુભવ મળે છે. આવી સમજ થતાં તે આવી પડેલાં દુઃખથી તમારે ધીમે ધીમે ધર્મનાં ગહન રહસ્ય અને દયાનું વિશાળ સ્વરૂપ સમજવું જોઈએ, અને સર્વ મનુષ્ય તથા પ્રાણીમાત્ર તરફ રહેમદિલથી જોવું જોઈએ. એથી તમે વધુ સ્નેહાળ થશો અને પૂરી શાંતિ અનુભવશો.

એટલું તો નિશ્ચયપૂર્વક સમજજો કે જે તમારૂં નથી તે તમારી પાસે આવનાર નથી, અને તે પણ તમારા જ અનંત સુખને માટે નથી, તેનું સુખ તમે ચિરકાલ ભોગવી શકશો નહીં.

●

દુઃખને અંતે આનંદ તથા શાંતિ મળે છે.

તા. ૨૧ મી જાન્યુઆરી.

દુઃખ અનુભવી જાણનારને સુખ પ્રાપ્ત થાય છે.

●

જેમ પ્રકાશ થયે અંધારૂં જતું રહે છે, તોફાન પછી શાંતિ આવે છે, તે પ્રમાણે દુઃખ કેડે સુખ અને ઉદ્વેગ પાછળ સ્વસ્થતા, શાંતિ આવે છે. દુઃખના અનુભવથી મળતી ગાઢ વિવેક બુદ્ધિ, સંકટ આવી પડતાં પહેલાં મનમાં જે ખોટો ખળભળાટ થાય છે તે દૂર કરી તેને બદલે શાંત અને ચિરકાલ ટકે એવો આનંદ આપે છે. ઇંદ્રિયોનાં સુખ ભોગવવા જતાં, અને આત્મજ્ઞાનનું પરમ સુખ પામતાં પહેલાં, દુઃખ રૂપી અઘોર ખીણ પૃથ્વી પરના સઘળા મનુષ્યે પસાર કરવી પડે છે. અને તે કરેથી દિવ્ય આનંદ–પરમાનંદ આપણા મિત્ર બને છે. જેઓ ઐહિક યાત્રામાંથી આધ્યાત્મિક યાત્રામાં પ્હોંચ્યા છે—અસતમાંથી જેઓ સતને માર્ગે ચઢયા છે–તેમણે દુઃખનો કુપથ્ય ભાગ ચાળી નાખી સત્યનું તેજોમય સ્વરૂપ જોયું છે.

●

સત્ય જેનો ભંડાર છે, વિવેકને અનુસરતું જેનું જીવન છે, તે પુરુષ અખંડ આનંદ ભોગવશે. અવિદ્યારૂપી વિસ્તીર્ણ સાગર પસાર કરેથી તે વૈરાગ્યરૂપી કિનારે–જ્યાં શોકસંતાપનું નામ નથી ત્યાં ઉતરશે.

તા. ૨૨ મી જાન્યુઆરી.

બહાર જણાતા સઘળા જુલમ-અન્યાય એ અંતરમાં વ્યાપી રહેલા સડાની છાયા અને પરિણામ રૂપ છે.

●

સુખ અને દુઃખ, હર્ષ અને શોક, સિદ્ધિ અને અસિદ્ધિ, જય અને પરાજય, ધર્મ, વ્યાપાર અને વ્યવહાર, તથા જીવનની સર્વ પ્રવૃત્તિમાં આપણા ચારિત્ર પર સઘળી વસ્તુનો આધાર છે. મનુષ્યનો બહારનો સઘળો જીવનક્રમ દોરનાર ગુપ્ત કારણો તેના મન વિષે રહેલાં છે. ચારિત્ર એ કાર્ય તથા પરિણામ બન્ને રૂપે છે. કર્મોનો કર્તા તથા પરિણામોનો ભોક્તા એ જ છે. સ્વર્ગ, નરક, પાપમોચન તેમાં રહેલાં છે. દુષ્ટ અને અપવિત્ર વર્તનવાળા મનુષ્યના જીવનમાં સુખ કે સૌંદર્યનાં તત્વો તેની સમીપ હોય તોપણ દેખાતાં નથી, એનો અનુભવ તેને હોતો જ નથી; પણ નિર્દોષ અને સદ્‌ગુણી પુરુષનું જીવન સુખમય, આનંદમય, રસમય હોય છે. જેવું તમારૂં ચારિત્ર બનાવશો તેવું તમારૂં જીવન ઘડાશે.

●

મમતા તથા રાગ (અહંપણું તથા ક્રોધ) દૂર થાય અને સત્ય હોય તેજ આપણે હાથે થાય ત્યારે જ્ઞાનદૃષ્ટિ ખુલી કહેવાય. જ્ઞાનનું આ છેલ્લું પગથીઉં છે.

તા. ૨૩ મી જાન્યુઆરી.

પરમાર્થનિષ્ઠ માર્ગનો ત્યાગ નહીં કરતાં સઘળાં વિઘ્નો પસાર કરી આખર સુધી જે એ માર્ગમાં ચાલુ રહે છે તે જ મનુષ્ય પરમ સત્ય સમજી શકે છે.

●

જ્યારે મહાન્ વિઘ્નો આવી પડે, અને દુઃખથી ઘેરાઈ જાઓ ત્યારે તમારી આ અકળામણુના યોગે તમારે વધુ ઠરેલ અને વધારે બળવાન કાર્ય યોજવાં પડશે એમ સમજજો. તમારી શક્તિ બહારનું એક્કે કાર્ય તમને ગુંચવશે નહીં (તમે દરેક કાર્ય સાધી શકશો). તમે નિરાકરણુ કરી શકો નહીં એવો એક્કે પ્રશ્ન–વિષય તમને પીડશે નહીં (તમે દરેક પ્રશ્નનો ઉકેલ આણી શકશો) જેવો સખત મામલો–વિપત્તિ તે પ્રમાણુમાં તમારા સત્વની કસોટી, અને તેટલો જ પૂર્ણ, જય હર્ષથી ભરેલો તમારો વિજય નિવડે છે. ગમે તેવી ગુંચવણુ ભરેલું કામ હશે તોપણુ તેમાંથી નીકળવાનો માર્ગ હોય છે અને એ માર્ગ શોધી કહાડવાને તમારા સામર્થ્યની–શક્તિની સખત કસોટી થાય છે અને તે દ્વારા તમારાં ગુપ્ત ચાતુર્ય, શક્તિ અને સમયસૂચક યુક્તિએ બહાર આવે છે. તમને વશ કરવા મથનાર વસ્તુ પર જ્યારે કાબુ મેળવશો ત્યારે એ નવી પ્રાપ્ત થયલી શક્તિથી તમને (ઓર) આનંદ મળશે.

●

અભ્યાસે કરી સત્ય જાણુવાથી તથા તેની સાથે તન્મય થવાથી તમે અજીત થશો. કારણુ, સત્યને કદી અભાસદ કે પરાજય થતો નથી.

તા. ૨૪ મી જાન્યુઆરી.

સત્યનો પ્રકાશ-ઈશ્વરી જ્ઞાન તથા તેની કૃપાનો અનુભવ મેળવવા સારૂ તમારી બહાર અથવા દૂર (બાહ્ય સૃષ્ટિ) નહીં જોતાં *અંતરદૃષ્ટિ કરશો.

●

કેટલાએક પ્રયાસ કર્યા પછી આપણે આગળ વધી શકીએ છીએ. અમુક દિશામાં શારીરિક કે માનસિક પ્રયત્નો લાગલાગટ કરેથી આપણી શક્તિ વધતી જાય છે. ફરી ફરીને મહેનત કરતા રહેવાથી બળ વધે છે. આ નિયમને અનુસરવાથી પહેલવાન ઝડપી તથા સહનશક્તિ દર્શાવતાં અદ્ભુત પરાક્રમો સિદ્ધ કરતાં શિખે છે. આવો પ્રયાસ જો જ્ઞાનમાર્ગ તરફ હોય તો તેથી અલૌકિક બુદ્ધિપ્રભાવ યા કૌશલ્ય આવે છે; અને તે જો આધ્યાત્મિક માર્ગ તરફ હોય તો તેથી જ્ઞાનદૃષ્ટિ અથવા સર્વોત્તમપદ પ્રાપ્ત થાય છે. સંજોગોના બળે કરી આપણને વધુ મહેનત કરવી પડતી હોય અગર કાર્ય લંબાતું હોય તો તેથી નારાજ થવું નહીં. આપણું મન, કાર્યોને જેવા ખરાબ રૂપમાં મૂકે છે, તેવા તે આપણી દૃષ્ટિએ જણાય છે; પણ જેઓ તેના નિયમને માન આપી તેનો સ્વીકાર કરે છે, તેને તે કાર્યો સુખકર દેખાય છે.

●

તમારા ન્હાના ન્હાના કાર્યવ્યવહારમાં-તમારા ખરા-હૃદયના નમ્ર અને ગુપ્ત દાનભોગોમાં પણ તમને સત્ય જણાશે.

---

*અખો—

સાચો અંતરજામી ગોર, બીજો ગુરૂ બાજીગર મોહોર;
તેનો અર્થ કહેવા શોભવા, સંસારીનું મન લોભવા;
પણ રીધ આવે જેમ રૂપૈયા વડે, તેમ અખા આતમથી આતમ જડે.

તા. ૨૫ મી જાન્યુઆરી.

આકળાપણા–વલોપાતનો ત્યાગ કર્યા સિવાય કોઇપણ જગોએ શાંતિ મળતી નથી.

●

નિરાશા, ચિંતા, ઉપાધિ અને તામસી પ્રકૃતિથી જ અનિષ્ટો આપણે વારવા ઈચ્છીએ છીએ તે દૂર કરી શકાત નથી. ઉલટું, જે દુઃખો–હેરાનગતિમાંથી તે ઉદ્‌ભવે છે તેન તેઓ વૃદ્ધિ કરે છે. જીવન જો ઉપયોગી અને સુખદાતા બના વવું હોય તો ચિત્ત દૃઢ અને સ્વસ્થ કરવાને કરેલી મહેન ઘણી જરૂરની છે. નજીવાં તેમજ ભારે સંકટો, જેથી આપણ મન આકુળવ્યાકુળ રહે છે, તેની સામે જો આપણો સ્વભા શાંત અને સ્વસ્થ રહે છે, તો તે સંકટો દૂર થઈ નાશ પામે દે સ્વાર્થસાધના, મનકામના, યુક્તિપ્રયુક્તિ અને ભોગવિલાસ ભ આણવા જતાં, અડચણો, અટકાવ તથા હરકતો સામે આ છે; અને આ વિપરીત પરિણામો સવિવેક અને શાંત મનર સહન કરવા જેટલું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે આપણે ખ અને સ્થાયી સુખ અનુભવીએ છીએ.

●

જ્યારે આકળાપણું અને તામસી સ્વભાવ દૂર થાય દે ત્યારે સબળ, સ્થિર અને શાંત મનના પ્રતાપે આપણે સુખના-આનંદના જ્ઞાતા અને ભોક્તા થઈએ છીએ.

તા. ૨૬ મી જાન્યુઆરી.

જે મનુષ્ય પોતાના મનમાં પવિત્ર અને ઉમદા વિચારો ઠસાવે છે તેને જ ઉત્તમોત્તમ સુખ આવી મળે છે.

●

સ્થૂળ વૈભવો અથવા એવા કોઇ સુસંયોગોમાં સુખ રહ્યું નથી, (સર્વ દુઃખનું મૂળ મન છે) એવું જાણી અનુભવ કરીએ છીએ ત્યારે આપણામાં વિવેકબુદ્ધિ-જ્ઞાનની શરૂઆત થઈ એમ કહેવાય. કોઈ મનુષ્ય પાસે આ અગર તે વસ્તુ હોય, થોડો વધુ પૈસો હોય, જરા વધારે ફુરસદ મળતી હોય, અમુક મનુષ્ય જેટલી બુદ્ધિ હોય, અગર બીજા કોઈના જેવાં સાધનો હોય, અગર વધારે સારા મિત્રો હોય, અથવા આસ-પાસની સ્થિતિ વધારે અનુકૂળ હોય તો તે મનુષ્ય સંપૂર્ણ *સુખી છે એમ માની લેવું એ તો માત્ર ભ્રમણા છે. અફ-સોસ ! આવી વ્યર્થ ઈચ્છા રાખવામાં અસંતોષ અને દુઃખ છે. તમને ભીતરમાં સુખ ન મળ્યું તો બહારથી કદી સુખ મળશે નહીં. કાળચક્રના સર્વ ફેરફારમાં સમજુ–વિવેકી–મનુષ્ય માને છે તેવું સુખ ટકી રહે છે.

●

આપણું આખું જીવન પરિણામ રૂપી માળાથી ગુંથાયલું છે, અને તેનું કારણ વિચાર–આપણા પોતાના જ વિચાર છે.

---

*કબીર–

હસ્તી ચઢ કર જો ફીરે, ઉપર ચમર ઢળાય;
લોક કહે સુખ ભોગવે, રહે વો દોઝખ માંય.
જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય;
ધનવંત સોહી જાનીયે, રામ પદારથ હોય.

તા. ૨૭ મી જાન્યુઆરી.

આનંદી અને સુખીઓ જીવ એ અનુભવ તથા જ્ઞાનનું પાકું પરિણામ છે.

●

કુદરતમાં કેટલી અનહદ ધીરજ છે તે સંબંધી મનન કરવું હિતકારી છે. પૂંછડીઓ તારો પોતાની ફેરી ફરી રહેતાં એક હજાર વર્ષ લેતો હશે; જમીન ધોઈ નાખવાને દરીઆને દશ હજાર વર્ષ લાગતાં હશે; મનુષ્ય જાતિનું પૂર્ણ પ્રકટીકરણ કરોડો વર્ષે થતું હશે; તો એક કલાક અથવા એક દિવસમાં બનતી ક્ષણભંગુર બાબત માટે જે ઉતાવળ, ધાંધલ, અસંતોષ, નિરાશા અને હાસ્યજનક સ્વમહત્તા બતાવીએ છીએ તેથી આપણે લાજવું જોઈએ. સબુરી–ધીરજ એ ઉત્તમોત્તમ મહત્તા, અત્યંત દીર્ઘદૃષ્ટિવાળું કામ અને અગાધ શાંતિ આણવામાં કારણભૂત છે. એ નહીં હોય તો જીવનના સત્વ તથા પ્રભાવ ઘણાખરા કમી થાય, અને તેથી મળતા આનંદ–સુખ પણ મોટે ભાગે નાશ પામે. માટે તારૂં કલ્યાણમંદિર–વિજય ભવન સુવ્યવસ્થિત ભગીરથ પ્રયત્ન કરી ઉભું કર.

●

જે વખત પસાર થાય છે તેનો ઉપયોગ જે મનુષ્યને હાથે કલ્યાણકારી કાર્યોમાં થાય છે તેનું જીવન યશસ્વી અને સંસ્કારી નિવડે છે, અને તે બધી વાતે સુખી હોય છે.

તા. ૨૮ મી જાન્યુઆરી.

કોઈપણ પવિત્ર વિચાર યા નિઃસ્વાર્થી કર્મનું ફળ સુખદાયક નીવડયા શિવાય રહેતું નથી; અને આવું દરેક પરિણામ તે તે વસ્તુની યોગ્ય પૂર્ણાહુતિ છે.

●

આજનો દિવસ ઉદાસીનતામાં અને ઉદ્વેગમાં પસાર થાય, તેથી શું નિરાશ થઈ જવું? આગળ આનંદના અને સુખાકારી દિવસો આવનાર છે તે શું આપણે જાણતા નથી? જુઓ, પક્ષીઓએ ગાવાની શરૂઆત કરી છે, અને તેમના નાજુક કંઠમાંથી નીકળતું કવાલ નવી વસંતઋતુમાં મળતી મઝાનું તથા ઉન્હાળાનો પ્રસાદ—ફુલફલાદિ જેવું બીજ (જેની શરૂઆત) ગમગીની ભરેલા—વાદળાંવાળા દિવસમાં અજ્ઞાત રહેલું છે, પણ જેનો જન્મ અને જેનો પૂર્ણ વિકાસ નિઃસંશય થવાનો જ છે તેનું આગમનસૂચક ચિહ્ન છે. કોઈ પણ પ્રયત્ન ફોકટ જતો નથી. તમારી મહત્વાકાંક્ષાઓની વસંતઋતુ રૂપી ચઢતી થોડા વખતમાં જ—ઘણા જ થોડા વખતમાં થશે, અને તમારા નિઃસ્વાર્થી કર્મોનું ગ્રીષ્મઋતુ રૂપી ફળ તમને જરૂર આવી મળશે.

અહંતા—મમતા દૂર થાઓ; અને તે સ્થાને પરમ સત્યની સ્થાપના થાઓ. તે અવિકારી, અતિ સૂક્ષ્મ મારામાં વસો, અને અદૃશ્ય આત્માનો શ્વેત ઝભ્ભો નિર્મળ રાખો.

●

અંતરના પ્રેમથી કામ કરવાનું માથે લો એટલે તે કામ તમે પ્રફુલ્લ ચિત્તે અને આનંદથી કરશો.

તા. ૨૯ મી જાન્યુઆરી.

સઘળાં અનિષ્ટ સુધારી શકાય છે, અને તેના ઉપાય હોય છે, એટલે તે કાયમનાં હોતાંજ નથી.

●

(આ સંસારમાં) દુઃખ આવે છે અને જાય છે, અને તે તમારી જ એક છાયા છે. તમારાં સઘળાં દુઃખો, જીવના બળાપા અને વિપત્તિઓ એક સીધા અને અતિશય ચોક્કસ કાયદાને અનુસરી તમારા પર આવ્યાં છે, અને તેનું કારણ એ કે તેની જ તમને જરૂર છે, તેને તમે પાત્ર છો; અને તે ખમ્યા બાદ તે ઉપરથી અનુભવ લઈ તમે વધુ સત્વવાળા, સમજુ અને ઉદાર દીલના થાઓ–આવી માત્ર કલ્પના રાખી બેસી રહેશો નહીં, પણ ઉત્કટ આત્મપરીક્ષા દ્વારા તેનો અમલ કરવા પ્રયત્ન કરો. જ્યારે તમારા મનમાં આવું સંપૂર્ણ રીતે ઉતરશે ત્યારે તમે (તમારી મરજી મુજબ) તમારી પરિસ્થિતિ ઘડશો, અનિષ્ટને ઈષ્ટ રૂપમાં મુકશો, અને તમારા ભાવિનું ચક્ર–રચના અતિ કુશળતાથી રચશો.

●

(આ જગતની) અનુભવ રૂપી નિશાળમાં હઠીલાપણું છોડી દો, અને તમારા અંતિમ સુખ-પૂર્ણતા સારૂ જે વચનો–ઉપદેશ મળે તે નમ્રતાથી તથા ધીરજથી શીખવા શરૂ કરો.

તા. ૩૦ મી જાન્યુઆરી.

દૈવી સત્યો તરફ પ્રેરાયેલા વિચાર એ પ્રાર્થનાના ખરા બીજ અને ફણગા રૂપે છે.

●

તમે ઘણીવાર એકાગ્ર ચિત્તે શા વિચાર કરો છો, તમને મળતી પુરસદના–શાંતિના સમયમાં તમારૂં ચિત્ત કઈ વસ્તુ તરફ સહજ વળે છે એ મને કહેશો તો તમે સ્વસ્થતાના કે ઉદ્વેગના સ્થાન તરફ જાઓ છો, અને તમે દૈવી કે પશુ-વત્ જીવન ધરશો તે હું કહી શકીશ. (દૈવી કે આસુરી) જે ગુણનું વારંવાર મનન કરાય તેવું રૂપ ધારણ કરવાની અજબ–અટલ શક્તિ તે ગુણમાં રહેલી છે. આ ઉપરથી તમારા ધ્યાનનો–તમારા વિચારોનો વિષય અધમ નહીં પણ ઉચ્ચ રાખશો, જેથી જ્યારે જ્યારે તમે તેનું મનન કરશો ત્યારે ત્યારે તમારા ઉન્નતિક્રમમાં તમને સહાય્ય મળશે. એ વિચાર કંઇ પણ સ્વાર્થી તત્વ રહિત અને નિષ્પાપ રાખવા, જેથી તમારૂં હૃદય કેવળ શુદ્ધ થઈ પરમ સત્ય તરફ દોરાય અને માયાના પાશમાં–કીચડમાં વધુ ને વધુ નિરર્થક ખેંચાઈ અપવિત્ર ન બને.

●

આધ્યાત્મિક જીવન અને તેના જ્ઞાનની તમામ વૃદ્ધિનું રહસ્ય સાધના–*સમાધિ છે.

---

* **કવિ જીવરામ ભટ્ટ—**

વિધિ નિષેધના બધા અનિત્ય જાણુશો.
તે સમે સમાધ યોગમાર્ગ ઝાલશો:
યોગમાર્ગ ઝાલી લિંગ દેહ ભાંગશો.
લિંગ દેહ ભાંગી જીવ શીવ થઇ જશો. **(લિંગ દેહ)**

તા. ૩૧ મી જાન્યુઆરી.

જે કાંઈ સર્વાંગશુદ્ધ અને સ્વાર્થ રહિત છે તેનું તમે નિરંતર ચિંતન કરતા રહેશો તો તમે પવિત્ર અને નિઃસ્વાર્થ થયા સિવાય રહેશો નહીં.

●

જ્ઞાન, શાંતિ, ઉચ્ચ–પવિત્ર જીવન અને સત્યની પુરી સમજ મેળવવા સારૂ તમે હંમેશ પ્રાર્થના કરતા હશો, છતાંએ જે વસ્તુનું તમે ધ્યાન ધરો છો તે તમારાથી દૂરની દૂર જ રહેતી હોય, તો એનો અર્થ એ જ કે જ્યારે તમે એક વસ્તુ સારૂ ચિંતન કરતા હો છો, ત્યારે તમારા વિચાર બીજે કશે દોડતા હોય છે, અને વર્તન જુદી રીતનું હોય છે. જે શુદ્ધ સત્યો પ્રાપ્ત કરવા તમે ધ્યાન ધરો છો, તેમાં જે જે વસ્તુઓને મમતાથી વળગી રહેવાથી હરકત આવતી હોય તે તે પરથી મન ઉઠાવી લઇ આવું આપમતીઆપણું છોડી દેશો; જે વસ્તુને તમે લાયક નથી તેની માગણી ઈશ્વિર પાસે કરતા નહીં, અને જે ભૂતદયા યા પ્રીતિ બીજાને તમે બતાવી શકયા નથી તે તમારા પર વરસાવવા (પ્રભુને) વિનંતિ કરતા નહીં. પણ પરમ સત્યનું રૂપ સમજવા અને તે મુજબ વર્તવાની શરૂઆત કરશો તો દિવસે દિવસે તે તે સત્યો તમે અનુભવતા જશો, અને છેવટે તમે તેમની સાથે તદ્રુપ થઈ જશો.

●

ધ્યાનનો માર્ગ આદરો, અને તમારા ધ્યાનનો મુખ્ય વિષય -સત્ય રાખો.

તા. ૧ લી ફેબ્રુઆરી.

અશાંતિ-પ્રવૃત્તિ, દુઃખ અને શોક એ જીવના પડછાયા (મનનાં કારણ) છે.

●

શું દુઃખ અને શોકમાંથી છુટવાનો માર્ગ નથી? શું દુઃખનાં બંધનો તોડી નાખવાના કોઈ ઉપાય નથી? શું શાશ્વત સુખ અને અનંત શાંતિ એ નિઃસાર સ્વપ્નાં છે? ના, ના, ઉપાય તો છે, અને તે હું તમને રાજીખુશીથી કહીશ, કે જેથી દુઃખનો સમૂળો નાશ થાય; એવી વિધિ છે જેથી દરેક દુઃખદ અવસ્થા કે પ્રસંગ ફરીથી ઉદ્ભવે નહીં એમ એક તરફ દૂર કરી શકાય, અને એવી પણ ક્રિયા છે કે જેથી અખંડ અને અનંત શાંતિ તથા આનંદ જાણી તથા ભોગવી શકાય. આ સ્તુત્ય જ્ઞાનના માર્ગ તરફ જવાનું પ્રથમ પગથીઉં, દુઃખનું ખરૂં કારણ શું છે તે બરોબર જાણવું એ છે. દુઃખદાઇ પ્રસંગોની અવગણના કરવી, અગર હાથ જોડી નિશ્ચિંત બેસી રહેવું એટલું બસ નથી; તેની નાડ તપાસવી જોઈએ-તેનું મૂળ જાણવું જોઇએ.

●

મનુષ્યો કષ્ટમાં સડયા કરે છે તેનું કારણ એ છે કે જે પ્રસંગો દ્વારા તેમણે બોધ લેવો જોઈએ તેનો લાભ લેવા તેઓ રાજી નથી, અને તેમને વૃત્તિએ થતી નથી.

તા. ૨ જી ફેબ્રુઆરી.

તમારે મમતા છોડી દેવી જોઈએ, અને તમે હોણ છો તે બાબત શોધ કરવા તથા સમજવા આરંભ કરવો જોઈ એ.

●

દુઃખને ખરી રીતે સમજવામાં આવે તો એમ જણાશે કે દુનિયામાં તે (દુઃખ) અપાર શક્તિ અથવા સત્તા નથી, પણ સંસારઘટનાના અનુભવમાં પસાર થઇ જતા અનેક રૂપોમાંનું એક રૂપ છે, અને તેથી જેઓ દુઃખને સમજવા ઇચ્છા રાખે છે તેમનો તે ગુરૂરૂપ થશે. દુઃખ એ કાંઈ તમારાથી જુદી—તમારી બહારની—નિરાળી વસ્તુ નથી; એ તો તમારા પંડનો—હૃદયનો અનુભવ છે, અને જો ધીરજ રાખી તમે તમારૂં હૃદય, તમારા ગુણાવગુણ તપાસી સુધારશો તો તમને રફતે રફતે દુઃખના—અનિષ્ટના મૂળ કારણની અને પ્રકારની ખબર પડશે; અને તેમ થવાથી તેનો પૂરેપૂરો નાશ થયા સિવાય રહેશે નહીં. સૃષ્ટિમાં એવું એકે દુઃખ નથી, કે જે અજ્ઞાનતાનું પરિણામ નહીં હોય; અને જો તે સમય સમજી બોધ લેવા આપણે રાજી હોઇએ, અગર આપણી વૃત્તિ હોય, તો તેથી ઉંચા પ્રકારનું જ્ઞાન મળશેજ, અને તે બાદ તે દુઃખ વિનાશ પામશે.

●

દરેક જીવાત્મા તેને અનુકુળ વસ્તુ તરફ ખેંચાય છે, અને તેથી જે તેનું નથી તે તેની પાસે નજ આવી શકે.

તા. ૩ જી ફેબ્રુઆરી.

જેવા તમે તેવી તમારી દુનિયા (તમે જોશો).

તમે જે કાંઇ ચોકસ રીતે જાણો છો તે તમારા જાતી અનુભવમાં આવેલું હોય છે; હવે પછી તમે જે કાંઈ જાણશો તેને પણ અનુભવ રૂપી દ્વારમાં પેસવું પડશે, અને તે પછી, તે તમારો અંશ ગુણ થશે. તમારા પોતાના વિચારો, ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ એ તમારી સૃષ્ટિઓ-તમેજ ઉભાં કરેલાં સત્વો છે, અને તેથી જગતમાં જો કાંઈ સૌંદર્ય, આનંદ કે સુખ, અગર નિરસતા, કલેશ અને દુઃખ દેખાય, તેના તમે જ કારણ-રૂપ છો-તેનું કારણ તમારી અંદર જ છે. તમારૂં જીવન, તમારો સંસાર અને તમારી સૃષ્ટિ સુધારનાર અગર બગાડનાર તમારા જ વિચારો છે. તમારા વિચારબળે કરી જેવું ચણતર તમે ભીતરમાં કરશો-જેવી મનસૃષ્ટિ રચશો-તે જ પ્રમાણે તમારી બાહ્ય જીંદગી અને સંજોગો ઘડાશે. તમારા હૃદયના છેક ભીતરમાં જે કાંઇ વિચાર કર્યા હશે તે, કર્મના અનિવાર્ય નિયમ મુજબ મોડા વ્હેલા તમારા બાહ્ય જીવનમાં દેખા દેશે.

●

દરેક જીવન (તેના પાછલા ભવોના) ભેગા કરેલા અનુભવો અને વિચારોનું સંયુક્ત સંમેલન છે, અને તેનું સ્પષ્ટિકરણ કરવા સારૂ શરીર તો ઉભું કરેલું એક ખોખું-સાધન છે.

તા. ૪ થી ફેબ્રુઆરી.

જેઓ પરમ કૃપાનિધિની શોધમાં છે તેમના સત્કાર્યમાં સર્વ વસ્તુઓ મદદગાર થાય છે.

●

જે હુંપણાને વળગી રહે છે, તે પોતાની જાતનો દુશ્મન છે, અને શત્રુઓથી (આસુરી શક્તિઓથી) ઘેરાયલો રહે છે. જેણે હુંપણાનો ત્યાગ કર્યો છે, તે પોતાની જાતનો રક્ષક છે, અને એક કવચની પેઠે મિત્રોથી (દૈવી શક્તિઓથી) રક્ષાતો રહે છે. નિર્મળ અંતઃકરણમાંથી વહેતા ઐશ્વરી તેજ આગળ સઘળો અંધકાર (જડતા) ખસી જાય છે, અને બધાં વાદળાં (સંકટો) ગળાઈ જાય છે. જેણે હુંપણાને વશ કર્યું તેણે જગત જીત્યું. દારિદ્ર, કલેશ, સંકટો, ઉદ્વેગ, કકળાટ, અસંતોષ અને નિર્જનતામાંથી છુટવા સારૂ હુંપણાને છોડી દઈ બહાર આવો. તમારા ક્ષુદ્ર સ્વાર્થરૂપી જુનું-જીર્ણ આભરણ દૂર કરી, વિશ્વ-વ્યાપિ પ્રેમનો નવો પોષાક ધારણ કરો, એટલે તમારા ભીતરમાં જ સ્વર્ગ છે, એવો અનુભવ તમને થશે, અને તેનું પ્રતિબિંબ બાહ્ય જીવનમાં દેખાશે.

●

પરમપદ અને કૃપાનિધિ, આજ્ઞાંકિત સેવકની રાહ જુવે છે.

તા. ૫ મી ફેબ્રુઆરી.

મનુષ્યોએ પૂર્ણ કરેલાં સર્વ કાર્યોની રૂપરેખા પ્રથમ મનમાં રચાય છે, અને તે પછી તે તે કાર્યો સ્થૂળ રૂપમાં દેખાય છે.

●

જો વિચારબળોની દિશા સૃષ્ટિના નિયમ સાથે એકરાગ કરવામાં આવે તો તે બળો ઉર્ધ્વમાર્ગ તરફ લઇ જનારા-મજબૂત અને સંરક્ષક નીવડે છે; પણ જો તે વિરોધી હોય-ભ્રષ્ટ હોય તો તે છિન્ન ભિન્ન થઇ આપણો જ નાશ કરે છે. જ્યારે તમારા સઘળા વિચારો, કૃપાનિધિની શ્રેષ્ઠતા અને અનંત શક્તિમાં પૂર્ણ અને અડગ શ્રદ્ધા રાખે એવા ગોઠવાશે, ત્યારે કૃપાનિધિ સાથે જ કામ કરશો, (તમે સત્યને માર્ગે જ ચઢશો) અને સઘળા દુઃખનો ખુલાસો કરવાનું તથા નાશ કરવાનું તમારા ભીતરમાં જ છે, એવો અનુભવ–એવું આત્મજ્ઞાન તમને થશે. શ્રદ્ધા રાખો અને તમે સહુ સુખ ભોગવશો. (श्रद्धावान् लभते ज्ञानम्). અવિનાશી કૃપાનિધિના અખંડ પ્રદેશમાં પ્રવેશ કરી, તેનો અનુભવ લેવાથી દુઃખનો અભાવ અને અજ્ઞાનનો નાશ થવો એ જ મુક્તિનો ખરો અર્થ છે.

●

શાંત અને મજબૂત-વિજયી વિચારબળો જ સહુ વસ્તુઓને પ્રકાશમાં આણે છે.

તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી.

એવી એકે વસ્તુ નથી કે જે અડગશ્રદ્ધા અને દઢ સંકલ્પથી સાધી નહીં શકાય.

●

મુશ્કેલી ગમે તેવી મોટી હોય, પણ તે શાંત અને સમર્થ એકાગ્રતાથી કરેલા વિચાર આગળ હઠી જાય છે, અને આત્મબળોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવાથી અને તે મુજબ તેમને દોરવાથી દરેક વાસ્તવિક કામ જલદી થયા વિના રહેતું નથી.

વિચારની અટળ શક્તિનો, તેના બાહ્ય અને સ્થુલ વસ્તુઓ સાથેના અભેદ્ય સંબંધનો, અને જો યોગ્ય તુલના કરી તે સન્માર્ગે દોરાય તો જીવનવ્યવહાર બદલવામાં તથા સ્થિતિને અનુકૂળ કરવામાં, તેની શી અદ્ભૂત શક્તિ છે, તેનો સાધારણ ખ્યાલ પણ, જ્યાં સુધી તમે તમારી ભીતર પ્રકૃતિમાં ઉંડા અને ઝીણી રીતે ઉતર્યા નથી, અને તેમાં ભરાઈ રહેલા ઘણા દુશ્મનો–વિકારો વશ કર્યા નથી ત્યાં સુધી આવશે નહીં. દરેક વિચાર સાથે અમુક શક્તિ બહાર આવે છે, અને તે તેની પ્રકૃતિ અને બળના પ્રમાણમાં તેને અનુકૂળ આવતા મનુષ્યોમાં વાસો કરે છે, અને તમારૂં જ શુભ યા અશુભ રચવામાં સહાયભૂત થાય છે.

●

સદ્‌વિચારનું મનન કરો, અને તે જ વિચારો તમને સારી સ્થિતિના રૂપમાં-તમારા બાહ્ય જીવનમાં તરત સાક્ષાત્કાર થશે.

તા. ૭ મી ફેબ્રુઆરી.

જે મનુષ્ય પોતાની જાત (મન) ને વશ કરી કાબુમાં રાખી શકે છે તે જ અધિકાર ભોગવવાને અને બીજાને સત્તા નીચે રાખવાને પાત્ર છે.

●

જો તમારે બીજાપર સત્તા ભોગવવાની શક્તિ મેળવવી હોય તો તમારે સ્વસ્થતા અને સમતોલપણું રાખતાં શીખવું જોઈએ. એકલા ઉભા રહેવા પુરતું સામર્થ્ય તમારામાં હોવું જોઈએ. સ્થાયી વસ્તુઓ અચળ–સ્થિર હોય છે. પર્વત, ભારે ખડક, તોફાનો સામું ટક્કર ઝીલતું ઓકનું વૃક્ષ, આ સહુ તેમની સંયુક્ત એકાકી પ્રૌઢતા અને દ્રઢ સ્થિરતાને લીધે જ તેમની શક્તિ દર્શાવે છે; પણ આમ તેમ ઉડતી રેતી, નમી જતી ડાળી, અને હાલી જતાં બરૂ તેમની દુર્બળતા બતાવે છે; કારણ, તેઓ ચલિત અને સામી ટક્કર ઝીલે તેવાં નહીં હોવાથી, તેમનામાં નબળાઈ હોવાનું કહી આપે છે; તેમના સાથથી જો જુદા પડે તો તેઓ કંઇ કામના નથી. સમર્થ પુરુષ તો તે જ ગણાય કે જે તેના સઘળા સાથીઓમાંનો કોઈ મનોવિકાર અથવા ક્રોધથી ચળિત થાય ત્યારે શાંત અને સ્વસ્થ રહી શકે છે. અસ્થિર ચિત્તવાળા, બ્હીકણ, અવિચારી અને કમ અક્કલના મનુષ્યોને સોબતની જરૂર છે, નહીં તો આશ્રય વિના તેઓનું અધઃપતન થાય. શાંત, શૂર, વિચારવંત, અને ગંભીર મનુષ્યોએ એકાંતનું સેવન કરવું; તેમ કરેથી તેમની શક્તિમાં સારો ઉમેરો થશે.

●

એક નિશાન રાખો. તમારો ઉદ્દેશ શુદ્ધ અને હિતકર હોવો જોઈએ. અને તે સિદ્ધ કરવા પાછળ તમારૂં સંપૂર્ણ લક્ષ આપો.

તા. ૮ મી ફેબ્રુઆરી.

મમતા જ અધોગતિ આણે છે.

●

જો તમારે ખરી પ્રતિષ્ઠા મેળવવી હોય તો, બીજા ઘણા ધારે છે તેમ એવો વિચાર તમારા મનમાં ન ઘુસાડશો કે સરળ માર્ગ હાથ ધરવાથી તમારા પાસાં અવળા પડશે.* ન્યાયમૂર્ત્તિની શ્રેષ્ઠતા સંબંધી તમારી શ્રદ્ધા છે તેને હરીફાઇ શબ્દથી ડગવા દેતા નહીં. હરીફાઇના નિયમો બાબત લોકો ભલે તેમને ફાવતું બોલે, પણ શાશ્વત નિયમ (सत्यं जयते नानृतम्) વખત આવે પેલા સહુ નિયમોને વેરણખેરણ કરી નાખે છે, અને સત્યશીલ પુરુષના હૃદયમાં તથા જીવનક્રમમાં પેલા નિયમોનો જમાવ થવા દેતો નથી, તેની સત્તા શું મારી જાણ બહાર છે ? એ નિયમ જાણ્યા પછી તો સઘળું અપ્રમાણિકપણું સ્વસ્થ ચિત્તે હું જોતો રહી શકું છું. કારણ, તેમનો અચૂક નાશ ક્યાં થશે તે હું જાણું છું. જેઓ સત્યના ધોરી માર્ગપરથી ખસ્યા છે, તેઓ હરીફાઇ સામું—હરીફાઈનું નામ આગળ ધરી—પોતાનો (ખોટો) બચાવ કરે છે; જેઓ હમેશ સત્યને માર્ગે જાય છે તેમણે એવો બચાવ કરવાની જરૂર રાખવી નહીં.

●

તમે ગમે તે સ્થિતિમાં હો, પણ તમને જે વાસ્તવિક લાગે તેજ કરજો, અને તે અચળ નિયમમાં શ્રદ્ધા રાખજો; ઐશ્વરી સત્તામાં વિશ્વાસ રાખજો એટલે તમારૂં નિરંતર રક્ષણ થશે.

---

*વેપારીથી સાચું ન જ બોલાય, એક ભાવ ન જ રખાય, અને તેમ કરવા જાય તો ઘરાકી ખુવે એવી માન્યતા ગુજરાતીઓમાં ઘણી છે.

તા. ૯ મી ફેબ્રુઆરી.

પૂર્ણ *પ્રેમ પૂર્ણ સત્તા સમાન છે (પ્રેમસ્વરૂપને સહુ આધીન છે).

●

સવિવેક પ્રીતિ રાખતું હૃદય, અધિકાર ચલવ્યા સિવાય પણ પોતાની સત્તા ચલાવે છે. જે મનુષ્ય પરમ પુરુષનો-પરત્માનો સેવક છે, તેને સઘળી વસ્તુઓ અને સહુ મનુષ્યો વશ રહે છે. તે કાંઈ ધારે છે, પછી જુવો ! એટલામાં તો તે પૂરૂં થઈ ગયું હોય છે. તે બોલે છે, પછી જુઓ ! સમસ્ત જગત તેના શુદ્ધ વચન-પડતા બોલ ઝીલવા ઉભું હોય છે. તેણે તેના વિચારો, અવિનાશી અને અજેય શક્તિઓ સાથે એકરાગ થતા કર્યા છે, અશક્તિ કે શંકા વિશંકા શું એ તે જાણતો નથી. તેનો દરેક વિચાર ચોક્કસ હોય છે, તેનું દરેક કાર્ય પૂર્ણ થાય છે. ઇશ્વરી નિયમ સાથે તે એક થઇ ચાલે છે, અને તેની સામું એની નજીવી સ્વાર્થી જીદને એ જવા દેતો નથી, એટલે દૈવી સત્તાનો પ્રવાહ એના જ દ્વારા નિર્વિઘ્ન-અસ્ખલિત અને પરોપકારી રૂપોમાં-કાર્યોમાં વહે છે. આ રીતે તે પોતે જ તે શક્તિરૂપે-સત્તારૂપ થઈ રહે છે.

●

પૂર્ણ પ્રેમ એ પૂર્ણ જ્ઞાન છે. (જેનામાં પૂર્ણ પ્રેમ વ્યાપી રહ્યો હોય તેને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું છે.)

---

* **કવિ નરભેરામ**

મળ્યો પ્રેમ ભજનાર, મગન થઇ મનમાં ફુલી;
કહાન કહાન કહી ફરી, ભાન દેહીનું ભુલી.
પ્રેમ વિદુરની નાર, ન્હાતાં નાગી ધાઈ;
એ લક્ષણ પ્રેમનું, જઇ ભેટી જદુરાઈ.
તે ગર્ભને કાઢી નાંખતી, છોડાં ભુખે ધરાય છે;
ક્હે નરભો પ્રેમનું પારખું, છબિલો છોડાં ખાય છે.

તા. ૧૦ મી ફેબ્રુઆરી.

જો તમે *સત્યનું શોધન ખરેખર કરતા હો તો તેની પ્રાપ્તિ અર્થે જોઈતા પ્રયત્ન કરવા તૈયાર રહેશો.

ચિંતન અને નકામી ધૂન, એ બે જુદા હોવાનું પ્રથમથી સમજવું જોઈએ. ધ્યાનમાં કશું સ્વપ્નવત્ કે બિન ઉપયોગી નથી. એ (ચિંતન) તો એક એવી બારિક કસોટી અને અદ્દલ વિચાર કરવાની રૂઢી છે કે જેમાં સરળ અને અણિશુદ્ધ સત્ય સિવાય બીજું કાંઇ રહેતું નથી. આ રીતે ધ્યાન ધરતાં તમે તમારી જાતને તમારી શંકા–વિશંકામાં બાંધી રાખશો નહીં, એટલું જ નહીં પણ દેહાભિમાન–હુંપણું ભૂલી જઈ તમે સત્યને જ શોધો છો એટલું તમને યાદ રહેશે. અને આ પ્રમાણે ભૂતકાળમાં તમારી આગળ પાછળ ઉભાં કરેલાં ખોટાં સત્વો–ભ્રમણાઓ તમે એક પછી એક દૂર કરશો, અને જયારે તમારા તે દોષો જોઈએ તેટલા નાશ પામશે, ત્યારે સત્યનો પ્રકાશ લેવા તમે શાંતિપૂર્વક રાહ જોશો.

તમારા ચિંતનનો મુખ્ય વિષય સત્ય રાખો.

---

* કવિ છોટમ

સતચિત આનંદ શ્રૌત શબ્દથી, રૂપ નીરૂપણ થાય;
તત્વમસી એ વાક્ય વિચારે, તો ઈશ્વર ઓળખાય.

તા. ૧૧ મી ફેબ્રુઆરી.

પ્રાતઃકાળનો પ્રકાશ લેવા જેમ ફૂલ તેની પાંખડીઓ-પુષ્પદળ ઉઘાડે છે, તેમ સત્યનો ઉત્કૃષ્ટ પ્રકાશ ઝીલવા તમારો આત્મા વધુ ને વધુ ખીલવો.

●

આધ્યાત્મિક ચિંતન અને આત્મ–સુધારણા એકમેકથી જુદાં પડાય તેમ નથી; તેથી તમારી જાતને કસોટી ઉપર લઇ, તમે કોણ છો એ સમજી શકાય તેવું ચિંતન કરવું શરૂ કરો; કારણ, એટલું તો યાદ રાખજો કે તમે સત્યનો સાક્ષાત્કાર કરો, તે સારૂ તમારા સઘળા દોષો પૂર્ણ રીતે દૂર થવા જોઈએ, એ મહાન ઉદ્દેશ તમારે ધ્યાનમાં રાખવાનો છે. તમારા હેતુઓ, વિચારો અને કર્મોને તમે તમારી ઉચ્ચ ભાવના સાથે સરખાવી, અને તે શાંત સમદર્શી નજરે જોવા પ્રયત્ન કરી, ખરૂં ખોટું કર્યું, તેની તપાસ કરશો. આ મુજબ તમે માનસિક અને આધ્યાત્મિક સમતોલપણું વધુ ને વધુ નિરંતર મેળવ્યા જશો, જેના વગર આ સંસારસાગરપર મનુષ્યોનું જીવન છિન્નભિન્ન–અસહાય્ય તૃણવત્ છે.

●

મહત્વાકાંક્ષારૂપી પાંખો ઉપર ઉંચે ઉડો, નિડર રહો, અને ઉચ્ચમાં ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવું શકય છે એવી શ્રદ્ધા રાખો.

તા. ૧૨ મી ફેબ્રુઆરી.

કોઈ પણ પ્રારંભ અમુક કાર્યનો હેતુ છે, અને તેથી તેનું પરિણામ તેની પૂંઠે ચાલ્યું જ આવે છે.

●

શરૂઆતનો જુસ્સો જે પ્રકારનો હોય, તે ઉપર તેના સમસ્ત પરિણામનો આધાર રહે છે. આરંભ ઉપરથી તેનો અંત, પરિપૂર્ણતા, ફતેહ અગર ઉદ્દેશ, આગળથી સમજી શકાય છે. દરવાજામાંથી અમુક માર્ગ પર જવાય છે, અને તે માર્ગ ચોકસ સ્થળે પ્હોંચાડે છે; એવી રીતે આરંભ ઉપર–પ્રથમ પગલા ઉપર–પરિણામોનો આધાર હોય છે, અને પરિણામો પૂર્ણતા આણે છે.

(જગતમાં) પ્રારંભ સારા અને ખોટા હોય છે, જેના પરિણામ તેમના ગુણને મળતા આવે છે. તમે સારાસાર વિચાર કરી, ખોટો પ્રારંભ નહીં કરતાં સારો પ્રારંભ કરશો અને એ રીતે અનિષ્ટ પરિણામથી બચી જઈ, શુભ ફળ ભોગવશો. સુખી જીવન–પરમાનંદનું જીવન સાધવા સારૂ આપણે દરરોજ જે પ્રારંભ કરીએ છીએ–એટલે દરરોજના જીવનની શરૂઆત કરીએ છીએ, તે સરળ શરૂઆત કેવી રીતે કરવી, અને તે વાસ્તવિક છે કે નહીં તે જોવું જરૂરનું છે.

●

હમેશ મૂળ કારણના રૂપ–ગુણ જેવું જ કાર્ય નીવડે છે.

તા. ૧૩ મી ફેબ્રુઆરી.

રોજના જીવનવ્યવહારની સાધારણ બાબતોમાં પણ વિવેકથી ચાલવાનું હોય છે.

●

સૃષ્ટિમાં દરેક વસ્તુ ન્હાની ન્હાની ચીજોની બનેલી છે; અને મોટી વસ્તુની પરિપૂર્ણતાનો આધાર ન્હાની વસ્તુની પૂર્ણ દશા ઉપર રહેલો છે. સૃષ્ટિની કાંઈપણ વિગત અપૂર્ણ હોય તો આખું બ્રહ્માંડ ખોડખાંપણ વાળું રહે. જો અણુમાત્ર રહી જાય તો એકંદર સમૂહ અટકી પડે. ધૂળની રજ વિના દુનિયા ઘડાત નહીં, અને આખી દુનિયા સંપૂર્ણ–ખોડ વિનાની દીસે છે તેનું કારણ એ કે ધૂળની રજ પરિપૂર્ણ છે. ન્હાની બાબતોમાં બેદરકાર રહેવાથી મોટી બાબતોમાં ગડબડ ગોટાળો થાય છે. બરફનું ટીપું તારાના જેવું જ સર્વાંગશુદ્ધ હોય છે; ઝાકળનું બિંદુ ગ્રહના જેવું આકારશુદ્ધ હોય છે; સૂક્ષ્મ જંતુનો ઘાટ માણસના જેટલી જ ચોકસાઇથી ઘડાયલો છે. એક પર બીજો પત્થર મૂકી, પૂર્ણ રીતે ગોઠવી, ઓલંબામાં રાખી ચ્હોટાડવાથી છેવટે આખું મંદિર તેની કારીગીરીની ખુબી બતાવતું ઉભું થાય છે.

●

ઉપાંગો દોષ રહિત બનાવ્યા હોય, તો આખું અંગ એબ વિનાનું બને.

તા. ૧૪ મી ફેબ્રુઆરી.

ન્હાનાં કામો છોડી દેવાં, અગર ઉપરચોટીઆ સરખાં બેફિકરાઈથી કરવા, એ મૂર્ખાઈ અને બેસમજનું ચિહ્‌ન છે.

●

વખત (ઘડી પળ), વાણી, મુબારકબાદીના ઉચ્ચારો, ખાણુંઓ, લુગડાં, પત્રવ્યવહાર, આરામ, ધંધો રોજગાર, છુટા છવાયા પ્રયત્નો, ક્ષણિક ફરજો–વાયદાઓ અને એવી હજારો ન્હાની વસ્તુઓ જે ધ્યાન ખેંચી રહે છે તે–સારાંશમાં જીંદગીની સામાન્ય વિગતો કેટલી બધી કિંમતી છે તે મોટો પુરુષ સમજે છે. દરેક વસ્તુ દૈવી નિયમ મુજબ ગોઠવાયલી–વ્હેંચાયલી છે અને તેનું જીવન સુખમય અને ઉત્કૃષ્ટ કરવા સારૂ તેણે શાંત વિચાર અને વર્તન લાગુ કરવાં જરૂરનાં છે એવું તે પુરુષ જુએ છે. તે કાંઈ છોડી દેતો નથી, ઉતાવળ કરતો નથી, અને દોષ કે બેવકુફાઈ સિવાય બીજા કશામાંથી નાસી છુટવા માગતો નથી; જે ફરજ તેના માથા પર આવે તે તે જ વેળા ધ્યાન દઈ બજાવે છે, અને તે કામ લંબાવતો નથી કે જેથી પસ્તાવું પડે. તેના હાથ પર જે કામ હોય તે તન દઈ પૂરેપૂરૂં કરવાથી તેનામાં બાળક જેવી સરળતા–અનન્ય ભાવ અને દેહાભિમાન વગરનો પ્રભાવ એકત્ર થયલાં આવે છે, જેને પ્રભુતા કહે છે.

●

ચાલુ સ્થિતિમાં વિવેકથી અને દઢ રીતે કામ કર્યા સિવાય વિવેક અને સામર્થ્ય પ્રાપ્ત કરવાનો બીજો રસ્તો નથી.

તા. ૧૫ ફેબ્રુઆરી.

જે મનુષ્ય ન્હાની બાબતોમાં નિપુણતા મેળવે છે, તે મ્હોટી વસ્તુનો ખરો અધિકારી થાય છે.

●

મૂર્ખ મનુષ્ય એમ સમજે છે કે ન્હાની કસુરો, થોડી નિરંકુશતા—આસક્તિ અને ન્હાનાં—નજીવાં પાપો કરવામાં આવે તો કાંઈ હરકત નથી; તે એમ માની લે છે કે જ્યાં સુધી તેણે ઘોર અનીતિ આચરી નથી ત્યાં સુધી તો તે સદાચારી અને પવિત્ર પણ ગણાય; પરંતુ આવા વર્તનથી તેનામાં નીતિ અને પવિત્રતા રહેતાં નથી, અને જગત્ તો તેને તે મુજબ ઓળખે છે. તે તેને માન આપતું નથી, પૂજ્ય ગણતું નથી, અને ચાહતું નથી; તે તેને જતો કરે છે; તેનો ભાવ કોઇ પુછતું નથી, અને તેની સત્તાનો—માનમરતબાનો નાશ થાય છે. જગતને સદાચારી બનાવવા બદલ આવા મનુષ્યોના પ્રયત્નો, તેના બંધુ જનોને મહાન્ દુર્ગુણો છોડી દેવા અપાતા ઉપદેશો, સત્વ વિનાના અને નિષ્ફળ નિવડે છે. જે ન્હાની ન્હાની અનીતિઓ તરફ તે આંખમીંચામણાં કરે છે—તેને નજીવી ગણે છે, તે જ ક્ષુલ્લકતા તેના આખા જીવનમાં ઉતરી આવે છે, અને તેથી જ તેની માણસાઈની—પ્રભાવની કિંમત અંકાય છે.

●

જે પોતાની ન્હાનામાં ન્હાની કસુરોને ભયભરેલી ગણે છે તે સંત થાય છે.

તા. ૧૬ મી ફેબ્રુઆરી.

અતિ સૂક્ષ્મ વસ્તુઓમાં સત્ય છુપાયલું છે.

●

જેમ અનેક પળોની પરંપરાનું-ગણુનાનું વર્ષ બનેલું છે તેમ અમુક વિચારશ્રેણી અને કાર્યક્રમોથી ઘડાયલું, મનુષ્યનું જીવન અને ચારિત્ર હોય છે, અને આખા સ્વરૂપમાં તેના અંગોની (ભિન્ન ભિન્ન પરમાણુઓની) છાપ હોય છે. ન્હાના સરખા ઉપકારો, ઉદાર વૃત્તિ અને આત્મત્યાગથી માયાળુ અને અમીરી વર્તન ઘડાય છે. ખરો પ્રામાણિક મનુષ્ય તો તેના જીવનની ન્હાનામાં ન્હાની બાબતોમાં ચોખ્ખો રહે છે. કુલીન મનુષ્ય જે કંઈ કરે છે અને બોલે છે, તેમાં તેની ખાનદાની-ઐશ્વર્ય દેખાય છે. તમારૂં જીવન તમે એક સામટું ભોગવી લેતા નથી; તે તો કકડે કકડે ભોગવાય છે, અને તે દ્વારા તમારૂં આખું સ્વરૂપ-જીવનપટ રચાય છે. તમે ધારો તો તમારા જીવનની દરેક પળ-તેનો દરેક ભાગ ઉદાત્ત રીતે વાપરી શકો, અને તેમ થયેથી તમારા આખા જીવનમાં દુર્વૃત્તિનો અંશ માત્ર રહેશે નહીં.

●

સંપૂર્ણતા એ અલૌકિક બુદ્ધિપ્રભાવનું લક્ષણ છે.

તા. ૧૭ મી ફેબ્રુઆરી.

સત્યનું સ્વરૂપ અવર્ણનીય છે અને તે તો તેનું જીવન ગાળનાર જ અનુભવી શકે.

●

વિશ્વમાં સત્ય, એજ એક સાચી વસ્તુ છે, એજ જંત્ર અનાહત, શુદ્ધ ન્યાય અને શાશ્વત પ્રેમ છે. એનામાં વધારો કે ઘટાડો થઈ શકતો નથી. એને કોઇ મનુષ્ય પર આધાર રાખવો પડતો નથી, પણ સઘળા મનુષ્યો તેની સત્તા નીચે રહે છે. જ્યાંસુધી સ્થૂળ દ્રષ્ટિથી, બહારની બાજુએ જોશો ત્યાંસુધી તમે સત્યનું સૌંદર્ય જોઈ શકશો નહીં. તમે હુંપદવાળા હશો તો તમારી પોતાની બડાઈ બતાવવા દરેક વસ્તુ મીઠું મરચું ભભરાવી કહેશો. જો કામાસક્ત હશો તો તમારૂં અંતઃકરણ અને મન, કામવાસનાની જવાળા અને ધુમાડાથી ઢંકાઇ જશે અને તેમાંથી દરેક ચીજ વિરૂપ દેખાશે. જો તમે અભિમાની અને કીર્તિ (આબરૂ) ઝંખનાર હશો તો સમસ્ત જગતમાં તમારી પોતાની કીર્તિના-તમારા પોતાના વિચારના મહત્વ અને ગૌરવ સિવાય બીજું કશું દેખાશે નહીં. સત્યને ચાહનારો નમ્ર જીવ સત્ય અને કીર્તિ (આબરૂ)નો ભેદ સમજતાં શીખ્યો હોય છે.

●

જેનામાં ઉદારવૃત્તિ-પ્રીતિભાવ વધારે તેનામાં સાચાઈ વધારે હોય છે.

*** અખો ભગત-ચિત્ત વિચાર સંવાદ**

કહું ઉપાય એક છે ભલો, પણ રહે ત્યાં અનુભવ એકલો;
તૈતરિપદ આદ્ય વિચારે વેદ, કેવળ ઈશ્વર જીવનો ભેદ.

કૈવલ્યતા સદા ભરપૂર, કહ્યો ન જાય નિકટ કે દૂર;
ઇશ્વરમાં ઐશ્વર્ય છે બહુ, સામર્થ નામ ઇશ્વર કહે સહુ.

તેણે મોહ્યો આશા કરે, દીનતા ભાખે કાં પરવરે;
અસંભાવના રે વિપરીત, એ ચિત જાણો જીવની રીત.

તા. ૧૮ મી ફેબ્રુઆરી.

દુનિયામાં એક જ ધર્મ છે, અને તે ધર્મ *સત્યનો છે.

●

જો શાંત ચિત્તે તમારૂં મન, અંતઃકરણ અને વર્તન તપાસશો તો તમે સત્યના ફરજંદ છો કે તમારા દેહના પુજારી છો, એ સહેલથી જાણી શકાશે. તમે વહેમ, વેર, ઈર્ષ્યા, વિષયવૃત્તિ અને મગરૂરી ભર્યા વિચારો ધારણ કરો છો કે તે સામે બળપૂર્વક લઢો છો ? જો પ્રથમ કહ્યું તેમ હોય તો તમે તમારા દેહના બંધાયલા છો, પછી ભલે ગમે તે ધર્મ પાળતા હો; બીજી બાબત કહ્યા પ્રમાણે તમે હો તો, તમે કોઈ પણ ધર્મ પાળી બહારનો દેખાવ (ડોળ) ન રાખ્યો હોય તોપણ તમે સત્યના મુમુક્ષુ છો. તમે તામસી, મમતી, તમારો પોતાનો જ સ્વાર્થ સાધનારા, મનગમતા ભોગ ભોગવનારા અને મતલબી છો, કે નમ્ર, માયાળુ, નિઃસ્વાર્થી, કોઈ પણ લાલસા વગરના અને પોતાનું (બીજાને ખાતર) આપવા હમેશ તત્પર રહો તેવા છો ? પ્રથમ કહ્યા મુજબ હો તો દેહના તમે ગુલામ છો; પછીથી કહ્યા મુજબ હો તો તમને સત્ય વહાલું છે.

●

સત્યના પ્રેમીને ઓળખવાનાં ચિહ્નો કાંઈ ઢાંકયાં રહેતાં નથી.

---

* કવિ ગોપાળ—

વણ પ્રિછે તમે કાં કરો, ભાઈ કલ્પિત ધર્મ;
ધર્મે ભર્મ જ ઉપજે, ન મળે પરિબ્રહ્મ.
હું મ્હારૂં મન નવ ટળ્યું, ન ગળ્યું અભિમાન;
દોષ રહ્યા સર્વ દ્રષ્ટિમાં કીધું ગજસ્નાન.

તા. ૧૯ મી ફેબ્રુઆરી.

લોભ નિરંકુશ વાસનાનો આશ્રય લે છે, અને તેને જાગૃત કરે છે.

●

દૈવી જ્ઞાનની ભૂમિકા પર ચઢાય નહીં ત્યાં સુધી, લાલસા-ભર્યા વિચારો, મહત્વાકાંક્ષી મનુષ્યને ઉંધો નાખવા– આગળ જતો અટકાવવા તૈયાર હોય છે, પણ તે ભૂમિની હદ ઓળંગી તેની પુંઠે જવાનું તેમનું ગજું નથી. જ્યારે મનુષ્ય મોટી મોટી આશાઓ બાંધવાની શરૂઆત કરે છે ત્યારે જ લાલચો તેની આગળ ખડી થવા માંડે છે. મનુષ્ય પોતાની જાતને પૂર્ણ રીતે ઓળખી શકે તે સારૂ, તેનામાં ગુપ્ત રહેલી દૈવી અને આસુરી શક્તિઓને મહત્વાકાંક્ષા જાગૃત કરે છે; કારણ, જ્યાં સુધી મનુષ્ય પોતાને પૂર્ણ રીતે ઓળખતો નથી ત્યાં સુધી તે પોતાના દેહને જીતી શકશે નહીં. કેવળ પશુવૃત્તિવાળા મનુષ્યમાં લોભ ભાગ્યે જ સંભવે છે, કારણ લોભનો ભાવ જ દેખાડી આપે છે કે શુદ્ધતર સ્થિતિ પ્રાપ્ત કરવા યત્ન ચાલે છે. પશુવૃત્તિ અને તેની તૃપ્તિ, એ તો જે મનુષ્યને મહત્વાકાંક્ષા થઈ નથી તેવાનો સાધારણ પ્રકૃતિગુણ છે. તેને તેના વિષયભોગ સિવાય બીજી એકે ઈચ્છા નથી, તેથી વધુ સારી વસ્તુ જોઇતી નથી, અને હાલ તરત તો એટલેથી સંતોષ માને છે. આવો મનુષ્ય હજી સુધી ઉંચો ચડયો ન હોવાથી, તેને પાડવા લોભને આગળ કરી શકાય નહીં.

●

મહત્વાકાંક્ષા મનુષ્યને સ્વર્ગમાં લઈ જઇ શકે છે.

તા. ૨૦ મી ફેબ્રુઆરી.

જે મનુષ્યે સત્ય સમજવું હોય તેણે પોતાને ઓળખવો જોઇએ.

●

લાલચમાં પડેલા મનુષ્યે આટલું ધ્યાનમાં રાખવું કે લાલચમાં પડનાર અને પાડનાર બેઉ તે પોતે જ છે; તેના સઘળા શત્રુઓ તેના ભીતરમાં છે; અને જે ખુશામતીઆઓ તેને ફસાવે છે, જે માર્મિક શબ્દો-મ્હેણાં તેનું અંતઃકરણ વીંધે છે- તેની આબરૂને એબ લગાડે છે, અને અંગમાં જે ભભુકા ઉઠે છે તે સહુ, તેનાં અજ્ઞાન અને દોષનાં પડો, જેના પાશમાં તે આજ સુધી પડયો રહ્યો ત્યાંથી સ્ફુરે છે. આટલું જાણે એટલે દુઃખ ઉપર પૂર્ણ ફતેહ મેળવવાની તેને ખાતરી થાય. જયારે તેની સખત કસોટી થાય ત્યારે તેણે ચિંતા કરવી નહીં, પણ ખુશી થવું કે તેના બળની પરીક્ષા થાય છે, અને તેની નબળાઈ બહાર આવે છે. કારણ, જે પોતાની નબળાઇ બરોબર જાણે છે, અને વિનયપૂર્વક કબૂલ કરે છે, તે (પોતાની ભૂલો સુધારવા માટે) સામર્થ્ય પ્રાપ્ત કરવા વાર લગાડશે નહીં.

●

જે પોતાની આસુરીવૃત્તિ સામું બેધડક ઉભો રહી શકતો નથી તે ત્યાગના ખાડાખૈયાવાળા શિખરો પર ચઢી શકશે નહીં.

તા. ૨૧ મી ફેબ્રુઆરી.

ખરા મનથી ઋષિજીવનનો માર્ગ શોધો.

બહારની વસ્તુઓ ફક્ત છોડી દેવી એ આત્મત્યાગથી દેહાધ્યાસનો ત્યાગ કર્યો કહેવાય નહીં. તે તો (મનના) ભીતરનાં પાપો, ભીતરમાં રહેલા દોષોના ત્યાગમાં રહેલો છે; નહીં કે ભભકાદાર કપડાં નહીં પહેરવામાં, નહીં કે પૈસો છોડી દેવામાં, નહીં કે અમુક ખોરાક ત્યજવામાં કે મીઠા મીઠા શબ્દો બોલવામાં. ફક્ત આટલી બાબતો કરેથી સત્ય મળતું નથી. પણ ખાલી ભપકો મારવાની વાસનાનો ત્યાગ કરવાથી, ધન તૃષ્ણા છોડી દેવાથી, મનગમતા વિષયભોગથી દૂર રહેવાથી, તિરસ્કાર, કલહ, પરનિંદા અને સ્વાર્થસાધના છોડી દેવાથી, અને અંતઃકરણ શાંત તથા પવિત્ર કરેથી—આ સહુ થયે સત્ય મળે છે.

●

દેહાભિમાનનો ત્યાગ સત્યના માર્ગ પર લઈ જાય છે.

તા. ૨૨ મી ફેબ્રુઆરી.

જે પોતાની વાસનાનો ગુલામ થતો નથી, તે (તેના) અદષ્ટ ભાવીનું મંદિર ચતુરાઈથી બાંધે છે.

●

પોતાનાં આવેશ અને સ્વાર્થી ઇચ્છાઓ દાબી, મનુષ્ય જ્યારે તેનામાં રહેલા ઉચ્ચ અને શાંત અંતર્જ્ઞાનનો આશરો લે છે, અને અમુક સિદ્ધાંતને વળગી રહે છે (તેનું એક સરખું મનન કરે છે) ત્યારે તેનામાં અમુક શક્તિ ખીલતી જાય છે.

જ્ઞાનદૃષ્ટિથી અચળ સિદ્ધાંતોની સત્યતા સમજાય (ચિત્તમાં અચળ નિયમોનો સાક્ષાત્કાર કરાવાય), એ ઉચ્ચતમ શક્તિનું મૂળ અને રહસ્ય છે.

ઘણી શોધખોળ, વિટંબણા અને ભોગ આપ્યા પછી, જ્યારે મહત્ તત્ત્વનો પ્રકાશ અંતરાત્મા પર પડે છે ત્યારે દૈવી શાંતિ પ્રસરે છે, અને હૃદયને ઉલ્લાસ આપતો અકથ્ય આનંદ પ્રાપ્ત થાય છે.

જેણે આ તત્વ અનુભવ્યું છે તે આમ તેમ ભટકતો નથી, પણ સમતોલપણામાં તથા સ્વસ્થ ચિત્તે રહે છે.

●

જે કામ અવિનાશી સિદ્ધાંત પર–નીતિનિયમ પર ચણાય છે તે જ ફક્ત ટકી શકે છે.

તા. ૨૩ મી ફેબ્રુઆરી.

ખરા ઐશ્વર્યવાળાં અને લાગણી (અંતઃપ્રવાહ)વાળાં સ્ત્રી-પુરુષો જુજ હોય છે.

●

મનુષ્ય જ્યાં સુધી પોતાની મીલકતનો ઉપભોગ કર્યા કરે છે ત્યાં સુધી સલાહશાંતિ, ભ્રાતૃભાવ અને વિશ્વવ્યાપી પ્રેમના સિદ્ધાંતો તે માને છે, અને તેને વળગી રહે છે. એવી માન્યતા મનુષ્ય સહેલથી રાખી શકે; પણ જ્યારે તે ઉપભોગોને ધોકો પ્હોંચ્યો છે અગર પ્હોંચશે એવી ભીતિ લાગે ત્યારે, લડાઇ શરૂ કરવા સારૂ તે મોટેથી પોકાર કરે છે; અને શાંતિ, ભ્રાતૃભાવ કે પ્રેમનાં નહીં, પણ કલહ, સ્વાર્થ અને તિરસ્કારના સૂત્રોને તે માને છે, અને તેને ટેકો આપે છે એવું વર્તન દાખવે છે.

ઐહિક દરેક વસ્તુનો ત્યાગ કરવાનો સમય આવે, અરે, પ્રતિષ્ટા અને જીંદગી ખોવાં પડે તોપણ, જે મનુષ્ય પોતાના સિદ્ધાન્ત ત્યજતો નથી, તે જ ઐશ્વર્યવાન કહેવાય, તેનો જ દરેક બોલ (વચન) ટકી રહે છે, અને તેને જ તેના પછીનો જમાનો માન આપે છે, નમે છે અને પૂજે છે.

●

આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવા સારૂ અંતર્જ્ઞાન અને અંતર્-સુધારણા સિવાય બીજો રસ્તો નથી.

તા. ૨૪ મી ફેબ્રુઆરી.

સઘળી વેદના અને દુઃખ આધ્યાત્મિક પોષણની ખામીને લીધે છે, અને મહત્વલોભની વાંછના એ તેનું પોષણ છે.

●

મનુષ્યનું ખરૂં અસ્તિત્વ અંતરમુખ, અદૃશ્ય, આધ્યાત્મિક છે, અને એ કારણથી તેને તેનું જીવનબળ, રસપોષણ અંદરથી મળે છે, બહારથી નહીં. બહારની વસ્તુઓ તો માત્ર નહેરો રૂપે છે, જે દ્વારા તેની શક્તિઓનો ઉપયોગ થાય છે, પણ પુનર્જીવન માટે તેણે અંતરની શાંતિ ઉપર જ આધાર રાખવો જોઈએ. ઇન્દ્રિયોના ભરપૂર સુખભોગમાં મનુષ્ય જીવ આ શાંતિને જેટલી દાબી નાખે છે, અને બહારની વસ્તુઓના—જગતના કોલાહલમાં મચ્યા રહેવાનું કરે છે, તેટલી જ પીડા અને ઉદ્વેગ તેને ભોગવવાં પડે છે, અને છેવટે જયારે આ સઘળું અસહ્ય થાય છે ત્યારે, અંતરની શાંતિ આપનારને ચરણે, અંદરના એકાંત શાંત મંદિરમાં તે જ વસ્તુઓ તેને પાછા જવાની ફરજ પાડે છે.

●

મનુષ્ય પોતાના સ્વરૂપને ફક્ત એકાંત સેવનમાં જ બરોબર જોઈ શકે છે.

તા. ૨૫ મી ફેબ્રુઆરી.

અંતરનો એકરાગ એ આધ્યાત્મિક બળ છે.

●

દૈવી પ્રેમનું સૂત્ર લો. અને તે પૂરેપૂરૂં સમજાય તે સારૂ શાંત રીતે ઉલટથી તેનું મનન કરો. તમારી આદતો, તમારાં કર્મો, તમારી વાણી અને અવરજન સાથનું વર્તન, તમારા દરેક છુપા વિચાર અને વૃત્તિ પર તેનો સમર્થ પ્રકાશ નાંખો. આવી રીતે મંડયા રહેશો તો, ઈશ્વરી પ્રેમ તમે વધારે ને વધારે સારી રીતે સમજશો, અને તમારી પોતાની ખામીઓ, તેની સરખામણીમાં વધારે ને વધારે ઉઘાડી દેખાઈ આવશે, અને તમને તમારો પ્રયાસ ચાલુ રાખવા પ્રેરણા થશે; તે અક્ષય સૂત્રના અનુપમ ગૌરવની ઝાંખી એકવાર થયેથી તમે તમારા દોષ, તમારા સ્વાર્થ અને તમારી ન્યૂનતા સાથે કદાપિ પડી રહેશો નહીં, પણ જ્યાં સુધી એકેએક વિરોધી તત્ત્વનો નાશ કરી તમારી જાત પ્રેમ સાથે પૂર્ણ રીતે તન્મય થાય નહીં ત્યાં સુધી તમારો પ્રયત્ન ચાલુ રાખશો.

●

તમારા આત્માનું છેક ભીતરનું આવરણ જ્યાં સુધી નિષ્કલંક ન થાય ત્યાં સુધી અટકશો નહીં અને વિશ્રાંતિ લેશો નહીં.

તા. ૨૬ મી ફેબ્રુઆરી.

જીવનમાં આવી પડતા મુશ્કેલીઓ અને લઘુતાઓને પ્હોંચી વળવા સારૂ મનુષ્ય જીવ એકાંતમાં જોઇતી શકિત ભેગી કરે છે.

●

શરીરનું વપરાઈ ગયેલું બળ ફરી મેળવવા સારૂ તેને જેમ આરામની જરૂર છે, તેમ પોતાની શક્તિઓ તાજી થાય તે સારૂ જીવને એકાંતવાસ જરૂરી છે. જેમ શારીરિક સ્વસ્થતા સારૂ ઉંઘ, તેમ મનુષ્યના આધ્યાત્મિક શ્રેય સારૂ એકાંતવાસ અગત્યનો છે. શરીરને જેમ ઉદ્યોગ તેમ એકાંતમાં કરેલા શુદ્ધ વિચાર અગર ચિંતન જીવને ઘણા જરૂરના છે. પુરતા આરામ અને ઉંઘ સિવાય જેમ શરીર તુટી જાય છે–ઢીલું પડી જાય છે, તેમ પુરતી શાંતિ અને એકાંતવાસ વિના જીવ–આત્મા નરમ પડી જાય છે. જો નશ્વર વસ્તુઓના બનેલા બાહ્ય જગતથી તે વખતોવખત દૂર થાય નહીં–પોતાનું મન ખસેડે નહીં, અને અંતરમાં ચિરશાશ્વત સત્યોનું ધ્યાન ધરે નહીં તો, એક આધ્યાત્મિક જીવ તરીકે મનુષ્યનાં સત્વ, નીતિબળ અને શાંતિ ટકી શકે નહીં.

●

જે સત્યને ચાહે છે, જે જ્ઞાનની શોધમાં રહે છે અને તે મેળવવા ઈચ્છે છે, તે ઘણું ખરૂં એકાંત સેવે છે.

તા. ૨૭ મી ફેબ્રુઆરી.

માનુષિક સ્નેહ એ દૈવી પ્રીતિનાં પ્રતિબિંબ છે.

●

મનુષ્યો દેહાભિમાનને તથા દુઃખની દુષ્કર છાયાને વળગી રહી, દૈવી પ્રેમ એ તો કોઇ દૂર રહેતા, અગમ્ય પ્રભુની માલિકીની એકાદ વસ્તુ હોય–તે પ્રેમ જાણે તેમની પોતાની બહાર હોય અને જાણે સદાય તેમનાથી બહાર રહેવાનો હોય એવું માની લે છે. હા, ઈશ્વરનો પ્રેમ દેહાભિમાનીના માર્ગથી હમેશ દૂર જ હોય છે, પણ જ્યારે હૃદયમાંથી અને મનમાંથી દેહાભિમાન દૂર કરાય છે ત્યારે તે નિઃસ્વાર્થ પ્રેમ, તે વિશિષ્ઠ પ્રેમ, જે ઈશ્વરનો પ્રેમ કે કરૂણાનિધિનો અંશ છે તેનો અંતરમાં કાયમનો સાક્ષાત્કાર થાય છે.

અને આ પવિત્ર પ્રેમનો જેના અંતરમાં સાક્ષાત્કાર થાય છે તે પ્રેમ બીજા કોઈનો નહીં, પણ તે પરમ પુરૂષનો છે, જે સારૂ મોટી મોટી વાતો થાય છે, પણ તેને કોઈ ભાગ્યે જ ગ્રહણ કરે છે, જે પ્રેમ જીવને પાપમાંથી મુક્ત કરે છે એટલું જ નહીં, પરંતુ તેને લઘુતાના પ્રભાવમાંથી ઉંચકી લે છે.

●

દૈવીપ્રેમને દુઃખ અને ફેરફાર નડતા નથી-દુઃખ શું અને પરિવર્તન શું, એ દૈવીપ્રેમ જાણતો નથી.

તા. ૨૮ મી ફેબ્રુઆરી.

મનુષ્યે આત્મબળ પર વિશ્વાસ રાખતાં શીખવું જોઇએ.

●

મનુષ્યને પોતાના અંતરમાં જ શાંતિ નહીં મળે તો એ બીજે ક્યાંથી મેળવી શકશે? જો એને એકલા એકાંતવાસ કરતાં ભય રહેતો હોય તો ચાર સ્નેહી સાથે રહેવાથી તેને શી દ્રઢતા પ્રાપ્ત થશે? (એનું મનોબળ શી રીતે વધશે?) જો પોતાના વિચારો સાથે એકરાગ થવામાં એને આનંદ નહીં મળતો હોય તો બીજાના સંબંધમાં આવતાં તે દુ:ખથી શી રીતે મુક્ત રહેશે? જે મનુષ્યને આજ સુધી પોતાનામાં એવી એકે વસ્તુ માલમ પડી નથી (જેણે એવી શક્તિ કે બળ પ્રાપ્ત કર્યું નથી) કે જેના આધારે તે ટકી રહે, તેને શાશ્વત શાંતિની ક્યાંયે જગો મળવાની નથી. બહાર-જગતમાં ફેરફાર, નાશ અને ભય છે, અંતરમાં સઘળું સહી-સલામત અને સુખદાયી છે. આત્મા પોતે જ સંપૂર્ણ છે, જ્યારે જરૂર પડે છે ત્યારે તેનો અઢળક ખજાનો ઉઘાડો છે, તેનો ભંડાર રેલછેલ થાય છે. તમારો કાયમ વાસ ભીતરમાં છે.

●

સમૃદ્ધિવાન-ગુણવાન થાઓ, સંપૂર્ણ બનો.

તા. ૨૯ મી ફેબ્રુઆરી.

તમારૂં મધ્યબિંદુ-આશ્રયસ્થાન શોધો, અને એકલા, કોઈની સહાય સિવાય ઉભા રહી શકાય એવા થાઓ.

●

જ્યાં સુધી ભૂત કે પામર જીવોના, દેવ કે મનુષ્યોના માર્ગદર્શનની-સલાહની આશા રાખ્યા સિવાય, તમારામાં સત્યનો જે પ્રકાશ છે તેના બળે કરી તમે તમારી જાતને દોરી એકલા ઉભા રહી શકો નહીં ત્યાં સુધી તમે બંધન-મુક્ત અથવા સ્વતંત્ર નથી અને તમે છેક સુખી પણ નથી. અહંતાને આત્મબળ તરીકે ગણવાની ભૂલથાપમાં પડશો નહીં. અહંકાર રૂપી ખરી જતા પાયા પર ઉભા રહેવા યત્ન કરવો, એ તો તદન અધઃપતન થયું સમજવું. અહં-કારી પુરૂષ જેટલો બીજો કોઇ પુરૂષ અવરજનો ઉપર આધાર રાખતો નથી. તેનું સુખ કેવળ બીજાઓના જ હાથમાં છે. એથી ઉલટું, આત્મબળ પર ટકી રહેલો પુરૂષ, આત્મા-ભિમાન પર નહીં, પણ તેના અંતરના શાશ્વત કાયદા, નિયમ, ધ્યેય, સત્ય પર આધાર રાખે છે. તે પર તે પોતાની તુલના કરી જુએ છે, કારણ, બહારના મતમતાંતર-આબરૂ રૂપી વાવાઝોડાં કે અંતરમાં મચી રહેલા મનોવિકાર રૂપી મોજાં, તેને તેની મજબૂત ભૂમિકા પરથી ખસેડી શકતા નથી.

●

ખરી મહેનતના પરિણામે મળેલી સ્વતંત્રતાથી થતો આનંદ, સુસ્વસ્થતાથી આવી મળતી શાંતિ અને સ્વાભાવિક સામર્થ્યમાં રહેતા સુખની ખોળ કરો.

તા. ૧ લી માર્ચ.

છુપા–ગુપ્ત ઝરામાંથી જેમ ફુવારો ફુટે છે તેમ મનુષ્ય જીવન તેના અંતઃકરણના ગુપ્ત પ્રદેશો દ્વારા વહે છે.

●

જેવું જેનું જીવન તેવું તેનું હૃદય. અંતરની ઘટનાઓ હંમેશ બહાર પ્રગટ થાય છે. કાંઇ પણ છુપું–પડદામાં રહેતું નથી. જે કાંઈ છાનું છુપું રહે છે તે થોડા વખત સારૂ જ. તેનો પણ પરિપાક થાય છે અને આખરે તે બહાર આવે છે. બીજ, વૃક્ષ, કૂંપળ અને ફળ–આ ચાર રૂપમાં જગતનો ક્રમ છે. મનુષ્યના હૃદયની સ્થિતિ દ્વારા તેની જીંદગીનો સ્થિતિક્રમ બહાર આવે છે–તેનું જીવન રચાય છે. તેના વિચારો કર્મરૂપે ખીલે છે, અને તેનાં કર્મો તેના ભાવિના–કિસ્મત્ અને ચારિત્રના ફળરૂપે બહાર આવે છે.

જીવનક્રમ હમેશ અંતરમાંથી ફાલે છે અને બહાર પ્રકાશમાં આવે છે, અને અંતરમાં ઉત્પન્ન કરેલા વિચારો આખરે વાણી, કર્મો અને પરિણામ રૂપે દેખા દે છે.

●

મન પોતાની આસપાસનું વાતાવરણ પોતે જ સરજે છે.

તા. ૨ જી માર્ચ.

પોતાની જાતને સિદ્ધાવસ્થાએ પ્હોંચાડવી તેના કરતાં ઉંચી એકે વિદ્યા નથી કે ઉમદા કાર્ય નથી.

●

જીવનનો આખો ક્રમ મનદ્વારા વહે છે એટલું મનુષ્ય સમજ્યો પછી જુઓ; પરમાનંદનો માર્ગ તેને માટે ખુલ્લો થઈ ગયો હોય છે. કારણ, તેને તે પછી એવી સમજ પડશે કે પોતાના મનને અંકુશમાં રાખવા તથા તેને પોતાના અન્ત્યંગ (ધ્યેય) મુજબ બનાવવા પુરતી તેનામાં સત્તા છે. એટલે તદ્દન ઉત્તમ વિચાર અને કર્મમાર્ગ પર દૃઢતાથી અને એક નિશ્ચયથી જવું તે પસંદ કરશે. તેને તેની જીંદગી સુંદર અને પવિત્ર લાગશે, અને મોડો વ્હેલો તે સઘળાં દુઃખ, મુંઝવણ અને પીડાને દૂર કરી શકશે; કારણ, જે પોતાના અંતઃકરણનું દ્વાર સતત પરિશ્રમથી સંભાળે છે તેને શાંતિ, જ્ઞાન અને મુક્તિ મળ્યા સિવાય રહેતાં જ નથી.

●

જેની નેમ શાંત, વિવેકી અને જ્ઞાનવાન મન પ્રાપ્ત કરવાની છે, તેવો મનુષ્ય હરકોઇ મનુષ્યથી થઇ શકે તેવાં સર્વોત્તમ કાર્યમાં રોકાયેલો રહે છે.

તા. ૩ જી માર્ચ.

જે વિચાર વારંવાર આવે, તે આખરે ટેવરૂપે બંધાય છે.

●

અનુભવોની પરંપરાથી જ્ઞાન મેળવવું એવી મનની પ્રકૃતિ છે. શરૂઆતમાં જે વિચાર સમજાય નહીં અને મનન થાય નહીં, તે મનમાં વારંવાર ધારણ કરવાથી, આખરે સહજ-સ્વાભાવિક અને પ્રકૃતિરૂપ થઈ જાય છે. એક ધંધો શીખવાની શરૂઆત કરતા છોકરાને, જેમ તેના હથીઆર ઝાલતાં પણ પૂરૂં આવડતું હોતું નથી, એટલે તેનો બરોબર ઉપયોગ થવો જ મુશ્કેલ, તે છોકરો લાંબા અભ્યાસ અને મહાવરા પછી જેમ પૂર્ણ ચપળતાથી અને સર્વોત્કૃષ્ટ ચતુરાઈથી તેને વાપરે છે, તેમ જે મનની સ્થિતિ, પ્રથમ આત્માનુભવ કરાવવી જ મુશ્કેલ દેખાય તે સ્થિતિ ખંત અને અભ્યાસથી આખરે મેળવી શકાય છે, અને તે સ્થિતિ પ્રકૃતિજન્ય અને સ્વાભાવિક ચારિત્ર્યરૂપે બંધાય છે.

પોતાની ટેવો, પોતાની સ્થિતિ રચવાની અને તેને સુધારવાની મનની આ શક્તિમાં મનુષ્યના મોક્ષનું મૂળ છે, અને હુંપણા પર કાબુ આવેથી પૂર્ણ સ્વાતંત્ર્યનો માર્ગ ખુલ્લો થાય છે.

●

જો અંતઃકરણ નિર્દોષ હોય તો સઘળી બહારની વસ્તુઓ તેનાં કર્મો) પણ શુદ્ધ હોય છે.

તા. ૪ થી માર્ચ.

દરેક દોષ દૂર કરી શકાય.

●

મનુષ્યનું જીવન, પહેલેથી છેલ્લે સુધી તેના મનમાંથી ઉદ્ભવે છે. વળી એનું મન ખાસિયતો–ટેવોનું ભરેલું છે, (એની અનેક ટેવો એનું મન રચે છે,) જે ટેવો ધીરજપૂર્વક પ્રયત્ન કરેથી, જેટલે દરજ્જે સુધારવી હોય તેટલી સુધારી શકાય, અને તેના પર પૂર્ણ સત્તા અને કાબુ મેળવી શકાય. મનુષ્ય આટલું સમજ્યો એટલે પૂર્ણ છુટકારાનું–મોક્ષનું દ્વાર ખોલી શકે એવી કુંચી તેના હાથમાં તરત આવી જ ગઈ એમ સમજવું.

પણ જીંદગીનાં દુઃખો (જે મનના જ દુઃખો છે) તેમાંથી મુક્તિ મેળવવી તે સારૂ તો અંતરમાં એક સરખો પ્રયાસ થવો જોઈએ; બહારથી એકાએક આવી મળતા લાભો જેવું તે નથી. જયાં સુધી તેણે પોતાની સર્વોત્કૃષ્ટ પવિત્ર ધારણાઓનું અવ્યંગ –લક્ષ્ય નિષ્કલંક વિચારોથી અને સરળ વૈરાગ્ય વૃત્તિમાંથો ઘડી કહાડયું નથી ત્યાં સુધી ઘડીએ અને પળે તેણે તેવા વિચારો કરવા તથા તેવી વૃત્તિ ધારણ કરવા મનને કેળવવું જોઈએ.

●

ઉચ્ચ વિચાર, વાણી અને કાર્યમાં પ્રવર્તવું એ ઉચ્ચ જીવન છે.

તા. ૫ મી માર્ચ.

ખરી રીતે ફરજ બજાવ્યા સિવાય ઉચ્ચ સદ્દગુણો સમજાઈ શકાતા નથી.

●

સઘળાં કર્તવ્ય પવિત્ર સમજવાં જોઈએ, અને તે નિમકહલાલીથી અને નિઃસ્વાર્થબુદ્ધિથી બજાવવાં, એ એક મુખ્ય નિયમ પાળવો જોઈએ. પોતાનું કામ કરતી વેળા સઘળા સ્વાર્થી–પંડને લગતા વિચારો કાઢી નાંખી દૂર કરવા જોઈએ; અને જ્યારે આ પ્રમાણે થાય ત્યારે કર્તવ્ય (ફરજ–ધર્મ) ભાર રૂપ નહીં લાગતાં આનંદજનક લાગે છે. જેને કાંઈ સ્વાર્થી ઉપભોગની અભિલાષા હોય અગર અંગત લાભ લેવો હોય, તેને તેનું કર્તવ્ય કંટાળા ભરેલું લાગે છે. પોતાનું કામ ત્રાસ રૂપ સમજી ધુંવાંપુંવાં કરતા મનુષ્યે પોતાનું ભીતર જોવું જોઈએ, એટલે તેને જણાશે કે તેનો કંટાળો કામને અંગે નહીં પણ તેમાંથી નાશી છુટવાની સ્વાર્થી ધારણાથી ઉત્પન્ન થયો છે. જે પોતાનું કામ, ન્હાનું કે મોટું, ખાનગી કે જનસમાજને લગતું છોડી દે છે તે સદ્દવર્તન-ધર્મમાર્ગ ત્યજે છે, અને જેનું હૃદય ફરજ બજાવવા જતાં ખળભળી ઉઠે છે તે સદ્દવર્તનની સામું થાય છે એમ સમજવું.

●

સદાચારી મનુષ્ય પોતાની ફરજ પૂર્ણ રીતે બજાવવામાં પોતાનું મન એકાગ્ર કરે છે.

તા. ૬ ઠ્ઠી માર્ચ.

મનુષ્ય તેના કર્મોનો કર્તા છે, અને તેથી તેનું ચારિત્ર્ય ઘડનાર તે પોતે જ છે.

●

જે જે આપત્તિઓ મનુષ્ય પર આવી પડે તે તેની પોતાની જ કૃતિની છાયાઓ છે; જે દૈવ તેની પાછળ પડયું, જેનાથી પ્રયત્ન કરી બચવા અગર પ્રાર્થનાઓ કરી જેને દૂર કરવા તે અશક્ત હતો તે તેના પોતાના દુષ્કર્મોની નિર્દય છાયા–પ્રત્યાઘાત રૂપે હતું; અને આ તેનાં કુકર્મો, બદલો માગી તે લેવા અમલ કરતા હતા; જે આશિષો અગર શાપો અણ-ચિન્તવ્યા–અણુતેડયા આવે છે તે તેણે મોકલેલી વાણીના પ્રતિધ્વનિ રૂપ પડઘા છે.

મનુષ્ય પોતાની જાતને કાર્યકારણની પરંપરામાં ગુંચવાયલો જુએ છે. એનું જીવન કારણો અને તેના પરિણામોથી ભરેલું છે. વાવવું અને લણવું બંને આ જીવનમાં જ છે. તેના દરેક કાર્યમાં અમુક હેતુ હોય છે–તેનું દરેક કાર્ય કારણરૂપે હોય છે, જેનો બદલો પરિણામ રૂપે આવવો જ જોઇએ. કાર્યની પસંદગી તે કરે છે, (આ તેની આપઅખત્યારી–સ્વતંત્ર ઈચ્છા છે) તેનું પરિણામ પસંદ કરવાની કે બદલવાની કે દૂર કરવાની શક્તિ તેનામાં નથી (નસીબ તે આ છે). આ પ્રમાણે પૌરુષવાદ–સ્વતંત્ર ઈચ્છા એ કારણોની ઉત્પાદક શક્તિ છે, અને એ પરિણામોની–ફળોની ગુંચવણ ભરેલી રચના એ કિસ્મત્–દૈવ છે.

●

ચારિત્ર્ય એ જ દૈવ છે (જેવું ચારિત્ર્ય તેવું કિસ્મત).

તા. ૭ મી માર્ચ.

હરેક જાતની પીડા મનની અસ્વસ્થ-ખરાબ સ્થિતિમાંથી સ્ફુરે છે.

●

સઘળાં પાપ અજ્ઞાનને લીધે થાય છે. બીન કેળવાયેલા અને મગજનો વિકાસ નહીં પામેલા મનુષ્યોની આ સ્થિતિ હોય છે. ખોટો વિચાર કરનાર અને ખોટું કર્મ કરનાર જીવનરૂપી શાળામાં નિશાળે શીખવા જતા અજ્ઞાન નિશાળીઆ જેવા છે. યોગ્ય વિચાર અને વર્તન, એટલે સૃષ્ટિક્રમને અનુસરતા વિચાર અને વર્તન, કેવાં જોઈએ તે તેણે શીખવાનું છે. ભણતો વિદ્યાર્થી પોતાનો પાઠ બરોબર ન કરે ત્યાં સુધી બેચેન રહે છે; તે મુજબ પાપ પર જીત મેળવાય નહીં-પાપ કરવામાંથી મુક્ત થવાય નહીં ત્યાં સુધી દુઃખમાંથી છુટા થઇ શકાતું નથી.

જીવનક્રમ એ ઉપદેશો (ધડો) લેવાની શાળા છે. (જીંદગીમાં કેટલીએ શિખામણ મળે છે.) કેટલાક મનુષ્યો ખંત રાખી તે ઉપદેશો શીખી લે છે; અને તેઓ સદાચારી, જ્ઞાની અને પૂર્ણ રીતે સુખી થાય છે. બીજા જે બેદરકાર રહે છે અને તેટલો શ્રમ લેતા નથી તેઓ દોષિત, મૂર્ખ અને દુઃખી રહે છે.

●

મનની શાંતિ એ જ સુખ છે.

તા. ૮ મી માર્ચ.

જેને શાંતિ મેળવવા ઈચ્છા હોય તેણે ક્રોધ દૂર કરવો જોઈએ.

●

સ્વાર્થવૃત્તિ યા ક્રોધ, સ્થૂલ–વૈષયિક લાલસાઓમાં અને મનના અનહદ સ્વછંદ વર્તનમાં જ સમાઈ જાય છે એમ નથી; પરંતુ આત્મશ્લાઘા અને અહંવૃત્તિ સાથે સ્થૂલ સંબંધ ધરાવતા છાનાછુપા દરેક વિચારને પણ તે સચેતન કરે છે; અને જ્યારે આપણને બીજાની સ્વાર્થવૃત્તિ સામે બોલવા અગર તેમને તે સંબંધમાં ઠપકો આપવા અગર તેમની નિંદા કરવા પ્રેરે છે ત્યારે તે ઘણી જ ભૂલથાપ દે છે અને ભમાવે છે. જે મનુષ્ય વારંવાર બીજાની સ્વાર્થવૃત્તિ વિરુદ્ધ બોલ્યા કરે છે તે તેમ કરવાથી પોતાની મતલબ દાબી શકવાનો નથી. બીજાને ઠપકો દીધાથી નહીં, પણ પોતાના પંડને નિર્મળ કરવાથી મમતાની પાર જઈ શકાય છે. બીજાઓ ઉપર ત્રાસદાયક–તેમને સંતાપ થાય તેવા આરોપો મુકવાથી નહીં, પણ પોતાના મન ઉપર કાબુ મેળવવાથી ક્રોધમાંથી શાંતિમાં જવાય છે, બીજાઓની સ્વાર્થવૃત્તિ દાબવા હોંસથી પ્રયત્ન કરવા જતાં આપણે તો રાગબદ્ધ રહીએ છીએ; આપણી પોતાની મતલબ–આપસ્વાર્થીપણા પર ધીમે ધીમે કાબુ મેળવવાથી આપણે મોક્ષ માર્ગે ચઢીએ છીએ.

●

ઉર્ધ્વમાર્ગ હમેશ આપણી પાસે જ હોય છે. એ માર્ગ હુંપણા પર–દેહાભિમાન પર કાબુ મેળવવાનો છે.

તા. ૯ મી માર્ચ.

સંતપુરુષોનો પરમાનંદ મહાત્વાકાંક્ષામાં-પરમપદપ્રાપ્તિમાં છે.

●

મહત્વાકાંક્ષા રૂપી પાંખો ઉપર ઉડી મનુષ્ય પૃથ્વી પરથી સ્વર્ગમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાર્ગ તરફ, ઘોર તિમિરમાંથી ઉચ્ચ પ્રકાશમાં જાય છે. તે વિના એનું જીવન નીચ પશુવત્, રાગી, વિષયી, અજ્ઞાન અને અપ્રબોધિત (પ્રેરણા રહિત) રહે છે.

ઉચ્ચ વસ્તુઓ-સત્ય, દયા, નિર્દોષપણું, પ્રેમ સારૂ ઇચ્છા એ મહત્વાકાંક્ષા છે. એથી ઉલટું, ભૌતિક વસ્તુઓ-સ્વાર્થી ઉપભોગો જોહુકમી (સ્વસત્તા), અધમ વાસનાઓ, અને વિષયસુખોની તૃપ્તિ તે લઘુતા કહેવાય છે. અમુક મનુષ્યને ઉચ્ચ આકાંક્ષા ઉત્પન્ન થવી એનો અર્થ એ કે તેની અધમ સ્થિતિથી તેને અસંતોષ થયો છે, અને તેથી તે વધુ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. પશુવત્ ઘોર નિદ્રામાંથી તે જાગ્યો છે, અને પૂર્ણ જીવન તથા ઉત્તમ ગુણો મેળવી શકાય એવું તે સમજ્યો છે તેની એ ચોક્કસ નિશાની છે-તેનું એ શુભ ચિહ્ન છે.

●

મહાત્વાકાંક્ષાને સઘળી વસ્તુઓ સાધ્ય છે.

તા. ૧૦ મી માર્ચ.

સ્વર્ગીય ઉચ્ચ ભૂમિકા પર જવાનો માર્ગ મહત્વાકાંક્ષી પુરુષ જોઈ શકે છે.

●

ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાનો આવેશ જ્યારે મનમાં ઉદ્ભવે છે ત્યારે તે મનને પવિત્ર કરે છે, એટલે તેમાં રહેલી મલિનતાનો મેલ જવા માંડે છે; એટલું જ નહીં, પરંતુ જ્યાં સુધી ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાનો વિચાર મનમાં રમે છે ત્યાં સુધી એકે અપવિત્ર–મલિન વિચાર ત્યાં દાખલ થઈ શકતો નથી; કારણ મનમાં પવિત્રતા અને અપવિત્રતા બેઉ એકીવખતે રહી શકે નહીં. મહત્વાકાંક્ષા સારૂ થતો પ્રયત્ન થોડીવારમાં નરમ પડી જાય અને થોડી મુદત ટકે તેવો હોય છે. મન પાછું તેની હમેશની ભ્રમણામાં પડે છે, માટે તેને વારંવાર સતેજ રાખવું જોઇએ.

નીતિ–ન્યાય સારૂ તૃષ્ણા રાખવી, પવિત્ર–નિર્દોષ જીવન સારૂ ઉગ્ર ઇચ્છા કરવી, દૈવી સુખની વાસનારૂપી પાંખો ઉપર પવિત્ર પરમાનંદમાં ઉંચે ઉડવું–એ જ વિવેક, જ્ઞાનનો સરળ રસ્તો છે; એ જ શાંતિ મેળવવાનો વાસ્તવિક પ્રયાસ છે; એ જ દિવ્ય પંથની શુભ શરૂઆત છે.

●

શુદ્ધ જીવનનો પ્રેમી તેનું મન મહત્વાકાંક્ષા રૂપી સત્યવર્ધક પ્રકાશથી હમેશ તાજું બનાવે છે.

તા. ૧૧ મી માર્ચ.

અસત્ ચાળીને જુદું કહાય છે. સત્રૂપી સોનું ઠરી રહે છે.

●

મનનું સામાન્ય રીતે જે સ્વાર્થી વલણ મનુષ્ય માત્ર અને ભૌતિક વસ્તુઓ તરફ હોય છે, તે તદ્દન પલટાઈ જાય ત્યારે આધ્યાત્મિક રૂપાંતર થયું-મનની ગતિ ધર્મકૃત્ય તરફ વળી કહેવાય, અને આ ફેરફાર થવાથી તદ્દન નવા જ અનુભવો જોવામાં આવે છે. એ રીતે અમુક મોજશોખની ઈચ્છા ત્યજાય છે, તેના મૂળમાંથી તેને છેદી નંખાય છે અને ચિત્તમાં તેને માટે સ્થાન રાખવામાં આવતું નથી; પણ જે મનોબળ તે ઈચ્છાએ દર્શાવ્યું તેનો નાશ થયો નથી, તે તો વિચારના ઉચ્ચ પ્રદેશમાં ગયું છે અને તેની ગતિ-તેની શક્તિ શુદ્ધ-ગુણકારી રૂપમાં ફેરવાઈ ગઇ છે. સ્થૂલ તેમજ સૂક્ષ્મ સૃષ્ટિમાં સર્વત્ર શક્તિ સંરક્ષણનો કાયદો એકસરખી રીતે લાગુ પડે છે, અને અધોમાર્ગે તરફ જવા દેવા નહીં દીધેલું બળ આધ્યાત્મિક-ઐશ્વરી કાર્યોના ઉચ્ચ પ્રદેશો તરફ જવા છુટું થાય છે.

●

ઐશ્વરી જ્ઞાનના પ્રદેશો શુદ્ધ અને નિર્મળ હોય છે.

તા. ૧૨ મી માર્ચ.

ઐશ્વરી માર્ગ તરફ વળતા મનની શરૂઆતની અવસ્થા કથાવટની-દુ:ખદાયક હોય છે, પણ તે થોડો વખત નભે છે, કારણ તે દુ:ખ તરત શુદ્ધ આધ્યાત્મિક આનંદમાં ફેરવાઇ જાય છે.

●

દૈવી જીવન સાધવાના પવિત્ર માર્ગે જતાં થતા ફેરફારોમાં અર્ધમાર્ગે સમર્પણ-પરિત્યાગ રૂપી પ્રદેશ આવે છે, તે ત્યાગની રણભૂમિ છે. તે રણભૂમિમાં જુના વિકારો, જુની કામના, જુની લલુતા અને વિચારો દૂર કરી ત્યજવામાં આવે છે, પણ તે (સઘળા) કાંઈ વધુ સુંદર, વધુ સ્થાયી, અને વધુ લાંબો કાળ સંતોષ આપે એવા રૂપમાં ફરી દેખા દે છે. લાંબો કાળ સાચવી રાખેલા કિંમતી દાગીના* દિલગીરીની સાથે-ઝળઝળીઆં ભરી આંખે ગાળવાના ચરૂમાં નાંખવામાં આવે છે, પણ તે બાદ તેના જ નવા અને ખોડખાંપણ વિનાના આભૂષણો ફરી ઘડાય છે. તેવી જ રીતે આધ્યાત્મિક કિમિયાગર લાંબા કાળના ભરી રાખેલા વિચારો અને ટેવો છોડવા પ્રથમ તો નારાજ હોય છે, પણ આખરે ત્યજે છે ત્યારે, થોડો વખત વિત્યા બાદ, આનંદપૂર્વક જુએ છે કે તે જ (પ્રકૃતિ ગુણો) નવી દક્ષતા-ચતુરાઈ, અલૌકિક ઐશ્વર્ય, અને નિર્મળ આનંદ-એવાં દૈવી આભુષણો નવા નવા ઓપ ચઢેલા, સુંદર અને ચકચકિત રૂપમાં તેને પાછાં મળ્યાં છે.

●

ડાહ્યો મનુષ્ય અપકારને બદલે ઉપકાર વાળે છે, વૈરભાવ રાખતા મનુષ્ય પર પ્રેમ રાખે છે, અને ક્રોધી-તામસી પ્રકૃતિવાળા મનુષ્ય સાથે શાંતિથી વર્તે છે.

---

* દાગીના બીજી જાતના અથવા નવી ફેશનના જોઇએ તે માટે નાણાંની સવડ ન હોવાથી અને જુના દાગીના કાઢવા જીવ ચાલતો નથી તેથી ન છુટકે જુના દાગીના-નવી ફેશનનો દાગીનો કરાવવા માટે ગાળવા સારૂ આપવામાં આવે છે તેથી દિલગીરી લાગે છે-આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવે છે.

તા. ૧૩ મી માર્ચ.

આજ સુધીમાં બની ગયેલી સઘળી બીનાઓનો સંબંધ ચાલુ સ્થિતિ સાથે છે. મનુષ્યજીવે જે કાંઈ વિચાર કે વર્તન કોઈપણ વખતે કર્યું હોય તેનું ચોખ્ખું પરિણામ તેની સાથે લાગેલું છે. (તેનું ભાવિ, તેનું ફળ તેની સાથે જોડાયલું છે.)

●

કર્મનો પરિપૂર્ણ કાયદો સઘળી વસ્તુઓને લાગુ પડે છે, અને સૌથી શ્રેષ્ઠ છે; સંપૂર્ણ ખરા ન્યાયનો અમલ સઘળા માનુષિક વ્યવહાર સાથે હોય છે, અને તેમનો તે ખરેખર તોડ કહાડે છે—આ જાતના જ્ઞાનથી સદાચારી મનુષ્ય તેના દુશ્મનોને ચહાવા શક્તિમાન થાય છે, અને તિરસ્કાર, ગુસ્સો કે કકળાટ વગેરેથી દૂર રહે છે; કારણ તે જાણે છે કે જે કાંઈ તેનું પોતાનું હશે તે જ તેની પાસે રહેશે. વળી તે જાણે છે કે ભલેને તે દુશ્મનોથી ઘેરાયેલો હોય, તોપણ તેઓ તો અવિશુદ્ધ કર્મફળના–પ્રતિક્રિયાના અજ્ઞાન–આંખ વિનાના શસ્ત્રરૂપે છે, અને તેથી તે તેમને દોષ દેતો નથી, પણ પોતાનું ફળ (ભાવિ) શાંતિથી ભોગવે છે અને સ્વસ્થ ચિત્ત તેનું સદસત્ (ખરૂં) દેવું અદા કરે છે. પણ એટલું બસ નથી. તે તેનું દેવું વાળે છે, એટલું જ નહીં, પરંતુ બીજું વધુ દેવું ન થાય તેની સંભાળ લે છે. તે પોતાના વર્તન પર નજર રાખે છે અને શુદ્ધ–દોષ વિનાનાં કર્મો આચરે છે.

●

મનની બંધાઇ ગયલી ટેવો એ પ્રકૃતિ ગુણો–વિશેષ ગુણો કહેવાય છે, જે કર્મોનાં પરિણામો છે.

તા. ૧૪ મી માર્ચ.

ઉર્ધ્વગતિ અને અધોગતિ-સ્વર્ગ અને નરક આ દુનિયામાં છે.

કોઇ પણ વસ્તુ અણુબોલાવી આવતી નથી; પ્રતિબિંબ જેનું હોય, તે મૂળ વસ્તુ તો હોવી જ જોઇએ. મનુષ્યજીવને જે કાંઇ આવી મળે છે તે તેના પોતાના કર્મોનું ફળ હોય છે. આનંદજનક-ઉમંગ ઉપજાવે તેવો ધંધો વધુ કામકાજ અને વધુ સંપત્તિની પ્રાપ્તિ કરાવે છે અને ખોટાઈથી કરેલાં અથવા બેદિલથી હાથ ધરેલાં કામથી ઓછી મહેનત સાથે કમાઈ પણ ઓછી થતી જાય છે. આવી જ સ્થિતિ જીંદગીની વિવિધ અવસ્થાઓમાં આપણને માલમ પડે છે, અને આ સૌ પ્રત્યેક ઇસમના વિચારો અને વર્તનોએ ઉભાં કરેલાં અદષ્ટો-કર્મોનાં પરિણામો હોય છે. અનેક ભિન્ન ભિન્ન સ્વભાવવાળા મનુષ્યો આપણા જોવામાં આવે છે, તેનું પણ એ જ કારણ છે. તે સૌ વાવેલાં કર્મની પરિપાક દશાનો તૈયાર થતો ફાલ છે; એ વાવેતર અત્યારે દેખાતી-ચાલુ જીંદગીનું જ છે એમ નથી, પણ તેની મર્યાદા તો અનંતકાળ જેણે જન્મ મરણના અસંખ્ય દ્વારો ઓળંગ્યા છે, અને જે અનંત ભવો પણ જોશે, ત્યાંસુધી પહોંચે છે. તે તેનો પોતાનો પાક લણશે અને પોતાના કર્માનુસાર મીઠાં અગર કડવાં ફળ ચાખશે.

ચારિત્ર ખીલવવા માટે જીવન એક મહાન શાળા રૂપે છે.

તા. ૧૫ મી માર્ચ.

શુદ્ધ-નિર્દોષ વસ્તુઓનું વારંવાર ચિંતન કરેથી અંતઃકરણ પવિત્ર થાય છે.

●

મનુષ્ય એક વિચારવંત જીવ છે, અને તેની જીંદગી અને ચારિત્ર તે વારંવાર જેનો વિચાર કરે છે તે પરથી ઘડાય છે. અભ્યાસ, સંગત અને સહવાસ-મહાવરા વડે વિચારો વધારે સહેલાઈથી અને વારંવાર ઉપરાઉપરી આવવા કરે છે, અને એ રીતે તે સ્વાધીનગતિક (પોતાની મેળે ચાલે તેવું) કર્મ જેને ટેવ કહે છે તે ઉત્પન્ન કરી, અમુક દિશામાં ચારિત્રનું બંધારણ કરે છે. નિત્ય પવિત્ર વિચારોનું સ્મરણ કરેથી ધ્યાની પુરુષને શુદ્ધ કર્મો તથા યથાન્યાય બજાવાતાં કાર્યો હાથ ધરાય છે. પવિત્ર વિચારોના નિરંતર રટણથી, તે તેવા વિચારોની સાથે છેવટે તન્મય થાય છે અને શુદ્ધાત્મા બને છે, અને તેનાં શુદ્ધ કર્મો તે અલૌકિક ગુણનો માણસ છે એ બતાવે છે.

●

વ્યવહારૂ જીવનમાં નિર્દોષપણું-એવી સાધુતા બતાવી આપવાથી ઐશ્વરી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

તા. ૧૬ મી માર્ચ.

જે પોતાના મનને કાબુમાં રાખશે, તે તેના સર્વ દુઃખનો અંત આણશે.

●

પોતાની જાતને તારનાર કે મારનાર પોતે જ છે એવું મનુષ્ય જે વખતે સમજે છે તે દિવસ, તે નહીં ભુલાય તેવા દિવસને ધન્ય છે. તેના સઘળા દુઃખોનું અને અજ્ઞાનનું મૂળ તેના અંતરમાં જ છે, અને શાંતિ, જ્ઞાન તથા પવિત્રતા એ સહુનો ઝરો પણ ત્યાં જ હોય છે. સ્વાર્થી વિચારો, અપવિત્ર વાસનાઓ અને સત્યથી કલ્પાયલા નહીં એવાં (દૂષિત) કર્મો, એ જ ઝેરી—નાશકારક બીયાં છે કે જેમાંથી સઘળાં દુઃખો ઉદ્ભવે છે. એથી ઉલટું, નિઃસ્વાર્થી વિચારો, નિર્દોષ આકાંક્ષાઓ, અને સત્યથી કલ્પાયલા મધુર કર્મો એ એવાં બીયાં છે કે જેમાંથી ઈશ્વરકૃપાનો સઘળો અનુભવ મળે છે (એવું મનુષ્યને જે દિવસે સમજાય છે તે દિવસને ધન્ય છે).

●

જે હુંપણું છોડશે (સંયતેન્દ્રિય થશે) તે, જ્યાં શાંતિનો વાસ છે તે પવિત્ર ધામ શોધી શકશે.

તા. ૧૭ મી માર્ચ.

જે પોતાના મનને *નિર્મળ કરશે તે પોતાનું સઘળું અજ્ઞાન નાશ પમાડશે.

●

જે પોતાની જીભ વશ રાખી શકે છે તે બુદ્ધિવિષયક ક્ષેત્રમાં જીત મેળવનાર વાદકર્તા કરતાં મોટો છે; જે પોતાનું મન સારી રીતે કાબુમાં રાખે છે તે ઘણી પ્રજાઓના રાજા કરતાં મોટો છે; અને જે પોતાની જાતને-પોતાના દેહાભિમાનને પૂર્ણ તાબે રાખી શકે છે તે દેવો અને ફિરસ્તાઓ કરતાં મોટો છે. દેહનો ગુલામ થઇ રહેલો પુરુષ, જ્યારે એમ સમજે છે કે તેની જાતનો ઉદ્ધાર તેણે જ કરવાનો છે, ત્યારે મનુષ્યત્વમાં રહેલા દૈવી ગુણના ગૌરવથી ઉન્નત થતો તે કહેશે કે "હવે પછી મારા શરીર રૂપી પ્રદેશનો હું માલિક થઇશ, અને (આજ સુધી હતો તેવો) તે કેદખાનાનો ગુલામ થઈ રહીશ નહીં.

મનુષ્યને જયાં સુધી આ ભાન થશે નહીં, અને તેનું આંતરૂ જીવન ખંત રાખી શુદ્ધ કરવું તે શરૂ કરશે નહીં, ત્યાં સુધી શાશ્વત શાંતિનો માર્ગ તેને જડશે નહીં.

●

આત્મસંયમ અને આત્મજ્ઞાન વડે પૂર્ણ શાંતિ અને સુખવાળું જીવન પ્રાપ્ત થાય છે.

---

*કબીર—

મન એસો નિર્મળ ભયો, જેસો ગંગા નીર,
પિછે પિછે હર ફીરે, હય કબીર કબીર.

તા. ૧૮ મી માર્ચ.

અધિરાઈ-વલોપાત એ આવેગની-આકસ્મિક પ્રવૃત્તિની દાસી છે, અને તેણે કોઈ મનુષ્યને કદાપિ સહાય કરી નથી.

●

ઉચ્ચ નીતિના નિયમો વિષે તથા નિત્ય જીવનમાં તે નિયમોને લાગુ કરવા (અનુભવવા) વિષે દરરોજ નિદાન એક કલાક શાંત ચિંતન કરવામાં તમે ગાળશો તો તમને ઘણો લાભ મળશે. એ રીતે તમે નિશ્ચલ, શાંત બળ ઉત્પન્ન કરશો અને ચોખ્ખી સમજશક્તિ તથા શુદ્ધબુદ્ધિ ખીલવશો. કાર્યો ઘણી ઉતાવળે કરી દેવા આતુર થશો નહીં. તમારી ફરજ પૂરેપૂરી બજાવો; નિયમિત અને હુંપણા વગરનું જીવન ગાળો; આવેગને કાબુમાં રાખો, અને તમારાં કાર્યો નીતિ અને ધર્મના સિદ્ધાન્તને અનુસરતા, અને નહીં કે તમારી મનોવૃત્તિ પ્રેરે તેવાં કરો; તે સાથે એટલી ખસુસ શ્રદ્ધા રાખજો કે તમારી ધારણા* વખત આવે પૂરેપૂરી પાર પડશે.

●

હંમેશ લાયકાત મેળવતા જાઓ, અને જેમ જેમ દોષ રહીત થતા જશો, તેમ તેમ ઓછી ભૂલો કરશો અને ઓછી પીડા પામશો.

---

*અખો ભગત—

પુરણ પુન્ય હોય પાછલાં રે, નિત્ય નીમીત હરી ધ્યાન;
અનેક જન્મને આંતરે રે, તેને પ્રગટ મળે ભગવાન.

તા. ૧૯ મી માર્ચ.

ન્યાયી—સાત્વિક જીવન એ સત્યરૂપી-આત્મારૂપી રાજાનો મુકુટ છે, શાંતિરૂપી રાજદંડ તેનો રાજદંડ છે, અને મનુષ્ય જાતના હૃદયમાં તેનું તખ્ત છે.

●

દરેક હૃદયમાં બે જણા રાજ્ય ચલાવે છે; પણ તેમાંનો એક રાજ્યગાદી પચાવનાર અને જુલ્મી છે; તેનું નામ દેહાભિમાની જીવ છે; અને તેના વિચારો તથા કર્મો વૈષયિક, દ્વેષભાવનાવાળા, રાગી અને ચડસાચડસીના છે; બીજો જે હકદાર રાજા છે, તેનું નામ સત્ય—આત્મા છે, અને તેના વિચારો તથા કર્મો નિર્મળતા, પ્રેમ, નમ્રતા અને શાંતિવાળા છે. હે ભાઈ, હે બહેન, તું કયા રાજાને નમીશ? તારા હૃદયમાં તેં કયા રાજાને સ્થાપન કર્યો છે? જો તું એમ કહીશ કે "હું સત્યરૂપી—આત્મારૂપી રાજાને નમું છું, અને મારા હૃદયના ગૂઢ પ્રદેશમાં મેં શાંતિરૂપી રાજાને સ્થાપ્યો છે," તો તારા આત્માનું ભલું થશે. જે પુરુષ અંતરમાં, દિવ્ય જગ્યાઓમાં તે ન્યાયમૂર્તિરૂપી રાજા શોધી કહાડશે અને તેનું હૃદય તેને નમન કરશે તે અમર થશે, અને તેનું જીવન ધન્ય છે—તે ખરેખર પરમાનંદ ભોગવશે.

●

હૃદયના નિર્દોષપણામાં સત્તા વસે છે: જગતની સઘળી વસ્તુઓ તો માત્ર નામરૂપ-ચિહ્નો છે.

તા. ૨૦ મી માર્ચ.

અંતરના દોષો અને મલિનતાઓ નિર્મૂળ કરેથી જ સત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન અને શાંતિનો બીજો માર્ગ નથી.

●

તે ગૂઢ—અગમ્ય શાંતિ એવી છે કે તેને કોઈ પણ બનાવ યા સંજોગ ડગમગાવી કે ઓછી કરી શકે તેમ નથી. કારણ એક તોફાન (વાવાઝોડા) પછી બીજા તોફાન દરમિયાન થોડો વખત જ શાંતિ હોય છે, તેવી કાંઈ આ શાંતિ નથી; એ તો જ્ઞાન વડે ઉદ્ભવેલી કાયમની શાંતિ છે. મનુષ્યોને આવી શાંતિ હોતી નથી, કારણ તેઓ સમજતા નથી, વળી તેઓ (આ શાંતિ કેવી હશે તે) જાણતા નથી. તેઓ સમજતા નથી અને જાણતા નથી તેનું કારણ એ કે તેમના પોતાના દોષો અને મલિન વાસનાઓને લીધે તેઓ અજ્ઞાન અને અંધ બની ગયા હોય છે. અને આ અવગુણો છોડવા નારાજ હશે ત્યાં સુધી તેઓ દૈવી નિયમોથી તદન અણજાણ રહેવા જ જોઇએ.

●

જ્યાં સુધી મનુષ્યને વાસના વહાલી હોય ત્યાં સુધી વિવેક-જ્ઞાન-તરફ હેત-વલણ થઈ શકે જ નહીં.

તા. ૨૧ મો માર્ચ.

આપણા પર પડતાં દુઃખો, કંઈક અંશે પણ, બીજાને લીધે હોય તો તે દુઃખો ગેરવ્યાજબી કહી શકાય.

●

આપણાં દુઃખો અને વિટંબણાઓ કેવળ આપણી પોતાની અજ્ઞાનતા અને અપકૃત્યો–ભૂલોનાં ફળ છે કે તે સહુ થોડે અંશે યા સર્વાંશે બીજાઓને લીધે યા બાહ્ય સંજોગોને લીધે આવી પડયાં છે ?

આપણાં દુઃખો વ્યાજબી છે, અને તે સહુ આપણી પોતાની અજ્ઞાનતા, દોષ અને કુકર્મનાં પરિણામ છે.

તમારૂં દુઃખ તમારા પોતામાંથી જ ઉદ્ભવે છે, તે સિવાય બીજું કાંઇ તમને નડતું નથી. જો એ પ્રમાણે ન હોય, જો કોઈ મનુષ્ય દુષ્કર્મ કરી બચી જાય અને તે કર્મનાં પરિણામ નિર-પરાધી મનુષ્ય ભોગવે, તો ન્યાયરૂપી કાયદો (જગતમાં) છે જ નહીં એમ કહેવાય, અને આવા કાયદા સિવાય જગત એક ક્ષણભર પણ નભી શકે નહીં: સર્વત્ર અંધકાર, તદ્દન અવ્યવસ્થા થાય. ઉપરચોટીએ જોતાં, મનુષ્યો બીજાને લીધે (બીજાના પાપનું પરિણામ) ભોગવે છે એમ દેખાય છે, પણ એ માત્ર ભ્રમણા છે, જે ભ્રમણા પૂરૂં જ્ઞાન મળેથી દૂર થાય છે.

●

મનુષ્ય બાહ્ય સંજોગોથી ઘડાતો નથી, પણ તે બાહ્ય સંજોગો રચે છે.

તા. ૨૨ મો માર્ચ.

સત્યના જ્ઞાનમાં સ્વાતંત્ર્ય-મુક્તિ છે.

●

મનુષ્યો દુઃખી થાય છે તેનું કારણ તેમને તેમનો દેહ વહાલો છે, અને ન્યાયમૂર્તિ વહાલી નથી. દેહ ઉપર પ્રીતિ થવાથી તેઓ તેમનાં બંધનો ચાહે છે, અને એજ કારણે તેઓ બંધનમાં આવી પડે છે. નીતિ—ન્યાય ઉપર પ્રેમ રાખવો અને ન્યાય આચરવો એ એવી મુક્ત દશા છે જે તેની જાત સિવાય-તેના દેહાભિમાન સિવાય બીજું કોઈ તેની પાસેથી છિનવી લઈ શકે તેમ નથી. બીજી સઘળી મુક્તિઓનો આમાં સમાવેશ થાય છે. નરેશ તેમજ ચાબખા ખાતો અને સાંકળે બંધાયલો (દેહરૂપી) બંદીવાન, તેના એક સરખા અધિકારી છે, અને જે આ મુક્ત દશામાં પ્રવેશ કરશે, તે દરેક બંધન તોડી નાખશે. આ રીતે બંદીવાન તેની ઉપર જુલમ ગુજારનાર (તેના જુલમગાર—દેહાભિમાન)ની હાજરીમાંથી ચાલ્યો જશે, અને તે જુલમગાર તેને રોકી શકશે નહીં. આ રીતે નરેશ તેની આજુબાજુનાં ભોગવિલાસોથી ભ્રષ્ટ થતો અટકશે, અને ખરો નરેશ (નર+ઇશ) થશે.

●

ન્યાયી હૃદયને બહારનો જુલમગાર દુઃખ દઈ શકે નહીં.

તા. ૨૩ મી માર્ચ.

નિષ્પાપીને આનંદ હોય છે.

●

વિવેકી મનુષ્ય સત્‌ને જાણે છે. તેને ચિંતા, ભય, નિરાશા અને અજંપો હોય જ નહીં. તે ગમે તે સ્થિતિમાં યા સંજોગમાં હોય, તોપણ તેની શાંતિમાં ખલેલ પડતી નથી, અને તે દરેક વસ્તુને વિવેકથી અને વિશાળ બુદ્ધિથી વશ કરે છે અને (પોતાને) અનુકૂળ કરે છે. તેને કશાથી ચિન્તા થતી નથી. તેના મિત્રો માંસથી ભરેલો દેહ છોડે તે વેળા જાણે છે કે તેઓ (ખરી રીતે જોતાં) સદાય હયાત છે, અને તેથી તેમણે ત્યજેલાં ખોખાં પાછળ તે શોક કરતો નથી. તેને કોઈ પીડા કરી શકતું નથી, કારણ જે અચળ છે-જેને ફેરફારો અસર કરી શકતા નથી, તેની સાથે તે એકરૂપ થઈ ગયો છે.

જે જ્ઞાનથી શાંતિ મળે છે, તે જ અવિચળ નિયમોનું જ્ઞાન છે. એ જ્ઞાન, નિર્દોષ સદાચાર અને ન્યાયના આચરણથી મળે છે, અને એ જ્ઞાનની સાથે એકરાગ થવાથી મનુષ્ય અજર અમર બની જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે.

●

નિર્દોષ મનુષ્યને શાંતિ હોય છે.

તા. ૨૪ મી માર્ચ.

પ્રેમ, નમ્રતા, મૃદુતા, પોતાના પંડના દોષ, ક્ષમા, ધૈર્ય (ખામોશ) દયા, ઠપકો-આ આત્માના ગુણો છે.

●

દેહ ખુશામત કરે છે; આત્મા ઠપકો દે છે.

દેહ વિચાર કર્યા વગર (ઇન્દ્રિયોને) ભોગ કરાવે છે; આત્મા (તેમને) વિવેકપૂર્વક-ચતુરાઇથી કેળવે છે.

દેહને ભેદ, ગુપ્તપણું ગમે છે; આત્મા ચોખ્ખો અને નિખાલસ છે.

દેહ મિત્રે કરેલું નુકસાન સંભારી રાખે છે; આત્મા કટ્ટા દુશ્મનને માફી આપે છે.

દેહ ધાંધલીઓ અને ઉદ્ધત છે; આત્મા શાંત અને કૃપાળુ છે.

દેહનો સ્વભાવ-પ્રકૃતિ હરવખત બદલાય છે; આત્મા હમેશ શાંત હોય છે.

દેહ (ઈન્દ્રિયોને) અધીરાઈ અને ગુસ્સો શિખવે છે (જીવ અધીરો બને છે તથા ગુસ્સે થાય છે); આત્મા (તેમને) ધૈર્યથી અને શાંતિથી કબજે રાખે છે (આત્મા ધૈર્યવાળો અને શાંત છે).

દેહ અવિચારી છે; આત્મા વિચારશીલ છે.

●

તિરસ્કાર, અહંકાર, કઠોરપણું, બીજાપર દોષારોપ, વેર (ખાર) ગુસ્સો, નિર્દયતા અને ખુશામત-આ દેહના ગુણો છે.

તા. ૨૫ મી માર્ચ.

તમે જેટલા ઉન્નત અને પવિત્ર થયા હશો તેટલા પુરતા જ બીજાને સુધારી શકશો.

●

સત્યનું પ્રથમ જ્ઞાન થાય છે, અને પછીથી તેનો સાક્ષાત્કાર થાય છે. જ્ઞાન ભલે તરત થાય, પરંતુ તેના સાક્ષાત્કારની ક્રિયા હમેશ ઘણુંખરૂં ધીમે ધીમે પ્રકાશ આપવાની હોય છે. તમે એક બાળક છો એમ સમજીને પ્રેમ રાખતાં શિખવું જોઈશે, અને તે અભ્યાસક્રમમાં જેમ વધતા જશો તેમ તમારામાં રહેલી દૈવી શક્તિ ખુલતી જશે. પ્રેમ એ દૈવી શક્તિ છે એમ ગણી તેનું નિરંતર સ્મરણ કરવાથી અને દિન પ્રતિદિન તમારા સઘળા વિચાર, વાણી અને કર્મો તેને અનુકૂળ કરેથી જ તમે પ્રેમ રાખતાં શિખશો. તમારા વર્તન પર બારિક નજર રાખો, અને નિર્દોષ, નિઃસ્વાર્થ પ્રેમથી ઉદ્ભવ્યું નહીં હોય તેવું કાર્ય મન, વાણી કે કર્મદ્વારા થાય ત્યારે એ દિશામાં હવે પછી વળતાં પહેલાં સાવચેતી રાખીશ એવો નિશ્ચય કરો. તેમ કરેથી દિવસે દિવસે તમે વધુ શુદ્ધ, વધુ કોમળ હૃદયના, વધુ પવિત્ર થશો, અને પ્રેમ રાખવો એ તો સહેલું છે એમ તરત સમજશો તથા તમારામાં રહેલી દૈવી શક્તિ અનુભવશો.

●

જ્યારે પ્રેમની ખરી ખુબી ખીલે છે અને હૃદયમાં પ્રગટ થાય છે ત્યારે આત્માનું જ્ઞાન થાય છે-આત્માને ઓળખવામાં આવે છે.

તા. ૨૬ મી માર્ચ.

તમારા અંતરનો-અગમ્ય પ્રકાશ-તમારી આત્મવૃત્તિ જ્યાં દોરે ત્યાં શ્રદ્ધા રાખી જાઓ.

●

તમારી પોતાની ખોડખામીથી વાકેફ થવું એ હિતકારી છે, કારણ તે જાણી લીધેથી અને તેમને દૂર કરવાની જરૂર લાગેથી, તમે વહેલા મોડા તેમનાથી પર—તેમનાથી ઊંચા—ધર્મના અને નિઃસ્વાર્થ પ્રેમના પવિત્ર વાતાવરણમાં ફરશો. તમારૂં ભવિષ્ય નબળું છે એવા ખોટા વિચાર કરશો નહીં, અને ભવિષ્ય બાબત કાંઇપણ વિચાર કરતા જ હો તો તે ઉજ્જવલ હોવું જોઇએ એવો વિચાર કરજો; તે ઉપરાંત તમારી રોજની ફરજ બજાવો, અને તે આનંદથી તથા નિઃસ્વાર્થ વૃત્તિથી કરતા રહો, એટલે દરરોજ તમને તેટલો આનંદ અને શાંતિ મળશે, અને તમારૂં ભવિષ્ય ઘણું સુખમય નિવડશે. તમારા દોષો દૂર કરવાનો સૌથી સારો ઉપાય એ છે કે, અંગત લાભનો વિચાર કર્યા સિવાય તમારી ફરજો એકનિષ્ઠાથી બજાવવી, તમારી શક્તિ મુજબ બીજાને સુખી કરવા પ્રયત્ન કરવો, સૌ સાથે માયાભાવથી રહેવું, તમારાથી બને તો દયાવૃત્તિનાં કામો કરવાં અને બીજાઓ તમારા સંબંધમાં ભુંડું બોલે અથવા એવું કૃત્ય કરે તો તેના સામે તમારે તેવાં થવું નહીં.

●

ચાલુ કાળમાં જ મન દઈ કામ કરો, અને પળેપળ, દરેક કલાક અને દરેક દિવસ આત્મસંયમ અને નિર્દોષ જીવનમાં ગાળો.

તા. ૨૭ મી માર્ચ.

ન્યાયી પુરુષ અજીત છે. કોઈ પણ શત્રુ તેનો પરાભવ કરી શકે તેમ નથી.

●

ન્યાયી પુરુષ જેને કાંઈ ગુપ્ત રાખવાનું નથી, જેને સંતાડવું પડે એવાં કર્મો કરવાનાં નથી, અને બીજાઓને જાણવા નહીં દેવા જેવા વિચારો કે ઇચ્છાઓ મગજમાં લાવવાં નથી, તે નિડર હોઈ મ્હોં છુપાવતો નથી. તેનું પગલું ધીટ, તેનું શરીર ટટાર, અને તેની વાણી સરળ હોય છેઃ દ્વિઅર્થી હોતી નથી. તે કોઈથી અંચાતો નથી. જેણે કોઇનું પણ ભુંડું કર્યું ન હોય, તેને કોઈની પણ બીક શાની હોય ? જેણે કોઇને છેતર્યો ન હોય તેને કોઈની પાસે નીચું મ્હોં શા માટે ઘાલવું પડે ? કંઈ પણ અનિષ્ટ એના હાથે નહીં થવાથી, તેનું અનિષ્ટ કોઈથી કદી પણ થાય નહીં. કોઈ પણ રીતની છેતરપીંડી નહીં કરવાથી તેને કોઈ છેતરી શકે નહીં. અસત્ સત્‌ને જીતે, પાપ પુણ્ય ઉપર ફાવી જાય એ કદી બને નહીં, અને તે કારણે ન્યાયી પુરુષને અન્યાયી પુરુષ હલકો–નીચો પાડી શકે જ નહીં.

●

જેનું હૃદય સૌ સાથે મળી ગયું છે તેને અશાંતિ કે ત્રાસ હોય જ નહીં.

તા. ૨૮ મી માર્ચ.

દ્વેષ દ્વેષ અને ધિક્કાર કરવો, તેના કરતાં પ્રીતિ રાખવી એ હિતકર છે.

●

(કોઇ કોઈ વાર) મનુષ્યને ગુસ્સો ચઢી આવે છે, જે "ગુસ્સો સકારણ" હોવાનું કહેવાય છે. તે વ્યાજબી જણાય છે ખરો, પરંતુ નીતિ નિયમોના—વર્તનના ઉચ્ચ પદક પરથી (જ્ઞાનદૃષ્ટિથી) વિચાર કરતાં તે વ્યાજબી નથી એમ જણાય છે. કોઇને અન્યાય થતો હોય અથવા દુઃખ દેવાતુ હોય, તે સામે ગુસ્સો બતાવવો એ ઉચ્ચ ખવાસનું લક્ષણ છે. એ વર્તન બેપરવાઈ કરતાં ખરેખર ઉચ્ચ અને ઉમદા છે; પરંતુ તેથી વધુ ઊંચી અમીરાઈ પણ છે, જે પરથી એમ સમજાય છે કે ગુસ્સાની કદી પણ જરૂર નથી, અને તેની જગોએ જો પ્રેમ અને મૃદુતાથી કામ લેવાય તો અન્યાય વધુ સરળતાથી દૂર થાય છે. જેને નુકસાન થયું હોય તેના પર દયા લાવવી જોઈએ; પણ જે પુરુષ અન્યાય કરે છે તેની આપણે વધુ દયા ખાવી જોઇએ; કારણ તે અજ્ઞાનથી તેનાં (ભવિષ્યનાં) દુઃખનો ટોપલો ભરે છે; જે અન્યાયરૂપી બીજ તે વાવે છે, તેનું ફળ તેને મળવું જ જોઇએ.

●

જ્યારે દૈવી દયાની ખુબીનું પૂર્ણ રીતે જ્ઞાન થાય છે ત્યારે ક્રોધ અને સઘળી જાતના વિકારો આપણી ઉપર સત્તા ચલાવતા અટકે છે.

તા. ૨૯ મી માર્ચ.

જે મનુષ્ય સારૂં કામ કરવા ઇચ્છા રાખે છે, છતાં તેવું કામ કરતો નથી તે એ રીતે ઊંચું પદ પામતો નથી, પણ અધોગતિએ પ્હોંચે છે-તેની યોગ્યતા ઘટે છે.

●

સદાચાર–ભલમનસાઇ એક નબળો–નિરસ ગુણ લેખવાનો નથી; એ તો અંતરનો–અગમ્ય સદ્ગુણ છે, જેના બળ અને સત્તા ખુલ્લા પરિણામ રૂપ છે; એટલે ભલો–સદાચારી પુરૂષ કમઅક્કલ હોતો નથી, અને કમઅક્કલ પુરૂષ સદાચારી હોતો નથી.

બીજા મનુષ્યજીવો તરફ તિરસ્કારયુક્ત નજરે આપણે જોવું નહીં, પરંતુ આપણું પોતાનું જીવન અને વર્તન કેવાં છે તેનો ખ્યાલ પરિણામો ઉપરથી જોઇ શકીએ. એ તો ચોકસ સમજી લેવું કે કુકર્મ કરનારને તેનું કુકર્મ પીડા આણે છે, જે તુરત દેખાઇ આવે છે, અને સદાચારી પુરુષને તેના સદાચારથી સુખ નીપજે છે.

એ તો ખરૂં છે કે કોઈ પુરુષ અધર્મી હોવા છતાં લીલા વડવૃક્ષની પેઠે ફાલે; પણ તે સાથે આપણે એટલું યાદ રાખવું કે તે વડનું ઝાડ આખરે સુકાઈ જાય છે અગર કપાય છે. આવું જ તે અધર્મી પુરુષનું ભાવિ સમજવું.

●

મહાત્મા ઉચ્ચ ચરિત ન હોય એ અસંભવિત છે, અને તેમ હોઈ શકે જ નહીં.

તા. ૩૦ મી માર્ચ.

સદાચારથી વધુ ઉચ્ચ હોય એવું કાંઈ જાણવામાં નથી.

●

મનુષ્ય જાતના ગુરૂઓ થોડા હોય છે. આવા ગુરૂના આગમન સિવાય હજારો વર્ષ ચાલ્યાં પણ જાય; પણ જ્યારે ખરા સદ્ગુરૂ પધારે છે ત્યારે તેમના વિશેષ ગુણનું અભિજ્ઞાન તેમના જીવનદ્વારા જણાય છે. તેમનું વર્તન અવરજનોથી જુદું હોય છે. તેમનો બોધ કોઇ મનુષ્ય યા પુસ્તકદ્વારા મેળવેલો હોતો નથી; એ તો એમના પોતાના જીવનમાં મેળવેલા અનુભવો ઉપરથી તેઓ આપે છે. ગુરૂજી તેવું જીવન પ્રથમ ગાળે છે, અને તે પછી બીજાઓ તે મુજબ શી રીતે રહે તે શિખવે છે. તેમના શિક્ષણની–જ્ઞાનોપદેશની સાબિતિમાં–સાક્ષીમાં તેઓ પોતે–તેમનું જીવન છે. મનુષ્ય જાત અસંખ્ય ઉપદેશકોમાંથી એકને જ છેવટે ખરા ગુરૂ તરીકે માને છે, અને આ પ્રમાણે જે માન પામી ઉચ્ચ પદ મેળવે છે તે જ ઇશ્વર હોવાનું મનાય છે.

●

સઘળા ધર્મોની શ્રેષ્ઠ નેમ, મનુષ્યોએ કેવું જીવન ગાળવું તે શિખવવાની છે.

તા. ૩૧ મી માર્ચ.

સઘળા સ્વાર્થી વિચારથી પ્રેમ અત્યંત અળગો છે-પ્રેમમાં સ્વાર્થ હોતો જ નથી, અને પ્રેમી જીવન ગાળી શકાય છે.

●

જગદ્‌ગુરૂએ જગતને નિયમોનો એક સંગ્રહ આપ્યો–અમુક નિયમો બાંધી આપ્યા, કે જે પાળવાથી સર્વ મનુષ્ય પરમાત્માના પુત્રો થઇ શકે, પૂર્ણ–નિર્દોષ જીવન ગાળી શકે. આ નિયમો યા નીતિવચનો એવાં સહેલાં, સરળ અને ભૂલ થાપ નહીં ખવાય તેવાં છે કે તે સમજવામાં ખોટો અર્થ–ગેરસમજ થાય જ નહીં. તે એવા સાદા અને સ્પષ્ટ છે કે એક અભણ બાળક પણ તેનો ખુલાસો સહેલાઇથી ગ્રહણ કરી શકે. મનુષ્યના નિત્યનિયમ સાથે તે સઘળાનો ઉઘાડો સંબંધ છે, અને મનુષ્યજીવ તેની પોતાની રહેણીમાં તેનો ઉપયોગ કરી શકે. આ નિયમો હેતુપુરઃસર નિત્યજીવનમાં પાળવા એ તેના જીવનની પૂરી ફરજ છે, અને તેમ થયેથી મનુષ્ય જીવને તેનાં દૈવી ઉત્પત્તિ અને સ્થિતિનું, ઈશ્વર–પરમ કૃપાનિધિની સાથેની તેની એકતાનું (તદ્રૂપતાનું) જ્ઞાન પ્રાપ્ત થાય છે.

●

સદાચાર એ દૈવી ગુણ છે એમ સર્વ ઠેકાણાના મનુષ્યો પોતાના ગૂઢ હૃદયમાં સમજે છે.

તા. ૧ લી એપ્રીલ.

મનુષ્યના ચારિત્ર્ય, આત્મા અને જીવનથી તેના વિચારો અને કર્મો જુદાં હોય એ સંભવતું નથી.

દરેક મનુષ્ય, તે જે વિચારો કરે છે અને કર્મો આચરે છે, તેના મનની જે સ્થિતિ હોય છે અને જે જીવન તે ગુજારે છે, તેને માટે જુમ્મેદાર છે. કોઈ પણ સત્તા, કોઈ પણ બનાવ, કોઈ પણ સ્થિતિ તેને દુષ્ટ કામમાં અથવા દુઃખી અવસ્થામાં ઘસડી શકે તેમ નથી. પોતાની જાતને ઘસડનાર તે પોતે જ છે. તે તેની ઈચ્છા મુજબ વિચાર કરે છે અને વર્તે છે. કોઈ પણ જીવ, પછી તે ગમે તેવો બુદ્ધિશાળી યા મહાન્ હોય-ભલેને પરમાત્મા પોતે હોય-તે પણ તેને સદાચારી અને સુખી કરી શકે તેમ નથી. તેણે પોતે જ સદ્વસ્તુ પસંદ કરવી જોઇએ, અને એ રીતે સુખી જીવન શોધવું જોઈએ.

આ વિજયી-પૂર્ણ જીવન, જેઓ અધમ દશાઓથી સંતોષ માને છે તેમને સારૂ નથી; એ તો જેઓ તે સારૂ લાલસા ધરાવે છે, અને તે મેળવવા રાજી હોય છે તેમને વાસ્તે છે. જેમ કંજુસ માણસ પૈસા માટે, તેમ જેઓ નેકી વાસ્તે આતુર હોય છે, તેમને સારૂ તે જીવન છે. તે હમેશ આપણી નજીક છે, અને સૌ કોઈ તેનો અંગીકાર કરી શકે તેમ છે. જેઓ તેને સ્વીકારે છે અને માન આપે છે, તેમનું જીવન ધન્ય છે. તેઓ સત્યની દુનિયામાં-સત્યલોકમાં દાખલ થશે, તેઓ પૂર્ણ શાંતિ મેળવશે.

પાપ કરવું અને દુઃખ ભોગવવું, એથી વધુ વિશાળ, ઉચ્ચ, ઉમદા દૈવી જીવન છે.

તા. ૨ જી એપ્રીલ.

મનુષ્યજીવ જેવા વિચાર કરે છે તેવો તે થાય છે.

●

મનુષ્યનું જીવન ખરૂં, તેના વિચારો ખરા, તેના કર્મો ખરા. જે વસ્તુઓ છે–જે આપણા જોવા જાણવામાં છે, તે સંબંધમાં તપાસ કરવા રોકાવું એ ડહાપણનો માર્ગ છે. મનુષ્યને તેના મન અને વિચારથી જુદો, દૂર કે ઊંચે ધારવો એ તરંગી–કાલ્પનિક કહેવાય, અને તે વાસ્તવિક નથી. જે વસ્તુઓ નથી તેનું ધ્યાન ધરવામાં ગુંથાવું એ મૂર્ખાઈનો માર્ગ છે.

મનુષ્યને તેના મનથી જુદો પડાય તેમ નથી; તેનું જીવન તેના વિચારોથી જુદું કરાય તેમ નથી. મન, વિચાર અને જીવન એ પ્રકાશ, ભભક અને રંગની માફક એકમેકથી જુદા પડાય તેમ નથી. આ વસ્તુઓ પોતાનું બધું કામ સહાય વગર કરી શકે તેવી છે, અને તેમનામાં તેમને લગતા સઘળા જ્ઞાનનો પાયો છે.

●

જીવન ગાળવું એટલે વિચાર કરવો અને વર્તવું; અને વિચાર કરવો અને વર્તવું એટલે (જીવનમાં) ફેરફાર કરવો.

તા. ૩ જી એપ્રીલ.

મનુષ્યને (આત્મા રૂપે નહીં પરંતુ) મન રૂપે ગણતાં તેમાં ફેરફાર થવા પાત્ર છે. એ કાંઈ માટીના ઘડા પેઠે "ઘડી રાખ્યો" હોતો નથી, કે એની છેવટની પૂર્ણ દશા હોતી નથી, પણ તેનામાં પ્રગતિની-વૃદ્ધિની શક્તિ રહેલી હોય છે.

●

*હૃદયશુદ્ધિ, સદ્‌વિચારનું મનન અને સદાચારી વર્તન, આ સહુ ઉચ્ચ ઉમદા વિચારની પ્રેરણા નહીં તો બીજું શું છે? વધુ સત્તાવાળા, વધુ ઉપયોગી, વધુ સુખશાન્તિના ઊંચા પ્રદેશોમાં લઇ જાય એવા વિચારો મન દઇ પસંદ કરવા માટે આ ઉત્તેજક બળો મનુષ્યોને પ્રેરે છે.

મહત્વાકાંક્ષા, ધ્યાન-ચિંતન, ભક્તિ આ જ મુખ્ય ઉપાયો મનુષ્યોએ સર્વ કાળમાં જ્ઞાનના વધુ વિશાળ પ્રદેશ, શાંતિની વધુ ખુલ્લી હવા, વિચારની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવા હાથ ધર્યા છે. કારણ, તેના અંતઃકરણમાં તે જેવા વિચાર કરે છે તેવો તે થાય છે. વિચારની નવીન ટેવો (સદ્‌વિચારો) મનમાં ઉત્પન્ન કરેથી, વિચારશક્તિના નવીન ઉપયોગ કરનાર થયેથી, નવીન મનુષ્ય થયેથી તે તેના પાપ અને દુઃખથી પોતાની જાતને ઉગારી લે છે.

●

મનુષ્યના જીવનમાં તેના દરેક વિચારથી રૂપાંતર થાય છે. દરેક અનુભવ તેના ચારિત્ર્ય પર અસર કરે છે.

---

* કવિ છોટમ—

ઉપર શુદ્ધિ થાય સ્નાનથી, મન શુદ્ધ થાયે જ્ઞાને;
બાહ્યાભ્યંતર રહે નિરમળો, કરતાં પ્રભુને ધ્યાને.

તા. ૪ થી એપ્રીલ.

ફક્ત સદ્‌વિચારોની પસંદગી અને અવશ્ય કરીને સત્કર્મોનું આચરણ જ્ઞાનના માર્ગે દોરે છે.

●

લોકસમૂહ, તેમના આધ્યાત્મિક સ્વરૂપ બાબત અણજાણ હોવાથી પોતાના વિચારના–મનના વેગના ગુલામ હોય છે. પરંતુ જ્ઞાની પુરુષ વિચારનો સ્વામી હોય છે. જનસમૂહ આંધળાની પેઠે દોરાય છે, જ્યારે જ્ઞાની વિવેકપૂર્વક પોતાનો રસ્તો પસંદ કરે છે. જનસમૂહ તાત્કાળિક સુખનો અને આનંદનો વિચાર કરી આવેગને તાબે થાય છે, જ્યારે જ્ઞાની જે અવિનાશી–પરમ સત્ છે તેના પર આધાર રાખી પોતાના આવેગ પર કાબુ રાખે છે અને હુકમ ચલાવે છે. જનસમૂહ અંધ આવેગને તાબે થઇ નીતિનિયમ તોડે છે, જ્યારે જ્ઞાની મનોવેગને તાબે કરી નીતિનિયમ પાળે છે. જ્ઞાની પુરુષ જીંદગીના બનાવોને–વસ્તુસ્થિતિને અનુકૂળ હોય છે. વિચારનું સ્વરૂપ તે જાણે છે. તેના જીવનનું સૂત્ર–કાયદો તે સમજે છે અને તે મુજબ વર્તે છે.

●

ચારિત્ર્ય, દશા (સ્થિતિ), જ્ઞાન એનો નિર્ણય વિચાર ઉપર રહેલો છે. (જેવા વિચાર તેવું ચારિત્ર્ય, તેવી દશા, તેવું જ્ઞાન થાય છે.)

તા. ૫ મી એપ્રીલ.

કાયદો કેટલાકને લાગુ પડે અને બીજાને નહીં, એમ બની શકે નહીં. તે બધાને એક સરખી રીતે લાગુ પડે છે; તે નહીં પાળવાથી આપણને દુઃખ થાય છે, તે પાળેથી આપણે સુખી થઈએ છીએ.

●

આપણા સત્કર્મના પરિણામે સુખનો ઉપભોગ આપવામાં (પ્રભુની) જેવી કૃપા છે, તેવી જ ખોટા કર્મની શિક્ષા આપવામાં પણ છે (એમાં પણ અંતે પરિણામ સારૂં જ હોય છે). આપણા અજ્ઞાન અને પાપના ફળથી આપણે બચી જઈએ તો સઘળી નિશ્ચંતતા જતી રહે અને એકે આશરો રહે નહીં; કારણ એ રીતે તો આપણા વિવેકજ્ઞાન અને સદાચારના પરિણામનો લાભ પણ મળે નહીં. આવી યોજના તો તરંગી અને ક્રૂર કહેવાય; અને કાયદો તો ન્યાય અને દયાની વ્યવસ્થા છે.

ખરેખર, શ્રેષ્ઠ કાયદો અક્ષય દયાનું–અનંત મંગળ મૂર્તિનું દૈવત છે. તેનો અમલ અચૂક થાય છે, અને તેનો વખત આવે ત્યારે, ગમે તે કાળે (અનંતકાળ સુધી) લાગુ પડે છે. તે નિયમ બીજો કોઈ નહીં પણ "શાશ્વત, હમેશ પૂર્ણ, અને નિરંતર નિરકુંશ વહેતો પ્રેમ", જેનું સર્વ પ્રજા યશોગાન કરે છે તે છે; જેને બુદ્ધમાર્ગીઓની કવિતામાં અને આજ્ઞાપત્રીમાં "દયાનિધિ–દયાસાગર" ના નામથી આલેખેલો છે.

●

જે કંઈ પણ દુઃખ આપણે ખમીએ છીએ તેથી દૈવી વિદ્યાના જ્ઞાન તરફ આપણે વધુ ને વધુ જઈએ છીએ–એથી દૈવીઘટના વધુ સમજાય છે.

તા. ૬ ઠ્ઠી એપ્રીલ.

સંસારની અંતરૂ વ્યવસ્થા બાબત બ્રહ્માંડ સંબંધી જ્ઞાન ધરાવનારા બડબડાટ કરતા નથી–સઘળું શાંતિથી સહે છે.

●

જગતના સદસત્‌ના કાયદાને બુદ્ધભગવાન હમેશ એક ઉત્તમ કાયદો ગણતા. તે યોગ્ય નથી એવો વિચાર માત્ર થાય તો તે બરોબર સમજાયો નથી એમ ખરેખર કહી શકાય; કારણ તેમાં દોષનો અંશ માત્ર નથી, ક્રરતાનું એકપણ તત્ત્વ નથી. વજ્ર હૃદયના રાક્ષસની માફક તેનું કામ નબળાને છુંદી અને અજ્ઞાનીને મારી નાખવાનું નથી; તે દિલાસાભર્યો, પ્રેમરૂપ અને પરહિત સારૂ દયાશીલ હોઈ સૌથી ગરીબને ઇજાથી બચાવે છે, અને સૌથી બળવાનને તેના બળનો કેવળ દુરુપયોગ કરતાં વારે છે. તે સઘળાં પાપનો નાશ કરે છે, અને સઘળી સદ્‌વસ્તુનો બચાવ કરે છે. ન્હાનામાં ન્હાના કણને તેની સંભાળ હેઠળ તે લે છે, અને અઘોરતમ પાપનો પુંક માત્રથી –પળવારમાં નાશ કરે છે. એ પ્રમાણે (જ્ઞાનદ્રષ્ટિથી) જોતાં આંખને પરમાનંદ થાય છે; એ પ્રમાણે સમજવું એ સ્વર્ગીય સુખ છે. જેઓ (જ્ઞાનદૃષ્ટિથી) જુએ છે અને સમજે છે તેઓ શાંત હોય છે, તેઓ હમેશ આનંદમય હોય છે.

●

વિવેકજ્ઞાનવાળો મનુષ્ય દૈવી નિયમને અનુસરાય તેવી રીતે પોતાની ઈચ્છાને તાબે કરે છે અને મનોવૃત્તિને વાળે છે.

તા. ૭ મી એપ્રીલ.

પાપની લાલચોથી દૂર રહો-ઊંચે ચઢો, અને જ્ઞાનમંદિરમાં-પરમહંસજીવનમાં દાખલ થાઓ.

●

જગતના ફેરફારની ક્રિયામાં એક વાર એવો વખત આવે છે કે જ્યારે પાપ ઘટવાથી અને સત્કર્મ વધવાથી મનમાં એક નવી દૃષ્ટિ, નવી ચેતના–સત્યનિષ્ઠા, નવું મનુષ્યત્વ સ્ફુરે છે. જ્યારે આ સ્થિતિએ પ્હોંચાય છે ત્યારે સંત પુરુષ ઋષિ બને છે, માનવ જીંદગી–સંસારમોહ છોડી તે દૈવીજીવન ધારણ કરે છે. તેનો "નવો જન્મ થાય છે," અને તેને નવા અનુભવો મળે છે. તે એક નવી સત્તા ધારણ કરે છે, તેની આધ્યાત્મિક દૃષ્ટિ આગળ એક નવી સૃષ્ટિ ખડી થાય છે. આ સર્વોત્તમ–પરમહંસની ભૂમિકા છે. આને હું પરમહંસ-પદ કહું છું.

આ પરમહંસપદે પ્હોંચાય ત્યારે હું, મારૂં–તારૂં, એવા મમત્વમાં રચીપચી રહેતો જીવ છુટો થાય છે, અને તેને દૈવી જીવનનું ભાન થાય છે, પાપથી મુક્તિ મળે છે, અને સત્ સર્વમય થઈ રહે છે–(બધામાં એક જ આત્મા રમી રહ્યો છે એવું તેને જ્ઞાન થાય છે.)

●

જેમ રાગવૃત્તિ-ક્રોધ દેહાભિમાની જીવનનું લક્ષણ છે તેમ શાંતિ સર્વોત્તમ જીવનનું લક્ષણ છે. (પરમહંસ જીવનની કુંચી છે.)

તા. ૮ મી એપ્રીલ.

જ્યારે પૂર્ણ સત્ય અનુભવાય છે અને સમજી શકાય છે ત્યારે શાંત અંતર્દષ્ટિ પ્રાપ્ત થાય છે.

●

પરમહંસ—સર્વોત્તમ જીવનનો આધાર રાગવિરાગ પર નહીં, પરંતુ અમુક ધોરણ-સિદ્ધાન્તો પર રહેલો છે. તેનું બંધારણ ક્ષણિક વેગો પર—મનની મોજ પર નહીં, પણ શાશ્વત નિયમો પર રહેલું છે. તેના શુદ્ધ વાતાવરણમાં સઘળી ચીજોનો ક્રમ નિયમાનુસાર દેખાય છે, જે જોવાથી પશ્ચાત્તાપ, ચિન્તા કે દુઃખનો વાસ રહેતો નથી. મનુષ્યો જ્યારે પોતાના દેહના મોહમાં મચેલા રહે ત્યારે તેઓ જંજાળથી દબાયલા હોય છે, ઘણી ચીજો પાછળ ચટપટી રાખે છે. સૌથી વધારે તો તેઓ પોતાના ન્હાના—નિર્જીવ, દબાઈ ગયેલા, દુઃખથી ઘેરાયલા જીવ સારૂ ઉચાટ રાખે છે; કારણ તેના ક્ષણિક ભોગવિલાસો સારૂ, તેના રક્ષણ અને નભાવ સારૂ, અને તેની કાયમની સલામતી તથા સતત વાસ સારૂ તેઓ ચિન્તાતુર હોય છે. જ્ઞાની અને સદાચારી પુરુષ આ સૌની પાર ગયો હોય છે. સાર્વજનિક કામો આગળ અંગત લાભોને તે કોરે મુકે છે અને તેથી કરીને તેના પોતાના ભાવિ અને ભોગવિલાસોને લગતી ચિન્તા, શ્રમ અને સંતાપ, રાત્રીના ચંચળ સ્વપ્નાની પેઠે ઉડી જાય છે.

●

(જ્યારે પૂર્ણ સતનું જ્ઞાન થાય છે ત્યારે) વિશ્વમાં સત દેખાય છે.

તા. ૯ મી એપ્રીલ.

પાપવૃત્તિ એ એક અનુભવ પ્રાપ્ત જ્ઞાન છે; એનામાં કાંઈ સત્તા નથી.

●

જગતમાં પાપવૃત્તિ એક સ્વતંત્ર શક્તિ હોત તો તેનો કોઈ જીવથી પરાભવ થઈ શકત નહીં. જો કે એક સત્તારૂપે તે ખરી વસ્તુ નથી, પણ એક અવસ્થા, એક અનુભવરૂપે તે ખરી છે, (એ સ્થિતિ પણ આવે છે અને એના પ્રભાવનો અનુભવ પણ બરોબર મળે છે) કારણ સઘળો અનુભવ સત્યના રૂપે છે. તે અજ્ઞાનની—અવિકાસની અવસ્થા છે અને તેથી જેમ બાળકનું બુદ્ધિવિષયક અજ્ઞાન, દિનપરદિન વધતા જતા જ્ઞાન આગળ દૂર થાય છે, જેમ ઉગતા પ્રકાશ—અરૂણોદય આગળ અંધકાર નાશ પામે છે, તેમ જ્ઞાનના પ્રકાશ આગળ તે પાપવૃત્તિ ખસી જાય છે અને અંતર્ધ્યાન થાય છે.

જેમ જેમ શુભ આચારવિચારના નવા નવા અનુભવો જ્ઞાનની ભૂમિકા પર ચઢી કબજો કરતા જાય છે, તેમ તેમ પાપવાસનાના અનુભવો—દુઃખદ અનુભવો જતા રહે છે.

●

દેહાભિમાનના રાજ્યથી પર અને દૂર હોય તે જ સર્વોત્કૃષ્ટ મનુષ્ય કહેવાય. તેણે પાપવૃત્તિ કોરે મુકી હોય છે.

તા. ૧૦ મી એપ્રીલ.

જે કાંઈ સદાચારી પુરુષ પર આવી પડે છે તેથી તેને દુઃખ કે ગભરાટ થતો નથી, કારણ તે શાથી અને કયાંથી ઉદ્ભવ્યું તે તે જાણે છે.

●

દેહાભિમાની જીવનમાંથી જે ઉચ્ચ સ્થિતિએ પ્હોંચ્યો તે જીવનના પર નજર કરતાં, દૈવી ચેતનાવાળો પુરુષ એટલું જુએ છે કે તે જીવનના સૌ દુઃખો, તેના ગુરૂરૂપે શિખામણ દેતા હતા, અને તેને ઉર્ધ્વમાર્ગ તરફ દોરવતા હતા, અને તેમનું રહસ્ય તે જેટલું ઉકેલી શક્યો, અને તેમનાથી પોતાની જાતને તારી શક્યો, તેટલા જ પ્રમાણમાં દુઃખો તેનાથી દૂર થયાં છે. તેને શીખવવાનો, તેને સન્માર્ગે દોરવવાનો તેમનો હેતુ–તેમનું કામ પૂરૂં થવાથી તેઓ તેને તે ક્ષેત્રમાં વિજેતા તરીકે–પૂર્ણ સ્વામી તરીકે મુકી ગયા; કારણ નીચલા ધોરણવાળો ઉપરના ધોરણવાળાને શિખવી શકે નહીં, અજ્ઞાનથી જ્ઞાનનો ઉકેલ થાય નહીં, પાપથી પુણ્ય પર પ્રકાશ પડે નહીં, અને શિષ્ય તેના ગુરૂને પાઠ આપી શકે નહીં. જે પગથીએથી ચઢયા તે પગથીઉં ઉપલા પગથીઆને પ્હોંચી શકે નહીં. પાપવાસના તો તેના કુંડાળામાં શિખવી શકે, ત્યાં તે ગુરૂરૂપે મનાય છે. પુણ્યવાસનાના ક્ષેત્રમાં તેનો પગ નથી તેમ સત્તાએ નથી.

●

સત્યના ધોરી માર્ગ પર ચઢેલો પ્રતાપી મુસાફર પાપને આધીન થવું એ સમજતો જ નથી; તે તો પુણ્યને નમન કરવું માનેછે.

તા. ૧૧ મી એપ્રીલ.

જે બીજાને જીતે તે શૂરવીર ગણાય, પણ જે પોતાની જાતને જીતે છે–મનને વશ કરે છે તે મોટો મહાત્મા છે.

●

દેહાભિમાન પર જીત મેળવેથી પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી બહારના ઝનુની–તોફાની વાતાવરણથી કંટાળી દૂર જવાની ખાસ અગત્યતા તે જોતો નથી અને અંતરની પાપવૃત્તિ સામે પ્રબળ લઢત ચલાવવાની શરૂઆત કરતો નથી ત્યાં સુધી મનુષ્યજીવ ઉપલી વાત સમજી શકતો નથી, તેને પ્હોંચી શકતો નથી. જગતનો શત્રુ બહાર નહીં પણ અંતરમાં છે, તેના પોતાના અનિયમિત વિચારો ગરબડ અને તોફાનના મૂળ છે, તેની પોતાની અપવિત્ર વાસનાઓ તેની શાંતિમાં અને જગતની શાંતિમાં ખલેલ પાડનાર છે, એવો જેને અનુભવ થયો છે તે ભક્તિમાર્ગ પર ચઢી ચુકયો છે એમ સમજવું.

જે મનુષ્યે દુર્વાસના અને ક્રોધ, તિરસ્કાર અને અહંકાર, સ્વાર્થવૃત્તિ અને લોભ જીત્યા તેણે જગત જીત્યું.

●

જેણે બીજાના ઉપર જીત મેળવી છે તેને કોઈ વાર હારવું પણ પડે; પણ જેણે પોતાના દેહાભિમાન પર જીત મેળવી છે તેને કોઈ તાબે કરી શકે નહીં.

તા. ૧૨ મી એપ્રીલ.

બળ અને દ્રોહ ઝનુન અને બ્હીક ઉત્પન્ન કરે છે, પણ પ્રેમ અને શાંતિ બીજાના અંતઃકરણ પર અસર કરે છે અને તેને સુધારે છે.

●

જે બળજોરીથી હાર્યો હોય તેનું હૃદય તેથી હાર્યું હોતું નથી; વખતે, પહેલાં કરતાં તે વધુ દ્વેષભાવ પણ રાખતો થાય; પણ જે શાંતિરૂપી ભાવનાથી હાર્યો હોય તેનું હૃદય તેથી બદલાય છે. જે એક વેળા શત્રુ હતો તે મિત્ર બને છે.

નિર્દોષ અંતઃકરણવાળા અને વિવેકજ્ઞાની પુરુષોના હૃદયમાં શાંતિ વસે છે, તે તેમનાં કર્મોમાં પ્રવેશ કરે છે-તેમનાં કર્મો પણ તેવી શાંતિવાળાં હોય છે. તેમના જીવનમાં તેનો તેઓ ઉપયોગ કરે છે. તે કલહ કરતાં વધુ બળવાન છે. જ્યાં બળ ફાવે નહીં ત્યાં તે ફાવે છે. તેની પાંખો ન્યાયી પુરુષોનું રક્ષણ કરે છે. તેના રક્ષણ હેઠળ નિર્દોષ જીવોને ઇજા પડતી નથી. સ્વાર્થી તકરારની ટપાટપીમાં તે એક નિર્ભય આશરો દે છે. તે હાર પામેલાઓને રક્ષણના એક સ્થાન રૂપ, ભુલા પડેલાને એક મકાન રૂપ, અને નિર્દોષ જનો સારૂ મંદિર રૂપે છે.

●

જ્યારે દૈવી સદાચાર આચરવામાં આવે છે ત્યારે જીવન સુખમય બની રહે છે. સુખી અવસ્થા એ સદાચારી મનુષ્યનું સાધારણ જીવન છે.

તા. ૧૩ મી એપ્રીલ.

જેણે દૈવીપ્રેમ અનુભવ્યો છે તે નવું જીવન ગાળે છે.

●

જેઓ દેહાભિમાન ત્યજી દેવાને તૈયાર છે અને જેઓ તે ત્યજવાથી શું ફળ આવશે તેની વિશાળ ભાવના સમજવા નમ્રપણે તૈયાર છે, તેમને આ પ્રેમ, આ જ્ઞાન, આ શાંતિ, હૃદયની અને મનની આ સ્વસ્થ સ્થિતિ પ્રાપ્ત થાય છે, અને તેમનાથી તે અનુભવાય છે. જગતમાં નિરકુંશતાનું રાજ્ય નથી—જગતનો કારભાર ગેરકાયદેસર ચાલતો નથી. દૈવના જબરામાં જબરાં બંધનો જેમાં મનુષ્યો સપડાયેલા હોય છે તે તેમના દેહાભિમાને જ ઘડેલાં હોય છે. જ્યાંથી દુઃખ જન્મે છે—જે દુઃખોનું મૂળ છે તેની સાથે મનુષ્યો બંધાયેલા છે, કારણ તેમને તેવી સ્થિતિ ગમે છે. તે બંધનોમાં તેમને મોહ છે. તેઓ એવું ધારે છે કે તેમની ન્હાની દેહરૂપી અંધારી કોટડી મધુર અને સુંદર છે, અને તેમને ભય લાગે છે કે જો તે ત્યજાય તો તેમનું સર્વસ્વ—જે ખરેખરૂં અને રાખવા જેવું છે, તે સઘળું જતું રહેશે.

તમે તમારા દેહાભિમાનને લીધે દુઃખી થાઓ છો; તમારા પર કોઈ જોરજુલમ કરતું નથી; તમારૂં જીવતર જન્મ-મરણના ફેરામાં જ પૂરૂં કરો એવું કોઈ તમને કહેતું નથી.

●

દૈવી જ્ઞાનવાળાને મન જ્ઞાન અને પ્રેમ એકમેક સાથે વળગેલાં હોય છે.

તા. ૧૪ મી એપ્રીલ.

નિ:સ્વાર્થ પ્રેમ કેવો હોય તેનું જનસમૂહને ભાન હોતું નથી, કારણ તેઓ તેમના પોતાના ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે છે.

●

જેમ પ્રતિમાની સાથે છાયા, અને અગ્નિ સાથે ધુમાડો હોય, તેમ કાર્ય સાથે પરિણામ હોય છે, અને સુખ તથા દુઃખ મનુષ્યોના વિચારો અને કર્મોને અનુસરે છે. આપણી આસ-પાસ જગતમાં એવું એકે પરિણામ નથી કે જેનું ખુલ્લું કે ગુપ્ત કારણ નહીં હોય, અને તે કારણ અદલ ઈનસાફ મુજબ હોય છે. મનુષ્યો પર દુઃખનો ઢગલો આવી પડે છે, કારણ ચાલુ કાળમાં અથવા થોડો વખત અગાઉ—આ જન્મમાં કે બીજા જન્મમાં-પાપનાં બીજ તેમણે વાવેલાં હોવાં જોઈએ; તેવી જ રીતે તેમને અપાર સુખ મળે છે, તેનું કારણ તેમણે પોતે જ પુણ્યનાં બીજ રોપેલાં હોવાં જોઈએ. મનુષ્યે આ બાબત ધ્યાનમાં લેવી, આ (કર્મનો નિયમ) સમજવા પ્રયત્ન કરવો, અને તેમ કરેથી તે પુણ્યનાં બીજો જ વાવવા શરૂ કરશે, અને તેની હૃદયરૂપી વાડીમાંથી પ્રથમ ઉગાડેલાં કાંટા અને ઝાડવાં—નકામા છોડ બળી નાખશે.

●

આ દૈવી પ્રેમ પૂર્ણ રીતે સમજવા-અનુભવવા સારૂ આખું જગત મથન કરે છે.

તા. ૧૫ મી એપ્રીલ.

જે પોતાનું અંતઃકરણ શુદ્ધ-નિર્દોષ કરે છે તે જગતનો પરમ હિતકર્તા છે.

●

જે કાળમાં નિઃસ્વાર્થ પ્રેમ અનુભવાય છે તે સત્યયુગ હાલ દુનિયામાં નથી અને ઘણાં વર્ષો સુધી આવશે પણ નહીં. જો તમારી વૃત્તિ હોય તો તમે તમારા સ્વાર્થી દેહની પર જવાથી-સ્વાર્થ રહિત થવાથી, અને શંકાવિશંકા, તિરસ્કાર અને નિંદા વૃત્તિઓ છોડી દઈ, નમ્ર તથા ક્ષમાશીલ પ્રેમ તરફ વળવાથી, ચાલુ કાળમાં તે યુગમાં દાખલ થઈ શકશો.

જ્યાં તિરસ્કાર, અણગમો અને નિંદા વસે છે ત્યાં નિઃસ્વાર્થ પ્રેમ હોતો નથી. જે હૃદયમાંથી નિંદા સમૂળી ગઈ છે ત્યાં તેનો વાસ છે.

સર્વ વસ્તુઓના અંતરમાં પ્રેમ વસે છે એ જેણે જાણ્યું છે, અને તે પ્રેમની સર્વ વાતે પૂર્ણ શક્તિ જેણે અનુભવી છે, તેના હૃદયમાં નિંદા સારૂ એકે સ્થાન નથી.

●

સ્ત્રીઓ અને પુરુષોએ આ માર્ગે વળવું જોઇએ, પછી જુઓ! સત્યયુગ આપણે બારણે છે.

તા. ૧૬ મી એપ્રીલ.

શુદ્ધ-નિર્દોષ હૃદયવાળા જ ઇશ્વરને જુએ છે.

●

જેનું હૃદય પરમ પ્રેમમાં પરોવાયેલું છે, તે જનસમૂહના ભેદ (રંગભેદ, વર્ણભેદ વગેરે) પાડી તેમને કાળી ટીલી આપતો નથી–તેમને દોષ દેતો નથી; તેના પોતાના વિચાર મુજબ તેમના વિચાર બદલાવવા ઈચ્છતો નથી, તેમ પોતાના નિયમો તેમના કરતાં ઉચ્ચ પ્રતિના છે, એવું ઠસાવવા ઈચ્છતો નથી. પ્રેમનો નિયમ જાણ્યા પછી, તે તે મુજબ વર્તે છે, અને સૌ તરફ તેવી (પ્રેમમય) શાંત ચિત્તવૃત્તિ અને સરળ હૃદય રાખે છે. ખોટે રસ્તે ચઢેલા (દુર્ગુણી) અને સદ્ગુણી, મૂર્ખ અને ડાહ્યા, ભણેલા અને અભણ, સ્વાર્થી અને નિઃસ્વાર્થી સૌ તેના શાંત વિચારનો એક સરખો લાભ લઈ શકે છે.

આત્મસુધારણા સારૂ સતત પ્રયત્ન કરેથી, અને તમારા દેહાભિમાન પર એક પર એક જીત મેળવેથી જ તમે આ દૈવી પ્રેમ, આ પરમ જ્ઞાન પ્રાપ્ત કરી શકશો.

●

નવું જીવન પ્રાપ્ત કરો, એટલે જે પ્રેમ અમર છે તેનો તમારામાં ઉદય થશે અને તમે શાંતિ ભોગવશો.

તા. ૧૭ મી એપ્રીલ.

જ્યાં શુદ્ધ સાત્વિક-આધ્યાત્મિક જ્ઞાન હોય છે ત્યાં પ્રેમ પૂર્ણ અંશે ખીલે છે અને સંપૂર્ણ રીતે અનુભવાય છે.

●

તમારા મનને દૃઢ, અપક્ષપાતી અને મૃદુ વિચાર કરવાની ટેવ પાડો; તમારા હૃદયને નિર્દોષપણું-કેવળ શુદ્ધબુદ્ધિ અને દયા શિખવો; તમારી જીભને ચૂપ રહેતાં, અને સત્ય તથા દોષ વગરનું બોલતાં શિખવો; એ રીતે તમે શાંતિ અને પવિત્રતાને માર્ગે ચઢશો, અને અંતે તે અમર પ્રેમ અનુભવશો. આવું જીવન ગાળવાથી, બીજાને મતફેર કરવાની કોશિશ કર્યા સિવાય શિખવી શકશો; આગળ પડવાનો મોહ નહીં છતાં, સુજ્ઞ પુરુષો તમને બહાર આણશે; અને લોક તમારે માટે સારો મત ધરાવે એવો પ્રયત્ન નહીં કરવા છતાં, તમે તેમના હૃદય જીતી શકશો. કારણ પ્રેમ સર્વને જીતે તેવો અને સર્વ શક્તિમાન છે. પ્રેમમય વાણી, કર્મ અને વિચારો કદી નાશ પામતા નથી.

●

નિઃસ્વાર્થ પ્રેમની આ ઈષ્ટ સિદ્ધિ છે.

તા. ૧૮ મી એપ્રીલ.

ખુશી થા! કારણ પ્રભાત થયું છે. આપણામાં સત્યરૂપી સૂર્યનો ઉદય થયો છે.

આપણી આંખો ઉઘડી છે અને ભ્રાંતિ–ભ્રમણારૂપી ઘોર રાત્રી નાશ પામી છે. સ્થૂળ અને મનને વ્યાકુળ કરે એવા વાતાવરણમાં આપણે લાંબી ઉંઘ લીધી છે; પાપવૃત્તિ રૂપી દુઃખદાયક સ્વપ્નામાં લાંબો કાળ અથડાયા છીએ; પણ હવે આપણને સત્યનું અને આત્માનું ભાન થયું છે; આપણે શુદ્ધ-સ્વરૂપને–કૃપાનિધિને શોધ્યા છે, અને અસત્–માયા સાથેની માથાકુટનો અંત આવ્યો છે.

આપણે ઉંઘ્યા, પણ એ ઉંઘ જાણી નહીં. આપણે દુઃખ વેઠયું, પણ તે (શાથી એ) જાણ્યું નહીં. આપણા સ્વપ્નામાં –સંસારરૂપી સ્વપ્નામાં વિટંબણા પડી, પણ આપણને કોઇએ જગાડયા નહીં; કારણ આપણી પેઠે સૌ સ્વપ્નાવસ્થા ભોગવતા હતા.* પણ તે સ્વપ્નાવસ્થામાં એક વાર આંચકો આવ્યો, સંકલ્પવિકલ્પ થયો. આપણી નિદ્રા ઉડી ગઈ. સત્યે આપણને બૂમ પાડી અને આપણે સાંભળી, એટલે જુઓ! આપણી આંખો ઉઘડી અને જોયું. (પ્રથમ) આપણે ઝોકાં ખાધાં, તે જોવામાં આવ્યું નહીં; પણ હવે આપણે જાગૃત છીએ અને જોઇએ છીએ. ખરે, આપણે જાગૃત છીએ તે આપણે જાણીએ છીએ, કારણ પવિત્ર વસ્તુ આપણે જોઈ છે જેથી પાપ તરફ જરાએ મોહ રહ્યો નથી.

સત્ય કેવું સુંદર છે? સત–પરમાત્માનો પ્રદેશ કેવો મહિમા-વાળો–સ્તુત્ય છે? ઋષિજીવનનું સુખ કેવું અવર્ણનીય છે?

---

* **સરખાવો: ગીતા ૨-૬૯—**

या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥

તા. ૧૯ મી એપ્રીલ.

સત્ય ગ્રહણ કરવા જૂઠ ત્યજો અને ભગવાનને ભજવા *માયાને છોડો.

પાપ કરવું એટલે સ્વપ્નામાં–વમળમાં પડવું, અને પાપ તરફ મોહ થવો એટલે અંધકાર–અજ્ઞાન અવસ્થા ગમે છે એમ જાણવું. જેને અંધકાર ગમે છે તેઓ તે સ્થિતિમાં જ ડુબ્યા રહે છે; હજુ તેમણે પ્રકાશ જોયો નથી. જેણે પ્રકાશ જોયો છે તે અંધારામાં ચાલવું પસંદ કરતો નથી. સત્ય જુએ એટલે તે તરફ પ્રેમ થાય જ, અને તેની સરખામણીમાં જૂઠ-માયાનો મોહ કાંઈ નથી. સ્વપ્નાવસ્થામાં પડેલો મનુષ્ય કોઈ વાર સુખી તો કોઈ વાર દુઃખી, હાલ વિશ્વાસનું પાત્ર તો પછી ભયમાં આવી પડે છે. તેને સ્થિરતા હોતી નથી તેમ કાયમનું આશ્રયસ્થાન હોતું નથી. પશ્ચાત્તાપ અને પ્રતિકાર–(કાર્યના બદલા) રૂપી રાક્ષસો જયારે તેની પુંઠે પડશે ત્યારે તે કયાં દોડી જશે? જો તે જાગૃત નહીં થાય તો એને નિર્ભયતાનું એકે સ્થાન નથી. સ્વપ્નાવસ્થામાં પડેલા મનુષ્યને તેના સ્વપ્ન સાથે (સંસારની મોહજાળ સાથે) માથાકુટ કરવા દો; સઘળી આપમતલબી વાંછનાઓની માયારૂપ–ઠગારી સ્થિતિ અનુભવવા દો. પછી જુઓ! તેની આધ્યાત્મિક દૃષ્ટિ સત્ય અને જયોતિર્મય દુનિયા પર પડશે. વસ્તુઓને ખરા સ્વરૂપમાં જોવાથી તે સુખી, ડાહ્યો અને શાંત થશે.

સત્ય એ જગતનો પ્રકાશ છે, મનનો સૂર્ય છે.

---

*કબીર—

માયા તરૂવર ત્રિવિધકા, શોક, દુઃખ, સંતાપ;
શીતળતા સ્વપ્ને નહીં, ફળ ફીકા તનતાપ.
કબીર! માયા મોહિની, માગી મીલે ન હાથ;
મન ઉતાર જૂઠી કરે, તબ લગ ડોલે સાથ.
માયા માથે સિંગડા, લંબા નવ નવ હાથ;
આગે મારે સિંગડાં, પિછે મારે લાત.

તા. ૨૦ મી એપ્રીલ.

સત્યના જ્ઞાનથી કાયમનું આશ્વાસન મળે છે.

સઘળું જ્યારે નાશ પામે છે ત્યારે સત્ય ટકી રહે છે. હૃદયમાં સુનકાર લાગે છે અને જગતમાં કોઈનો આશ્રય હોતો નથી ત્યારે સત્ય એજ નિશ્ચિંત ધામ અને શાંત *વિસામો હે છે. જીંદગીની ફિકરચિંતાઓ ઘણી છે અને તેનો માર્ગ મુશ્કેલી-ઓથી ભરેલો છે; પણ સત્યને ફિકરચિંતાની તમા નથી; તે સઘળી મુશ્કેલીઓ દૂર કરે છે. સત્ય આપણો ભાર હલકો કરે છે, તે આપણો રસ્તો આનંદરૂપ પ્રકાશથી ઉજ્વળ કરે છે. આપણાં વ્હાલાંઓ ચાલ્યાં જાય છે, મિત્રો ખસી જાય છે અને ધનસંપત્તિ–માલમતા જતી રહે છે, તો ધીરજ આપે એવો નાદ–એવી વસ્તુ કયાં છે ? મનનું સમાધાન કરનાર કયાં છે ? અસ્વસ્થને સ્વસ્થ કરનાર, વિખુટાં પડેલાંઓને દિલાસો દેનાર સત્ય છે. સત્ય જતું રહેતું નથી, ખસી જતું નથી કે નાશ પામતું નથી. સત્ય શાશ્વત શાંતિરૂપ સાંત્વન બક્ષે છે. સાવધ થાઓ અને કાન ધરો (લક્ષ આપો), જેથી સત્યનો પોકાર, વખતે પરમ પુરૂષનો નાદ (ઉદ્ગાર) પણ સાંભળી શકો.

સત્ય, દુઃખનો ડંખ કહાડી નાખે છે અને વિટંબણાનાં વાદળાં વેરી નાંખે છે.

---

* અખો—

નથી વાંક વિશ્વંભર તણો, જે કહિયે તે વાંક આપણો,
જેમ કોઇ ભોજન જમાડવા કરે, ત્યાં રીસાણો તે રીસે ફરે;
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે.
પૂર્ણાનંદ તે પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ;
દયા સારૂ લે દસ અવતાર, અસુર નિકંદન ભક્ત ઉદ્ધાર.

તા. ૨૧ મી એપ્રીલ.

જે પોતાની મોહજાળને વળગી રહે અને દેહ (હુંપણા)ને ચાહે તે *સત્ય શોધી શકે નહીં.

●

સત્ય, દુઃખમાંથી આનંદ અને અસ્વસ્થતામાંથી શાંતિ આણે છે; સ્વાર્થી જનોને સદાચારનો, અને પાપીઓને પુણ્યનો રસ્તો બતાવે છે. તેનો સ્વભાવ ન્યાયી કામ કરવાનો છે. શ્રદ્ધાળુ અને આતુર જનોને તે દિલાસો દે છે, આજ્ઞાધીનો પર શાંતિનો મુગટ મુકે છે. હું સત્યનો આશરો લઉં છું હો, સદાચારરૂપી આત્મામાં, સદાચારરૂપી જ્ઞાનમાં, અને સદાચારરૂપી કાર્યમાં મારો વાસ છે, અને મને હિમ્મત તથા આશ્વાસન મળે છે. એથી ઇર્ષ્યા રહી જ નથી અને વૈરભાવ જતો રહ્યો છે. વિષયવાસના ઘોરતમ કારાગ્રહમાં પૂરાઈ ગઈ છે, કારણ સત્યના ગહન પ્રકાશ આગળ તે બહાર આવી શકતી નથી. અહંકાર તુટી જઈ નાશ પામ્યો છે, અને પતરાજી-તોર ધુમ્મસની પેઠે પાણીપાણી થઈ ગયો છે. મેં મારૂં મન પૂર્ણ કૃપાનિધિ-મંગળમૂર્તિ તરફ અને મારૂં શરીર નિર્મળ માર્ગ તરફ વાળ્યું છે, અને એથી જ મને દિલાસો મળે છે.

●

સત્યનો આશરો લેવાથી મને હિમ્મત આવી છે અને શાંતિ મળી છે.

---

* છોટમ—

એક આધાર રાખે નિરાધારનો, જેથી સંસાર તું પાર પાડશે;
કલ્પિત વાતથી કાજ કાંઇ નવ સરે, તોય મથતાં કયમ તુપ મળશે.

તા. ૨૨ મી એપ્રીલ.

નિર્દોષ હૃદયવાળા અને નિષ્કલંક જીવનવાળા મનુષ્યો જ પૂર્ણ શાંતિનો લાભ લે છે. તેઓ આનંદી અને શાંતિપૂર્ણ હોય છે.

●

આપણાં સત્કર્મો આપણી સાથે રહે છે; તેઓ આપણને બચાવે છે અને રક્ષણ કરે છે. દુષ્કર્મો પાપરૂપ છે. આપણાં દુષ્કર્મો આપણી પૂઠે આવે છે અને લોભના સમયમાં આપણને ઉથલાવી પાડે છે. દુષ્કર્મ કરનારનું દુઃખમાંથી રક્ષણ થતું નથી, પણ સત્કર્મ કરનાર સઘળી ઈજામાંથી બચી જાય છે. મૂર્ખ મનુષ્ય તેના દુષ્કર્મને એવું કહેતો જણાય છે કે "તું છૂપાયલું રહે; પ્રકટ થઇશ નહીં." પણ તે તો પ્રકટ થઈ ચૂકયું જ છે; તેના પર દુઃખ આવી પડશે એ નક્કી છે. આપણે પાપ કરીશું તો આપણને કોણ બચાવશે ? સંકટ અને પરાજયમાંથી કોણ દૂર રાખશે ? સ્ત્રી કે પુરુષ, ધન કે અમલ, આકાશ કે પૃથ્વી કોઈ પણ વિનાશ અટકાવી શકશે નહીં. પાપના પરિણામથી નાસી છૂટવાનો રસ્તો જ નથી, આશરો નથી, તેમ બચાવનાર પણ નથી. જો આપણે સદાચારી હોઈશું તો આપણા પર શું આવી પડવાનું છે ? દુઃખ અને વિટંબણા કોણ આણનાર છે ? સ્ત્રી યા પુરુષ, ગરીબાઇ યા મંદવાડ, આકાશ યા પૃથ્વી વિનાશ આણી શકે તેમ નથી.

●

સરળ રસ્તે જાઓ એટલે પૂર્ણ શાંતિ મળશે.

તા. ૨૩ મી એપ્રીલ.

હે સત્યના પ્રેમીઓ! આનંદમાં રહો, દિલગીર થાઓ નહીં; કારણ પ્રભાતના ધુમ્મસની પેઠે તમારાં દુઃખો વેરાઇ જશે.

શિષ્ય—ગુરુઓના *ગુરુ! તમે મને શીખવો.

ગુરુ—તું પૂછ, અને હું જવાબ દઈશ.

શિષ્ય—મેં ઘણું વાંચ્યું છતાંએ હું હજી અજ્ઞાન છું; જુદા જુદા સંપ્રદાયના સિદ્ધાન્તોનો મેં અભ્યાસ કર્યો છે પણ તેથી મને જ્ઞાન મળ્યું નથી; ધર્મપુસ્તકો મારે મોંએ છે, પણ મારા હૃદયમાં શાંતિ નથી. હે ગુરુજી! જ્ઞાનનો માર્ગ બતાવો. દૈવી જ્ઞાનનો ધોરી માર્ગ ખુલ્લો કરી બતાવો; શાંતિને માર્ગે તમારા બાળકને દોરો.

ગુરુ—હે શિષ્ય! જ્ઞાનનો માર્ગ અંતઃકરણનું સંશોધન કરેથી —અંતઃકરણ ખોલેથી મળે છે; જ્ઞાનનો ધોરી રસ્તો ન્યાયી વર્તન આચરેથી જડે છે; અને શાંતિનો માર્ગ નિષ્પાપ જીવન ગાળેથી મળે છે.

પ્રેમરૂપી અમર આત્મા ઘણો દૂર હશે એમ લાગે છે. તે ઘણો દૂર નથી. તે કયાં છૂપાઈ રહે છે તે જુવો. ગમે તેવો હલકો (નીચ જાતનો) મનુષ્ય પણ, જો તે નિષ્પાપ જીવન હાલ ગાળે તો તેના હૃદયમાં તે દેખાય. (દરેકના હૃદયમાં પ્રેમરૂપી અમર આત્મા છૂપાયલો છે તેને જુવો.)

---

* છોટમ—

સદ્ગુરુ મળિયા રે, તેનું કારજ સરિયું,
આત્મતત્ત્વ ઓળખાવ્યું, તે જોઇને ચિત્ત ઠરિયું;
પિંડ બ્રહ્માંડ પાર પરમેશ્વર, ત્યાં જઇને ઘર કરિયું. સદ્ગુર.
લક્ષણવંત લક્ષ્યે પૂરા, તે ગુરુ પાર ઉતારે;
લક્ષ્ય વિનાને લક્ષણ હોય તો, જનનું કામ ન સારે. સદ્ગુર.
લક્ષ રુપિયા લોચન નહીં તે, ગુરુનો કરજે સ્હાય;
અંધે અંધે રહે અથડાતા, બંને ગોથાં ખાય. સદ્ગુર.

તા. ૨૪ મી એપ્રીલ.

તેં જે જીત મેળવવી શરૂ કરી છે તે મહાન છે; તારા દેહ ઉપર જે પરમ જીત તું મેળવે છે તે કાંઈ નાની સૂની નથી; શ્રદ્ધા રાખ એટલે તું ફત્તેહમંદ થઈશ જ.

શિષ્ય—હે ગુરુજી ! મને આગળ દોરો, કારણ હું ઘણો અજ્ઞાન છું. હે પ્રભુ ! એ અંધકાર–મારૂં અજ્ઞાન દૂર થશે ? મારા પ્રયત્ન યશવંત નીવડશે ? અને મારી અનેક પીડાઓનો અંત આવશે ?

ગુરુ—જ્યારે તારૂં અંતઃકરણ નિર્દોષ થશે ત્યારે અંધકાર નાશ પામશે. જ્યારે તારૂં મન મનોવિકારથી મુક્ત થશે ત્યારે તારી કસોટીનો અંત આવશે, અને જ્યારે દેહાધ્યાસના વિચાર તું છોડી દઈશ ત્યારે દિલગીર થવાનું એકે કારણ રહેશે નહીં. હમણાં તું સંશુદ્ધિ–નિર્દોષપણાના અને સુધારણાના માર્ગ પર છે; મારા સહુ શિષ્યોએ તે રસ્તે જવું જોઇએ. જ્ઞાનના ઉજ્વલ પ્રકાશમાં તું દાખલ થાય, સત્યનો પૂર્ણ મહિમા તું જુએ, તે-પહેલાં તારી સઘળી મલિન* વાસનાઓ દૂર થવી જોઇએ, તારી ભ્રમણાઓ છૂટવી જોઇએ, અને તારૂં મન ધૈર્યથી કઠણ થવું જોઈએ. સત્યમાંથી તારી શ્રદ્ધા ચળે નહીં એ જોજે; સત્ય નિરંતર સર્વોપરી છે એ ભૂલીશ નહીં, અને એટલું યાદ રાખજે કે સત્યનો સ્વામી હું તારૂં રક્ષણ કરૂં છું.

શ્રદ્ધા રાખ અને ધીરજ ધર, હું સર્વ બાબતો શીખવીશ.

---

* છોટમ—

પ્રભુનો મારગ સહુથી સહેલો, એક અટપટું એમાં રે,
નિર્મળ મન પોતાનું કરવું, જ્યોતિ પ્રકાશે જેમાં રે.
ધનુરવેદીની જેવી ધારણા, અધરી જાણો એમાં રે.
હેઠે તાકે ઉપર વીંધે, ખરી ચાતુરી તેમાં રે.

તા. ૨૫ મી એપ્રીલ.

જે સત્યને આજ્ઞાધીન છે તે સુખી છે; તે અસ્વસ્થ રહેતા જ નથી.

●

શિષ્ય—મોટી અને નાની શક્તિઓ કઈ છે?

ગુરુ—હે શિષ્ય! ફરીથી સાંભળ. નિર્દોષપણાને અને સુધારણાને (વિવેક વિચારને) માર્ગે પ્રમાણિકપણે જવાથી, તે ત્યજવાથી નહીં પરંતુ તેના વ્રત નિયમ પાળેથી, તું શિષ્ય પદની ત્રણ નાની શક્તિઓ પ્રાપ્ત કરી શકીશ; ત્રણ મોટી શક્તિઓ પણ તને મળશે; અને એ નાની તથા મોટી શક્તિઓ તને અજીત બનાવશે. આત્મસંયમ, સ્વાશ્રય અને હોશિયારી (ખબરદારી)—આ ત્રણ ન્હાની શક્તિઓ છે. દૃઢતા, ધીરજ, મૃદુતા આ ત્રણ મોટી શક્તિઓ છે. જ્યારે તારૂં મન યથાસ્થિત કાબૂમાં આવી તારા કહ્યા પ્રમાણે વર્તશે, જ્યારે સત્ય સિવાય બીજી કોઈ બહારની મદદ પર તું આધાર રાખીશ નહીં, અને જ્યારે તારા વિચારો અને કર્મો પર સતત નજર રાખીશ, ત્યારે તે પરમ જ્યોતિને તું પહોંચીશ.

●

તારૂં અજ્ઞાન સમૂળગું જતું રહેશે અને તારે ડગલે ડગલે આનંદ અને પ્રકાશ પડશે.

તા. ૨૬ મી એપ્રીલ.

દરેક કાર્ય ઉમંગથી કર, ધીરજ રાખી સઘળું સહન કર, અને તારા ઠરાવ-નિયમ મક્કમપણે પાળ.

●

ભોગવિલાસ સારૂ લાલસા, સાંસારિક વસ્તુઓ સાથે વળગણ, દેહ ઉપર પ્રેમ અને પોતાની જાતની વૃદ્ધિ થતી રહે એવી વાંછના: આ ચાર વસ્તુઓથી અંતઃકરણ મલિન થાય છે; સઘળાં પાપ અને દુઃખ આ ચાર અપવિત્ર વાસનામાંથી સ્ફુરે છે. તારૂં હૃદય ધો; વિષયવાસના દૂર કર, ધન સંપત્તિ પરથી તારૂં મન મોકળું કર, જાતબચાવ અને બેડસાઇ (પતરાજી) છોડી દે. સઘળી વાસનાઓ આ રીતે ત્યજવાથી તને સંતોષ વળશે; નાશવંત વસ્તુઓ તરફની મનની આસક્તિ છોડી દીધેથી તું જ્ઞાન પ્રાપ્ત કરીશ; પોતાના દેહનો વિચાર ત્યજવાથી તને શાંતિ મળશે. જે નિર્દોષ છે તે વાસનાથી મુક્ત છે, તેને ઇન્દ્રિયવિષય તોફાન-સંક્ષોભની લાલસા નથી; વૈભવ કે ગરીબાઈ, લાભ કે હાની, હાર કે જીત, જીવતાં કે મરણપથારી પર તે તેવો જ—સ્વસ્થ રહે છે. તેનું સુખ સ્થાયી છે: તેને ચિર શાંતિ જ છે.

●

દૈવીપ્રેમને મક્કમપણે વળગી રહે, અને તેને તારૂં જીવન-તારો માર્ગ રચવા દે.

તા. ૨૭ મી એપ્રીલ.

જે કર્મ શાશ્વત નિયમ મુજબ છે તે કરતાં મને શીખવો, જેથી હું સાવધ રહું અને નિષ્ફળ જાઉં નહીં.

●

અન્યાયી પુરુષ તેની મનોવૃત્તિઓથી દોરાય છે; "ગમવું" અને "નહીં ગમવું" એ તેના શેઠો છે; શંકાવિશંકા અને પક્ષપાત તેને અંધ બનાવે છે; વાસના રાખતો અને દુઃખ વેઠતો, વળખાં મારતો અને પસ્તાતો છતાં તે આત્મસંયમ જાણતો નથી અને તેથી તેને અજંપો ઘણો થાય છે. ન્યાયી પુરુષને તેની મનોવૃત્તિઓ આધીન છે; "ગમવું" અને "નહીં ગમવું" એ તેણે કમસમજનાં લક્ષણ ગણી ત્યજી દીધાં છે; ખોટો મત અને પક્ષપાત તેણે દૂર કર્યા છે. કંઇપણ અભિલાષા નહીં હોવાથી તે પરિતાપ પામતો નથી; પૂર્ણ આત્મસંયમી હોવાથી તેનામાં પરમ શાંતિ વસે છે.

તિરસ્કાર કે મિજાસ કરશો નહીં, અને વેર લેશો નહીં; વાદવિવાદ યા પક્ષાપક્ષીમાં ભળશો નહીં. બધા પક્ષ સાથે શાંતિથી રહો, પ્રમાણિક થાઓ અને સાચું બોલો. મૃદુતાથી દયાભાવથી અને ઉદાર દિલથી વર્તો. અતિશય ખામોશ પકડો. પ્રેમને મક્કમપણે વળગી રહો અને તમારાં કર્મો તેવાં થવાં દો. ભેદદૃષ્ટિ રાખ્યા સિવાય સર્વ તરફ સદ્ભાવના રાખો. સમદૃષ્ટિથી સૌનો સરખો વિચાર કરો અને કોઈથી અકળાશો નહીં.

●

વિચારશીલ અને જ્ઞાની, મક્કમ (૯૯) અને દયાળુ થાઓ.

તા. ૨૮ મી એપ્રીલ.

***દેહાભિમાનનો એકે વિચાર ઘૂસી જઇ તને કલંક લગાડે નહીં તે માટે સાવધ રહે.**

તારો દેહ છે જ નહીં એમ સમજ. તારા દેહને સુખભોગ યા લાભ મળે એવા વિચાર નહીં, પરંતુ તારા સર્વ કર્મોથી બીજાઓનું અને જગતનું કલ્યાણ થાય એવા વિચાર કર. જનસમાજથી તું કાંઈ અળગો કે વિભક્ત પડેલો નથી, તું તેમની સાથે જોડાયેલો છે. તારા દેહ સારૂ બીજાઓની સામે સ્પર્ધા ન કર, પણ સર્વ સાથે એકદિલ રાખ. કોઇ પણ મનુષ્યને દુશ્મન ગણીશ નહીં, કારણ સૌનો તું મિત્ર છે. સૌ સાથે શાંતિથી રહે. સઘળા જીવંત પ્રાણીઓ તરફ દયાનો પ્રવાહ વહેવડાવ, અને તારી વાણી તથા કર્મો અનહદ પ્રીતિભાવથી શોભાવ. સત્યનો આનંદમય રસ્તો આવો છે. અજરામરને અનુસરતું વર્તન આવું હોય છે. ન્યાયપૂર્વક વર્તનાર ખુશખુશી રહે છે. જે નિયમો અચળ અને અક્ષય છે તે મુજબ તે વર્તે છે. અજરામર સાથે તે તદ્રૂપ છે, અને તે અજંપાની પાર ગયેલો છે. ન્યાયી પુરુષને સંપૂર્ણ શાંતિ હોય છે; તે શાંતિમાં ફેરફારથી અને અસ્થિરતા (ડગમગા)થી ખલેલ પહોંચતી નથી. રાગવિરાગથી મુક્ત હોવાથી તે સમદર્શી અને શાંત હોય છે, અને પરિતાપ પામતો નથી. વસ્તુઓને તે તેના ખરા સ્વરૂપમાં જુએ છે તેથી તે જરાએ ગભરાતો નથી.

શાશ્વત જ્યોતિ તરફ તારી નજર ફેરવ.

---

*કવિ છોટમ—

શત્રુ સબળ છે શરીરમાં, મોટા મનના વિકારજી;
ધર્મરૂપી ધન એ હરે, વિના વસ્તુ વિચારજી.

તા. ૨૯ મી એપ્રીલ.

જેઓ જ્ઞાન મેળવવા આતુર હોય છે તેમને તે મળે છે. જેઓ *જ્ઞાનદૃષ્ટિ મેળવવા પ્રયત્ન કરેછે તેમને તે પરિપૂર્ણ દશાએ પહોંચાડેછે. નિર્દોષ હૃદયને શાંતિ કહે છે કે બધુ નાશ પામે છે, પણ સત્ય રહે છે.

તારી દ્રઢતા અને સ્વાશ્રય વધાર; તારા મનના ભૂતો–ભમતા વિચારો તારી મરજીને અનુસરે એમ કર. તારો દેહ તારા કબજામાં રહે છે એ જોતો રહેજે, અને એકે મિજાજ, શુભ વાસના કે ચલિત વૃત્તિ તારી અધોગતિ આણે નહીં એની દેખરેખ રાખજે. જો તને ઉથલાવી પાડે તો પાછો ઊભો થજે; અને અધઃપતનથી મળેલા જ્ઞાન અને નમ્રતાનો લાભ લઈ તારૂં મનુષ્યત્વ ફરી પ્રાપ્ત કરજે.

તારૂં મન કબજ કરવા હમેશ યત્ન કર, અને જે કાંઇ તારા પર આવી પડે–તને કષ્ટ આપે–તે દરેક બનાવથી થોડો ઘણો સાર ગ્રહણ કર; આવી પડેલાં અને વશ કરેલાં કષ્ટોથી તારી દૃઢતાનો ખજાનો વધારતો જા.

ઉમદા વિચાર સિવાય બીજા કશાને તાબે થતો નહીં; જ્યારે તારી સંપૂર્ણ દૃઢતાની કસોટી થાય ત્યારે, એક જોરાવર પહેલવાન જીત મેળવવા સારૂ જેવો પ્રયત્ન કરે છે તેવો પ્રયત્ન કરી રાજી થા.

જ્યાં સદ્‌ગુણ દોરે ત્યાં, ઊંચે-વધુ ઊંચે જાઓ; નિર્દોષ ભાવના જે સૂચવે તે લક્ષ દઈ સાંભળો; તેનો વેગ નરમ પાડો નહીં. જુઓ! જે સહુ કામનાઓથી શુદ્ધ થઈ ઊંચે આવે છે તે ખસુસ પરમાત્મા જોશે.

---

* કવિ ગોપાળદાસ—

સપ્ત ધાતુ સહુ એક છે, જીવ સકળનો એક;
ઉત્તમ મધ્યમ કોણ છે, જ્ઞાન ચક્ષુએ દેખ.
ઉત્તમ તું હુંએ નહીં, મધ્યમ તું હું નાહીં;
પંચભૂતનાં પૂતળાં, કોઇ ગેબી બોલે માંહી.
ગેબી બોલે ગેબથી, તેહનું રૂપ નરેશ;
ખેલ બીચે કરી ના બીસે, તું જ્ઞાનચક્ષુએ દેખ.

તા. ૩૦ મી એપ્રીલ.

જ્યાં સુધી તે મુક્તિ મેળવે નહીં ત્યાં સુધી જે પાપ અને શોક, ત્રિતાપ-ત્રિપીડા (આધિ, વ્યાધિ, ઉપાધિ) અને વિલાપો સામે લડત ચલાવી રહે છે તેને મુક્તિનો આનંદ થવો જ જોઇએ.

●

લાલસા, તૃષ્ણા અને આસક્તિનો, નિરાશા, ક્લેશ અને શોકનો, બીક, સંશય અને કલ્પાંતનો ગુલામ થતો નહીં, પણ તારા અહંભાવને-હુંપણાને સ્વસ્થ ચિત્તે કાબૂમાં રાખજે; જેણે આજ સુધી તને વશ રાખ્યો છે, જે બીજાઓને વશ રાખે છે, જે તારામાં છે (તારા શરીરમાં છે-તારી શક્તિ બહાર નથી) તેને વશ કર. તારા મનોવિકારો તારા પર રાજ્ય ચલવે નહીં, પણ તું તેમના પર રાજ્ય ચલવ; જ્યાં સુધી ક્રોધ શાંતિરૂપે પલટાય નહીં અને જ્ઞાનદૃષ્ટિ તારૂં કાર્ય પરિપૂર્ણ કરે નહીં ત્યાં સુધી તારા હુંપણા પર જીત મેળવ. એ રીતે તું સિદ્ધિ ખચીત મેળવીશ, અને તેમ થયે સત્યને જાણીશ.

તારા ભીતરમાં જો. જુઓ, ચલિત વસ્તુઓની વચમાં તે અવિચળ રહેલો છે; કોલાહલની મધ્યમાં પરમશાંતિ વસી છેઃ જગતની અતૃપ્ત સ્પર્ધાનું મૂળ ક્રોધ-મનોવિકાર છે. જે ક્રોધને અનુસરે છે તે દુઃખી થાય છે; પણ જે તેને જીતે છે તે શાંતિ પામે છે.

●

હું અજ્ઞાન છું, છતાંએ જાણવા પ્રયત્ન કરૂં છું. મુક્તિ મળતાં સુધી મારો પ્રયત્ન બંધ પડશે નહીં.

તા. ૧ લી મે.

ધીરજ ધરો. જે દૃષ્ટિને પરમાનંદનાં દર્શન થાય તેના શિખરે તમે ખચિત પહોંચશો.

●

શિષ્યઃ–હું જાણું છું કે ક્રોધે ભરાયા પછી ખેદ થાય છે, હું જાણું છું કે શોક, અજ્ઞાન અને બળાપો જગતનાં સર્વ મોજ-શોખ સાથે હોય છે; તેથી જ હું દિલગીર છું. તોપણ સત્ હોવું જોઈએ, અને તે છે તેથી તેને શોધી કઢાશે, અને જો કે હું દુઃખી છું તોપણ એટલું તો જાણું છું કે જ્યારે મને સત્ મળશે–સત્યનો સાક્ષાત્કાર થશે ત્યારે હું રાજી થઈશ.

ગુરુઃ–સત્થી–સત્ મળવાથી જે આનંદ થાય છે તે કશાથી મળવાનો નથી. શુદ્ધ અંતઃકરણવાળા સુખના સમુદ્રમાં તરે છે, અને તેમને પછી કોઈ પણ વખત આધિ કે વ્યાધિ પીડા કરતાં નથી. બ્રહ્માંડ રચના જોયા પછી શોક કોને રહે ? જ્ઞાન મેળવવું એ સુખી થવાનો માર્ગ છે; જેઓ પૂર્ણતા પામ્યા છે તેઓ આનંદ ભોગવે છે. આવા લોકો જ સત્યને અનુભવે છે, જાણે છે અને તે મુજબ વર્તે છે.

●

જે સંયમી છે તે સત્ય શોધી કાઢશે.

તા. ૨ જી મે.

નીતિ-ધર્મ, આત્માનુભવમાં લીધા સિવાય ત્રણ લોકમાંથી એકેમાં જીવાત્માને ચિરસ્થાયી શાંતિ મળે તેમ નથી.

●

દરેક જીવાત્મા, જ્ઞાનોની અથવા અજ્ઞાનીની રીતે ધર્મિષ્ઠ થવા સારૂ લાલસા રાખે છે, અને દરેક જીવ તે વૃત્તિ તેની અમુક રીત મુજબ-સ્વભાવ મુજબ, અને તેના પોતાના જ્ઞાનની ભૂમિકા મુજબ સંતોષવા ઈચ્છે છે. લાલસા એક વસ્તુ છે; અને નીતિ, નિયમ-ધર્મ પણ એક વસ્તુ છે; પણ ધર્મ ખોલવાના રસ્તા ઘણા છે. જેઓ તન દઈ-જ્ઞાનની રીતે શોધે છે તેઓ પરમાનંદ ભોગવે છે, અને આત્માને, જે છેવટનો અને કાયમનો સંતોષ-શાંતિ ફક્ત ધર્મ એકલો જ આપી શકે છે તેનો લાભ થોડા કાળમાં મળશે. કારણ ખરા રસ્તાનું-સન્માર્ગનું જ્ઞાન તેમને મળ્યું છે. જેઓ અજ્ઞાનની રીતે શોધે છે તેઓ, જો કે સુખરૂપી સમુદ્રમાં થોડો વખત નહાશે તો-પણ પરમાનંદ ભોગવશે નહીં. કારણ, તેઓ પોતાને માટે દુઃખના માર્ગ કોરી રાખે છે, જે રસ્તે પગમાં વાગે અને પગ ચીરાય તોપણ ચાલવું પડે છે-તે પછી જ, ધર્મિષ્ઠને જે અખંડ વારસો મળે છે, તે પોતાને નહીં મળવાથી જીવ પોકાર કરી મુકશે.

●

જેઓ ખરા મનથી અને બુદ્ધિપૂર્વક શોધ કરે છે, તેઓ પરમાનંદ ભોગવે છે.

તા. ૩ જી મે.

પ્રતાપી, તેજસ્વી, સ્વતંત્ર-નિષ્પાપી, અને પંચભૂતના ત્રાસથી મુકત એવા તું! (તેની આ સ્થિતિ!)

●

મોક્ષ પામવાની (ચોર્યાશી લક્ષ યોની રૂપી) મજલ લાંબી અને કંટાળાભરી, અથવા ટૂંકી અને ઝડપી થાય છે. એ મુસાફરીમાં એક ક્ષણુ લાગે, અગર હજારો યુગો વહી જાય. શોધખોળ કરનારના ધર્મ અને શ્રદ્ધા ઉપર એનો આધાર છે. જનસમાજનો મોટો ભાગ તેમની અશ્રદ્ધાને લીધે ત્યાં દાખલ થઈ શકતો નથી. કારણુ જ્યાં મનુષ્યોને ધર્મમાં અને તેની સિદ્ધિની શકયતામાં ઈતબાર નથી ત્યાં તેઓ ધર્મને કેવી રીતે અનુભવી શકે? બાહ્ય જગત્-સંસાર અને તેમાંની પ્રત્યેક આશ્રમની ફરજો છોડી દેવાની જરૂર નથી. ના, ના; પોતાની ફરજો નિષ્કામ વૃત્તિથી બજવેથી જ તે (ધર્મ) મળી શકે છે. પણુ જેમને (ધર્મમાં) શ્રદ્ધા છે, અને તે મેળવવા ઉમેદ રાખે છે, તેઓ, જો તેમના સાંસારિક કામોમાં નિર્દોષ સદાચારથી નિરાશ થાય નહીં, અથવા તેને વિસરી જાય નહીં, અને અડગ નિશ્ચયથી સિદ્ધાવસ્થાએ પહોંચે ત્યાં સુધી આગળ વધવાનું ચાલુ રાખે, તો વહેલા મોડા ફતેહ મેળવશે.

●

અંતરના સૂર પ્રમાણે બહારનું જીવન એકરાગ રાખવું.

તા. ૪ થી મે.

આપણું વર્તન નિયમસર અને શુદ્ધ-નિર્દોષ જોઈએ.

●

સ્પર્ધાની સૃષ્ટિમાંથી પ્રેમમય સૃષ્ટિ સુધીની આખી મુસાફરીનું સમાધાન નીચેના શબ્દોમાં કરી શકાયઃ—આપણું આચરણ નિયમિત અને શુદ્ધ રાખવું. આ રસ્તો જો ખંતથી ચાલુ રખાય તો સિદ્ધાવસ્થા જરૂર પમાય છે. વળી એટલું પણ જણાશે કે જેમ જેમ મનુષ્યને, તેના અંતરમાં રહેલી અમુક શક્તિઓ પર કાબૂ મળે છે તેમ તેમ તે સઘળી શક્તિઓના પ્રદેશ પર અસર કરતા સઘળા નિયમોનું તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેની પોતાની અંદર થતી કાર્યકારણની અખંડ ક્રિયા સમજ પડે ત્યાં સુધી તપાસ્યા કરેથી તેને જણાશે કે (પોતાના શરીરની માફક) આખી મનુષ્યજાતિમાં વિશ્વવ્યાપી એક સરખી ગોઠવણ છે.

આ ક્રિયાથી મન પણ સરળ થાય છે, અને ચારિત્ર્યને જરૂરી જણાતું (આત્મારૂપી) સુવર્ણ રાખી બીજો સઘળો કચરો તે ચાળી નાંખે છે.

●

તે પોતાના પંડ સારૂ નહીં પણ બીજા સારૂ જીવે છે: અને એવું જીવન ગાળતો તે ઉત્તમોત્તમ સુખ અને ગહન શાંતિ અનુભવે છે.

તા. ૫ મી મે.

***શ્રીકૃષ્ણના ઉપદેશ ખરા મનથી પાળવા પ્રયત્ન કરવો એથી વિશેષ સારૂં જીવન હોઇ શકે નહીં.**

●

સદાચારી મનુષ્ય દયારૂપી ફૂલ છે–માણુસ માત્રનું નાક છે. કંઈને કંઈ સ્વાર્થવૃત્તિ દાબી હમેશ વધુ શુદ્ધ, પ્રૌઢ, દૈવી થતા જવું. એ ગુણો પરમ પુરુષ તરફ આપણું મન સતત ખેંચી જાય છે. "જે મારો શિષ્ય થવા ઇચ્છે તેણે હમેશ 'આ દેહ તે હું નહીં' એમ કહેવું." આ વચન કોઈ નહીં સમજી શકે યા તેનો ઊંધો અર્થ કરાય તેમ નથી, પછી ભલે તે ધ્યાનમાં ન લેવાય. જગતમાં સદ્દ્વર્તન જેવી બીજી વસ્તુ કોઇ ઠેકાણે નથી; અને જ્યાં સુધી મનુષ્ય તે મેળવી શકે નહીં ત્યાં સુધી તેની પાસે કંઇ પણ યોગ્ય કે ચિરકાળ ટકે એવું નથી. સદાચાર પ્રાપ્ત કરવાનો એક જ રસ્તો છે, અને તે એ જ કે સત્‌ની–સદ્દ્વર્તનની વિરૂદ્ધ જતી એકેએક સઘળી વસ્તુ ત્યજવી. પ્રત્યેક સ્વાર્થી તૃષ્ણા નિર્મૂળ કરવી જોઈએ; પ્રત્યેક અશુદ્ધ વિચાર ત્યજવો જોઇએ; આબરૂ–કીર્તિની પ્રત્યેક વાસનાનો ભોગ આપવો જોઈએ; અને આ પ્રમાણે કરેથી જ શ્રીકૃષ્ણના ઉપદેશને અનુસર્યા કહેવાય છે.

●

પ્રેમી અને આત્મભોગ આપતું હૃદય સઘળા પંથ, શ્રદ્ધા અને કીર્તિની પર હોય છે.

---

* શ્રીકૃષ્ણને બદલે જે અવતારી પુરુષ યા શકિતમાં વાંચનારને શ્રદ્ધા હોય તેનું નામ આ ઠેકાણે અને અન્યત્ર મૂકીને વાંચવું.

તા. ૬ ઠ્ઠી મે.

પોતે હમેશ પ્રેમમય રહેવું અને બીજાઓ તરફ પ્રેમ દેખાડવો એ સત્ય જીવન જીવ્યા બરોબર છે. એજ આપણો પ્રાણ-આત્મા છે.

●

શ્રીકૃષ્ણે એવું જીવન ગાળ્યું હતું, અને સૌ મનુષ્યજીવો નમ્ર રીતે અને ખરા અંતઃકરણથી તેમનો ઉપદેશ પાળે તો તેવું જીવન ગાળી શકે. જ્યાં સુધી તેઓ આવું વર્તન રાખવા ના પાડશે, અને તેમની વાસના, રાગવિરાગ, અને અભિપ્રાયો ને-આપમતને વળગી રહેશે ત્યાં સુધી તેઓ તેમના શિષ્યો ગણી નહીં શકાય; તેઓ તેમના પંડના શિષ્યો-સ્વમતાનુસારી છે. "ખરેખર, હું તમને કહું છું કે જે પાપ કરે છે તે પાપનો ગુલામ છે." પ્રભુએ આ વચન પૂરી તપાસ કરીને જ જાહેરમાં મૂકયું હતું. ખરાબ સ્વભાવ, વિષયવાસના, કઠોર શબ્દો અને ટીકાઓ, અંગતદ્વેષ, નાની નાની લડવાડો, અને તેમના પ્રિય-મનગમતા મતોને વળગી રહે છતાંએ પ્રભુ મળે એ વિચાર-એ ભ્રમણા મનુષ્યો છોડી દે તો સારૂં. જે કંઇ મનુષ્યને મનુષ્યથી જુદા પાડે છે, મનુષ્યને સત્‌થી દૂર રાખે છે તે પ્રભુનું નથી-પ્રભુમાં હોય નહીં; કારણ પ્રભુ પ્રેમસ્વરૂપ છે.

●

પાપી અને અવતારી પુરુષનો એક સાથે વાસ હોઈ શકે નહીં. અને જે કોઈ શ્રીકૃષ્ણના જેવું સદાચારી-પવિત્ર જીવન ગાળે છે તે પાપથી મુક્ત થાય છે.

તા. ૭ મી મે.

જયારે *પ્રભુના સંબંધમાં–તેમના અસ્તિત્વ બાબત શંકા લેવા-માં આવે છે ત્યારે પ્રભુથી કેવળ વિમુખ થવાય છે.

●

અપવિત્ર વાસનાને વળગી રહેવામાં જેટલાં પાપ અને સ્વાર્થવૃત્તિ છે, તેટલાજ પોતાના મતને વળગી રહેવામાં છે. આમ સમજીને સદાચારી પુરુષ પ્રેમમય ભાવનાને પોતાના તન, મન અને ધન અર્પણ કરી દે છે, અને સૌ તરફ પ્રીતિ રાખે છે. કોઈ સાથે કલહ કરતો નથી, કે કોઈને ધિક્કારતો નથી, પણ સૌને ચાહે છે. અને તેમના મત, પંથ–સંપ્રદાય, પાપવૃત્તિ, ચડસાચડસી, વિટંબણા અને દુઃખી હૃદયની પાર જુએ છે. " જે પોતાની જીંદગી વહાલી ગણે છે તે તે ખોશે." જે તેના નજીવા, સાંકડા, પાપ તરફ પ્રીતિ કરતા, કલહ કંકાસ કરતા પંડને–પ્રકૃતિને મન કચવ્યા વગર ત્યજશે, તેને શાશ્વત જીવન મળશે, કારણ તેમ કરેથી જ તે તે ગહન, સુંદર, સ્વ-તંત્ર અને પ્રેમથી છલકાતા ભવ્ય જીવનમાં દાખલ થઈ શકશે. જીવનનો પંથ આ છે; કારણ સરળતા રૂપી દરવાજો એ જ સત્કર્મનો દરવાજો છે.

●

આત્મભોગ, આત્મત્યાગ રૂપી રસ્તો એ (પ્રભુને પામવાનો) ટૂંકો રસ્તો છે.

---

*કબીર—

ઘન બિન કછુ ન દેખિયે, રામ રહા ભરપૂર;
જીન જાપ્તો તિન પાસ હૈ, દૂર કહા ઉન દૂર.

તા. ૮ મો મે.

જ્યાં સુધી માણસ પોતાની જાતને અભ્યાસી-શિખાઉ તરીકે ગણશે નહીં ત્યાં સુધી તે શીખી શકશે નહીં.

●

"બીજાઓ તરફ હું કેવી રીતે વર્તું છું ?" "બીજાઓ સારૂ હું શું કરૂં છું ?" "બીજાઓ સંબંધી હું કેવા વિચાર કરૂં છું ?" "જેવી રીતે મારા તરફ હું બીજાઓનું વર્તન ઇચ્છું, તેવી રીતે તેમના તરફ મારા વિચારો અને કર્મો નિઃસ્વાર્થ પ્રેમથી પ્રેરાયલા છે, કે અંગત અણગમો, નિર્જીવ વેર, અગર ટૂંકા ધર્માંધ અને દૂષિત વૃત્તિનાં તે પરિણામ છે ?". જ્યારે મનુષ્ય પોતાની જાતને–જ્યારે તેનો આત્મા શુદ્ધ શાંતિ ભોગવતો હોય ત્યારે–આવા કસોટી કરે એવા સૂક્ષ્મ સવાલો પૂછે, અને તેના સહુ વિચારો અને કર્મો, શ્રીકૃષ્ણના મૂળ ઉપદેશના ભાવ મુજબ કરે, ત્યારે તેની બુદ્ધિ પ્રબોધિત થશે, જેથી તે કયાં કયાં ભૂલ્યો એ અચૂક જોશે, અને તેનું હૃદય અને વર્તન સુધારવામાં તેણે શું શું કરવું જોઇએ, અને તે કયે રસ્તે કરવું તે તે જોશે.

●

પાપવૃત્તિની સામે થવું* (જેવાની સાથે તેવા થવું) એ યોગ્ય નથી. સદ્દવર્તન આચરવું એ ઉત્તમોત્તમ છે.

---

* शठं प्रति शाठ्यं कुर्यात् ॥

તા. ૯ મી મે.

પશુવત્ જીવન ગાળનાર મનુષ્યજીવમાં અંગત વિરોધો ભલે પ્રકૃતિજન્ય-સાધારણ ગણાય, પણ દૈવી જીવનવાળાના હૃદયમાં તેને સ્થાન હોતું નથી.

●

જ્યારે મનુષ્યજીવ પાપવૃત્તિ સામે-રજોગુણી, તમોગુણી પુરુષોની સામે-થવામાં રોકાયલો રહે છે ત્યારે તેનાથી કંઇ સત્કર્મ કરી શકાતું નથી. એટલું જ નહીં પણ બીજાઓના જે રાગવિરાગ અને ખોટા વિચાર સામે તે ધિક્કાર બતાવે છે તેમાં જ તે ખરેખર ગૂંચવાયલો હોય છે; અને તેના મનની આ સ્થિતિનું ખુલ્લું પરિણામ એ આવે છે કે તે પોતે જ પાપાત્મા ગણાઈ બીજાઓ તેની સામે થાય છે. કોઈ પણ મનુષ્ય, મંડળ, ધર્મ કે રાજ્યબંધારણને દુઃખકર્તા ગણી તેની સામે થશે તો તે પોતે જ તેવો ગણાઈ તેનો અટકાવ થશે. તેને પોતાને હેરાનગતિ થાય અને પોતે દૂષિત ગણાય એ જેને મન મોટા દોષ છે, તેણે બીજાને સંતાપતાં અને દોષ દેતાં અટકવું જોઇએ. તેના મનને આજ સુધી જે જે દોષરૂપ ગણાયું હોય તે સૌ તરફથી તેણે ખસી જવું, અને તેમના ગુણ તરફ નજર રાખવી. આ શિખામણ એટલી ગહન અને એટલી બધી અસરકર્તા છે કે તેનું આચરણ માણસને દૈવી જ્ઞાન અને સિદ્ધિના ઉચ્ચ શિખરે લઇ જશે.

●

જે શ્રીકૃષ્ણનાં બોધવચન પાળશે તે પોતાના જાતને જીતશે' અને તેને દૈવી જ્ઞાન મળશે-તે દૈવી પ્રકાશ જોશે.

તા. ૧૦ મી મે.

દયાનો ગુણ ખરેખર દૈવી છે.

મનુષ્યજીવ પાપગૃહોમાં એટલો બધો વખત ભરાઇ રહેલો છે કે તે છેવટે પોતાને તેના ઘરનો કીડો-વતની હોય, અને દૈવીસ્થાનથી વિખૂટો પડેલો-ભ્રષ્ટ થયેલો હોય એમ સમજે છે, અને તે (દૈવી) સ્થાન તેની શક્તિ બહાર છે અને પામવું મુશ્કેલ છે એવું તે માને છે. મનુષ્ય મૂળથીજ દૈવી ચેતનાવાળો-આત્મસ્વરૂપ પ્રાણી છે, અને તેમ હોવાથી અમર આત્મા-શાશ્વત ચૈતન્ય જેમને જનસમૂહ ઈશ્વર કહે છે તેમના તત્વ અને ગુણવાળો છે. સદ્‌વર્તન, નહીં કે પાપ તેનો ખરો ગુણ છે; અપૂર્ણતા-*જીવપણું નહીં પરંતુ પૂર્ણતા-શિવપણું તેનું મૂળ સ્વરૂપ છે. અને આ સ્થિતિ, જો મનુષ્ય એક સરત કબૂલ રાખે, તે મુજબ વર્તે તો જોઈ શકે અને ચાલુ કાળમાં અનુભવી શકે-અને તે સરત એ જ કે તેની ચંચળ વાસનાઓનો, તેની અહંવૃત્તિનો, તેની બેડસાઈ અને આપમતલબિયાપણાનો-જે સહુ મનુષ્યના "સ્વાભાવિક ગુણો" કહેવાય છે-જે જન્મ લેતા જીવોને હોય છે તેનો તેણે ત્યાગ કરવો, તેણે સંયતેન્દ્રિય થવું.

શ્રીકૃષ્ણે, તેમની દૈવી શકિતથી મનુષ્ય હૃદય જાણ્યું હતું અને તે સદાચારી હોવાની તેમને ખાતરી થઇ હતી.

---

* અખો—

અણછતો જીવ તું કાં થાય છતો, જોને વિચારી પહેલાં કયાં હતો,
જે કાળથી નિરમ્યા જીવ, ત્યાર પહેલો ત્યાં હતો શિવ,
વચ્ચે બીજું કયાંથી વળી, એમ જાણી અખા જા ટળી.

તા. ૧૧ મી મે.

મનુષ્યોનાં હૃદય કેવાં ભલાં-સદ્ગુણથી ભરેલાં હોય છે એ જેણે જાણ્યું હોય તેણે અવરજનોના દુર્ગુણો સંબંધી પોતાના સઘળા વિચારો અને શંકાઓ દૂર કરવાં, અને તેના અંતરમાં રહેલા સદ્ગુણને ઓળખી તેવું વર્તન રાખવું.

●

મનુષ્યમાં એવી દૈવી સત્તા રહેલી છે કે જેના વડે તે આધ્યાત્મિક સિદ્ધિના ઉચ્ચતમ શિખર પર ચઢી શકે; જેથી તે પાપ અને ખોટી શરમ અને શોક ખંખેરી કાઢે, અને તે પૂર્ણ સત્‌ની-પરમ પિતાની ઈચ્છા મુજ વર્તે; જેથી તેના અંતરમાં રહેલી આસુરી શક્તિઓને તે જીતે અને છૂટો, અભય, ઊભો રહી શકે; જેથી તે જગતને જીતી શકે અને ઈશ્વરરચિત ઊંચા શિખરો પર ચઢી શકે. મનુષ્યજીવ તેની ઇચ્છા, દૃઢ નિશ્ચય, અને દૈવી સત્તાના બળે આ પાર પાડી શકે; પણ એ સઘળું ઈશ્વરી આજ્ઞાને અનુસરી, તે પ્રમાણે વર્તવાથી જ હોઈ શકે. તેનું હૃદય કોમળ અને નિરભિમાની થવું જોઈએ; તેણે કલહને બદલે શાંતિ, મનોવિકારને બદલે વિશુદ્ધિ, તિરસ્કારને બદલે પ્રીતિ, આપમતલબીપણાને બદલે આત્મત્યાગ પસંદ કરવાં જોઈએ, અને અસત્‌ને સત્‌થી-અવગુણને સદ્ગુણથી જીતવા જોઈએ.

●

સત્યનો પવિત્ર રસ્તો આ છે; નિર્ભય અને શાશ્વતમોક્ષ તે આ છે; અવતારી પુરુષ આવી ઝૂંસરીમાં જોડાઈ ભાર વહે છે-આવું જીવન ગાળે છે.

તા. ૧૨ મી મે.

શ્રીકૃષ્ણનો ધર્મોપદેશ એ છે કે સહુએ સંસારમાં રહીને પોત-પોતાનાં ધર્મ-કર્મ કરવાં.*

●

શ્રીકૃષ્ણ સાલસ, નમ્ર, પ્રેમાળ, દયાળુ અને શુદ્ધ હતા એ કહેવું તો ઘણું સારૂં છે, પણ એટલું બસ નથી. (એમના ગુણ ગાઇ તમારે બેસી રહેવાનું નથી.) તમારે પણ તેવા સાલસ, નમ્ર, પ્રેમાળ, દયાળુ અને શુદ્ધ થવું જોઈએ. શ્રીકૃષ્ણે તેમની મનોવૃત્તિઓ તે પરમ પિતાની ઈચ્છાને અનુસરી તે તરફ વાળી હતી તે જાણવું આનંદજનક છે, પણ એટલું બસ નથી. તમારે પણ તે રીતે તમારી ઈચ્છાઓ સર્વોપરી સત્‌ને આધીન કરવી જોઈએ. શ્રીકૃષ્ણમાં રહેલા સદાચાર, સુંદરતા અને લાવણ્યતા (અંતરની ખૂબી)ની, જ્યાં સુધી તે ગુણો તમારામાં પણ નહીં હોય ત્યાં સુધી, તમે કંઈ કદર કરી શકવાના નથી; અને જ્યાં સુધી તેવું વર્તન તમે રાખો નહીં ત્યાં સુધી તે તમારામાં હોઈ શકે નહીં; કારણ સત્‌-સદાચારમાં જે જે ગુણો રહેલા છે તે, તમે તેવા થાઓ નહીં ત્યાં સુધી તમારામાં હોઈ શકે જ નહીં.

●

શુદ્ધ સાત્વિક વૃત્તિ-સદાચાર એજ ખરો ધર્મ છે. એ સિવાયનો એકે ધર્મ નથી. (જે ધર્મમાં એ લક્ષણ ન હોય તે ધર્મ ન કહેવાય.)

---

* અર્જુન ગીતા—

સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ;
લોક વિષે લોપાય નહીં, તે જાણ મારો દાસ.

તા. ૧૩ મી મે.

જેઓ પોતાના આચાર વિચાર દૈવી ઉપદેશને અનુસરતા રાખે છે તેઓ જ પ્રભુની આજ્ઞા પાળે છે.

●

આપણને અને સૌને બીજાના સદાચારનો, અરે, પ્રભુની કૃપાનો લાભ મળતો હોય તોપણ સંતોષ, સુખ કે શાંતિ મળતાં નથી. કારણ, જ્યાં સુધી આપણે સત્કર્મ આચરીએ નહીં, જ્યાં સુધી આપણું વર્તન સદાચારી થાય નહીં, અરે, સતત પ્રયત્નથી આપણે તન્મય થઇએ નહીં–મન, વાણી, કર્મ સઘળામાં સત્ સાકાર કરાય નહીં–ત્યાં સુધી તેના સુખ અને શાંતિને આપણે જાણી તથા મેળવી શકતા નથી. તેથી હે શ્રીકૃષ્ણના દૈવીગુણ ગાનાર ! તું તેવા ગુણોનું અનુકરણ કર, એટલે તું પણ દૈવી પુરુષ થઇશ.

શ્રીકૃષ્ણનો બોધ મનુષ્યોને એક સરળ સત્ય સમજાવે છે, અને તે એ છે કે સદાચાર અને સદ્વર્તન પ્રત્યેક મનુષ્ય આચરી શકે તેમ છે; અને તે કંઇ તેમના વિચારો અને કર્મોની બહારની ગૂઢ અર્થવાળી વસ્તુ નથી; અને તેથી દરેક મનુષ્યે સદાચારી થવું જોઇએ; દરેકે બોલેલું પાળવું જોઈએ; અને મનુષ્યનાં પોતાનાં જ, નહીં કે બીજાનાં કર્મ તેને શાંતિ અને હૃદયનો આનંદ આપે છે એમ સમજવું જોઇએ.

●

જે ક્ષમા આપી શકે તે જ ક્ષમાની મધુરતાનો સ્વાદ ચાખી શકે.

તા. ૧૪ મી મે.

શ્રીકૃષ્ણ પ્રેમનો અવતાર છે.

જ્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે "મારા સિવાય તમે કંઈ કરી શકો તેમ નથી" (હું જ સર્વમય છું) ત્યારે તેમણે તેમના ક્ષણભંગુર દેહ સારૂ નહીં, પણ જે પ્રેમ તેમના જીવનમાં ઓતપ્રોત થઇ ગયો હતો, જેના તેઓ સાક્ષાત્ મૂર્તિરૂપ હતા, જે તેમના આચાર વિચારમાં પૂરેપૂરો દેખાતો હતો, તેના સાર્વત્રિક બળ સારૂ કહ્યું હતું; અને તેમનું આ વચન સત્ય, અલંકાર રહિત હતું; કારણ, માણસના જે કર્મો સ્વાર્થી મતલબને અંગે કરવામાં આવે છે તે નિઃસાર અને ગુણરહિત હોય છે, અને જ્યાં સુધી તે તેના અંગત ભોગવિલાસોમાં પડયો રહે છે ત્યાં સુધી તે નશ્વર રહે છે, મૃત્યુથી બીહે છે, અને અંધકારમાં–અજ્ઞાનમાં પડી રહે છે. મનુષ્યમાં રહેલી પશુવૃત્તિ દેવી શક્તિ સામે ઊભી રહી શકતી નથી, અને તેથી તે તેને ઓળખી શકતી નથી. દૈવીશક્તિ જ ફક્ત દૈવીશક્તિ સામે ઊભી રહી શકે, તેને મળી–ભેટી શકે. માણસમાં રહેતું દ્વેષભાવનું તત્વ પ્રેમના તત્વને ઝુલાવી શકે નહીં–તે સાથે એકસૂર મેળવી શકે નહીં. ફક્ત પ્રેમ પ્રેમને ઓળખી શકે, અને તેમની એકગાંઠ થઈ શકે. મનુષ્ય દૈવી જીવ છે. મનુષ્યમાં પ્રેમનો અંશ છે. અશુદ્ધ સ્વાર્થી તત્વો જેમની પાછળ તે અંધ થઇ ફરે છે, તેમને જો ત્યજે તો તે પ્રેમનો અંશ અનુભવી શકે, અને તેમ થયે પ્રભુના અવ્યક્ત આત્મામાં તે ભળી શકે.

પ્રેમના આ તત્વમાં-જ્ઞાન, બુદ્ધિચાતુર્ય અને પ્રજ્ઞા સહુ સમાયલાં છે.

તા. ૧૫ મી મે.

જ્યાં સુધી મનુષ્ય પ્રેમમય વર્તન આચરે નહીં ત્યાં સુધી પ્રેમની ખરી ખૂબી તેનાથી પૂરી સમજાતી નથી-તે પૂર્ણ પ્રેમી થઈ શકતો નથી.

●

શ્રીકૃષ્ણના દરેક ઉપદેશમાં કહેલું છે કે તે ઉપદેશ મુજબ ચાલતાં પહેલાં દરેક સ્વાર્થી-અંગત વિચારોનો, બદલાની કંઇ પણ આશા રાખ્યા સિવાય, સમૂળગો ત્યાગ કરવો જોઈએ. જ્યાં સુધી તે અસત્‌ને વળગી રહે ત્યાં સુધી તે સત્ સમજી શકે નહીં, જ્યાં સુધી તે માયામાં લપટાઈ રહે ત્યાં સુધી તે સત્યનું-ઈશ્વરનું કામ કરી શકે નહીં. જ્યાં સુધી મનુષ્ય દુર્વાસના, ધિક્કાર, અહંકાર, બેડસાઈ, ઈંદ્રિયજન્ય વૈભવનો મરજી મુજબ ઉપભોગ અને લાલસા રાખે ત્યાં સુધી તે કંઇ કરી શકે તેમ નથી; કારણ આ સૌ પાપી વિચારનાં કર્મો ખોટાં અને નાશવંત હોય છે. જ્યારે તે પ્રેમસ્વરૂપને આધીન થાય છે, અને શાંત, નમ્ર, શુદ્ધ, દયાળુ અને ક્ષમાશીલ બને છે ત્યારે જ તેના હાથે સત્કર્મો-ઈશ્વરનાં કાર્યો થાય છે, અને જીવનનો લહાવો-સત્યજીવનના ફળો તે લઇ શકે છે. ડાળ-પાતરાં વિનાનો દ્રાક્ષનો વેલો તે વેલો નથી, અને ડાળ પાતરાં હોય તોપણ તેને ફલ લાગે નહીં ત્યાં સુધી તે અપૂર્ણ ગણાય છે.

સૌ તરફ અંતરથી, મનથી અને કર્મોદ્વારા પ્રેમ રાખેથી, મેલા અને નુકસાનકારક વિચારોને મનમાં સ્થાન નહીં આપેથી, તે તેના જીવનનાં અમર તત્વો શોધી શકે છે.

●

મનુષ્યને પાપથી દૂર રહેવા સારૂ નિષ્પાપ પ્રેમ એ જ ખરી ઓથ-આશ્રય છે.

તા. ૧૬ મી મે.

પ્રેમ એ તેનામાં વસતું શાશ્વત તત્ત્વ (સત્વ) છે (ખાલી નામ નથી) એવું મનુષ્ય સમજે તે પહેલાં, જે સ્થૂળ દેહની વાસનાઓ પ્રેમનું દર્શન અટકાવે છે તે સર્વનો તેણે સમૂળો નાશ કરવો જોઇએ.

●

કલહ, તિરસ્કાર, નિંદા, મલિનતા, અહંકાર, અને આપમતલબિયાપણું—એ સઘળું છોડીને, અને પ્રેમમય કર્મો અને વિચારો આચરીને જ મનુષ્યજીવ પોતાની જાતને પ્રેમરૂપી વેલ સાથે રાજી ખુશીથી જોડી શકે. તેમ કરેથી તે તેનામાં રહેલો દૈવી ગુણ જે આજ સુધી દબાઈ રહ્યો હતો અને જે તેની ગણતરીમાં નહીં હતો—જે તેના પોતાનામાં હોવાનું તે નાકબૂલ કરતો હતો તેને જાગૃત કરશે. જ્યારે જ્યારે મનુષ્ય ગુસ્સો, અધીરતા, લલુતા, અહંકાર, બેડસાઈ, અગર કોઈ પણ જાતની સ્વાર્થ વૃત્તિને આધીન થાય છે ત્યારે તે પવિત્ર આત્માનો ઈનકાર કરે છે, તે પ્રેમથી વિમુખ થાય છે. ફક્ત આવી જ વૃત્તિથી, અને નહીં કે અમુક બંધારણુવાળા પંથનો અસ્વીકાર કરવાથી પ્રભુનો ઈન્કાર થાય છે. જેણે સતત મથનથી પોતાની જાતને મલિનતામાંથી શુદ્ધિમાં આણી છે, જેણે ઉદાર, નીતિનિયમાધીન યત્નવડે તે નશ્વર પંડ, જે સઘળા દુઃખ, શોક અને બેચેનીનું મૂળ છે, તેના પરની મોહની છોડી દીધી છે, અને પોતાની જાતને સમજુ, નમ્ર, શાંત, પ્રેમાળ અને શુદ્ધ બનાવી છે તે જ આત્માને ઓળખી શકે છે.

●

આવો સ્તુત્ય આત્માનુભવ મેળવવો એ ઉન્નતિની-પ્રગટીકરણની પૂર્ણાહુતિ છે, જીવનનો પરમ હેતુ છે.

તા. ૧૭ મી મે.

જેમ સ્વાર્થવૃત્તિ સઘળા કલહ અને દુઃખનું કારણ છે, તેમ પ્રેમ સઘળા સુખ અને શાંતિનું કારણ છે.

જેઓ પોતાના મનોરાજ્યમાં શાંત–સુખી હોય છે તેઓ બીજી બહારની વસ્તુમાં સુખ શોધવા જતા નથી. તેઓ જુએ છે કે તેવા સઘળા વળગણુ ફક્ત ક્ષણિક અસર–ફળ આપે છે, જે જ્યારે જરૂર લાગે છે ત્યારે તેમનો સમય સાચવવા પૂરતા આવી ચઢે છે, અને તેમનું કામ સરેથી–તેમનો વખત પૂરો થયે જતા રહે છે. પૈસો, કપડાં, ખોરાક ઈત્યાદિ ચીજો ફક્ત (જીંદગીની) જરૂર પૂરતી છે, અને તે સત્ય જીવનનાં ફળ છે, એ સિવાય બીજો વિચાર તેમને આવતો નથી. તેથી કરીને તેઓ સઘળી ચિન્તા અને માથાકૂટમાંથી મુક્ત થાય છે, અને પ્રેમમય રહી–પ્રેમપર આધાર રાખી તેઓ પૂર્ણ સુખી જીવન ગાળે છે. તેઓ પ્રેમની મૂર્તિરૂપ દેખાય છે. વિશુદ્ધિ, દયા, જ્ઞાન, અને પ્રેમનાં અમર તત્વો તેમના પાયા રૂપ હોવાથી તેઓ અમર થાય છે, અને પોતે અમર હોવાનું જાણે છે. તેઓ ઇશ્વર સાથે–પરમ સત્ સાથે એકરૂપ હોય છે, અને તેઓ પરમેશ્વર સાથે એકરૂપ હોવાનું જાણે છે. સર્વ વસ્તુઓને તેમના ખરા સ્વરૂપમાં જોવાથી તેઓ કાંઈ પણ બનાવને દોષયુક્ત ગણી શકતા નથી. (જે થાય છે તે સારા સારૂ જ હશે–આપણા કર્મ મુજબ હશે જ એવું તેઓ ધારે છે.)

સહુ મનુષ્યો ખરી રીતે તો ઈશ્વરી અંશવાળા છે, જો કે તેમને તેમના દૈવી ગુણનું ભાન હોતું નથી.

તા. ૧૮ મી મે.

સઘળા કહેવાતા દુઃખનું કારણ અજ્ઞાનતામાં જોવામાં આવે છે.

●

એમ નહીં સમજશો કે મનોરાજ્યમાં વિહરતા મનુષ્યો એશઆરામ અને અનિયંત્રિત ભોગવિલાસમાં પડયા રહે છે. (આ બે પાપો તો મનોરાજ્યની શોધમાં દાખલ થનારે પ્રથમથી નિર્મૂળ કરવાના છે.) તેઓ શાંત ચિત્તે તેમનું કામ કર્યાં જાય છે; ખરૂં જીવન તો તેઓ જ ગાળે છે; કારણ સ્વાર્થમાં મચી રહેલું જીવન, અને તેની પૂઠે–તેના પરિણામ રૂપ આવતા ઉપાધિ, દુઃખ અને ભયવાળું જીવન તે ખરૂં જીવન નહીં કહેવાય. તેઓ તેમની ફરજો–તેમના ધર્મ, સ્વાર્થનો વિચાર કર્યા સિવાય, ખાસ સાવચેતી રાખી તન દઇ બજાવે છે, અને તેમનાં સઘળાં સાધન તેમજ સત્તા અને શક્તિ જે તેમનામાં ઘણા વૃદ્ધિ પામેલા હોય છે તેનો પૂરો ઉપયોગ, તેમની આસપાસની સૃષ્ટિમાં અને અવરજનોના હૃદયમાં, ન્યાયી જીવન સ્થાપવામાં કરે છે. પ્રથમ કરી બતાવવું અને તે પછી શિખામણ આપવી, આ તેમનું કામ છે. તેમને શોક થતો જ નથી; તેઓ નિરંતર આનંદમાં રહે છે. કારણ જગતમાં દુઃખ તો તેઓ જુએ છે, છતાં છેવટનું સ્વર્ગનું સુખ (મોક્ષ) અને અખંડ ધામ પણ તેમની નજરે પડે છે.

●

જે કોઇ તૈયાર હોય તેણે ચાલુ કાળમાં જ આગળ આવવું.

તા. ૧૯ મી મે.

મૃત્યુ પછીનું સ્વર્ગ એ કંઈ કાલ્પનિક વસ્તુ નથી, ખરૂં કાયમનું સ્વર્ગ હૃદયમાં છે.

●

આ જગતમાં અને આ જીંદગીમાં થતા પાપ અને તેના પરિણામથી છૂટા થવામાં જ મોક્ષ છે એવી શ્રીકૃષ્ણની માન્યતા હતી, અને તે મુજબ તેમનો બોધ હતો, અને તે મોક્ષ આ ભવમાં અને આ જ દેહમાં મેળવવો જોઇએ. આ સ્થિતિ પાપનો સમૂળો ત્યાગ કરવાથી જ સધાય છે, જેમ કરેથી પૂર્ણ શાંતિ, પૂર્ણ સુખ, પૂર્ણ જ્ઞાનરૂપવાળું ઇશ્વરનું રાજ્ય હૃદયમાં અનુભવાય છે.

જ્યાં સુધી મનુષ્ય બીજો જન્મ લે નહીં ત્યાં સુધી તે ઇશ્વરનું રાજ્ય જોઇ શકે નહીં. મનુષ્યે નવું રૂપ ધારણ કરવું જોઈએ; અને જૂનો–જીર્ણ પીંડ પૂરો ત્યજી દીધા સિવાય નવો દેહ તે શી રીતે લઇ શકે? જે મનુષ્ય એવું ધારે છે કે તેનો પ્રથમનો–જૂનો સ્વભાવ, આપમતિયાપણું, બેડસાઈ, અને સ્વાર્થ વૃત્તિને વળગી રહીને પણ, અમુક શાસ્ત્ર કે ધર્મ-પદ્ધતિ સ્વીકારેથી કોઈ અચિન્ત્ય યા ગુપ્ત માર્ગે તે નવો દેહ ધારણ કરી શકે–સદ્‌ગતિ પામી શકે, તેની આગલી સ્થિતિ કરતાં હાલની સ્થિતિ વધુ ભૂંડી બને છે.

●

જ્યાં પ્રેમનું રાજ્ય છે અને જ્યાં શાંતિનો કાયમ વાસ છે ત્યાં સ્વર્ગ છે.

તા. ૨૦ મી મે.

પૂર્ણ આત્માની પ્રૌઢ ઝાંખી શ્રદ્ધાળુ, નમ્ર અને સત્ય માર્ગીને થાય છે.

●

શ્રીકૃષ્ણનો જે આદેશ ઇશ્વરની દૈવી શક્તિઓને મનુષ્યની આગળ ખુલ્લી કરે છે, તે ખરેખર શુભસમાચાર આપે છે; તે પાપપીડિત મનુષ્યોને જે કહે છે તેનો ભાવાર્થ એ છે કે "સૂતા છો ત્યાંથી જાગૃત થઈ ચાલવા માંડો– તમારૂં મન સંસારમાંથી સંકેલી લો." જો મનુષ્ય સદાચારને માને, અને પોતાના જીવનમાં પાપરહિત સદાચારનો સાક્ષાત્કાર થયો નથી ત્યાં સુધી તે સદાચાર તરફ લક્ષ આપી તે મેળવવા કોશિષ કરી તેમાં ફતેહમંદ થાય, તો તેણે પાપી અને અજ્ઞાની મનુષ્ય તરીકે અંધકારમાં રહેવાનું નથી, એમ પણ તે આદેશ કહે છે. શ્રીકૃષ્ણે પોતાના આદેશોમાં દર્શાવી આપ્યો છે તે પૂર્ણ નિયમ આ પ્રમાણે માનવામાં તથા તેમાં પાર ઉતરવામાં મનુષ્યને માર્ગોપદેશરૂપ છે, એટલુંજ નહીં પણ તેના પોતાનામાં વસતો સત્યાત્મા, "દુનિયામાં આવનાર દરેક મનુષ્યને જે પ્રકાશ આપે છે તે પ્રકાશ" તેને અંદરથી ભોમિયારૂપ–મદદરૂપ થાય છે, જેની પાછળ પાછળ જવાથી તે આદેશોનું દૈવી કારણ તે અચૂક જોઇ શકશે.

●

અમર આત્માનું પૂર્ણ સદ્‌વર્તન અનુભવો-વ્યવહારમાં મૂકો.

તા. ૨૧ મો મે.

પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ એ જ સ્વર્ગનું રાજ્ય છે.

●

ઈશ્વરી પુરુષો તેમના આચાર વિચારથી ઓળખાય છે. પ્રેમ, આનંદ, શાંતિ, ભારે સહનશક્તિ, દયા, સદ્‌વૃત્તિ, પ્રમાણિકપણું, કોમળતા, નિયમિતપણું, આત્મસંયમ–જીવાત્માના આ સઘળા ગુણો તેઓ દરેક સ્થિતિમાં અને ફરતી છાંયડીમાં બતાવે છે. ગુસ્સો, ભય, વહેમ, અદેખાઇ, ધૂન–તોર, ચિન્તા અને શોકથી તેઓ તદ્દન મુક્ત હોય છે. ઈશ્વરના નીતિ–નિયમ મુજબ વર્તતાં તેઓ આ જગતમાં પ્રવર્તતા ગુણોથી તદ્દન ઉલટા જ ગુણો–જે ગુણો જગતને મન મૂર્ખ, બિન-વ્યવહારૂ જણાય છે તે મુજબ વર્તે છે. તેમને હક્ક જોઈતા નથી; તેઓ તેમની જાતનો બચાવ કરતા નથી; વેર લેતા નથી; તેમને ભૂંડું કરવા ઈચ્છનારનું તેઓ ભલું કરે છે; તેમને અનુકૂળ થનાર સાથે તેમજ તેમની વિરૂદ્ધ જનાર અને તેમની ઉપર હુમલો કરનાર સાથે એકસરખો નમ્ર સ્વભાવ દાખવે છે; બીજાઓની ટીકા કરતા નથી; કોઈ પણ મનુષ્ય કે નિયમને દૂષિત ઠરાવતા નથી, અને સૌ સાથે સલાહ શાંતિમાં રહે છે.

●

દરેક સ્ત્રીપુરુષના હૃદયમાં તે (સ્વર્ગનું) રાજ્ય રહેલું છે.

તા. ૨૨ મી મે.

હમેશ પ્રયત્ન કરી અને ખંતપૂર્વક કામ કરી તે રાજ્ય શોધી કાઢો.

●

ન્યાયમંદિર બંધાઈ ગયું છે; વિશુદ્ધિ, પ્રજ્ઞા, દયા અને પ્રેમ–આ ચાર નિયમો તેની ચાર દિવાલો છે; શાંતિ તેનું છાપરૂં છે; દૃઢ નિશ્ચય તેનું ભોંયતળિયું છે; નિઃસ્વાર્થ કર્મ તેનું પ્રવેશદ્વાર છે; સ્ફુરણા-અંતરનો પ્રબોધ થાય એવું તેની આસપાસનું વાતાવરણ છે, અને તેનું ગાયન પૂર્ણ આનંદ છે. તેને કોઈ હલાવી શકે તેમ નથી, અને તે હમેશ ટકે તેવું અને અક્ષય હોવાથી, ભવિષ્યમાં બનવાના બનાવ બાબત વિચાર કરી–ચિંતા કરી તમારે તેનો બચાવ ખોળવાની જરૂર નથી. હૃદયમાં સ્વર્ગનું રાજ્ય સ્થપાયા બાદ જીંદગીની સ્થૂળ જરૂરિયાતો મેળવવાની ખાસ ફિકર હોતી નથી, કારણ પરમ વસ્તુ શોધ્યા પછી–પરમને પામ્યા પછી તે ચીજો તો કર્મના પરિણામ મુજબ આવે છે, જીવન નિભાવવા સારૂ થતા પ્રયાસ બંધ પડે છે, અને આધ્યાત્મિક, માનસિક અને સ્થૂલ જરૂરિયાતો બ્રહ્માંડનો રેલછેલ થતો ખજાનો હમેશ પૂરી પાડે છે.

●

સ્વર્ગનું રાજ્ય મેળવવા હુંપણાના સંપૂર્ણ ત્યાગરૂપી કિંમત આપો. (અહંભાવનો તદ્દન નાશ કરો.)

તા. ૨૩ મી મે.

ચાલુ કાળમાં–ચાલુ વર્તમાન કાળમાં જ બધું બની શકે તેમ છે.

●

ચાલુ સમય, જેમાં આયુષ્યનો સમાવેશ થયેલો છે તે જ સત્ય છે. આયુષ્યકાળ કરતાં તે વધારે મોટો અને લાંબો છે; એ તો આપણી આંખ આગળ તરતું સત્ય છે. ભૂત કે ભવિષ્ય તે જાણતું નથી, અને હમેશ પ્રતાપી અને સજીવ છે. દરેક પળ, દરેક દિવસ, દરેક વર્ષ પૂરૂં થાય એટલે તે તદ્દન ભૂલી નહીં જવાય, પણ સ્મરણપટ પર તો એની રેખા ઝાંખી નજીવી રહે છે, અને સ્વપ્નવત્ લાગે છે.

ભૂત અને ભવિષ્ય સ્વપ્નાં છે, વર્તમાન એ જ સત્ય છે–વર્તમાન કાળમાં જ સઘળું છે. સઘળી ચીજો ચાલુ કાળમાં બની શકે તેમ છે. સઘળી સત્તા, સઘળી શકયતા, સઘળી પ્રવૃત્તિ વર્તમાન કાળમાં જ (થઇ શકે તેમ) છે. ચાલુ કાળમાં કામ હાથ ન ધરાય, અને પૂરૂં ન થાય તો કોઈ કાળે પણ હાથ ધરાશે કે પૂરૂં કરાશે નહીં. "આમ બન્યું હોત તો આમ કરત" એવા વિચાર કરવા, અને "આમ આમ કરીશ" એવા હવાઈ કિલ્લા બાંધવામાં જીવન ગાળવું એ મૂર્ખાઈ છે. પણ પશ્ચાત્તાપ કોરે મૂકી–ગઇ ગુજરી વિસરી જઇ, ધારણા સ્થિર કરી, વર્તમાન કાળમાં જ કામ આરંભો અને કરો એમાં જ ડહાપણ છે.

●

ચાલુ વર્તમાન કાળમાં જ માણસમાં બધી સત્તા છે. (ચાલુ સમય જવા નહીં દે તો તે ધારે તે કરી શકે છે.)

તા. ૨૪ મી મે.

તારૂં મન વિહાર કરવા લલચાય એવા અંધકારવાળા પ્રદેશમાં જવું બંધ કર.

●

ચાલુ વર્તમાનમાં જ મનુષ્યને સર્વ સત્તા છે; પણ તેથી તે અણજાણ હોવાથી એવું બોલે છે કે "આવતે વર્ષ, અગર કેટલાંક વર્ષ પછી, અગર અમુક જન્માંતરો પછી હું પૂર્ણ (જીવ સ્વરૂપે) થઈશ." ઈશ્વરના રાજ્યમાં રહેનારા—ઈશ્વરી જીવન ગાળનારા અને ઘડીપળનો—ચાલુ સમયનો લાભ લેનારા "હું હમણાં પૂર્ણ છું" એવું કહે છે, અને ચાલુ વર્તમાનમાં સઘળા પાપથી દૂર રહી, તથા મનના સઘળા દરવાજા પર—તેની સઘળી ગતિ પર નિરંતર નજર રાખતા રહી, ભૂત કે ભવિષ્યની યા આગળપાછળની ચિન્તા કરતા નથી, અને તેથી તેઓ નિરંતર પવિત્ર અને સુખી રહે છે. નિર્માણ થયેલો આયુષ્ય કાળ વર્તમાન કાળ જ છે, અને ચાલુ સમય એ જ મોક્ષનો દિવસ છે. તમારી જાતને કહો કે "મારી ભાવના મુજબ હું હમણાં વર્તીશ, હમણાં જ હું તેવો પૂર્ણ થઈશ, અને જે કંઈ મારી ભાવનાથી મને દૂર લઈ જવા કરશે તે તરફ લક્ષ આપીશ નહીં; મારી ભાવના કહેશે તેમ કરીશ." આવો નિશ્ચય કર્યાથી અને તે મુજબ વર્તવાથી તમે પરમાત્માથી વિમુખ થશો નહીં, અને હમેશ સત્યસ્વરૂપ દાખવશો.

●

તારૂં સનાતન, અંતરનું દૈવી સત્વ ચાલુ કાળમાં જ બતાવ.

તા. ૨૫ મી મે.

દૃઢ થાઓ, એક નેમ રાખો, તમારો નિશ્ચય હમેશ સતેજ કરો.

લોભના સમયે સત્યમાર્ગથી ચલશો નહીં. ગુસ્સે થવાના કારણથી દૂર રહો. જ્યારે ગુસ્સો ચઢી આવે ત્યારે તેને દાબી તાબે કરો. મન ભટકે ત્યારે તેને ઉચ્ચ માર્ગે લઈ જવા પાછું ખેંચો. એમ ન સમજશો કે "હું *શિક્ષક પાસેથી યા પુસ્તકો દ્વારા સત્ય શીખીશ." સત્ય તો આચારમાં મૂકવાથી જ મેળવી શકશો. શિક્ષક અને પુસ્તકો ઉપદેશ આપ્યા સિવાય વધુ કાંઈ કરી શકે તેમ નથી, અને તે ઉપદેશો તમારે અમલમાં મૂકવા. જેઓ, તેમને આપેલા નિયમો અને ઉપદેશ શ્રદ્ધાપૂર્વક પાળે છે, અને પોતાના જ બળ ઉપર આધાર રાખે છે તેમને જ્ઞાન મળશે. સત્ય મેળવવું જ જોઇએ. ચમત્કારિક દેખાવોથી દોરાઈ જશો નહીં, કે ભૂતપ્રેત યા મરેલા જીવો સાથે સંબંધ જોડવા ઈચ્છશો નહીં; પણ સત્યનો મહાવરો રાખી, સદ્‌ગુણ, સુબુદ્ધિ, અને સર્વોત્તમ નિયમનું જ્ઞાન સંપાદન કરો. ગુરુ ઉપર શ્રદ્ધા રાખો, (કર્મના) નિયમ ઉપર શ્રદ્ધા રાખો, ન્યાયના માર્ગ ઉપર—ન્યાયી જીવન ઉપર શ્રદ્ધા રાખો.

સઘળા સંદેહ અને આરણકારણ દૂર કરો, અને અપૂર્વ શ્રદ્ધાપૂર્વક વિવેકના ઉપદેશો અમલમાં મૂકો.

---

* ગોપાળદાસ—

ગુરૂ તો તેને જાણીએ, જેહેને હરીનું જ્ઞાન;
તે ગુરૂને શું કીજીએ, જે ફૂંકે છે કાન.
કાન ફૂંકીને છોડીઆ, હરીનો નહીં નિરધાર;
તે ગુરૂએ એવું કર્યું, જેમ પરણી છોડી નાર.
ગુરૂ બિચારા શું કરે, જે ચાલે મુનહી સાન;
વ્યાપક રામ પ્રીછે નહીં, લાગે ફૂંકાવવા કાન.

તા. ૨૬ મી મે.

અતિશયોક્તિની જરૂર નથી; જેવું હોય તેવું–સત્ય બોલશો તો બસ છે.

●

સાચું અને હૈયે હોય તેવું જ બોલજો. આંખચાળાથી કે અંગચેષ્ટાથી કોઈ પણ રીતે કોઇને છેતરશો નહીં. જેમ એક ઝેરી સર્પથી, રખેને તેના પાશમાં સપડાઓ એવી બીકથી દૂર રહો છો તેમ નિંદા કરતાં દૂર રહો. જે બીજાની નિંદા કરે છે તેને શાન્તિનો માર્ગ જડતો નથી. નવરા બેઠા ગપ્પા મારવાની સઘળી ખોટી આદત છોડી દો. બીજાઓના ઘરસંસારની –ખાનગી બાબતોની વાત કરશો નહીં; સંસારના–અમુક સંસ્થાના રીતરિવાજ બાબત વાદવિવાદ કરશો નહીં, તેમજ સુવિખ્યાત પુરુષોની ટીકા કરશો નહીં; બીજા ઉપર આળ ચઢાવશો નહીં, અથવા ગુન્હાનો આરોપ મૂકશો નહીં, પણ સઘળા અપરાધ–નુકસાન તરફ નિર્દોષ નજરે જોજો. જેઓ નીતિના માર્ગે ચાલતા નથી તેમને દોષ દેશો નહીં, પણ તેમના પર દયાભાવ રાખી તમે તમારા માર્ગે જજો. ગુસ્સારૂપી ભભૂકાને સત્યરૂપી શુદ્ધ પાણીથી હોલવો. બોલવામાં વિનય રાખો, અને હલકી, નજીવી–છાલકાઈવાળી કે અમર્યાદ મશ્કરી કરશો નહીં, અથવા તેમાં ભાગ લેશો નહીં. ગંભીરતા અને પૂજ્યભાવ એ વિશુદ્ધિ અને વિવેકનાં લક્ષણો છે.

●

સત્ય બાબત શંકા રાખશો નહીં, પણ તેવું જીવન ગાળો.

તા. ૨૭ મી મે.

મિતાહાર, પુખ્તાઈ અને આત્મસંયમ સુખકર્તા છે.

ફળની* આશા રાખ્યા સિવાય, તમારૂં કામ પૂર્ણ પ્રમાણિકતાથી બજાવો. તમારૂં કામ કરતી વેળા એકે સ્વાર્થી કે મોજશોખના વિચારથી લલચાઈ જશો નહીં. બીજાના કામમાં વચ્ચે પડશો નહીં. સઘળાં કામ પ્રમાણિકપણે કરો. ખરી કસોટીના પ્રસંગે, તમારાં સુખ અને જીવ જોખમમાં આવે તોપણુ સત્યના માર્ગથી ચળશો નહીં. અજીત નેકીવાળા પુરુષને કોઈ જીતી શકે તેમ નથી; તેને કોઇ ભરમાવી શકે તેમ નથી; સંશય તથા વ્યાકુળતાની દુઃખભરી ગૂંચવણોથી તે બચી જાય છે. કોઈ તમને ગાળો દે, યા દોષ મૂકે, યા તમારી નિન્દા કરે તો ચૂપ રહેજો, અને મિજાજ કાબૂમાં રાખજો; કારણુ ભૂંડું કરનાર, જ્યાંસુધી તમે વેર લેવા તૈયાર નહીં થાઓ અને એના મનની બૂરી સ્થિતિ જેવી તમારી નહીં કરો ત્યાં સુધી તમને ઈજા કરી શકે તેમ નથી, એટલું સમજવા યત્ન કરજો. વળી ભૂંડું કરનાર પોતાની જાતને કેટલું નુકસાન કરે છે તેનો ખ્યાલ કરી તેના પર દયાની દૃષ્ટિથી જોવા કોશિશ કરજો.

શુદ્ધ મનવાળા મનુષ્ય એવો વિચાર નહીં કરે કે " મને બીજાએ નુકસાન કર્યું. " તે પોતાની જાત સિવાય બીજાને શત્રુ જાણતા નથી.×

---

* ભગવદ્ગીતા અ. ૩, શ્લોક ૧૯.

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पुरुषः ॥

અર્થ—આ કારણથી ફળની ઇચ્છાનો ત્યાગ કરી આવશ્યક નિત્યનૈમિત્તિક કર્મ કર. નિષ્કામ બુદ્ધિથી કર્મ કરનાર પુરુષના ચિત્તની શુદ્ધિ થઇ તેને પરમપદની પ્રાપ્તિ થાય છે.

× आत्मैव हि रिपुरात्मनः ॥ (ગીતા.)
આત્મા જ આત્માનો દુશ્મન છે.

તા. ૨૮ મી મે.

તમારી પ્રીતિભાવના એટલી બધી વધારો અને લંબાવો કે તમારૂં જીવન દયામય થઈ જાય-તમે તે ભાવનામાં ગરકાવ થઈ જાઓ.

●

કોઈના ઉપર અદાવત રાખશો નહીં. ક્રોધને દાબો અને દ્વેષભાવને તાબે કરો. એકસરખા દયાભાવ અને લાગણીથી. સૌનો વિચાર કરો અને સૌ તરફ તેવું વર્તન રાખો. ખરી કસોટીના પ્રસંગે કડવા યા રોષભર્યા શબ્દો ઉચ્ચારશો નહીં; પણ રોષ સામું શાંતિ, મશ્કરી સામું ધીરજ, અને દ્વેષ સામું પ્રેમનો ઉપયોગ કરો. કોઈ પક્ષમાં ભળશો નહીં, પણ સલાહ કરાવનાર થાઓ. માણસ માણસ વચ્ચે ભેદભાવ વધારશો નહીં, યા એકપક્ષ સાથે ભળી જઈ બીજા સામું લડવાડ વધારશો નહીં, પણ સૌને સરખો ન્યાય, સરખો પ્રેમ, સરખી શુભેચ્છા આપજો. તમારાથી જુદા મતના ગુરુઓ, ધર્મો યા સંપ્રદાયોનું ઘસાતું બોલશો નહીં. ગરીબ અને તવંગર, સેવ્ય અને સેવક, સત્તાધિકારી અને તાબેદાર, શેઠ અને નોકર વચ્ચે ભેદરૂપી દિવાલ ઊભી કરશો નહીં, પણ તેમની પ્રત્યેકની ફરજો પર, પ્રત્યેકના જુદા જુદા કામો પર લક્ષ રાખી, સૌ તરફ સમાનવૃત્તિ રાખજો. મનને વખતો વખત કાબૂમાં રાખેથી, કડવાશ અને રોષને તાબે કરેથી, અને અડગ પ્રીતિભાવ પ્રાપ્ત કરવા યત્ન કરેથી શુભેચ્છાની ભાવનાનો છેવટે ઉદય થશે.

●

બળવાન, ઉત્સાહી અને દૃઢ નિશ્ચયવાળા થાઓ.

તા. ૨૯ મી મે.

ન્યાયી, ચતુર અને સાર અસાર જોઇ શકે એવી દૃષ્ટિવાળા થાઓ.

●

સૌ કાર્યો વિચારપૂર્વક કરો. સૌ ચીજોની ખાતરી કરી જુઓ. જ્ઞાન મેળવવા અને સમજવા ઈંતેજાર થાઓ. તમારા વિચાર ન્યાયપુરઃસર રચો. તમારા વચન અને વર્તન પરસ્પર સંબંધ રાખતાં કરો. તમારૂં મન સરળ થાય અને તેના દોષ દૂર થાય તે સારૂ તેના પર જ્ઞાનરૂપી ઉગ્ર તેજ નાંખો. તમારી જાતને કસીને ચોક્કસ રીતે તપાસો. માન્યતા, ઊડતી વાતો અને અટકળ છોડી દો, અને જ્ઞાનનો આશરો લો. મહાવરાથી મેળવેલા-આચારમાં મૂકેલા જ્ઞાનનો જે આશરો લે છે તેનામાં ઉચ્ચ પરંતુ નમ્ર દૃઢતા-આત્મવિશ્વાસ આવે છે, અને સત્ય વચન પ્રતાપપૂર્વક-મક્કમપણે બોલી શકે છે. વિવેકબુદ્ધિમાં પાવરધા થાઓ. સારા અને બૂરાનો ભેદ કરતાં, સંસારની ઘટમાળ જોતાં, અને તેમનો એકમેક સાથેનો પરસ્પર સંબંધ સમજતાં શીખો. માનસિક અને સાંસારિક-સૂક્ષ્મ અને સ્થૂલ સઘળી વસ્તુઓમાં કાર્યકારણનો નિયમિત ક્રમ જોવા મનને ખોલો-જાગૃત કરો. એમ કરવાથી એક તરફ પાપ અને સુખભોગની લાલસાની અધમતા, અને બીજી તરફ ઉચ્ચ સદ્‌ગુણ અને નિષ્કલંક શુદ્ધિનાં ગૌરવ અને આનંદ પ્રકટ થશે.

●

સત્ છે. અવ્યવસ્થા-અસત્ છે જ નહીં.

તા. ૩૦ મી મે.

તમારા મનને કારણત્વનો-અમુક કાર્ય શાથી ઉત્પન્ન થયું તે પરમ નિયમ, જે અચૂક ન્યાય આપે છે તે લક્ષમાં લેતાં શીખવો.

●

ત્યારે જ તમે તમારી સ્થૂલ આંખોથી નહીં પણ સત્યની શુદ્ધ અને ચોખ્ખી દૃષ્ટિવડે જોઈ શકશો. કેટલા અસંખ્ય જન્માન્તરોના અનુભવ મેળવી સૂક્ષ્મ જીવ તરીકે તમે અવતર્યા છો, જન્મમરણના લાગલાગટ કેટલા ફેરા કર્યા પછી તમે અધોગતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં, ઉચ્ચ સ્થિતિમાંથી ઉચ્ચતર દશા મેળવી છે, મનના હમેશ બદલાતા વલણોનું બંધારણ કર્મ તથા વિચાર વડે કેવી રીતે થયું છે, અને હમણાં તમે જે સ્થિતિ ભોગવો છો તેનો તમારાં કર્મો પર કેટલો આધાર છે, એ જોશો ત્યારે જ તમે તમારો જાતિસ્વભાવ સમજી શકશો. આ રીતે તમારો સ્વભાવ સમજીને તે જ ધોરણે તમે બીજા પ્રાણીઓના સ્વભાવ સમજશો, અને હમેશ તેમની દયા ખાશો. ત્યારે તે પરમ કાયદો સર્વ સામાન્ય રીતે સમજી શકશો, એટલું જ નહીં પણ પ્રત્યેક વસ્તુને તે લાગુ પડે છે એમ જાણશો. (તેમની સુખી યા દુઃખી અવસ્થાનાં કારણ જાણી શકશો.) તે પછી હુંપણું જતું રહેશે. એક વાદળની માફક તે વિખરાઇ જશે, અને સત્ય સર્વમય થઇ રહેશે—સર્વ *બ્રહ્મમય દેખાશે.

●

તિરસ્કાર, સ્વાર્થવૃત્તિ, શોકને જરાએ આશરો આપશો નહીં.

---

* નરસિંહ મહેતા—

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત, ચૈતન્ય, વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

તા. ૩૧ મી મે.

સ્વાશ્રયી થા, પણ તારો સ્વાશ્રય સ્વાર્થમય નહીં, પણ-પવિત્ર-પુણ્યાત્માના જેવો થવા દેજે.

●

મૂર્ખામી અને ડહાપણ, નબળાઇ અને જોર મનુષ્યની અંદર રહેલાં છે, બહારની કોઇ વસ્તુમાં નથી, અને તે કંઈ જુદા-બાહ્ય કારણમાંથી ઉદ્‌ભવતાં નથી. મનુષ્ય પોતાનું બળ બીજા સારૂ વધારી શકે તેમ નથી, તે તો પોતાને સારૂ જ તેમ કરી શકે; તે બીજા સારૂ (ઈન્દ્રિયોને) વશ કરતો નથી, તે પોતાને સારૂ જ તેવું કરી શકે છે. તમે બીજા પાસેથી શીખી શકો, પણ તેની પૂર્ણતા તમારે જ મેળવવાની છે. સઘળા બાહ્ય ટેકા જવા દો, અને તમારામાં રહેલા સત્યનો આધાર લો. મોહના સમયે અમુક સંપ્રદાય મનુષ્યને બચાવી શકતો નથી. જે અંતર્જ્ઞાન મોહનો નાશ કરે છે તે તેણે રાખવું જોઇએ. દારૂણ દુઃખના વખતમાં કાલ્પનિક ફિલસુફી -તત્વજ્ઞાન બિનઉપયોગી નીવડશે; તે વેળા તો દુઃખનો અંત આણનારૂં અંતર્જ્ઞાન જ મનુષ્યને જરૂરનું છે.

સુવિચાર અને સુકૃત્ય હમેશ આચારમાં મૂકવાથી, અને જે જે વસ્તુઓ સુંદર, પ્રીતિ ઉત્પન્ન કરનારી અને સત્ય છે તે સાથે મન અને હૃદય એક કરેથી જ અક્ષયજ્ઞાન મળે છે.

●

સદાચાર એ જ સર્વ ધર્મોનું લક્ષ્યબિંદુ છે.

તા. ૧ લી જુન.

નિષ્કામ કર્મની વાંચ્છના કંઈ સંસારની સુખદુઃખની વાતો કરવાથી થતી નથી, એ તો પ્રેમ અને દયાની ભાવનામાં વસે છે.

●

જગતના નૈતિક રાજ્યમાં પૂર્ણ ન્યાય મળે છે એવું જ્યારે મનુષ્ય સમજે છે ત્યારે તેની પ્રેમની ભાવના કંઈ ઘટતી નથી; ઉલટી વધે છે, અને સતેજ થાય છે; કારણ તે જાણે છે કે મનુષ્ય જીવો તેમની અજ્ઞાનતાને લીધે દુઃખી થાય છે, અને અંધારામાં ગોથાં ખાય છે. ધનવાન લોકો ગરીબ લોક કરતાં વધારે દુઃખમાં વારંવાર સપડાય છે, અને બીજાઓની માફક તેમનું પોતાનું સુખદુઃખનું-કર્માનુસાર–ભેળસેળ ફળ ભોગવે છે. સ્વયંભૂ ઇશ્વરનો આ બોધ ગરીબ તેમજ પૈસાદારને એક-સરખું શિક્ષણ આપે છે, કારણ જેઓ પૈસાદાર પણ સ્વાર્થી અને જુલમી હોય છે, જેઓ તેમના ધનનો દુરુપયોગ કરે છે, તેમને તેમનાં સઘળાં કર્મોનાં ફળ ભોગવવાં પડશે એમ તે કહે છે. દુઃખી સ્થિતિમાં પડેલા અને રિબાતા મનુષ્યોને તે કહે છે કે તેમણે પહેલાં જે વાવ્યું તેનું ફળ તેમને મળે છે, તેથી જો તેઓ વિશુદ્ધિ, પ્રેમ, અને શાંતિ રૂપી સારાં બીજ રોપશે તો તેમને પણ થોડા વખતમાં તેમના સત્કર્મનું ફળ મળશે–ખરે મળશે જ, અને તેમની ચાલુ પીડાઓથી મુક્ત થઈ તેઓ સુખી થશે.

●

સ્વાર્થવૃત્તિનાં સઘળાં દુઃખકર પરિણામો શાંત ચિત્તે ખમી લેવાં જોઈએ.

તા. ૨ જી જુન.

સુખ અને દુઃખનો ઘડનાર મનુષ્ય પોતે છે.

●

મનનું વલણ મનુષ્યની ચાલચલગતની દિશા બતાવે છે, અને તે વર્તનદ્વારા સુખ અને દુઃખના પ્રત્યાઘાત થાય છે. આમ હોવાથી, એટલું તો ખરૂં કે અનિષ્ટ પરિણામ બદલવા સારૂ મનુષ્યે તેનો કાર્યક્રમ પણ બદલવો જોઈએ. દુઃખની જગોએ સુખ મેળવવા સારૂ, દુઃખના કારણભૂત જે નિત્યક્રમ અને મનનાં વલણ હોય તે પલટાવાં જોઇએ, અને તેમ કરેથી મનમાં અને જીવનમાં તેની જુદી જ–સુધરેલી અસર જણાશે. સ્વાર્થી વર્તન અને વિચાર કરતો મનુષ્ય સુખી થઈ શકતો નથી. તે નિઃસ્વાર્થી વિચાર અને વર્તન રાખે તો દુઃખી થશે નહીં. કાર્ય પાછળ તેનું પરિણામ હોય છે જ. મનુષ્યજીવ પરિણામ ફેરવી શકે તેમ નથી, તે તેના મૂળ કારણ બદલી શકે. તે તેનો જાતિસ્વભાવ બદલી સુધારી શકે, તે તેનું વર્તન નવું-પવિત્ર બનાવી શકે. મન વશ કરવામાં મહાન્ શક્તિની જરૂર છે. પોતાની જાતને સુધારવામાં પરમ આનંદ છે.

●

દરેક મનુષ્ય પોતાના વિચારોથી ઘેરાયલો રહે છે.

તા. ૩ જી જુન.

મનુષ્યો તેમના વિચારોના બંધારણ મુજબ ઉચ્ચ યા નીચ ભૂમિકામાં રહે છે.

●

જે મનુષ્યનું મન વહેમી, લોભી, અદેખું હોય તેના વિષે વિચાર કરો–તેની સ્થિતિ જુઓ. દરેક વસ્તુ તેને મન કેવી નાની, હલકી અને ક્ષુલ્લક–માલ વિનાની લાગે છે? તેના પોતાનામાં ગૌરવ–ઉદારતાની ભાવના નહીં હોવાથી તેની આંખે ગૌરવ દેખાતું નથી; તે પોતે નીચ હોવાથી બીજા કોઈ પણ જીવમાં ખાનદાની જોઈ શકતો નથી; તે પોતે સ્વાર્થી છે તેથી ઉત્તમોત્તમ સ્વાર્થત્યાગનાં કામોમાં પણ કંઈ ને કંઇ નીચ અને હલકી વૃત્તિનો ખ્યાલ તેને આવે છે.

બીજો માણસ જેનું મન વહેમ વગરનું, ઉદાર અને મોટું છે તેનો ખ્યાલ કરો. તેની દુનિયા–તેનું જીવન કેવું સુંદર અને મોહક છે? તે સૌને સદ્‌ગુણી જુએ છે, અને તેને મન તેઓ સૌ સદ્‌ગુણી જ છે. તેની નજર મળતાં–તેના આગળ હલકામાં હલકાં પ્રાણી પણ પોતાનાં જાતિસ્વભાવ ભૂલી જાય છે, અને તે ઘડીએ તો તેઓ તેના જેવા બને છે, અને સંસારની વસ્તુઓના ઉચ્ચ ક્રમની અને અત્યંત સુખી તથા ઉદાત્ત જીવનની, ભલે થોડા વખતની ક્ષણિક પણ, ઉન્નત માર્ગની તેમને ઝાંખી થાય છે.

●

નીચ અને તિરસ્કારક વિચાર કરતા બંધ પડો, અને ઉચ્ચ પ્રેમમય વિચારો કરો.

તા. ૪ થી જુન.

ટૂંક બુદ્ધિવાળો અને ઉદારચિત્ત પુરુષ, ભલે તેઓ પડોશી હોય તો પણ, બન્ને જુદી દુનિયાના માણસ છે.

●

સ્વર્ગનું રાજ્ય જોરજુલમથી લેવાતું નથી; પણ જે તેના નિયમ અનુસાર વર્તે છે તેને દાખલ થવાનો સંકેતશબ્દ મળે છે. દુર્જન મનુષ્ય દુર્જનોની સંગતમાં ફરે છે; સાધુ પુરુષ પોતાના જેવા જ ટોળામાંનો એક છે, જે ટોળીનો આદેશ પ્રભુનું ભજન છે. દરેક મનુષ્ય આયના રૂપ છે, જે તેમના ગુણ દોષ મુજબ પ્રતિબિંબ પાડે છે. સૌ મનુષ્ય આ દુનિયાના બધા માણસ તથા ચીજો તરફ પોતાની જ દૃષ્ટિથી જુએ છે તેથી તેમનું પ્રતિબિંબ તે મુજબ પડે છે.

દરેક મનુષ્ય તેના પોતાના વિચારના નાના યા મોટા કૂંડાળામાં ફરે છે, અને તે કૂંડાળાની બહાર તેને મન સઘળું શૂન્ય છે. એ પોતે જેવો થયો છે તેવું જુએ છે. મનુષ્યની જેટલી ટૂંકી નજર, તે પ્રમાણમાં (કુવામાંના દેડકાની માફક) તેની ખાતરી થાય છે કે એ હદની બહાર બીજું કંઇ નથી. નાનામાં મોટાનો સમાવેશ નહીં થઇ શકે, તેથી તેને મહાન્ પુરુષોના મન સમજવાની શક્તિ હોતી નથી; આ જ્ઞાન તો ધીમે ધીમે આવે છે.

●

નિશાળીઆઓની માફક મનુષ્યો પણ પોતાના જ્ઞાન યા અજ્ઞાનના પ્રમાણ મુજબ અમુક ધોરણમાં ચઢે છે.

તા. ૫ મી જુન.

વિચારસૃષ્ટિનું અડધું અંગ બાહ્યસૃષ્ટિ છે.

●

આત્મા મનને-શરીરને સૂચના કરે છે. મોટામાં નાનું સમાય છે. સ્થૂલ વસ્તુ સૂક્ષ્મનો બીજો ભાગ છે. કર્મો એ વિચારોના ઓઘ છે. અનેક વિચારોથી આપણી દશા બંધાય છે, અને બીજાઓની બાહ્ય સ્થિતિ અને કર્મો જેમાં દરેક મનુષ્ય ગૂંચવાયલો છે તે તેના પોતાના મનની ખામી અને વિકાસ સાથે ઘાડો સંબંધ ધરાવે છે. મનુષ્ય તેની પરિસ્થિતિનો ભાગ છે. તે તેના બંધુઓથી જુદો નથી, પણ કર્મોની વિલક્ષણ મૈત્રી તથા વ્યવહાર અને સારાસાર વિચારના નિયમો જેની પર સંસારનું બંધારણ છે તેમની સાથે નિકટ સંબંધથી જોડાએલો છે.

પોતાની ઈચ્છા અને મનોવેગને રુચે તેમ બહારની વસ્તુઓ ફેરવી શકાય તેમ નથી, પણ તે પોતાની ઈચ્છા અને વેગને દૂર કરી શકે-દાબી શકે ખરો; બહારની વસ્તુઓ-બનાવો સાથેનું તેના મનનું વલણ તે એવું ફેરવી શકે કે જેથી તે વસ્તુઓ જ જુદા રૂપે દેખાય. પોતાની તરફ બીજાનું વર્તન તે પોતાને અનુકૂળ કરી શકે નહીં, પણ બીજાઓ તરફનું તેનું પોતાનું વર્તન તે બરોબર સુધારી શકે ખરો.

●

કર્મો વિચારોને અનુસરે છે. તમારા વિચારો સુધારો એટલે તે જ વસ્તુઓ-તે જ કર્મો નવા રૂપમાં ગોઠવાશે.

તા. ૬ ઠ્ઠી જુન.

પોતાનાં કર્મ પૂર્ણ કરવાં એ મનુષ્યની મોટામાં મોટી ફરજ અને ઉત્તમ ગુણ છે.

●

તમારા બંધન તેમજ મોક્ષનું કારણ તમારૂં મન છે. બીજાઓ તરફથી જે અન્યાય મળે છે–નુકસાન થાય છે તે તમારા કર્મનો પ્રત્યાઘાત છે, તમારા પોતાના મનની ધારણાનો પડછાયો છે. તમે તેનું મૂળ કારણ છો, તેઓ સાધન–ડાળપાંખડાં રૂપે છે. કિસ્મત્ એ પાકેલું ફળ છે. જીવનનું ફળ, મીઠું કે કડવું, દરેક મનુષ્યને યોગ્ય પ્રમાણમાં મળે છે. ન્યાયી મનુષ્ય સ્વતંત્ર છે; તેને કોઇ ઇજા કરી શકે તેમ નથી; તેનો કોઈ નાશ કરી શકે તેમ નથી; તેની શાંતિ કોઇ લઈ શકે તેમ નથી. મનુષ્યો તરફ તેનું જ્ઞાની વર્તન હોવાથી બીજાઓ તેને નુકસાન કરી શકે તેમ નથી–બીજાને તે આંજી દે છે. જે કંઈ ઈજા તેઓ કરવા ધારે તે તેમના પર જ પાછી પડે છે, અને તેમને નુકસાન કરે છે, અને તે ઇજારહિત છૂટો રહે છે. જે કંઈ ભલું તેના હાથે થાય છે, તે તેના સુખનો કાયમનો ઝરો છે, તે તેના બળનું શાશ્વત મૂળ છે. તેનું–તે ભલમનસાઇનું મૂળ શાંતિ છે, તેનું ફળ આનંદ છે.

●

બાહ્ય વસ્તુઓ અને કાર્યોમાં તમને ઈજા કરવાનું સામર્થ્ય નથી.

તા. ૭ મી જુન.

(જગતની રચનાનું) મનુષ્ય મુખ્ય–જરૂરી અંગ છે.

●

નાણાંની ભીડ, વખતની અછત–મુશ્કેલી, ઓછી વગસગ, અને સંસારનાં બંધનો-આ સંજોગો નડતરરૂપ નહીં હોત તો હું મહાન્ કાર્યો કરત એવું મનુષ્યજીવ ધારે છે. ખરી રીતે તો માણસને આ ચીજો સમૂળગી નડતી નથી. તે પોતાના મનથી, તેમનામાં નથી તે સત્તા તેમને આરોપે છે; અને તે તેમને નહીં, પણ તેમના સંબંધી તેના વિચારોને, જે એક જાતની તેના સ્વભાવની નિર્બળતા જ છે તેને આધીન થાય છે. જે ખરી "ખામી" તેને નડે છે તે તો તેના મનની ખરી દૃઢતાની ખામી છે. જ્યારે તેની સ્થિતિ તેનાં સાધનોને ઉત્તેજક છે એવું તે સમજે છે, તેની કહેવાતી "ખામીઓ" તો ખાસ પગથિયા રૂપ છે જે ઉપર, તેનું કામ સંપૂર્ણ રીતે સાધવા સારૂ તેણે ચઢવાનું છે એવું તે જુએ છે, ત્યારે તેની જરૂરિયાત નવાનવા ઉપાયો સૂઝાડે છે, અને તે "ખામીઓ" –અડચણો મદદરૂપ બની જાય છે.

●

જે તેના સંજોગો બાબત બડબડાટ કરે છે તે માણસ નથી.

તા. ૮ મી જુન.

આપણી જીંદગીની નેમો પૂર્ણ કરતાં આપણને કોઈ પણ અટકાવી શકે તેમ નથી.

●

માણુસની શક્તિ વિવેકબુદ્ધિમાં અને ઇચ્છામાં સમાયલી છે. જગતની ઘટના અને નિયમોનો એક અંશમાત્ર મનુષ્ય રચતો નથી; એ તો વસ્તુઓનાં મૂળતત્વો છે, જેને કોઈ બનાવી શકે તેમ નથી તેમ તેનો નાશ કરી શકે તેમ નથી. તે તેમને શોધી કાઢે છે, રચતો નથી. તેમના સંબંધી અજ્ઞાન જગત માંહેલા દુઃખનું મૂળ છે. તેમની સામું થવું એ મૂર્ખતા છે અને બંધન આણે છે. સ્વતંત્ર કોણ, તેના દેશના કાયદાનું ઉલ્લંઘન કરનાર ચોર કે તેમના આદેશ પાળનાર પ્રમાણિક શહેરી? વિશેષ સ્વતંત્ર મનુષ્ય કયો, સ્વેચ્છાચારી–પોતાની મરજી મુજબ વર્તે છે તે મૂર્ખ, કે જે ફક્ત ન્યાયી–વાજબી છે તે જ કરનાર ડાહ્યો પુરુષ?

કુદરતી કાયદા પ્રમાણે માણુસ તેની ટેવોનો–પ્રકૃતિનો પ્રાણી છે, અને કુદરતને તે ફેરવી શકતો નથી; પણ તે પોતાની પ્રકૃતિમાં ફેરફાર કરી શકે ખરો. કુદરતના કાયદાને તે બદલી શકતો નથી, પણ તેનો સ્વભાવ તે કાયદાને અનુકૂળ કરી શકે.

●

જેના હમેશના આચારવિચાર ઉત્તમ છે તે જ સદાચારી માણુસ છે.

તા. ૯ મી જુન.

આધ્યાત્મિકજીવન ગાળવાથી મનુષ્ય અધમવાસના વશ કરી શકે છે.

જ્યાંસુધી મનુષ્યના વિચારો, કર્મો અને અનુભવો તેના જીવન સાથે એકરાગ થયા નથી અને તેના પોતાના અંશ તરીકે તેના ચારિત્ર્યમાં સાકાર કરાયો નથી, ત્યાંસુધી તે જ વિચારો, તે જ કર્મો, તે જ અનુભવો વારંવાર થયા કરે છે. મનનો સંચય-વૃદ્ધિ એ તેનું પ્રકટીકરણ છે. મનુષ્યની હાલની સ્થિતિ એ અસંખ્ય વિચારો અને કર્મોનું પરિણામ છે. તે એકદમ ઘડાતો નથી, તે ઘડાય છે અને ઘડાતો જાય છે. તેની પોતાની ઈચ્છાથી જ તેનું ચારિત્ર્ય ઘડાયલું હોય છે. જે વિચાર, જે કર્મ તે પસંદ કરે છે તેને અનુસાર, તેના મહાવરાથી તે-તેનું જીવન ઘડાય છે.

એટલે દરેક મનુષ્ય તેના વિચારો અને કર્મોનો સંગ્રહ છે. જે લક્ષણો આપોઆપ અને કુદરતી રીતે તેનામાં જણાય છે તે, તેના વિચાર અને કર્મના આંકડારૂપ છે, અને વારંવાર આવતા હોવાથી પોતાની મેળે ચાલતા યંત્રરૂપ બને છે; કારણ પ્રકૃતિના નિયમ મુજબ, પડેલી ટેવ આગળ મનુષ્યને ભાન રહેતું નથી, અને તેથી તેની પોતાની ખુલ્લી ઈચ્છા યા પ્રયત્ન સિવાય તે (ટેવ) આપોઆપ દેખા દે છે; અને વખત જતાં તે તે મનુષ્યને એવો સંપૂર્ણ વશ કરે છે કે તેનો વેગ અટકાવવા જતાં તેની ઈચ્છા નિર્બળ બની જતી દેખાય છે.

આદત એ પુનરાવૃત્તિ છે. દક્ષતા એ ચોકકસ આદત છે.

તા. ૧૦ મી જુન.

વિચારોથી-તરંગોથી મનુષ્ય પોતાની જાતને બંધનમાં નાંખે છે.

●

એ ખરૂં છે કે મનુષ્ય મનની શક્તિઓનું હથિયાર છે વધારે ખરૂં કહીએ તો, તે પોતે જ એ શક્તિઓ છે-પણ તે શક્તિઓ અંધ નથી, અને તેથી તે તેમને નવી દિશામાં વાળી શકે ખરો. ટૂંકામાં, તે પોતાની જાતને વશ કરી શકે, અને તેની આદતો સુધારી શકે; કારણ, એ તો ખરૂં છે કે અમુક ચારિત્ર્ય લઈ તે જન્મ્યો છે, જે ચારિત્ર્ય ઈચ્છા અને યત્નથી ધીમે ધીમે અસંખ્ય જન્માંતરોનું ફળ બન્યું છે, અને આ દેહમાં નવા અનુભવોથી તેને ઘણે દરજ્જે સુધારી, વધારી શકાય છે

ખરાબ આદત યા ખરાબ ચારિત્ર્ય, જે ખરી રીતે જોતાં એક જ છે, તેની ગુલામીથી મનુષ્યજીવ ગમે તેટલો નિરાધાર થયો હોય, તોપણ જ્યાંસુધી તેની બુદ્ધિ સાવધ હોય ત્યાંસુધી તેનાં બંધન તોડી તે મુક્ત થઇ શકે ખરો.

●

મનની ટેવ બદલાય તો ચારિત્ર્ય, આદત અને આખા જીવનમાં પણ ફેરફાર થાય છે.

તા. ૧૧ મી જુન.

શરીર મનની પ્રતિમા છે.

●

શરીરે પીડાતો જીવ નીતિમય અને આનંદમય જીવન ગાળવા તરફ તેનું મન વાળે એટલે તરત જ સાજો થતો નથી. ખરેખર, કેટલોક વખત શરીર અવદશા સુધી પહોંચે છે અને પ્રથમની ચિડિયા સ્વભાવની અસર દૂર કરે છે, તોપણ તેની વિકારી સ્થિતિ વધી ગયેલી જણાશે. જેમ નીતિના માર્ગે ચઢેલો પુરુષ એકદમ સંપૂર્ણ શાંતિ મેળવી શકતો નથી, પણ કેટલાક અપવાદ બાદ કરતાં, તેને અમુક વખત દુઃખી અવસ્થા ભોગવવી પડે છે, તે જ પ્રમાણે ઉપર કહ્યા મુજબ અપવાદ બાદ જતાં પૂર્ણ તંદુરસ્તી તુરત મળતી નથી. મન તેમજ શરીરને ઠેકાણે આવતાં કેટલોક વખત લાગે છે, અને ભલે (પૂરતી) તંદુરસ્તી ન મળી હોય તોપણ તે સ્થિતિએ પહોંચાશે-તંદુરસ્તી મેળવાશે. જો મન મજબૂત બનાવાય તો શારીરિક સ્થિતિ તે પછી ધીમે ધીમે સુધરશે, અને ઘણા મનુષ્યો જે તેને (શારીરિક તંદુરસ્તીને) પ્રથમ પદ આપે છે તે અપાતું બંધ થશે.

●

મનનો એકરાગ યા સંપૂર્ણ નીતિ શારીરિક તંદુરસ્તી આણે છે.

તા. ૧૨ મી જુન.

અનંતને સમજવા તૈયાર થાઓ.

●

સંસારનાં સુખો ખોટાં અને અસંતોષ ઉપજાવનારાં છે એવું મનુષ્યને દુઃખ અને શોક વારંવાર યાદ દેવરાવે છે, તોપણ તે ખરાં અને સંતોષ આપનારાં છે એવું મનુષ્ય ભૂલમાં સમજે છે. સ્થૂલ વસ્તુઓમાં પૂર્ણ સંતોષ મળે છે એમ હમેશ માની કામ કરે છે, તે જ વખતે આ માન્યતા વિરુદ્ધ અંદરથી સતત નકારનો જવાબ મળતો લાગે છે, જે જવાબ તેની નાશવંત પ્રકૃતિ પૂરેપૂરી બતાવી એ અમર, શાશ્વત, અને અનંતમાં જ કાયમનો સંતોષ અને અખંડ શાંતિ તેને મળી શકે છે એવી કુદરતી અને અક્ષય-કાયમની સાબિતી આપે છે.

માણુસ ખરી રીતે જન્મથી દૈવીગુણુવાળો અને અમર છે, પણુ ક્ષણુભંગુર સંસાર અને દુઃખજનક અશાંતિમાં ગૂંચવાય છે ત્યારે તેના મૂળ સ્વભાવનું જ્ઞાન મેળવવા યત્ન કરે છે.

●

પ્રેમમંદિર એ જ સૌની એકસરખી શ્રદ્ધાનું સ્થાન છે, એ જ સૌ ધર્મોના કાર્ય અને કારણુરૂપ છે.

તા. ૧૯ મી જુન.

શાશ્વત મંદિર (આત્મા) એ શાંતિનું ખરૂં સ્થાન છે.

●

મનુષ્યના આત્માનો અનંત સાથેનો સંબંધ અભેદ્ય છે, અને અનંતને પમાય ત્યાં સુધી તેને સંતોષ વળતો નથી; અને જ્યાંસુધી સ્થૂળ વસ્તુની સ્વપ્નવત્ દુનિયામાં ભટકતો અટકે નહીં અને અજરામરના સ્વરૂપ સાથે પૂર્ણ રીતે મળે નહીં ત્યાંસુધી તેના હૃદય પર દુઃખનો ભાર ચાલુ રહેશે અને તેના માર્ગ પર શોકની છાયા પથરાઈ રહેશે.

મહાસાગરથી છૂટા થયેલા નાના પાણીના બિંદુમાં જેમ તેના (સાગરના) સઘળા તત્વો હોય છે તેમ અનંતના જ્ઞાનથી છૂટા પડેલા *જીવમાં તેનું સ્વરૂપ–તેનું પ્રતિબિંબ રહે છે; અને જેમ કુદરતના નિયમ મુજબ પાણીનું ટીપું છેવટે તો સમુદ્રને જ શોધશે અને તેની શાંત ઊંડાઇમાં ભળી જશે, તેમ મનુષ્ય જીવ, તેની પ્રકૃતિના અચૂક નિયમ મુજબ તેના મૂળ તરફ વળશે, અને અનંતના હૃદયમાં તેનું સ્વત્વ ભૂલી જશે–એકરૂપ થઇ જશે.

●

અનંત સાથે એકરૂપ થઈ જવું એજ મનુષ્યનું લક્ષ્ય છે.

---

* અખો—

પોતાનું કોઇ ન જુવે મૂળ, કોણ છે જીવ ને કોણ સ્થૂળ;
કયો જીવ ને કયો એ દેશ, કયાંથી આવી કર્યો પ્રવેશ;
જાતો કયાં તે સમાશે જઈ, અખા એ અજાણપણ સર્વ માંહીં.
અજાણી વસ્તુ મહા અનૂપ, ધણીના અંશ ને ધણીનું રૂપ;
જેમ અર્ણવ જળ વનમાં પરવરે, જામે ત્યારે નામ તેનું નોખું ઠરે;
તેમ ધણીના અંશમાં પરવર્યા ભાઇ, અસુરી રણમાં રહી સમાઈ.

તા. ૧૪ મી જુન.

કર્મનો શાશ્વત નિયમ જે જ્ઞાન, પ્રેમ અને શાંતિમય છે તેમાં પૂર્ણ રીતે ભળી જાઓ.

●

ફક્ત સ્વત્વમાં રહેનારને—દેહને આત્મારૂપે માનનારને આ દૈવી સ્થિતિ દુર્બોધ છે, અને હમેશ તેવી જ (દુર્બોધ) રહેશે. હુંપણું, જુદાઈ, સ્વાર્થવૃત્તિ—સહુ એકજ અર્થ આપે છે, અને તે જ્ઞાન તથા દૈવી ભાવનાની વિરુદ્ધ છે. હુંપણું સમૂળગું ત્યજવાથી જુદાઈ અને સ્વાર્થવૃત્તિ નાશ પામે છે, અને મનુષ્ય-જીવ તેનો અમરપણાનો અને અનંતતાનો દૈવી વારસો મેળવે છે.

સંસારી અને સ્વાર્થી જીવને મન, હુંપણું આવી રીતે ત્યજાય એ મોટામાં મોટું દુઃખ, પાછું નહીં મળે એવું નુકસાન છે; પણ ખરી રીતે તો એજ ઘણું મોટું અતુલ સુખસાધન છે, એજ ખરો અને કાયમનો લાભ છે. પ્રાણી માત્રની આંતર-રચના—આંતર નિયમો અને તેની પોતાની જીંદગીનું ભવિષ્ય અને જાતિસ્વભાવ નહીં સમજવાથી, મન ક્ષણભંગુર દેખાવથી મોહિત થાય છે, જે દેખાવોમાં જરાયે ટકાઉ—ખરાપણું નથી, અને એ રીતે મોહિત થવાથી, તે વખતે તો, તેણે પોતે રચેલા મૃગજલમાં નાશ પામે છે.

●

પ્રેમ વિશ્વમય, ઉત્તમ અને પૂર્ણ છે. નિઃસ્વાર્થ પ્રેમની આ સિદ્ધિ છે.

તા. ૧૫ મી જુન.

જ્યારે મનુષ્યનો આત્મા કોઈ પણ પ્રકારે સ્વાર્થવૃત્તિથી ઘેરાયેલો હોય છે ત્યારે તે તેની આધ્યાત્મિક વિવેકબુદ્ધિ ગુમાવે છે, અને અનિત્યમાં નિત્યનો ભુલાવો ખાય છે.

●

દેહ જાણે કાયમ રહેવાનો હોય તેમ તેને વળગી રહી, તેની ઇચ્છા મનુષ્યો તૃપ્ત કરે છે, અને તેનો (દેહનો) નાશ અચૂક મોડો વહેલો છે જ એ વાત ભૂલી જવાનું કરે છે, પણ મોતની બીક, અને માયિક વસ્તુઓ, જેને તેઓ વળગી રહે છે તેના નાશની બીક તેમના સુખીમાં સુખી દિવસો પર શોકની છાયા પાથરે છે, અને તેમની પોતાની સ્વાર્થવૃત્તિનો કમકમાટ ઉપજાવતો પડછાયો, દયાહીન ભુતની પેઠે તેમની પાછળ પાછળ જાય છે.

સાંસારિક સુખો અને વિલાસોના સંચયથી મનુષ્યમાં રહેલાં ઈશ્વરત્વ ઉપર નશો ચડે છે, તેઓ વધુ ને વધુ સ્થૂલ-રૂપ ધારણ કરે છે, અને ઇન્દ્રિયોના નાશવંત ભોગવિલાસમાં ગરકાવ થાય છે. જેમનામાં કંઈ પણ બુદ્ધિ રહેલી છે તેઓ પણ (આવું થતાં) શરીરના અમરપણા સંબંધીની વાતો પૂર્ણ સત્યરૂપે સ્વીકારે છે.

●

જગતમાં જે કંઈ નાશવંત છે તે કદાપિ અમર થાય નહીં. જે અમર છે તે કદી નાશ પામતું નથી.

તા. ૧૬ મી જુન.

દેહી દેહને અમર કરી શકતો નથી.

●

આખા બ્રહ્માંડના અસંખ્ય રૂપો ચલિત, નાશવંત, ક્ષણિક છે; ફક્ત કુદરતનો ચૈતન્યમય આત્મા અમર છે. બ્રહ્માંડ અનેક રૂપમાં છે, અને તે સૌ (રૂપો) અલગ જણાય છે. ચૈતન્યમય આત્મા એક છે, અને તે એકતાથી ઓળખાય છે. ઇન્દ્રિયોને અને અંતરની સ્વાર્થવૃત્તિને જીતવાથી, એટલે પ્રકૃતિ વશ કરેથી દેહી હુંપણું અને ભ્રમણારૂપી કોશેટો ફોડી બહાર આવે છે, અને જ્યાંથી સઘળી નશ્વર વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે પરમાત્માના ભવ્ય પ્રકાશમાં–સત્યના પ્રદેશમાં ઊડે છે.

તેથી મનુષ્યોએ આત્મસંયમ કરવો; તેમની પશુવૃત્તિઓ જીતવી; મોજશોખ અને ભોગવિલાસના ગુલામ થવું નહીં; સદ્‌ગુણ આચરવા, અને જ્યાં સુધી તેઓ દૈવી સ્વરૂપમાં ભળી જાય નહીં ત્યાંસુધી હમેશ ઉચ્ચતર સદ્‌ગુણો પાળ્યા જવા.

●

अहं ब्रह्मास्मि–પોતે ઈશ્વર છે એવું જ્ઞાન થયાથી જ મનુષ્ય અમરપણું મેળવે છે.

તા. ૧૭ મી જુન.

સૌ પ્રાણી તરફ પ્રેમમાં લુબ્ધ થઇ જવું એ જ ખરી સેવા છે.

●

જે કોઇ પોતાની સ્વાર્થવૃત્તિ હમેશ દાબતો રહે છે, અને તેને બદલે પૂર્ણ પ્રેમ દાખવે છે તે જ સાધુ છે—પછી ભલે તે ઝુંપડામાં વસતો હોય યા ધનસંપતિ અને સત્તાવાળો હોય, પછી ભલે તે બોધ આપતો હોય યા શાંત જીવન ગાળતો હોય.

સંસારી કીડા જે ઊંચી ઊંચી આશા બાંધતો હોય તેને મન, ઉપર કહેલો સાધુ એક ગૌરવવાળો જ્ઞાની પુરુષ છે; સાધુ પુરુષને પરમહંસ, જે શાંત અને પવિત્ર જીવન ગાળે છે, જે દુઃખ અને શોકથી મુક્ત છે, જેને દિલગીરી અને પશ્ચાત્તાપ થતો નથી અને જે લાલચથી કદી વશ થતો નથી તે તેટલાજ પ્રમાણમાં મોહ આપે છે, અને આવા પરમહંસ પણ અવતારી પુરુષના વધુ ગૌરવવાળા દેખાવમાં લુબ્ધ થાય છે. અવતારી પુરુષ સ્વાર્થરહિત કામો જાતે કરી બતાવે છે—આવાં કામોમાં તેમના જ્ઞાનનો ઉપયોગ કરે છે, અને દુઃખી તથા શોકમય સંસારમાં પોતે પ્રકટ થઇ સત્કર્મોથી પોતાનું દૈવત્વ બતાવે છે.

●

અહંતા રહિત કર્મ ફકત ટકી રહે છે.

તા. ૧૮ મી જુન.

સ્વાર્થના વિચાર સિવાય, અને (તન મન તથા ધનનો) રાજી ખુશીથી ભોગ આપવાથી જે કામ થાય-પછી ભલે તે હલકામાં હલકું હોય-તેમાં જ ખરી સેવા છે, અને તે જ કાયમ રહે છે.

●

આ દુનિયાએ પૂર્ણ નિઃસ્વાર્થપણાનો એક મહાન્ ઈશ્વરી નિયમ શીખવાનો છે. દરેક યુગના સાધુઓ, પરમહંસો, અને અવતારી પુરુષો તો તેઓ જ છે કે જેમણે આ કામ માથે લીધું છે-આવો ત્યાગ કર્યો છે, એવું શીખ્યા છે અને એવું જીવન ગાળ્યું છે. દુનિયાનાં સઘળાં ધર્મપુસ્તકો આ એકજ પાઠ ભણાવવા રચાયાં છે, સૌ આચાર્યો એનો એ જ ઉપદેશ આપતા આવ્યા છે. સ્વાર્થી ગૂંચવણભર્યા માર્ગોમાં ગોથાં ખાતા, અવગણના કરતા જગતના લોકને મન આ નિયમ નિર્જીવ છે.

સત્યને અને શાંતિને માર્ગે ચાલેથી આ ન્યાયી માર્ગ જડે છે, અને જે આ રસ્તે ચઢશે તેને જન્મમરણથી મુક્ત તે અમરપણું દેખાશે, અને જગતના દૈવી વહીવટમાં હલકામાં હલકા કામની પણ કિંમત છે એવું ભાન થશે. જ્યાંસુધી દરેક જીવને, તેનામાં રહેલી દિવ્યતાનું આનંદજનક જ્ઞાન થાય નહીં ત્યાંસુધી મનુષ્યજાતનો લક્ષચોરાશીનો ફેરો પૂરો થવાનો નથી.

●

દરેક ધર્મનો ઉદ્દેશ નિર્દોષ અંતઃકરણ રાખવું એ છે, અને તેથી જ ઈશ્વરીજ્ઞાન પમાય છે.

તા. ૧૯ મી જુન.

બાહ્ય સૃષ્ટિમાં જાથુ ધાંધલ, ફેરફાર અને બેચેની છે. સૌ વસ્તુ-ઓના મૂળમાં ખલેલ રહિત વિશ્રાંતિ છે; આ ગહન શાંતિમાં પરમાત્માનો વાસ છે.

●

જેમ મહાન તોફાન પણ સમુદ્રને તળિયે પહોંચતું નથી, તેમ માણસના હૃદયના શાંત અને પવિત્ર ઊંડાણમાં પાપ અને દુઃખનાં તોફાન કદી ખલેલ કરી શકતાં નથી. આવી સ્વસ્થતા પાળવી અને તેવું જ જીવન સમજીને ગાળવું એ જ શાંતિ છે.

બાહ્ય જગતમાં કુસંપ જોરથી ચાલે છે–દૃષ્ટિગોચર થાય છે, પણ જગતના મૂળમાં સતત આનંદ પ્રવર્તી રહ્યો છે. નિષ્પાપ જીવનનો આનંદ મનુષ્યજીવ અજાણપણે ભોગવે છે, અને આ સ્થિતિએ પહોંચવું અને તેવું જ જીવન સમજીને ગાળવું એ જ શાંતિ છે. થોડો કાળ–ક્ષણભર બાહ્ય વસ્તુઓથી, ઈન્દ્રિયોના ભોગથી, બુદ્ધિની ખોટી દલીલોથી, અને જગતના કોલાહલ તથા તોફાનથી જરા દૂર રહો, અને તમારા હૃદયના છેક ઊંડા ભાગમાં પહોંચો, એટલે ત્યાં સઘળી સ્વાર્થી ઈચ્છાઓના અપવિત્ર આગમનથી દૂર થયે, તમો પવિત્ર શાંતિ, આનંદજનક આરામ ભોગવશો; સત્યની નિર્દોષ દૃષ્ટિ તમારામાં ખૂલશે અને વસ્તુઓને ખરા સ્વરૂપમાં તમે જોશો.

●

નાના બાલક જેવા (નિર્દોષ–સરલ હૃદયના) થાઓ.

તા. ૨૦ મી જુન.

દ્વેષ મનુષ્યને જુદા પાડે છે, જુલમ ઉત્પન્ન કરે છે, અને પ્રજાઓને ક્રૂર યુદ્ધમાં ઝંપલાવે છે.

●

મનુષ્યો શાંતિનો પોકાર કરે છે! ખરી રીતે તો તે વેળા શાંતિ નહીં, પણ ઉલટા કુસંપ, બેચેની અને કજિયાનો વાસ હોય છે. આત્મત્યાગ, જે પ્રજ્ઞાથી જુદો નથી તે નહીં મળે ત્યાં સુધી ખરી અને કાયમની શાંતિ મળતી નથી.

સાંસારિક સુખ, ક્ષણિક સંતોષ, અગર દુનિયાની જીત એથી મળતી શાંતિ ખરી રીતે ક્ષણભંગુર છે, અને તે સખત કસોટીરૂપી અગ્નિમાં બળી ખાખ થાય છે. ફક્ત દૈવી શાંતિ સઘળી કસોટીમાં પાર ઊતરે છે, અને એ દૈવી શાંતિ ફક્ત નિઃસ્વાર્થ હૃદય અનુભવી શકે છે.

ઋષિજીવન એ જ અમર શાંતિ છે. આત્મસંયમથી ત્યાં જવાય છે, અને હમેશ વૃદ્ધિ પામતો જ્ઞાનરૂપી દીવો યાત્રાળુને તે રસ્તે દોરે છે. સદ્વર્તનનો માર્ગ હાથ ધરાય એટલે તેટલા પ્રમાણમાં તેનો ભોગવટો થાય છે, પણ જ્યારે નિષ્કલંક જીવનમાં હુંપણાનો નાશ થાય છે ત્યારે જ તેની–ઋષિજીવની પૂર્ણતા અનુભવાય છે.

●

આ અંતરની શાંતિ, આ સ્વસ્થતા, આ આનંદ, આ પ્રેમ એ જ સ્વર્ગનું રાજ્ય છે.

તા. ૨૧ મી જુન.

જે જ્યોત ઝાંખી પડતી નથી તેને ઓળખો.

●

હે વાંચનાર ! જે આનંદને અંત નથી, તેમ જ જે શાંતિમાં ખલેલ પડતી નથી તે અનુભવવા જો તમારી મરજી હોય તો તમારાં પાપો, તમારાં દુઃખો, તમારી ચિન્તાઓ, તમારી મૂંઝવણો હમેશ માટે દૂર કરો. જો આ મુક્તિ, આ ઉત્તમ સ્વર્ગીય જીવન ગાળવું હોય તો તમારૂં મન વશ કરો. તમારી અંદર વસેલ દિવ્ય સત્તાને દરેક વિચાર, દરેક હેતુ, દરેક ઈચ્છા પૂર્ણ રીતે અનુસરતાં કરો. શાંતિ મેળવવા માટે આ સિવાય બીજો માર્ગ નથી. તમે તે રસ્તે જવા ના પાડશો તો તમારી બધી પ્રાર્થના અને તમારી સખત ધર્મક્રિયાઓ નિષ્ફળ અને નિરર્થક નીવડશે, અને દેવો કે દેવદૂતો તમને મદદ કરી શકશે નહીં. જે (મન પર) જીત મેળવે છે તેને જ નવા શુદ્ધ જીવનરૂપી શ્વેત મુદ્રા મળે છે, જેની ઉપર નવીન અને અવર્ણનીય લેખ કોતરેલો હોય છે.

●

તમારી અંદર આવેલું પવિત્ર સ્થાન એ જ તમારો સાચો અને શાશ્વત આત્મા છે. તમારામાં રહેલું દૈવી સત્વ તે છે.

તા. ૨૨ મી જુન.

લાંબો વખત ખંત રાખી સદ્ગુણ આચરવાથી, અને તે પ્રમાણે વર્તવાથી જ આધ્યાત્મિક નિયમો જાણવામાં આવે છે.

●

હિસાબમાં મૂળતત્વો શરૂઆતથી જ શિક્ષક નિશાળિયાને શીખવતો નથી. તે જાણે છે કે એ રીતથી શીખવવું વ્યર્થ થઇ પડશે, અને (નિશાળિયાને) જ્ઞાન મળી શકશે નહીં. પ્રથમ તે તેમને સહેલા દાખલા કરવા આપે છે, અને તે પણ સમજાવ્યા બાદ કરવા આપે છે. ઘણીવારની નિષ્ફળતા અને સતત પ્રયત્ન કર્યા પછી જયારે તેઓ દાખલો ખરો કરે છે ત્યારે એક વધુ અઘરો દાખલો તેમને કરવા આપે છે, અને તે પછી તેથી પણ વધારે અઘરા અને અઘરા દાખલા આપે છે; અને ઘણા વખત સુધી ખંતપૂર્વક મહેનત કર્યા પછી જયારે નિશાળિયાને ગણિતના સઘળા પાઠ સારી રીતે આવડે છે ત્યારે જ ગણિતના મૂળ નિયમોની સમજુતી આપવા તે કોશિશ કરે છે.

●

આવી રીતે દુનિયાની સામાન્ય ચીજોમાં પણ જ્ઞાન પહેલાં અનુભવ મેળવવો જોઇએ. અને આધ્યાત્મિક વસ્તુઓમાં, ઉચ્ચ-જીવન ગાળવા જતાં તો આ કાયદો સખત રીતે પાળવો પડે છે.

તા. ૨૩ મી જુન.

સદ્‌ગુણુના પાઠ ઘડીએ અને પળે કરવાથી સત્યને પહોંચી શકાય છે–સત્ય અનુભવી શકાય છે.

●

સુવ્યવસ્થિત ઘરમાં છોકરાને પ્રથમ કહ્યાગરા થવા, તથા બધી સ્થિતિમાં યોગ્ય વર્તન રાખવા શીખવવામાં આવે છે. આ આમ કેમ–શા માટે કરવું તે વિશે છોકરાને કહેવામાં આવતું નથી, પરંતુ તે પ્રમાણે કરવા તેને ફરમાવવામાં આવે છે, અને તે કામ ખરૂં તથા જોઇએ તેવું કરે છે ત્યારે જ તેને તેમ કરવાનું કારણ કહેવામાં આવે છે. માતાપિતા તરફની ફરજ અને વ્યવહારિક સદ્‌ગુણ પૂર્ણ રીતે પાળે તે પહેલાં કોઇ બાપ પોતાના બાળકને નીતિશાસ્ત્રના સિદ્ધાન્તો શીખવવા શરૂ કરતો નથી.

કર્મ કરેથી જ સદ્‌ગુણ ઓળખાય છે–પ્રાપ્ત થાય છે, અને સદ્‌ગુણ આચરી દોષ રહિત થવાથી જ સત્યનું જ્ઞાન મેળવાય છે; માટે સદ્‌ગુણ પૂર્ણ રીતે આવે અને એવું વર્તન થાય તો સત્યનું જ્ઞાન પૂર્ણ રીતે મળ્યું સમજવું.

●

(જ્ઞાની પુરુષ) નિષ્ફળતાથી નિડર રહે છે, અને વિટંબણાથી વધારે દઢ બને છે.

તા. ૨૪ મી જુન.

***સદ્દગુરૂના પાઠ ભણો અને અજ્ઞાનનો તથા જીવનના પાપનો નાશ કરી જ્ઞાનબળ પર આધાર રાખો.**

●

જ્યાં પ્રેમ ત્યાં પરમેશ્વર, અને જ્યાં સદાચાર ત્યાં પ્રભુનો વાસ છે. જે મનુષ્ય હુંપણું તથા સ્વાર્થ ત્યજવા સારૂ હમેશ યત્ન કરશે, અને સત્ય તથા સાધુતા તરફ પોતાનું મન વાળશે તેને તેના હૃદયકમળમાં સદ્દગુરુનું ખચિત દર્શન થશે. જે મનુષ્ય મનને જીતી પોતાનું જીવન દૈવી અને પવિત્ર (નિર્દોષ) બનાવશે તેનાથી ઈશ્વર જુદો નહીં પરંતુ તે અને ઈશ્વર એક થશે. કજિયા કંકાસને તે તેનાથી ઘણા દૂર કરશે; તે ક્રોધ અને દ્વેષનો નાશ કરશે, અને મદ, લોભ તથા વાસનાને પરમેશ્વર તથા સદ્દવર્તનને અર્પણ કરશે. તેની શાંતિ ગંભીર થશે. જે પાપને જીતે છે તે શોક તથા દુઃખમાંથી અનંતકાળ સુધી મુકત થઈ સુખી થાય છે. નિર્દોષ હૃદયમાં પરમેશ્વર આવી વાસો કરે છે. જે મનુષ્ય સત્યના –સદાચારના માર્ગે ચાલે છે તે પરમાત્મારૂપે શ્રીકૃષ્ણમાં છૂપાયલું જીવન જાણે છે–અનુભવે છે.

●

તારૂં હૃદય પવિત્ર કર; અને તેમ કરેથી તું તારૂં જીવન કજિયા કંકાસથી રહિત, વિચારવંત, આનંદી અને સુંદર કરીશ.

---

* तुलसीदास

सत्य बचन आधीनता, पर स्त्री मात समान;
ओ तिनसे हरि ना मिले, तो तुलसीदास जमान.

તા. ૨૫ મી જુન.

મનને સાવધ અને ચિન્તનશીલ કરવા જાગૃત કર.

●

આળસને દૂર કરવું એ મનને વ્યવસ્થિત કરવામાં પ્રથમ પગથિયું છે એમ જણાશે. એજ ઘણું સુગમ પગલું છે, અને તે પૂર્ણ કર્યા સિવાય બીજાં પગથિયાં ચઢવા મુશ્કેલ છે. આળસને વળગી રહેવું એ સત્યમાર્ગ સામે મજબૂત દિવાલ ઊભી કરી રાખવા બરોબર છે. શરીરને જોઇએ તે કરતાં વિશેષ સુખ તથા આરામ–ઊંઘ આપવામાં; લાસરિયા થવામાં, અને જે કામો તરત કરવા જેવાં હોય છે તે તરફ બેદરકાર રહેવામાં યા તે નહીં કરવામાં આળસ સમાયલું છે. સવારમાં વહેલા ઊઠીને, શરીરના પૂર્ણ આરામ પૂરતી ઊંઘ લઇને, અને દરેક કામ તથા ફરજ, પછી ભલે તે ગમે તેવા નજીવાં હોય, તે તેના યોગ્ય કાળે તરત મન દઇને બજાવવાં. આ રીતથી આળસ દૂર કરવું જોઈએ.

●

ઇન્દ્રિયના અને જીભના સ્વાદ દૂર કરી હૃદય પવિત્ર કરવું જોઈએ.

તા. ૨૬ મી જુન.

ઉદાસીન-બેપરવા મનથી કોઈપણ કામ પાર ઉતારી શકાશે નહીં.

●

અમુક દિશામાં ગુપ્ત ચિન્તન કરવામાં કાર્યસિદ્ધિનું મૂળ રહેલું છે. પ્રત્યેક મનુષ્યના લક્ષણ યા લક્ષણો પર, અને નહીં કે અમુક સંજોગ યા સંજોગો પર તેની કાર્યસિદ્ધિનો આધાર છે. એ તો ખરી વાત છે કે કાર્યસિદ્ધિ મેળવવામાં સંજોગો અમુક ભાગ ભજવતા દેખાય છે, પણ જ્યાંસુધી મન તેમાં ઊંડું ઉતરે નહીં અને તેનો લાભ લે નહીં ત્યાં સુધી તે નકામા છે.

દરેક કાર્યસિદ્ધિના મૂળમાં સુસંચિત અને સુવ્યવસ્થિત શક્તિ રહેલી છે. અમુક યોજના બહાર આવે તે પહેલાં તે પર મનનું સતત ચિન્તન થયલું હોવું જોઇએ. કાર્યસિદ્ધિ ફૂલ જેવી છે. તે મોડી યા વહેલી એકાએક દેખા દે, પણ તે અગાઉથી તૈયાર કરેલી ભૂમિનું, લાંબા કાળના પ્રયત્નનું પૂર્ણ ફળ છે. મનુષ્યો કાર્યસિદ્ધિ જુએ છે, પણ તે સારૂ કરેલી તૈયારીથી અને તેનું આવું પરિણામ આણનાર મનની અસંખ્ય ક્રિયાઓથી તેઓ અજાણ રહે છે.

●

પ્રયત્ન વિના કંઈ પાર પડતું નથી.

તા. ૨૭ મી જુન.

ઉત્તમ પ્રકારની ફત્તેહ મેળવવા સારૂ મનુષ્યે ચિન્તા, ઉતાવળ અને ધાંધલ ત્યજવાં જોઇએ.

●

અમુક માર્ગે ખંતથી આગળ વધ્યા જવાથી, જે સ્થાન સાથે તે માર્ગનો ચોક્કસ સંબંધ છે તે નિર્મિત સ્થાને પહોંચાય છે. વારંવાર આડે માર્ગે જવાથી યા પાછા ફરવાથી પ્રયત્ન નિષ્ફળ જાય છે; એકે નિર્મિત સ્થાને પહોંચાતું નથી, અને ફતેહ દૂર ને દૂર રહે છે.

કોશિશ, કોશિશ અને કોશિશ એ જ ફતેહની ચાવી છે. જૂની કહેવત મુજબ, "તમે શરૂઆતમાં જો નિષ્ફળ થાઓ તો ફરી ફરીને કોશિષ કરો."

ફતેહમંદ ધંધાદારીઓની સઘળી કહેણીઓ, "ફરી યત્ન કરો" એ છે. જ્ઞાની ગુરુઓની આજ્ઞા, "યત્ન કરો" એમ જ કહે છે. કામ કરતાં બંધ થવું એ જીવનના વ્યવહારમાં બિનઉપયોગી થવા જેવું છે. કામ કરવું એટલે કોશિષ અને મહેનત કરવી.

●

જે શક્તિ ઘસાઈ જઈ નાશ પામે છે તેનો ઉપયોગ તે શક્તિને ટકાવી રાખી, તેમાં વધારો કરે એવી ઓછી મહેનતવાળા પરંતુ ગહન કાર્ય તરફ કરો.

તા. ૨૮ મી જુન.

ધાંધલિયા અને અસ્વસ્થ કરતાં શાંત અને સ્વસ્થ માણ-સોની ફતેહ વધુ લાંબી મુદત પહોંચતી જણાય છે.

●

મનુષ્ય ત્રાંબાનાણું આપી રૂપાના સિક્કા લે છે, અને રૂપા નાણું બદલી સોનાનાણું લે છે તેથી બીજા સિક્કાનો ઉપયોગ તેણે બંધ કર્યો કહેવાય નહીં. જે નાણું વજનમાં હલકું અને નાનું પણ વધુ કિંમતી તે તે ભારે જથ્થાના અવે જ બદલ લે છે. એ જ પ્રમાણે મનુષ્ય જ્યારે ધાંધલને બદલે ચિન્તન અને ચિન્તનને બદલે સ્વસ્થતા ધારણ કરે છે ત્યારે તેની પ્રવૃત્તિ ઓછી થતી નથી; તે તો વેરાઈ જતી અને થોડી યા ઘણી બિનઉપયોગી થતી શક્તિને બદલે ઉત્તમ રીતની એકાગ્ર અસરકારક અને ઉપયોગી શક્તિ ધારણ કરે છે.

પણ ઢંગધડા વગરના—અપકવ પ્રયત્નો શરૂઆતમાં જરૂરના છે; કારણ તેવી શરૂઆત સિવાય મોટા પ્રયત્ન થવા મુશ્કેલ છે. બાળક ચાલે તે પહેલાં તે ઘૂંટણિયા ભરે છે; તે પૂરૂં બોલતાં શીખે તે પહેલાં તોતડું બોલે છે; વાકયરચના કરી શકે તે પહેલાં તેને બોલતાં આવડવું જોઇએ. શરૂઆતમાં મનુષ્ય નબળો હોય છે, પણ છેવટે તે જબરો થાય છે. પ્રથમથી તે છેવટ સુધી જે પ્રમાણમાં તે યત્ન કરે છે અને જેટલું બળ વાપરે છે તે પ્રમાણમાં તે આગળ વધે છે.

●

ફતેહનો આધાર મનુષ્યની શાખ ઉપર છે.

તા. ૨૯ મી જુન.

જે નિયમ આપણને શિક્ષા કરે છે તે જ આપણને બચાવે છે.

આ નિયમથી* અજ્ઞાન રહી, મનુષ્યો પોતાનો નાશ કરે છે ત્યારે તેના અમર હાથ પ્રેમપૂર્વક, અને કોઈ કોઈવાર દુઃખ આપીને પણ, તેમના રક્ષણ સારૂ લંબાવવામાં આવે છે. જે કંઈ દુઃખ આપણે ભોગવીએ છીએ તે દૈવી જ્ઞાનની સમજ વધુ વહેલી આપે છે. જે સુખ આપણે ભોગવીએ છીએ તે તે મહાન નિયમની પૂર્ણતા બતાવે છે, અને જ્યારે દૈવી જ્ઞાનનો વારસો મનુષ્યને મળશે ત્યારે જે સ્વર્ગીય સુખ તેનું છે જ તેનું પૂર્ણ રૂપ બતાવશે. શીખવાથી આપણે આગળ વધીએ છીએ, અને અમુક હદ સુધી દુઃખ વેઠીને પણ આપણે ભણીએ છીએ. જ્યારે પ્રેમથી હૃદય પીગળે છે ત્યારે પ્રેમનો નિયમ સઘળા આશ્ચર્યજનક દયાભાવનાં કામોમાં જણાય છે. જ્યારે જ્ઞાન મળે ત્યારે અચૂક શાંતિ થાય છે—જ્યાં પ્રજ્ઞા છે ત્યાં શાંતિ છે.

કુદરતનો નિયમ જે ઉત્તમોત્તમ પૂર્ણતાવાળો છે તેમાં આપણે ફેરફાર કરી શકીએ તેમ નથી, પણ આપણે આપણી જાતને એવી રીતે બદલીએ કે જેથી તેનું પૂર્ણ સ્વરૂપ વધુ ને વધુ સમજીએ, અને તેની ગૌરવતા આપણી કરી શકીએ.

(શિવરૂપ) પૂર્ણ રૂપને અપૂર્ણ કરવા ઈચ્છા રાખવી એ પહેલા નંબરની મૂર્ખાઈ છે, પણ ×(જીવરૂપ) અપૂર્ણતાને પૂર્ણરૂપ (શિવરૂપ)માં લઈ જવી એમાં ખરૂં ડહાપણ છે.

---

* **અખો—**

ઝીણી માયા તે છાની છરી, મીઠી થઈને મારે ખરી;
વળગી પાછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહિથી ખાય.
પણ ઝીણો થઇને ઝીણી હણે, અખો સાચી પ્રીત તેની ગણે:
નહાયા ધોયા ફરે ફૂટડા, ખાઈ પીને થયા ખૂંટડા.
જગત પ્રમાદે જાડા થઇ, પણ ઝીણી માયા તે માંહી રહી;
કાયા કરે તે ઝીણાની પક્ષ, તે ઝીણી જાડાને કરશે ભક્ષ.

× **અખો ભગત—**

જીવ શિવ એક છે રે, જો જાણે જીવની જાત;
પોતાને રંગ પાસ લાગ્યો, ત્યારે બીજે પાડી ભાત.—જીવ શિવ.

તા. ૩૦ મી જુન.

બ્રહ્માંડને જ્ઞાનદૃષ્ટિથી જોનારાઓ કર્મના નિયમને દોષ દેતા નથી.

●

બ્રહ્માંડને જ્ઞાનદૃષ્ટિથી જોનારાઓ, સૃષ્ટિ જુદા જુદા અપૂર્ણ ભાગોનો ખીચડો છે એવી રીતે નહીં પણ તે એક પૂર્ણરૂપ–સમષ્ટિ રૂપ છે એમ જુએ છે.* મહાન ગુરુઓ નિરંતર આનંદી અને સ્વર્ગીય શાંતિ ભોગવતા હોય છે.

અપવિત્ર વાસનાથી અંધ થયલો–મોહપાસમાં બંધાયલો જીવ વખતે એમ કહે–વખતે એવી ઈચ્છા રાખે કે, " હે કામદેવ! તું અને હું મળી આ સઘળી દુઃખદાયક રચના હાથમાં લઇ, પ્રભુની સામું કાવતરું કરીએ, અને તેને છિન્નભિન્ન કરી નાંખી આપણી મરજી મુજબ તેને નવેસર રચીએ તો કેવું સારૂં ? "

નીતિ વિરુદ્ધની મોજશોખ મનમાની ભોગવવી અને તેનાં ખરાબ પરિણામ ભોગવવાં ન પડે એવી સ્વછંદી મનુષ્યની ઈચ્છા હોય છે. આવા જ મનુષ્યો સૃષ્ટિને " દુઃખદાયક રચના " ગણે છે. સૃષ્ટિને તેમની ઈચ્છા અને વૃત્તિને અનુકૂળ કરવા તેઓ માંગે છે; તેઓ નીતિપૂર્વક નહીં પણ નીતિ વિરુદ્ધ કામ કરવા માંગે છે. પણ ડાહ્યો માણસ તેની ઇચ્છા દૈવી આજ્ઞાને અનુસરતી કરે છે તથા તેની વાસનાઓ તેને અર્પણ કરે છે, અને સૃષ્ટિ એ અસંખ્ય પરમાણુઓની સ્તુત્ય પરિપૂર્ણ રચના છે એવું જુએ છે.

●

સૃષ્ટિને જ્ઞાનદૃષ્ટિથી જોવી–સમજવી એમાં પરમ સુખની ઝાંખી છેઃ એનું જ્ઞાન થવું તેમાં સ્વર્ગનું સુખ છે.

---

* ઉપનિષદ્—

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

તા. ૧ લી જુલાઈ.

પ્રજ્ઞા (વિવેક) એ દરેક તત્વજ્ઞાનનું લક્ષ્યબિંદુ છે.

●

મનુષ્ય પોતે જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં તેને હમેશ સત્ માલમ પડી શકે છે. પોતે દઢ અને વિવેકી બને એવી રીતે તેની ચાલુ સ્થિતિનો ઉપયોગ કરવાથી જ તેને તે માલમ પડી શકશે. બદલો (ઈનામ) મેળવવાની કાયર લાલસા, અને શિક્ષા થવાની બાયલી બીક હમેશને માટે દૂર કરવાં જોઇએ, અને પોતાની જાત તથા ગુણહીન (નાલાયક) ભોગવિલાસો ભૂલી જઈ, દઢ, પવિત્ર તથા આત્મપૂર્ણ જીવન ગાળી પોતાનાં સઘળાં કર્મો શ્રદ્ધાપૂર્વક આનંદથી કરવા તરફ મન વાળવું જોઈએ. એમ કરવાથી ઈશ્વરી (દૈવી) ધૈર્ય અને બળ તથા અક્ષય જ્ઞાન તેને અચૂક મળશે. "કાંઈ પણ કર્તવ્ય વિનાની, ધ્યેય વિનાની સ્થિતિ મનુષ્યે કદી અંગીકાર કરી નથી." (ફરજ–કર્તવ્ય ન બજાવે અને ઉચ્ચ ધ્યેય ન રાખે તે મનુષ્ય નથી.) જે સઘળું સુંદર અને સુખસંપન્ન છે તે તારામાં છે, તારા પાડોશીની દોલતમાં નથી. તું ગરીબ છે ? તારી ગરીબાઈ જીતવા જેટલું સામર્થ્ય તારામાં ન હોય તો તું ગરીબ જ છે. તેં આફતો વેઠી છે–દુઃખો વેઠયાં છે ? તે દુઃખમાં ચિંતાનો ઉમેરો કરવાથી દુઃખને દૂર કરી શકીશ ખરો, તે મને કહે ! દુઃખ છે જ નહીં, પરંતુ (તને દેખાતું હોય અને) વિચારપૂર્વક તે સમજીશ તો તે દૂર થશે.

●

તારા રડવાથી ભાંગેલું સુશોભિત વાસણ આખું થશે ખરૂં કે ?

તા. ૨ જી જુલાઈ.

નમ્રતાનો પ્રભાવ ઓર છે.

●

જે મનુષ્ય બીજા મનુષ્યને બળથી જીતે છે તે જબરો છે, જે મનુષ્ય નરમાશથી પોતાના અહંભાવને જીતે છે તે શૂરવીર છે. જે બીજાને બળથી જીતે છે તે તે જ પ્રમાણે હાર ખાશે. જે નરમાશથી પોતાને જીતે છે, તે કદી પણ હાર ખાવાનો નથી, કારણ, માનુષીબળ દૈવીબળને હરાવી શકે નહીં. નમ્ર મનુષ્યની હારમાં પણ જીત હોય છે. સોક્રેટિસને મારી નાંખ્યો, પણ તે અમર થયો છે. જીસસને શૂળીએ ચઢાવવામાં તેનો ઉચ્ચ આત્મા દેખાયો છે, અને સ્ટીફનને પથરા મારી મારી નાંખતી વેળા પથરાની ઇજા કરતી શક્તિને તે ગણકારતો નથી એ તેણે બતાવ્યું છે. જે સત્ છે તેનો નાશ થઈ શકતો નથી, પરંતુ અસત્‌નો જ થાય છે. જ્યારે મનુષ્ય પોતાનામાં રહેલું સત્ જે સ્થાયી, જાણુનું, અચળ અને શાશ્વત છે તે શોધી કાઢે છે, ત્યારે તે સત્ય સ્વરૂપમાં પ્રવેશ કરે છે (તે સત્યસ્વરૂપ થાય છે), અને નમ્ર બને છે. સઘળી આસુરી શક્તિઓ તેની વિરુદ્ધ થશે, પરંતુ તેઓ તેને કાંઈપણ ઇજા કરી શકશે નહીં, અને છેવટે તેનાથી દૂર જતી રહેશે.

●

નમ્રતા એ દૈવીગુણ છે, અને તેમ હોવાથી સર્વ શક્તિમાન છે.

તા. ૩ જી જુલાઇ.

જે પોતાને જીતે છે-પોતાના મન ઉપર કાબૂ મેળવે છે તેનાથી કાંઈ છૂપું રહેતું નથી.

●

કારણોના મૂળમાં તારે ઊંડા ઊતરવું જોઇએ. માયાના પડદા એક પછી એક, એ મુજબ ઊંચા કરવાથી તું સત્‌ના ગુહ્ય હૃદયકમળમાં પહોંચીશ. પ્રાણ સાથે આ પ્રમાણે એક થવાથી બધાના પ્રાણને તું ઓળખીશ, એટલે કારણો તપાસી તથા સત્‌ને (સત્ય વસ્તુઓને) ઓળખ્યા પછી તારે માટે, તથા બીજા માટે, તેમજ બધી દુનિયા માટે તું ચિંતાતુર થઈશ નહીં; પરંતુ જે સઘળું છે તે મહાન નિયમના સાધનરૂપ છે એમ તું સમજશે. શાંતવૃત્તિનું છત્ર ધારણ કરી બીજા જયાં શ્રાપ દે ત્યાં તું આશિષ આપજે, બીજા જયાં તિરસ્કાર કરે ત્યાં પ્રેમ દર્શાવજે; બીજા જયાં નિંદા કરે ત્યાં માફી બક્ષજે; બીજા જયાં વિરોધ કરે ત્યાં નમી જજે; બીજા જયાં પકડી રાખે ત્યાં છોડી દેજે; બીજા જયાં લાભ મેળવે ત્યાં ખોટ ખાજે; તેમનું કહેવાતું બળ તેમને નબળા કરશે અને તારી નબળાઈ-(નમ્રતા)થી તું જબરો થઈશ. રે ! તું ઘણો જ ફાવી જઈશ (જય પામીશ). "તેથી જયારે ઇશ્વર મનુષ્યને બચાવી લે છે ત્યારે તે તેને શાંતિરૂપી પટથી-આવરણથી ઢાંકે છે."

●

જેનામાં અખંડ શાંતવૃત્તિ નથી તેનામાં સત્યનો વાસ નથી.

તા. ૪ થી જુલાઇ.

જે કોઇનું પણ બગાડે નહીં તેને બીક કેવી હોય?

●

સત્યવાદી પુરુષ અજીત હોય છે. એકે દુશ્મન તેને હરાવી અથવા ગભરાવી શકે નહીં. તેને પોતાના પ્રમાણિકપણા તથા પવિત્રાઈ સિવાય બીજા રક્ષણની જરૂર નથી. દુરાચાર સદાચારને જીતી શકે નહીં, તેમ પ્રમાણિક માણસને અપ્રમાણિક માણસ હલકો પાડી શકે નહીં. બીજા મનુષ્યો તેની નિંદા, ઇર્ષ્યા, તિરસ્કાર, દ્વેષ કરે તો તેને તે પત કરે નહીં; તેમજ તેની ઉપર તેઓ દુઃખ લાવી શકે નહીં; વળી જેઓ તેને નુકસાન કરવા યત્ન કરે છે તેઓ છેલ્લે સરવાળે તો પોતાની ફજેતી કરાવે છે.

પ્રમાણિક મનુષ્યને કાંઈ છૂપાવવાનું ન હોવાથી, ચોરીની જરૂર પડે એવાં કર્મો તે કરતો ન હોવાથી, અને બીજા ન જાણે તો સારૂં એવા વિચારો તથા ઇચ્છા રાખતો ન હોવાથી નિર્ભય હોય છે, અને તેને નીચું જોવાનું હોતું નથી. તેના પગ દૃઢ, તેનું શરીર ટટાર, અને તેની વાણી સરળ તથા દ્વિઅર્થ વિનાની હોય છે. તે દરેક મનુષ્યનાં સામું-નજરો નજર જુએ છે. જે કોઈને પણ છેતરતો નથી તે બીજા આગળ કેવી રીતે નીચું ઘાલે?

●

સઘળાં ખોટાં કૃત્યો કરવાનું બંધ કરવાથી કોઇ તમારૂં ખોટું કરી શકશે નહીં.

સઘળાં ઠગાઈનાં કૃત્ય કરવાનું બંધ કરવાથી તમને કોઇ ઠગી શકશે નહીં.

તા. ૫ મી જુલાઈ.

સૃષ્ટિના હૃદયકમળમાં પ્રેમ છે તેથી તેનું જતન થાય છે.

●

જ્ઞાની મનુષ્યો જેઓ સ્વર્ગની સૃષ્ટિમાં રહે છે તેઓ સૃષ્ટિ તથા તેમાં જે જે સમાયલું છે તે સઘળું એક નિયમના-પ્રેમના નિયમના પ્રકાશ રૂપે (પ્રકટ રૂપે) છે એમ જુએ છે. તેઓ પ્રેમને રૂપ બનાવતી, ટકાવી રાખતી (પોષણ કરતી), રક્ષણ કરતી અને પૂર્ણ કરતી (જીવને શિવરૂપમાં લાવતી) શક્તિ, જે જડ અને ચૈતન્યવાળી દરેક વસ્તુમાં અંતસ્થ રહે છે તે રૂપમાં જુએ છે. તેમને મન પ્રેમ એ ફક્ત જીવનનો નિયમ જ છે એમ નથી. તે જીવનનો કાયદો-જીવનની, દોરી છે. તે જાતે જ પ્રાણરૂપ છે. આ જાણવાથી, પોતાની જાતની પરવા નહીં રાખતાં-મમતા રાખ્યા સિવાય તેઓ પોતાનો આખો જીવનક્રમ, પ્રેમને અનુસરીને ગોઠવે છે. પરમાત્માની, દૈવી પ્રેમની તાબેદારી આ રીતે ઊઠાવીને પ્રેમની સત્તાના તેઓ ખરા ભાગીદાર બને છે, અને તેથી મહાત્માઓની માફક પૂર્ણ મોક્ષ મેળવે છે-સચ્ચિદાનંદ રૂપ બને છે. પ્રેમ એ પૂર્ણ શુદ્ધ રચના છે, શુદ્ધ પરમ સુખ છે, અને તેથી તેમાં દુઃખનો અંશ નથી. શુદ્ધ પ્રેમને અનુસરતા ન હોય એવા એકે વિચાર તથા એકે કર્મ કોઈપણ મનુષ્યે કરવાં નહીં. એટલે પછી દુઃખ તેને કનડગત કરશે જ નહીં.

●

પ્રેમ એજ જતન કરતી શક્તિ છે.

તા. ૬ ઠ્ઠી જુલાઇ.

પ્રેમને ઓળખવો એટલે આખી સૃષ્ટિમાં નુકસાન કરતી એકે શક્તિ રહી જ નથી એ જાણ્યા બરોબર છે.

જો કોઈ મનુષ્ય પ્રેમને ઓળખવાની, અને તેના અમર સુખનો લાભ લેવાની ઇચ્છા રાખે તો, તેણે પોતાના હૃદયમાં તેનો અભ્યાસ પાડવો જોઇએ. તેણે તેવી ભાવના ધારણ કરવી જોઇએ. તેણે *પ્રેમસ્વરૂપ બનવું જોઇએ. જે હમેશ પ્રેમની ભાવનાથી વર્તે છે તેને કોઈ ત્યજતું નથી, ધર્મસંકટ અથવા ગૂંચવણમાં તે આવી પડતો નથી, કારણ પ્રેમ× (દૈવી પ્રેમ) એ જ્ઞાન અને શક્તિ બેઉ છે. પ્રેમ કેવી રીતે રાખવો, એ જે મનુષ્ય સમજ્યો છે તે, દરેક ગૂંચવણ ઉપર કાબૂ મેળવવાનું, દરેક હારને ફતેહના રૂપમાં બદલવાનું, દરેક પરિણામ અને સ્થિતિને સુખરૂપી તથા સુંદરતા રૂપી વસ્ત્ર પહેરાવવાનું શીખ્યો છે.

પ્રેમ તરફ જવાનો રસ્તો (પંચતત્વ ઉપર) હુંપણા પર કાબૂ મેળવવાથી મળે છે; અને તે રસ્તે જવાથી, તે જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેના જ્ઞાનમાં વધારો થાય છે. પ્રેમમંદિરમાં દાખલ થવાથી, જે દૈવી સત્તા તે મેળવી શકયો છે તેના અધિકારથી તે શરીર તથા મન ઉપર પૂર્ણ કાબૂ મેળવે છે. "પૂર્ણ પ્રેમ બીકને બહાર કાઢી નાખે છે—પૂર્ણ પ્રેમ બીક રાખતો જ નથી."

પૂર્ણ પ્રેમ એ નિર્દોષપણું-અવિકારીપણું છે. અને જેણે નુકસાનકારક વિકારી વિચારોનો તથા તેવી ઇચ્છાનો પોતાનામાં નાશ કર્યો છે, (જે એવા વિકારો અથવા ઇચ્છા કરતો જ નથી) તેને વિશ્વવ્યાપી રક્ષણ મળે છે-તેનું ચોતરફથી રક્ષણ થાય છે.

---

* **અખો**—જ્ઞાની વિહારી ગોપી જશા, તેમ જ્ઞાની જેને ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુમ્બ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત થઇ.

× આ જગતમાં સગાં સંબંધી–સ્થૂલ વસ્તુઓ ઉપર પ્રેમ દર્શાવવામાં આવે છે તેવો મર્યાદિત પ્રેમ નહીં, પણ સર્વ મનુષ્યપ્રાણી ઉપર એક સરખી રીતે ખરા અંતઃકરણથી ચાહના રાખવામાં આવે તેવો અસીમ પ્રેમ.

તા. ૭ મી જુલાઈ.

આત્મજ્ઞાન થવાથી પૂર્ણ મોક્ષ મળે છે.

●

સ્વર્ગીય જીવનમાં બંધન નથી, ત્યાં પૂર્ણ મોક્ષ છે. આ તેની મહાન પ્રતિષ્ઠા છે. આ શ્રેષ્ઠ મોક્ષ ફક્ત આજ્ઞાપાલનથી મળે છે. જે પરમાત્માની આજ્ઞા પાળે છે તે પરમાત્માના સહકાર બને છે, અને તેથી પોતાની અંદર રહેલી દરેક શક્તિ ઉપર તથા બહારની દરેક સ્થિતિ ઉપર કાબૂ મેળવે છે. કોઇ પણ મનુષ્ય અધમ વાસનાઓ પસંદ કરી દૈવી ભાવનાને દૂર રાખે; પરંતુ દૈવી ભાવના ઉપર આસુરી ભાવના કદી ફાવી શકતી નથી, એ સમજવામાં જ મોક્ષનું ધર્મરહસ્ય છે. મનુષ્યે નિવૃત્તિને માર્ગે ચાલી પ્રવૃત્તિના માર્ગનો ત્યાગ કરવો જોઈએ. તેમ થયે તે જય મેળવી પૂર્ણ મોક્ષનો અનુભવ કરશે.

મનમોજી વર્તન રાખવું એ જ બંધન છે. પોતાના મન ઉપર જીત મેળવવી એ જ મોક્ષ છે. પંચતત્વોનો—હુંપણાનો દાસ પોતાની બેડી (પોતાના બંધન)ને ચાહે છે, અને પોતાને મનગમતો ભોગ-આનંદ રખેને છીનવી લેવામાં આવે, એમ ધારી તેને છોડવા—તોડવા ઇચ્છતો નથી. આ પ્રમાણે તે પોતે પરાજય પામે છે અને જાતને બંધનમાં રાખે છે.

●

પૂર્ણ મોક્ષની ભૂમિમાં જ્ઞાનરૂપી દરવાજેથી જવાય છે.

તા. ૮ મી જુલાઈ.

મનુષ્ય હુંપણા-અહંભાવમાંથી મુક્ત થયો એટલે તેને મુક્તિ મળી જ સમજવી.

●

બધો બહારનો જુલમ એ તો અંદરના ખરા જુલમની છાયા તથા પરિણામ છે. જુલમ ગુજરેલા મનુષ્યોએ યુગોના યુગો સુધી સ્વતંત્રતા માટે પોકાર ઉઠાવેલો છે, અને મનુષ્યના બનાવેલા (મનુષ્ય કલ્પિત સ્વતંત્રતાના) હજારો કાયદાઓ તે સ્વતંત્રતા તેમને આપવામાં નિષ્ફળ નીવડયા છે. તેઓ ફક્ત પોતાનેજ તે સ્વતંત્રતા આપી શકે. દૈવી કાનુનો જે તેમના હૃદય ઉપર કોતરેલા છે તેને અનુસરીને ચાલવાથી જ તે મળે તેમ છે. તેમણે અંદરની સ્વતંત્રતાનો આશરો લેવો, જેથી જુલમ રૂપી છાયા પૃથ્વી ઉપર અંધકાર કરી શકે નહીં (આત્મા જે સ્વતંત્ર છે તેને આશ્રયે જવાથી મનુષ્યને જુલમ દેખાશે નહીં). મનુષ્યોએ અંદર અંદર જુલમ ગુજારવાનું બંધ કરવું જોઈએ, જેથી કોઈ પણ મનુષ્ય પોતાના જાતિભાઈ ઉપર જુલમ ગુજારશે નહીં. મનુષ્યો બહારની (દેખીતી) સ્વતંત્રતા માટે કાયદા ઘડે છે, પરંતુ બંધન-દાસત્વ વધે એવા વિચારો અંતરથી પોષે છે, તેથી આવી સ્વતંત્રતા મેળવવાનું અશક્ય બને છે. આ પ્રમાણે તેઓ બહારના પડછાયાને અનુસરી અંદર રહેલા તત્વને ભૂલી જાય છે. મનુષ્ય જયારે મનોવિકાર, વ્યામોહ-ભ્રાંતિ અને મૂર્ખાઇનો દાસ (ગુલામ) પોતાને હાથે થવાનું બંધ કરે ત્યારે દાસત્વનાં તથા જુલમનાં સઘળાં બહારનાં રૂપો બંધ થાય.

●

મુક્તને મુક્તિ (મોક્ષ) છે.

તા. ૯ મી જુલાઇ.

પરમાત્મા જે સત્ય, સુંદર, મહાન છે-જે જ્યોતિરૂપ, શ્યામ-સુંદર, વૈશટરૂપ છે તે હમેશ બાળસ્વરૂપે છે, અને બારે માસ સુરખીદાર (ગુલ્લાલાસમ) અને યુવાન છે.

સદાચારી મનુષ્ય સદા મહાન પુરુષ હોય છે. તે હમેશ સરળ હોય છે. તે પોતાની અંદર રહેલા દૈવી સદાચાર રૂપી અખૂટ ઝરાનો લાભ લે છે-રે, તે તેમાં જ રહે છે. તે સ્વર્ગીય ભૂમિકાઓમાં વસે છે. તે અદૃશ્ય મહાત્માઓ સાથે વાત કરે છે; તે અવ્યક્ત સાથે રહે છે; તેનામાં ઈશ્વરી પ્રેરણા હોય છે અને તે સ્વર્ગીય મુદ્રા ધારણ કરે છે.

જેને મહાન થવા ઇચ્છા હોય તેણે સદાચારી થવા શીખવું જોઈએ. અર્થાત્, ઐશ્વર્યની યાચના નહીં કરવાથી તે મહાન થશે. ઐશ્વર્ય પ્રાપ્ત કરવા જતાં તે આશાભંગ થાય છે, અને આશા રહિત રહેવાથી તે ઐશ્વર્ય મેળવે છે. મહાન થવાની ઈચ્છા એ ક્ષુદ્રપણાની (હલકાઈની), પોતાની જાતની ફિસિ-યારી બતાવવાની અને ધૃષ્ટતાની નિશાની છે. ખ્યાતિમાં નહીં આવવાની ઈચ્છા, પોતાની એકલાની જ વૃદ્ધિ જોવાની અનિચ્છા એ જ ઐશ્વર્યના જોનાર છે-એ જ ઐશ્વર્ય આણે છે. ક્ષુદ્રપણું અધિકાર શોધે છે અને તે પર મોહે છે. વિભૂતિ (ઐશ્વર્ય)વાળો મનુષ્ય ધણીપણાનો ડોળ દેખાડતો નથી, અને તે કારણે ભવિષ્યની પ્રજા, જ્યારે કાંઈ દાદ મેળવવાની હોય છે ત્યારે તેને પ્રમાણભૂત ગણે છે. (તેનાં વચનોને આધારભૂત ગણે છે).

તારૂં નિખાલસ રૂપ, તારૂં ઉન્નત રૂપ, તારૂં વિદેહીરૂપ ધારણ કર. પછી જો! તું* મહાન છે!

---

* અખો—

વાંકું સમું જાણું ત્યાં હરી, હું નો મારે બેઠો ઠરી;
ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય;
છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ.

તા. ૧૦ મી જુલાઈ.

જે મોટાઇ એબ (દોષ) વગરની, સર્વ રીતે સમાન અને પરિપૂર્ણ છે તે સર્વ કળા કરતાં શ્રેષ્ઠ છે.

●

શું તારી ઈચ્છા "અક્ષર*" શબ્દનો બોધ આપવાની છે? તો તારે પોતાની જાતને ભૂલી જવી જોઇએ, અને તે શબ્દરૂપ બનવું જોઈએ. તારે એક વાત ધ્યાનમાં રાખવી કે મનુષ્યનું હૃદય સદાચારી છે, દૈવી છે. તારે એક વસ્તુ જે પ્રેમ છે તેનું પાન કર્યા કરવું જોઈએ—તારે પ્રેમમય જીવન રાખવું જોઇએ. કોઈનામાં દોષ નહીં જોતાં, અને દોષ નહીં માનતાં, તારે બધા ઉપર પ્રેમ રાખવો જોઇએ; પછી તું ગમે તેટલું થોડું બોલીશ તોપણ તારૂં દરેક કૃત્ય એક શક્તિરૂપ થશે, તારો દરેક બોલ બોધરૂપ થશે. તારા શુદ્ધ વિચાર, તારાં સ્વાર્થ રહિત કર્મ, ભલે ગુપ્ત હોય તોપણ, આત્મોન્નતિ ઈચ્છતા જીવાત્માઓના અગણિત સમૂહો (ટોળાં)ને યુગોયુગ પર્યંત તું બોધ આપતો રહીશ.

સર્વસ્વનો ત્યાગ કરી, જે સદાચારને વળગી રહે છે તેને જ, જેમાં સર્વસ્વનો સમાવેશ થાય છે તે મળે છે. તે શ્રેષ્ઠનો ભોક્તા બને છે, પરમાત્મા સાથે વાત કરે છે અને મહાત્માના મંડળમાં દાખલ થાય છે.

●

જે મોટાઇ એબ વગરની, સર્વ રીતે સમાન અને પરિપૂર્ણ છે તે સર્વ કળા કરતાં શ્રેષ્ઠ છે. તે પૂર્ણ સદાચારની ઝાંખી રૂપે છે. તેથી મહાન જીવાત્માઓ સર્વ કાળે આચાર્ય પદ ધારણ કરે છે.

---

* કવિ છોટમ—

અક્ષર આદ્ય આરાધીએ, જેનો પ્રબળ પ્રતાપજી;
સબળ વિરાજે એ સુનમાં, આવરણ રહિત અપાપજી.
સૂર્ય તણી સત્તા થકી, ઉપજે આભ્ર અપારજી;
એમ સકળ ઓંકારથી, થયો અંડ આકારજી.

તા. ૧૧ મી જુલાઇ.

કુદરતના દરેક કાયદામાં આધ્યાત્મિક ભાગ તેને મળતો હોય છે. (કુદરતના નિયમ અને આધ્યાત્મિક નિયમ જુદા નથી-એ બન્નેની જોડ છે.

●

વિચારો બિયાં રૂપે છે, અને તે મન રૂપી જમીનમાં પડવાથી ફણગા ફૂટી પૂર્ણાવસ્થાએ પહોંચે ત્યાં સુધી ખીલે છે, અને તેનો ફાળ તેના ગુણ પ્રમાણે સુકર્મ યા કુકર્મ રૂપે ઝળકતા અગર ઝાંખા સ્વરૂપે આવે છે, અને પરિણામે વિચાર રૂપી બીયાં થઈ બીજાઓના મનમાં ફરીથી રોપાય છે. આચાર્ય આધ્યાત્મિક ખેડુત છે, બિયાં વાવનાર છે; પરંતુ જે પોતાની જાતને-પોતાના મનને કેળવે છે તે પોતાના મન રૂપી જમીનનો ડાહ્યો ખેડુત છે. છોડ ઊગી વધે છે, તે જ પ્રમાણે વિચાર પણ વધે છે. બિયાં ઋતુ પ્રમાણે વાવવાં જોઇએ. અને તે પછી જ્ઞાન રૂપી છોડ થતાં તથા વિવેક રૂપી ફૂલ આવી તેને પૂર્ણ ખીલવવા માટે કેટલાક વખતની જરૂર છે.

●

જે દેખાય છે તે અદષ્ટનો આયનો છે. (જેવું વાવ્યું હોય તેવો પાક દેખાય.)

તા. ૧૨ મી જુલાઈ.

કામ કરવાનો ઉત્સાહ (શક્તિ) ફળદાતા થાય તે માટે તે ઉત્સાહને સંભાળપૂર્વક કાબૂમાં રાખવો જોઇએ, અને (તે ભાંગી ન પડે-તે ચાલુ રહે તે સારૂ) તેનું સંરક્ષણ કરવું જોઈએ.

●

"પૂર્ણ જાગૃત રહો" એવી વાણીની ખૂબી વાળી ટૂંક સલાહ એક મહાન આચાર્યે પોતાના ચેલાઓ (શિષ્યો)ને આપી હતી તે મુજબ, જે કોઇ મનુષ્યને પોતાનું કામ પાર પાડવું હોય, તેને અશ્રમિત શકિતની ખાસ જરૂર છે એવું તે બતાવે છે, અને તે સલાહ વેપારીને તેમજ સંતને એકસરખી રીતે લાગુ પડે છે. "સતત સાવધ રહેવું એ મુક્તિની–સ્વતંત્રતાની કિંમત છે," અને નિશ્ચિંત ધારણાએ પહોંચવું તે મુક્તિ છે. તે જ આચાર્યે વળી કહ્યું છે કે, "કાંઇપણ કામ કરવાનું હોય તો તે તરત કરવું જોઇએ, તેની પાછળ તન દઈ મંડવું જોઇએ!" કર્મ એ ઉત્પાદક છે અને વાસ્તવિક ઉપયોગ પ્રમાણે તેનો વધારો તથા વિકાસ થાય છે, એ જયારે સ્મરણમાં લાવશો ત્યારે આ સલાહની ખૂબી સમજાશે. વધુ શક્તિ મેળવવા માટે જે આપણી પાસે જ છે તેનો પૂરો ઉપયોગ કરવો જોઇએ. જે મનુષ્ય કાંઈ કામ પાછળ તન દઈ મચ્યો રહે છે તેને જ શક્તિ અને મુક્તિ મળે છે.

ધાંધળ અને ઉતાવળથી તેટલી શકિત નકામી જાય છે.

તા. ૧૩ મી જુલાઇ.

ધાંધળ (ઘોંઘાટ) શક્તિ છે એમ માનવું એ મોટી ભ્રાંતિ છે.

જયાં શાન્તિ ત્યાં જ મહાન શક્તિ છે. શાન્તિ એ દઢ, સાદા કેળવાયલા, ધીરજ રાખી અનુભવ મેળવેલા મનનું ચોક્કસ લક્ષણ છે. શાંત મનુષ્ય પોતાનું કામ ખરેખર જાણે છે, એ નક્કી સમજવું. તે થોડું બોલે છે, પરંતુ તેની અસર થાય છે. તેની યોજનાઓ સારી ઘડાયલી હોય છે અને તેઓ ખરેખર ગોઠવાયલા યંત્રની માફક સારી રીતે ચાલે છે. તે દીર્ઘદૃષ્ટિથી જુએ છે–લાંબો વિચાર કરે છે, અને પોતાના લક્ષ્યબિંદુ તરફ સીધો ચાલ્યો જાય છે. મુશ્કેલી રૂપી તેના દુશ્મનને મિત્રના રૂપમાં તે ફેરવી નાખે છે, અને તેનો ઉપયોગ લાભ થાય એવી રીતે કરે છે, કારણ "રસ્તામાં દુશ્મન પોતાની સાથે હોય ત્યારે તેની સાથે કેવી રીતે મળી રહેવું" એ પાઠ તે ખરેખર રીતે ભણેલો છે. ડાહ્યા સેનાપતિની માફક સર્વે અણધાર્યા બનાવો તેણે અગાઉથી ધારેલા હોય છે. ખરેખર, "પ્રથમથી તૈયાર થયેલો મનુષ્ય" એવું કોઇને કહો તો તે આ જ છે. પોતાના ચિંતનમાં, પોતાના સિદ્ધાંત રૂપ થયેલા પુખ્ત વિચારોમાં તે કર્મનો નિયમ ધ્યાનમાં રાખે છે, અને જે કાંઇ બનવાજોગ હોય તેનું પરિણામ (તેનો રૂખ) જાણે છે. તેની ઉપર કદી પણ એકાએક છાપો મરાતો નથી, તે કદી પણ ઉતાવળિયો થતો નથી; પોતાની દઢતારૂપી ચોકીમાં તે સહી-સલામત રહે છે, અને પોતે જે ભૂમિ ઉપર ઊભો છે તેની મજબૂતી તે જાણે છે.

કામ કરતી વરાળનો અવાજ થતો નથી, બહાર જતી વરાળ જ ભારે અવાજ કરે છે. (અર્થાત, નિર્માલ્ય મનુષ્યો જ ઘોંઘાટ મચાવે છે.)

તા. ૧૪ મી જુલાઇ.

આબાદીના મંદિરમાં પ્રથમ સ્તંભ ઉત્સાહ (શક્તિ) છે.

પૂર્ણ શાન્તિને શિથિલતાની નિર્જીવ શાંતિથી જુદી પાડી જોતાં જણાશે કે તે જમાવેલી શક્તિની પૂર્ણતા છે. તેની પછવાડે બુદ્ધિને કેન્દ્રસ્થાનમાં મૂકેલી છે. ઉદ્વેગ અને સંતાપ વખતે બુદ્ધિ વિખેરાઈ જાય છે–ઠેકાણે હોતી નથી; તે જવાબ દેતી નથી, અને તેનામાં જોર (બળ) તથા વજન નથી. ધાંધળિયા, રિસાળ અને ચીડિયા મનુષ્યોનો વક્કર પડતો નથી. તે બીજાઓનાં મન હરણ કરતો નથી, પણ તેમને પાછા હઠાવે છે–તેમનો ઉત્સાહ મંદ પાડે છે. તેનો ભલો પાડોશી કેમ ફતેહ મેળવે છે અને તેની પાછળ બધા કેમ ફર્યા કરે છે, અને પોતે જે હમેશ દોડાદોડ કરે છે, ઉપાધિ વહોરે છે, અને ખળભળાટ (જેને તે પ્રયાસ કર્યો કહે છે તે) કરે છે, તે નિષ્ફળ થાય છે અને તેનાથી બધા દૂર રહે છે એ શું? આ સારૂ તેને અચંબો થાય છે. તેનો પાડોશી વધારે શાંત હોવાથી, બહુ ભલો નહીં છતાં બહુ વિચારવંત છે, એટલે ઘણું કામ કરે છે, અને તે પણ અક્કલપૂર્વક કરે છે; વળી તે ઘણો સાવધ તથા હિંમતવાન રહે છે. તેની ફતેહ અને તેના વક્કરનું-તેની સત્તાનું કારણ આ જ છે. તેની શક્તિ કાબૂમાં રહી સન્માર્ગે વપરાય છે, ત્યારે તે બીજા મનુષ્યની શક્તિ વિખેરાઈ જઈ ખોટે માર્ગે વપરાય છે.

શક્તિનો અભાવ એટલે વિશાળ બુદ્ધિનો અભાવ સમજવો.

તા. ૧૫ મી જુલાઈ.

ઉડાઉ મનુષ્ય કદી પણ તવંગર થાય નહીં, અને તે ગર્ભ-શ્રીમંત હોય તોયે જલદી ગરીબ થઈ જશે.

●

ગરીબ મનુષ્ય જેને તવંગર થવું હોય તેણે નીચેથી—મૂળથી શરૂઆત કરવી જોઇએ, અને પોતાના દ્રવ્યબળ કરતાં વધારે પૈસાદાર દેખાવાની તેણે કોશિશ કરવી નહીં અથવા ઈચ્છા રાખવી નહીં. તળિયે હમેશ પુષ્કળ જગા અને મોકળાશ હોય છે, અને જે કાંઇ છે તે નીચે નહીં પણ ઊંચે છે, તેથી શરૂઆત કરવા માટે તળિયું એજ સહીસલામત જગા છે. કામ પાર પાડવા માટે બડાઈ મારવાની રીત અને આડંબર, જેને તેઓ ભૂલથી જરૂરનાં ધારે છે, પરંતુ તેથી બીજા નહીં છેતરાતાં તેમનો જ તરત નાશ થાય છે, તે રીત અને આડંબરથી ઘણા યુવાન ધંધાદારીનું છેવટ પરિણામ માઠું આવે છે. પોતાની સ્થિતિ તથા યોગ્યતાને મોટા રૂપમાં જાહેર કરવા કરતાં સાધારણ (માફકસર) અને પ્રમાણિક શરૂઆત કરવાથી, કોઇ પણ સ્થિતિમાં વધારે સારી ફતેહ ચોક્કસ મળશે.

●

કરકસરિયા અને નીતિનિપુણ મનુષ્યો તવંગર થશે.

તા. ૧૬ મી જુલાઈ.

ખોટો રોફ મારવા પાછળ લખલૂટ (ગજા ઉપરાંત) ખર્ચ કરવો એ એક દુર્ગુણ છે, માટે સદ્ગુણી મનુષ્યોએ ખંત રાખી તેનો ત્યાગ કરવો જોઈએ.

●

કોઈની નજર ખેંચાય એવી રીતે કપડાં અને ઘરેણાં-ગાંઠાં પહેરવાં એ હલકું અને જ્ઞાનહીન મન બતાવે છે. વિનયી અને કેળવાયલા મનુષ્યો સાદો અને પોતાને છાજે તેવો પોશાક પહેરે છે, અને તેમની બચત તેમનું જ્ઞાન તથા સદ્ગુણ વધારવા પાછળ યોગ્ય રીતે વાપરે છે. બિન જરૂરિયાત, ખાલી ભભકાદાર પોશાક કરતાં, કેળવણી તથા તેની સંવૃદ્ધિને તેઓ વધારે અગત્યતા આપે છે, અને તેથી વિદ્યા, હુન્નર અને વિજ્ઞાનને આશ્રય મળે છે. ખરો સુધારો મન અને વર્તનમાં રહેલો છે. સદ્ગુણ તથા બુદ્ધિચાતુર્યથી શણગારાયલા મનમાં શરીરના આડંબરયુક્ત દેખાવથી—ખોટા ભપકાથી (જો કે તેનું ઓછું જણાય તોપણ) વિશેષ મનોહરતા આવશે નહીં.

●

પહેરવાના કપડામાં તેમજ બીજા બધામાં સાદાઈ ઉત્તમ છે.

તા. ૧૭ મી જુલાઈ.

નકામો ગુમાવેલો પૈસો પાછો મેળવી શકાશે, નકામી ગુમાવેલી તંદુરસ્તી પાછી મેળવી શકાશે; પરંતુ નકામો ગુમાવેલો વખત પાછો મેળવી શકાશે નહીં.

●

જે મનુષ્ય દરરોજ શું કરવું તે બાબત વિચાર અને યોજના કરવા વહેલો ઊઠે છે, જેથી તે તુલના કરી, વિચાર કરી અગાઉથી ગોઠવણ કરી શકે, તે મનુષ્ય બીજો મનુષ્ય જે છેલ્લી ઘડી સુધી પથારીમાં પડી રહી, હાજરી વખતે જ (ચાહ પીવાનો વખત થાય ત્યારે જ) ઊઠે છે તેના કરતાં, પોતાના અમુક ધંધામાં વધારે ચતુરાઈ તથા ફતેહ બતાવશે. પોતાના યત્નો ફળીભૂત કરવામાં, હાજરી લેતાં પહેલાં આવી રીતે એક કલાક ગાળવામાં આવશે તો તે વખત ઘણો કિંમતી થઈ પડશે. મનને શાંત તથા શુદ્ધ કરવાનું, તથા બધી શક્તિઓને કેન્દ્રસ્થાનમાં, વધારે બળવાન અને અસરકારક થાય એવી રીતે મૂકવાનું તે સાધન છે. સવારના આઠ વાગતા પહેલાં જે ફતેહ મેળવવામાં આવે (જે યોજના મનમાં ઉતારવામાં આવે) તે ઉત્તમ અને જાથૂકની બને છે. જે મનુષ્ય સવારના આઠ વાગતા સુધી પથારીમાં પડી રહેતો હોય, તેના કરતાં બીજો મનુષ્ય જે છ વાગે પોતાના કામ ઉપર લાગી જાય છે તે (બીજી બધી સ્થિતિ એક સરખી હોય તો) ઘણો આગળ વધી જશે.

●

કોઈ પણ મનુષ્ય માટે દિવસ લાંબો કરાતો નથી.

તા. ૧૮ મી જુલાઈ.

વિવેક એ ચતુરાઇનું ઉત્તમ રૂપ છે.

●

કોઈ પણ કામ, પછી તે ગમે તેવું નાનું હોય તોપણ તે કરવાનો ખરો રસ્તો એક જ છે, ખોટા રસ્તા હજાર છે. તે ખરો રસ્તો ખોળી કહાડવામાં તથા તેને પકડી–વળગી રહેવામાં ચતુરાઈ છે. બિનમાહિતગાર મનુષ્યો હજાર ખોટા રસ્તા બતાવી તેમાં ગરબડગોટા કરી લોચા વાળે છે, અને ખરો રસ્તો તેમને બતાવવામાં આવે છે તોપણ તે કબૂલ કરતા નથી. આ પ્રમાણે તેઓ કેટલાંક કામોમાં કરે છે; કારણ તેઓ બહુ સારૂં સમજે છે એમ તેમની અજ્ઞાનતાને લીધે ધારે છે, અને તેથી પોતે એવી સ્થિતિમાં આવી પડે છે કે કાચ કેવી રીતે સાફ કરવા, અથવા ભોંયતળિયું કેવી રીતે વાળવું એટલું શીખવું પણ તેમને અશકય થઈ પડે છે. અવિચારીપણું અને મૂર્ખાઇ બંને જ્યાં ત્યાં નજરે પડે છે. વિચારવંત અને હોશિયાર મનુષ્યો માટે દુનિયામાં પુષ્કળ જગો છે. ઉત્તમ કારીગર મળવા કેટલા મુશ્કેલ છે તે મજૂરોને કામે લગાડનાર જાણે છે. સારો કારીગર, પછી તે હથિયાર અથવા મગજથી કામ કરનાર હોય, વાણી અથવા વિચારથી કામ કરનાર હોય, તેને પોતાની ચતુરાઇ બતાવવા હમેશ માગ મળશે.

●

ચતુરાઈ ઊંડા વિચાર અને ધ્યાન (લક્ષ આપવા)થી મળે છે.

તા. ૧૯ મી જુલાઈ.

ઐશ્વર્ય પ્રાપ્ત કરવું સહેલ નથી.

●

જેમ પરપોટો વધારે વખત ટકી શકતો નથી, તેમ કપટ પાર પડતું નથી. મનુષ્ય પૈસો મેળવવા માટે એકદમ સામટો પ્રયત્ન કરે છે, પણ પછી ધબી જાય છે. કપટથી કોઇને કાંઈ મળ્યું નથી, કોઇને કાંઈ મળે પણ નહીં. થોડા વખત સારૂ તે છીનવી લેવાય છે, પરંતુ ભારે વ્યાજ સાથે પાછું આપવું પડે છે. અનીતિથી નહીં ડરનાર હરામખોર એકલા જ કપટ કરે છે એમ નથી. જાણતાં અથવા અજાણતાં પૂરતો અવેજ આપ્યા સિવાય જે પૈસા મેળવે છે અને મેળવવા કોશિશ કરે છે, તેઓ સઘળા કપટ આદરે છે. કામ કર્યા સિવાય પૈસો કેવી રીતે મેળવવો, તેની જેઓ આતુર ચિત્તે ગોઠવણ કરે છે, અને ચોર તથા હરામખોર, કે જેના સંબંધમાં વહેલા અથવા મોડા તેઓ આવે છે, અને જેઓ તેમની મૂડી છીનવી લે છે, તેમના મન સાથે તેઓ નિકટ સંબંધ ધરાવે છે.

●

ઐશ્વર્ય ફક્ત બુદ્ધિચાતુર્યના બળથી નહીં, પરંતુ નીતિબળથી મેળવવું જોઈએ.

તા. ૨૦ મી જુલાઈ.

શુદ્ધ પ્રમાણિકપણું ગમે તે જગોએ બહાર આવ્યા વિના રહેતું નથી, અને દરેક કામ ઉપર તેની પ્રતિભાની છાપ પાડે છે.

●

પરિપૂર્ણ અને દ્રઢ (મજબુત) થવા માટે, મનુષ્યના આખા શરીરમાં પ્રમાણિકપણું વ્યાપી જવું જોઈએ, અને તેના જીવનના દરેક વ્યાપારમાં પ્રસરવું જોઇએ. તે એટલું પૂર્ણ અને સ્થાયી થવું જોઇએ કે બાંધછોડ કરવા જેટલું પણ મન આડું ચસકાવે તેવી સઘળી લાલચો સામું તે થઇ શકે. એકમાં નિષ્ફળ થવું એ બધામાં નિષ્ફળ થયા બરોબર છે. ગમે તેટલું જરૂરી અથવા નિર્જીવ દેખાય તેવું અસત્ય સમાધાન દબાણથી કબૂલ રાખવું, એ પ્રમાણિકપણા રૂપી ઢાલને નીચે નાંખી દઇને પાપના દુઃખના હુમલાઓને વહોરી લેવા ઊભા થયા બરોબર છે.

જે મનુષ્ય તેના શેઠની દેખરેખ હેઠળ જેવી સંભાળથી અને સાવધતાથી કામ કરે છે, તે જ પ્રમાણે તેની ગેરહાજરીમાં કરે તો તે નીચી પાયરીમાં લાંબો વખત પડી રહેશે નહીં. પોતાની ફરજમાં (પોતાના કર્તવ્યમાં), તથા પોતાનું સવિસ્તર કામ કરવામાં આવું પ્રમાણિકપણું ઐશ્વર્યના ફળદ્રૂપ મુલકોમાં તેને જલદી લઈ જશે.

●

પ્રમાણિક મનુષ્ય (જગતની સઘળી) વસ્તુઓના ચોક્કસ કાયદાના નિયમ (હાર)માં છે. તે એક મજબૂત ઝાડ જેવો છે કે જેનાં મૂળિયાંને બારમાસી-અખંડ વહેતા ઝરાઓમાંથી પોષણ મળે છે, અને જેને કોઈ પણ તોફાન નમાવી શકે તેમ નથી.

તા. ૨૧ મી જુલાઈ.

અજ્ઞાની મનુષ્યો ધારે છે કે ઐશ્વર્ય મેળવવા માટે અપ્રમાણિકપણું ટૂંકો રસ્તો છે.

●

ફતેહ માટે પ્રમાણિકપણું ખરી ખાતરીનો રસ્તો છે. અપ્રમાણિક મનુષ્ય દુઃખ અને શોકથી પસ્તાવો કરે એવો દહાડો છેવટે તો આવે છે; પરંતુ પ્રમાણિક રહેવાથી કોઈપણ મનુષ્યને કદાપિ પસ્તાવું પડતું નથી. શક્તિ, કરકસર, અગર યોગ્ય વ્યવસ્થારૂપી સ્થંભોની ખામીને લીધે, પ્રમાણિક મનુષ્ય કેટલીક વાર હાર ખાય છે, તોપણ અપ્રમાણિક મનુષ્યને પોતાની હારથી જેટલું દુઃખ થાય છે તેટલું પ્રમાણિક મનુષ્યને થતું નથી; કારણ, તેણે પોતાના જાતિભાઇને કદી પણ દગો દીધો નથી એમ જાણીને તે હમેશ ખુશીમાં રહી શકે તેમ છે. ભારે દુઃખના પ્રસંગોમાં પણ તેને પોતાના સ્વચ્છ હૃદયની વિશ્રાંતિ મળે છે—તે સ્વસ્થ ચિત્તે ઊંઘે છે.

●

વ્યવહારૂ રીતે જોતાં અપ્રમાણિક મનુષ્ય ટૂંકી દ્રષ્ટિવાળો-લાંબા વિચાર વગરનો છે.

તા. ૨૨ મો જુલાઇ.

પ્રતાપી મનુષ્યોના ઉદ્દેશ પ્રતાપી હોય છે, અને પ્રતાપી ઉદ્દેશોને પરિણામે પ્રતાપી કર્મો થાય છે.

●

અજીતપણું (કોઇ પણ જીતી શકે નહીં એવી છાપ) એ પ્રખ્યાત રક્ષક છે; પરંતુ જે મનુષ્યનું પ્રમાણિકપણું પૂર્ણ શુદ્ધ અને કોઈ પણ વાંધા વગરનું–નિષ્કલંક હોય તેને જ તે રક્ષે છે. છેક નજીવી બાબતમાં પણ વચનભંગ નહીં કરવો એ વક્રોક્તિ. નિંદા અને ખોટી વાતોના સઘળા હુમલા સામું અજીત–દુર્જેય થયા બરોબર છે. જે મનુષ્ય એક બાબતમાં નિષ્ફળ થયો તે ભેદી શકાય એવો છે, અને એડીમાં વાગેલા બાણે જેમ (ઈલિયડમાં વર્ણવેલા શૂરવીર) એકિલીસને પાડયો, તેમ દુઃખરૂપી તીર તેને હેઠે પાડશે. શુદ્ધ અને પૂર્ણ પ્રમાણિક મનુષ્ય ઉપર કોઇ હુમલો અગર નુકસાન કરી શકે તેમ નથી, અને જેનામાં આ ગુણ છે તે મનુષ્ય નિડર હિંમતથી અને અતિશય સ્વસ્થતાથી સઘળા દ્વેષભાવ અને સતામણી સામું થઈ શકે છે. ઉચ્ચ નીતિનિયમો સમજીને સ્વીકારવાથી તથા પાળવાથી મનને જે શક્તિ અને હૃદયને જે શાંતિ મળે છે, તેવી શક્તિ તથા શાંતિ, ગમે તેટલી વધારે બુદ્ધિ, વિચારશક્તિ અથવા ધંધામાં કુશાગ્ર બુદ્ધિથી મળશે નહીં.

●

નીતિબળ એ સૌથી મોટી શક્તિ છે.

તા. ૨૩ મી જુલાઈ.

મનુષ્યની પરીક્ષા તેના તરત થતા કામો ઉપરથી, નહીં કે તેના છેવટના વચનો ઉપરથી થાય છે.

●

બેવકૂફીભરેલા અને ઉપરચોટિયા (દિલની દાઝ વગરના) વિચાર જે મૂળ વગરના સુંદર ફૂલની માફક તરત મરી જાય છે, અને તેની પછવાડે બી અથવા ફળ મૂકી જતા નથી, તે સાથે દયાને ભેળસેળ કરી દેશો નહીં. કોઈ મિત્રથી જુદા પડતી વખતે અથવા પરદેશની દુઃખની વાત સાંભળવાથી ચિતભ્રમ જેવું રડવું આવે એ દયા નથી. તે જ પ્રમાણે બીજાનાં જુલમી કૃત્યો અને અન્યાયો વિરુદ્ધ ભારે ગુસ્સાના શબ્દો બોલવા (ભાષણો કરવાં) એ કાંઈ દુઃખની દાઝ જાણુતા મનની નિશાની નથી. જો કોઈ મનુષ્ય ઘરમાં ઘાતકી રીતે વર્તતો હોય-જો તે પોતાની ધણીઆણીને સંતાપતો હોય, અગર પોતાના છોકરાને મારતો હોય, અથવા પોતાના ચાકરોને ગાળો દેતો હોય, અથવા પોતાના પાડોશીઓને મહેણાંરૂપી તીર મારતો હોય-તો જે દુઃખી મનુષ્યો તેની નજીકમાં નથી-દૂર દેશમાં છે તેમને માટે પ્રેમ દર્શાવવો એ તે કેવો ઢોંગ? (એ ઢોંગ નહીં તો બીજું શું?) તેની આજુબાજુ દુનિયામાં પ્રવર્તતા અન્યાય અને નિર્દયતા વિરૂદ્ધ કરેલા ગુસ્સાના પોકારો કેવા નિર્માલ્ય સમજવા! (એ પોકારો કેવા નિર્માલ્ય-છાછરા હોવા જોઈએ!)

●

દયા એ અબાધ, અનિર્વચનીય ભાવના છે જે પોતાને ભૂલી જતા-અહંતા વગરના અને તે સાથે નમ્રવર્તનવાળા મનુષ્યમાં જોવામાં આવે છે.

તા. ૨૪ મી જુલાઈ.

હુંપણા (અહંભાવ)માં દયાનો અભાવ હોય છે. પ્રેમમાંથી દયા પ્રગટે છે.

દયા આપણને સર્વ મનુષ્યના હૃદય સાથે એક કરે છે– તેમના હૃદય પાસે લઈ જાય છે, તેથી આધ્યાત્મિક રીતે આપણે તેમની સાથે જોડાઈ જઈએ છીએ, અને જ્યારે તેઓ દુઃખી થાય છે ત્યારે તે દુઃખ આપણને લાગે છે. જ્યારે તેઓ ખુશી હોય છે ત્યારે તેમની સાથે આનંદ ભોગવીએ છીએ; જ્યારે તેઓનો તિરસ્કાર કરવામાં આવે છે અને તેમને દુઃખ દેવામાં આવે છે ત્યારે આધ્યાત્મિક રીતે (તેમના હૃદયકમળ-માં) તેમની સાથે ઉતરીએ છીએ, અને તેમનું અપમાન તથા દુઃખ આપણું માની લઇએ છીએ. જેનામાં દયાની આવી એક ગાંઠ કરતી, એક દિલ કરતી પ્રકૃતિ છે તે કદી પણ જેનો તેનો વાંક કાઢનાર અને નિંદાખોર હોઇ શકે નહીં, અને પોતાના જાતિભાઈઓ સંબંધી અવિચારી અને કઠોર વચનો ઉચ્ચારશે નહીં; કારણ તેનું હૃદય એવું કોમળ છે કે તે તેમના દુઃખે હમેશ દુઃખી હોય છે.

પરંતુ દયાની આ પરિપક્વ–પૂર્ણ સ્થિતિએ પહોંચવાને એ જરૂરનું છે કે તેણે પ્રેમ ઘણો ધારેલો હોવો જોઈએ, દુઃખ ઘણું ખમેલું હોવું જોઇએ, અને શોકના ગાઢ અંધારાના અવાજો સાંભળેલા હોવા જોઇએ. અગાધ અનુભવોના જ્ઞાનમાંથી પ્રેમ ઉદ્‌ભવે છે, જેથી મનુષ્ય પોતાના હૃદયમાંથી ગુમાન, અવિચારીપણું અને સ્વાર્થીપણું ભસ્મ કરી કાઢી નાંખે છે.

●

બીજાઓના પ્રયત્નો તથા દુઃખમાં સમભાવ રાખવો એ દયાનો ખરો અને ઊંડો અર્થ છે.

તા. ૨૫ મી જુલાઇ.

નમ્રતા* એ આધ્યાત્મિક જ્ઞાનની છાપ છે.

●

દરેક મનુષ્યે લોભ, હલકાઇ, દ્વેષ તથા વ્હેમથી સાવધ રહેવું જોઈએ, કારણ તેમને આશ્રય આપવાથી જીવનમાં જે સઘળું શ્રેષ્ઠ છે તેને, રે, સ્થૂળ વસ્તુઓમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેને પણ, તેમજ ચારિત્ર્ય અને સુખમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેને તે લૂંટી લેશે. ફક્ત પોતાની પૂંજીમાંનો ભાગ વારંવાર અને રાજીખુશીથી આપીને જ નહીં, પરંતુ પોતાના મિત્રો તથા જાતિભાઈઓને વિચાર તથા કર્મની છૂટ આપીને તેણે સખી હૃદય તથા ઉદાર હાથવાળા, મોટા મનના અને વિશ્વાસુ થવું જોઇએ. આટલે દરજ્જે તે પહોંચ્યો એટલે આબરૂ, ધાન્ય, સમૃદ્ધિ અને ઐશ્વર્ય તેના મિત્રો અને પરોણા તરીકે દાખલ થવા તેનાં બારણાં ઠોકતાં આવશે.

●

નમ્રતા એ ઇશ્વરત્વ-દૈવત્વ સમાન છે.

---

* કબીર—

મુખ દિયો પ્રભુ ભજનકુ, સુનન કિયો દૉ કાન;
તરનેકુ હય દીનતા, ડૂબનેકું અભિમાન.

તા. ૨૬ મી જુલાઇ.

જે કોઈ નમ્ર મનુષ્યનું સાલસ વર્તન વિવેક તથા માયાભાવથી પ્રેરાયલું હોય તેને, તે ગમે તે જ્ઞાતિનો-વર્ણનો હોય તોપણ લોકો હમેશ ચાહે છે.

●

જે મનુષ્ય પૂર્ણ નમ્ર થયો હોય છે તે કદી પણ કજિયો કરતો નથી. તે કઠોર શબ્દ સાંભળી તેવો જવાબ પાછો વાળતો નથી; તે તે શબ્દને જતો કરે છે, અથવા નમ્ર વાણીથી જવાબ આપે છે, જે વાણી (જેની અસર) ગુસ્સા કરતાં વધારે જોરદાર નીવડે છે. નરમાશ અને વિવેકની જોડી છે. વિવેકી મનુષ્યે પોતાની અંદરનો સઘળો ગુસ્સો જીતેલો હોય છે, એટલે બીજાનામાં રહેલો ગુસ્સો કેવી રીતે જીતવો તે તે જાણે છે. જે વિઘ્નો અને કડાકૂટ-જંજાળથી નિરંકુશ મનુષ્યો દુઃખી થાય છે તેના મોટા ભાગમાંથી નમ્ર મનુષ્ય બચી જાય છે. જ્યારે બીજાઓ વ્યર્થ અને બિનજરૂરી શ્રમ ઉઠાવી પોતાનું શરીર જીર્ણ કરી નાખે છે ત્યારે તે શાંત અને સ્વસ્થ હોય છે, અને આવી શાંતિ તથા સ્વસ્થતા જીવનરૂપી લડાઈ જીતી શકે તેવાં મજબૂત હોય છે.

●

દલીલથી મનુષ્ય બહારથી-ઉપર ચોટિયો જીતાય છે, પણ દયા હૃદય સુધી પહોંચે છે. (દયા બતાવવાથી મનુષ્યનું મન જેવું જીતાય છે તેવું વાદવિવાદની દલીલોથી જીતાતું નથી.)

તા. ૨૭ મી જુલાઈ.

નિર્માલ્ય વસ્તુઓની કિંમત નથી, પછી તે જડ વસ્તુ હોય કે મનુષ્ય હોય.

●

આપણે સત્યવક્તા થવું; આપણે જેવા હોઈએ તે કરતાં જુદા દેખાવાની ઈચ્છા રાખવી નહીં; સદ્‌ગુણનો ડોળ ઘાલવો નહીં; પ્રમાણ વગર ભૂષણ ધારણ કરવાં નહીં; કોઈનો વેષ ગ્રહણ કરવો નહીં; એ ખાસ જરૂરનું છે. ઢોંગી મનુષ્ય એમ ધારે છે કે તે દુનિયાની તથા દુનિયાના શાશ્વત કાયદાની આંખમાં ધૂળ નાંખી શકે. એક જ મનુષ્યને તે ઊંધા પાટા બાંધી શકે છે અને તે પોતાની જાત છે, અને તે માટે દુનિયાનો કાયદો-કર્મનો નિયમ વાજબી શિક્ષા ફરમાવે છે. એક પુરાણા સૂત્ર મુજબ અત્યંત ઘાતકીઓનો નાશ થાય છે. હું ધારૂં છું કે ઢોંગી થવું એ મનુષ્યે પોતાનો લગભગ નાશ કર્યા બરોબર છે. કારણ, એક રીતે જોતાં મનુષ્યનું ખરૂં સ્વરૂપ જતું રહ્યું છે અને તેની જગોએ છેતરપિંડીનાં ઝાંઝવાં રહ્યાં છે.

●

નિર્દોષ-સ્વસ્થ હૃદયવાળો મનુષ્ય એક દાખલારૂપ બને છે; બીજા મનુષ્યો કરતાં તે વધારે છે (તે મનુષ્ય નથી પણ દેવ છે). તે સત્યતાની, પ્રભાવની તથા સંસ્કારી તત્વોની મૂર્તિ છે.

તા. ૨૮ મી જુલાઈ.

દુઃખ એક અનુભવ છે, તેનામાં શક્તિ નથી.

●

નેકીના નવા અનુભવો દાખલ થઈ અંતર્જ્ઞાનની ભૂમિકા જેમ જેમ કબજ કરતા જાય છે તેમ તેમ બદીના-પાપના કઠણ અનુભવો રસ્તો પકડે છે. નેકીના નવા અનુભવો કયા છે? તે ઘણા સુંદર છે-જેવા કે પાપમાંથી મુક્ત છીએ એ આનંદ આપતું જ્ઞાન; પશ્ચાત્તાપનો અભાવ; લાલચની બળ-તરા-પીડામાંથી છુટકારો; જે સ્થિતિ તથા સંજોગો પ્રથમ ભારે દુઃખ કરતા હતા તેમાં અનિર્વચનીય આનંદ; બીજાના કૃત્યોથી ઈજા પામવામાં દુર્ભેદ્યપણું; મોટી ધીરજવાળું તથા મધુર વર્તન; બધા સંજોગોમાં મનની શાંતિ; શંકા, ભય અને ચિંતામાંથી મુક્તિ; અણગમો, દ્વેષ અને દુશ્મનાવટમાંથી છૂટકો.

●

બદી-પાપ એ અજ્ઞાનની, બિન અનુભવની સ્થિતિ છે, અને તેમ હોવાથી જ્ઞાનના પ્રકાશ આગળ પાછી હઠી અદ્રશ્ય થાય છે.

તા. ૨૯ મી જુલાઇ.

દૈવી નેકી પ્રમાણે વર્તવામાં આવે છે ત્યારે જીવન સુખી થાય છે.

●

સર્વોત્તમ સદ્ગુણ રાખવા એ સર્વોત્તમ સુખ ભોગવ્યા બરોબર છે. જે સ્વર્ગીય સુખ શ્રીકૃષ્ણ બતાવે છે તે, જેમનામાં સ્વર્ગીય સદ્ગુણ હોય, જે દયાળુ, શુદ્ધ હૃદયવાળા, સલાહ કરાવનાર અને બીજા એવા ગુણવાળા હોય તેમને માટે જ નિર્માણ થયલું છે. ઉચ્ચતર સદ્ગુણ ફક્ત સુખ મેળવી આપે છે એટલું જ નહીં, પરંતુ તે જ (સદ્ગુણ એ જ) સુખ છે. સર્વોત્તમ સદ્ગુણી મનુષ્ય દુઃખી હોય એ અશકય છે. દુઃખનું કારણ શોધશો તો આત્મપ્રીતિના–મમતાવાળા તત્વોમાં, નહીં કે અહંત્યાગના ગુણોમાં માલમ પડશે. કોઇ મનુષ્ય સદ્ગુણી છતાં દુઃખી હશે, પણ તેનામાં દૈવી સદ્ગુણ હોય તો તે તેવો દુઃખી થશે નહીં. માનુષી સદ્ગુણ હુંપણા સાથે–અહંભાવ સાથે–એટલે શોક સાથે જોડાયલો છે; પણ દૈવી સદ્ગુણમાંથી હુંપણાનો દરેક દોષ ધોઈનાંખવામાં આવે છે, અને તેની સાથે દુઃખનું નામ નિશાન પણ ધોવાઈ જાય છે.

●

સત્ય ઊંચે અને ઘણે દૂર છે.

તા. ૩૦ મી જુલાઈ.

જ્યાં મનોવિકાર છે ત્યાં શાંતિ નથી; જ્યાં શાંતિ છે ત્યાં મનોવિકાર નથી.

●

મનુષ્યો શાંતિ માટે યાચના કરે છે, પરંતુ મનોવિકારને વળગી રહે છે. તેઓ કજિયા કંકાસને ઉછેરે છે-પોષે છે, અને સ્વર્ગીય શાંતિ માટે યાચના કરે છે. આ અજ્ઞાન છે, ઘાડું આધ્યાત્મિક અજ્ઞાન છે. એ તો વસ્તુઓના મૂળાક્ષરનો પહેલો અક્ષર-પ્રથમ પગથિયું નહીં જાણ્યા બરાબર છે.

તિરસ્કાર અને પ્રેમ, કજિયો અને શાંતિ એકજ હૃદયમાં સાથે રહી શકે નહીં. જયાં એક આનંદદાયક પરોણા તરીકે દાખલ થાય ત્યાં બીજાને સત્કાર નહીં કરવા જોગ-અણજાણ્યા મનુષ્યની માફક બહાર કાઢી મૂકવો જોઈએ. જે બીજાને ધિક્કારે છે તેને બીજા ધિક્કારશે. જે પોતાના જાતિબંધુઓની સામું થાય છે તેની સામું બીજા થશે. મનુષ્યોમાં પક્ષ-તડ પડેલા છે તેથી તેણે આશ્ચર્ય પામવું નહીં અને શોક કરવો નહીં. તેણે જાણવું જોઇએ કે તે પોતે કજિયો વધારે છે. પોતાનામાં શાંતિની ખામી હોવાનું તેણે સમજવું જોઇએ.

●

અહં જીતવાથી સંપૂર્ણ શાંતિ મળે છે.

તા. ૩૧ મી જુલાઇ.

જો મનુષ્યો એમ સમજે કે કોઇએ તેમને દુષ્કૃત્ય કર્યું હોય તો તેનો બદલો તેવા કૃત્યથી વાળવો નહીં, તો કેવું સારૂં ?

●

બીજાનું દુષ્કૃત્ય તેમના દુષ્કૃત્યથી દાબી શકાશે નહીં. દ્વેષથી દ્વેષ વધે છે, અને સદાચારથી બધા દોષ અટકે છે, એમ જો મનુષ્યો સમજે તો જ તેઓ પોતાના અંતઃકરણ તથા કર્મો નિર્મળ કરી, પાપી નિંદાને તેના જડમૂળથી કાઢી નાંખશે-તેઓ આટલું સમજે તો ઘણું સારૂં.

જે મનુષ્ય પાપ કરે છે તેણે પસ્તાવું પડશે, દ્વેષી મનુષ્યને તેનું શુષ્ક ફળ બીજે દિવસે મળે છે, અને તે રડતો, ભૂખે મરતો, નિદ્રા તથા આરામ લીધા વગર રહે છે; એમ જો મનુષ્યો સમજે તો તેમનું જીવન કરુણાથી ભરપૂર થશે તથા દયાની નજરથી તેઓ જોશે—તેઓ આટલું સમજે તો બહુ સારૂં.

●

પ્રેમ કેવી રીતે જીત મેળવે છે તેટલું જ મનુષ્યો સમજે તો તેઓ દ્વેષભાવવાળું નહીં પરંતુ હંમેશ પ્રેમમય જીવન ગાળશે.

તા. ૧ લી ઓગસ્ટ.

મનુષ્યે અહંભાવનો ત્યાગ કરવો જોઈએ, સંસારને–માયાને જીતવા જોઈએ, આ દેહ તે હું નહીં એમ સમજવું જોઈએ; આ પ્રમાણે વર્તવાથી જ તે અનંતના હૃદયકમળમાં ભળી જશે.

"શુભેચ્છાથી નિરીક્ષણશક્તિ મળે છે." જેણે પોતાના અહંભાવ ઉપર એવી રીતે કાબૂ મેળવ્યો છે કે તેના મનની એકજ વૃત્તિ–શુભેચ્છાની વૃત્તિ હોય છે, તેનામાં દૈવી નિરીક્ષણશક્તિ આવે છે, અને તે ખોટું ખરૂં ઓળખવાની શક્તિવાળો બને છે. તેથી શ્રેષ્ઠ સદાચારી મનુષ્ય વિવેકી, દૈવી જ્ઞાનદૃષ્ટિથી જોનાર અને અનંતને ઓળખનાર હોય છે. જેનામાં તમને અખંડ નમ્રતા, ભારે ધૈર્ય, ઉમદા વિનય, વાણીમાં લાવણ્યતા, આત્મસંયમ, અહંભાવનો ત્યાગ, ગાઢ અને ઊંડી દયાની લાગણી માલમ પડે, તેનામાં ઉત્તમોત્તમ *જ્ઞાન જોશો. એવા મનુષ્યનો સંગ કરો, કેમકે તેણે બ્રહ્મનો આત્માનુભવ કરેલો છે, તે અજરામર સાથે રહે છે, તે અનંતમાં તદ્રૂપ થયો છે. જે લોકો આધ્યાત્મિક રીતે જાગૃત છે તેઓ જ વિશ્વવ્યાપી સત્ય સમજી શકયા છે. તેઓ જ વિભુને ઓળખી શકયા છે. તે સ્થિતિમાં જગત દ્રશ્ય થતું નથી અને સ્વપ્ન તથા સુષુપ્તિ શમી જાય છે.

પોતાનું જીવન પ્રેમના મહાન નિયમમાં પરોવી દેવું એ નિવૃત્તિ, એકતા, અને શાંતિમાં ભળી ગયા બરોબર છે.

---

* અખો—

પૂરણતામાં સર્વ સમાય, નદી વડે સાગર ન ભરાય;
જેમ દાવાનળ બાળે સર્વ, તેમ જ્ઞાન દોષ દેહ સર્વ;
દેહ વિકાર હરિજનને કશા, અખા જેહની મોટી દશા.

તા. ૨ જી ઑગસ્ટ.

અનંત અને અજરામરનો આત્માનુભવ કરવા માટે યોગ સાધવો એ આયુષ્ય કાળને જીતવા જેવું છે.

●

દુઃખદાયક અને કુસંપ ઉત્પન્ન કરે એવા કામોમાં ભાગ લેતાં અટકવું, દુઃખદાયક કામોની સામા થતાં અને સત્કર્મો છોડી દેતાં બંધ પડવું, અને અંતરની પવિત્ર શાંતિને પૂર્ણ આધીન રહેવું, એ બધી બાબતોનું હાર્દ સમજ્યા બરોબર છે, તેમજ અખંડ અને અનંત તત્ત્વ જે ફક્ત ઉપર ટપકે જોનારને હમેશ ગુપ્ત રહસ્ય માફક રહે છે તેનો જીવંત, અંતર્જ્ઞાન આપતો અનુભવ મેળવ્યા બરોબર છે. જ્યાં સુધી આ તત્ત્વનો અનુભવ મળ્યો નથી, ત્યાં સુધી તે જીવાત્માને શાંતિ વળતી નથી. એ પ્રમાણે જે અનુભવ મેળવે છે તે ખરેખરો જ્ઞાની છે; પંડિતના જ્ઞાન જેવો જ્ઞાની નહીં, પરંતુ તેનું જ્ઞાન નિષ્કલંક હૃદય અને દૈવી પુરુષત્વના અનન્ય ભાવવાળું હોય છે.

એક જ મહાન ઇશ્વરી આજ્ઞા છે જેની તાબેદારી સંપૂર્ણ ઉઠાવવી પડે છે, એક જ યોગતત્ત્વ છે જે બધી ભિન્નતાનો પાયો છે, એક જ અજરામર આત્મા છે જેમાં સર્વ ઐહિક પ્રશ્નો પડછાયાની માફક સમાઇ જાય છે.

●

આ ઇશ્વરી આજ્ઞા, આ યોગતત્ત્વ, આ સત્યનો અનુભવ કરવો એ અનંતમાં ભળી ગયા બરોબર છે, અજરામર સાથે તદ્રૂપ થયા બરોબર છે.

તા. ૩ જી ઑગસ્ટ.

પરમાત્મા જે અમર, સ્વર્ગ અને ચૈતન્ય છે, જે ચિદ્દઘન (અજવાળાનો-પ્રકાશનો ડુંગર) છે તેમાં ભળી જાઓ.

●

અનંતમાં ભળી જવું એ કાંઈ માત્ર મોંની વાત કે ભાવના નથી. તે તો અંતરને શુદ્ધ કરવા સારૂ, તે પાછળ ખંતથી મંડી રહ્યાના પરિણામે મળેલો ખરો અનુભવ છે. જ્યારે દેહ ભવિષ્યમાં, દૂરના ભવિષ્યમાં પણ-કોઈ પણ કાળે, ખરો મનુષ્ય (દેહી) મનાશે નહીં, જ્યારે બધી આશા અને વાસનાઓ સંપૂર્ણ રીતે વશ અને નિર્મળ થશે, જ્યારે મનોવિકાર સ્થિર થઈ શાંત થશે, અને બુદ્ધિની-મનની ચંચળતા અટકશે તથા સંપૂર્ણ સમતોલપણું મેળવાશે, ત્યારે જ અનંત સાથે આત્મા એક થઇ જશે, તે સિવાય નહીં. શુદ્ધ-સરળ જ્ઞાન અને ગહન શાંતિ પણ ત્યારે જ મળશે.

જીવનના શોકજનક પ્રશ્નોથી મનુષ્યો કંટાળી જઈ વૃદ્ધ બનતા જાય છે, અને તે પ્રશ્નો જેમના તેમ રહેવા દઈ છેવટ દુનિયા છોડી જાય છે, કારણ તેઓ જીવનનાં બંધનોમાં ગૂંચવાઈ રહેલા હોવાથી તેમને અહંપણા રૂપી અંધારામાંથી બહાર જવાનો રસ્તો દેખાતો નથી.

●

તેના દેહનું જીવન-આયુષ્ય બચાવવા જતાં, મનુષ્ય સત્ય (આત્મા) રૂપી મહાન દૈવી જીવન ગુમાવે છે; નશ્વર વસ્તુને વળગી રહેવાથી તેને અનંતનું જ્ઞાન થતું નથી.

તા. ૪ થી ઑગસ્ટ.

અહંવૃત્તિ અને અસત્ એકાર્થી શબ્દો છે.

અથાગ ગૂંચવણ રૂપી અંધકારમાં અસત્ ઢંકાયલું છે, પરંતુ અખંડ પ્રેમ સત્ય (આત્મા)નો મુગટ છે.

●

સ્વપ્રેમી મનુષ્યો સત્યથી દૂર* રહે છે, અને પોતાના પંડનું સુખ જોવા જતાં વધુ ગહન, વધુ પવિત્ર અને વધુ ટકાઉ પરમાનંદ ગુમાવે છે. કાર્લાઇલ કહે છે કે, "મનુષ્યમાં સુખ કરતાં કાંઈક વિશેષ વસ્તુ છે. તે સુખ સિવાય રહી શકે અને તેને બદલે તે પરમાનંદ મેળવી શકે. મોજશોખ ઉપર પ્રેમ ન રાખો, ઈશ્વર ઉપર પ્રેમ રાખો. આ જ અવિનાશી ૐ છે, જેમાં સકળ વિરોધી તત્ત્વોનો ખુલાસો થાય છે. એ રસ્તા ઉપર જે ચાલ્યો જાય છે અને કામ કરે છે તેનું ભલું થાય છે."

જે હુંપદ, જે દેહાભિમાનને ઘણા મનુષ્યો ચાહે છે અને જેને ઘણી ચિવડતાથી તેઓ વળગી રહે છે, તે ઉપર જેણે કાબૂ મેળવ્યો છે તેણે બધા સંશયો છોડયા છે, અને અનન્ય ભાવ (પ્રેમ)માં તે એટલો ઊંડો ઊતરી ગયો છે કે દોષરૂપી જાળમાં ગૂંચવાયલું જગત તે ભાવનાને મૂર્ખ ગણી કાઢે છે.

●

અનંતમાં ભળી નિવૃત્તિ મેળવો.

---

* કબીર—

મૈ જાનું હરિ દૂર હૈ, હરિ હૃદેકે માંહીં;
આડી ટેડી કપટી, તાસે દીસત નાહીં.
પરદેશે ખોજન ગયા, ઘર હીરાકી ખાન;
કાચ મની ના પારખે, ક્યૂં હરિકો પિછાન.

અખો—

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર,
ચરચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો,
અખા એમ હલકાથી ભારે હોય આત્મજ્ઞાન તે મૂળગું ખોય.

તા. ૫ મી ઓગસ્ટ.

અચળ મહત્ તત્વ એ પરમાત્માનો પ્રદેશ છે.

●

મનુષ્ય જ્યારે પોતાની તૃષ્ણા, દોષ, કીર્તિલોભ અને ભૂલભરેલા વિચાર છોડી છે ત્યારે તેણે સ્વર્ગ મેળવવાની સ્વાર્થી ઇચ્છા અને તે સાથે નરકના ખોટા ભય દાબી દીધેલા હોવાથી તેને ઇશ્વરનું જ્ઞાન થાય છે, *દેહ ઉપરના પ્રેમને પણ ત્યજી દીધેલો હોવાથી તેને શ્રેષ્ઠ પરમાનંદ અને ચિરંજીવપણું આપતું જીવન પ્રાપ્ત થાય છે, અને તે પોતાનું અમરપણું જાણે છે. મોકળે મને બધું સોંપી દીધું હોવાથી તેને સર્વસ્વ મળે છે, અને અનંતના હૃદય ઉપર તે શાંતિથી સૂવે છે.

જે મનુષ્ય અહંભાવમાંથી એટલો મુક્ત થયો હોય કે જીવ્યા તોએ શું અને મુઆ તોએ શું, એવો જેનો બન્નેમાં સંતોષ હોય છે તે જ અનંતમાં ભળી જવા પાત્ર છે. જે પોતાના ક્ષર દેહ ઉપર વિશ્વાસ નહીં રાખતાં મહાન ઈશ્વરી આજ્ઞા ઉપર, શ્રેષ્ઠ સદાચાર ઉપર અપાર વિશ્વાસ રાખે છે તે જ મનુષ્ય અખંડાનંદનું સુખ ભોગવવા તૈયાર થયો કહેવાય છે.

●

અહં ઉપર કાબૂ મેળવેથી બધી મુશ્કેલીઓ પાર ઊતરાય છે.

---

* અખો—

જેમ તેમ કરી સમજવો મર્મ, હું તે શું ચેતન કે ચર્મ,
એજ સમજવું પ્રથમ જને, પછે ઘેર રહેજે કે જાજે વને:
એ સમજ્યા વિણ ગૃહસ્થ અતીત, વર વિવાહ વિણ ગાવાં ગીત,
સમજણમાં નથી રાગ વિરાગ, જેમ વાયુ હીંડે વિના પરાગ;
લોક ચોક લગી પરવરે, સમજણથી અર્થ સવળો સરે;
અખા રામ નથી ઘેર કે વને, જ્યાં જાશે ત્યાં પોતા કને.

તા. ૬ ઠ્ઠી ઑગસ્ટ.

જ્યાં સ્વાર્થ નથી ત્યાં શોક, નિરાશા કે પશ્ચાત્તાપ હોતા નથી.

●

જે પ્રેમભાવના નિર્દોષ અને પૂર્ણ જીવનમાં પ્રસિદ્ધિમાં આવે છે તે આ પૃથ્વી ઉપર જીવનની કૃતકૃત્યતા અને જ્ઞાનનું શ્રેષ્ઠ ઊંચું શિખર છે.

લાલચ અને કસોટીના પ્રસંગે મનુષ્ય કેવી રીતે વર્તે છે? ઘણા મનુષ્યો સત્યસ્વરૂપ સમજ્યાની બેડસાઇ મારે છે તેઓ જ વારંવાર શોક, નિરાશા, અને ક્રોધથી છવાઈ જાય છે, અને તેઓ જ કસોટીના પહેલા જ, નાના (ક્ષુલ્લક) પ્રસંગે લચી પડે છે. ચલિત થાય તે સત્ નથી, અને જેટલે દરજ્જે મનુષ્ય સત્‌ને વળગી રહ્યો હોય છે તેટલે દરજ્જે તે સદ્‌ગુણમાં દૃઢ થાય છે, તેટલે જ દરજ્જે તેના વિકારો, લાગણીઓ અને નાશવંત દેહભાવ ઉપર તે કાબૂ મેળવે છે.

મનુષ્યો નાશવંત નિયમો બનાવે છે અને તેને સાચા-ખરા કહે છે. સત્ બનાવી શકાતું નથી; તે અવર્ણનીય છે અને હમેશ બુદ્ધિની પાર છે. આચારમાં મૂકવાથી જ તેનો અનુભવ થઈ શકે છે. નિષ્કલંક હૃદયવાળા અને નિર્દોષ જીવાત્મામાં જ તે દેખાય છે.

●

કોઈપણ સંજોગમાં જે મનુષ્ય ધીર, શાંત અને ક્ષમાશીલ છે તે સત્યસ્વરૂપ બતાવે છે.

તા. ૭ મી ઓગસ્ટ.

હૃદયને સદ્‌ગુણી બનાવવા યત્ન કરો, અને ખંતથી તથા નમ્રપણાથી સત્ય (આત્મા)ની શોધ કરો.

●

બહુ શબ્દોવાળી દલીલોથી અને વિદ્વત્તાભર્યાં પુસ્તકોથી સત્ય સાબિત થતું નથી, કેમકે જો મનુષ્યોને અપાર ધૈર્યમાં, અક્ષય ક્ષમામાં અને સર્વમાન્ય દયામાં સત્ય દેખાય નહીં તો શબ્દોથી–વાણીથી તેમના મનનું સમાધાન કદી થવાનું નથી.

ક્રોધી મનુષ્યો જ્યારે શાંતિમાં હોય અથવા એકલા હોય ત્યારે તેમણે શાંત અને ધીર રહેવું સહેલું છે. તે જ પ્રમાણે દોષદર્શીઓની સાથે માયાળુ રીતે વર્તવામાં આવે ત્યારે તે-મણે નમ્ર અને માયાળુ થવું સહેલું છે. પરંતુ જે પોતાનાં ધૈર્ય અને શાંતિ ગમે તે પ્રસંગે–બધી કસોટીમાં ટકાવી રાખે છે, જે ઘણી સખત કસોટીના પ્રસંગે ઉત્તમ નરમાશ અને વિવેક દર્શાવે છે તે, અને તે એકલો જ, નિષ્કલંક સત્યનો *અધિકારી છે. આનું કારણ એ છે કે આવા ઉચ્ચ સદ્‌ગુણો દૈવી જીવમાં હોય છે. જે જ્ઞાનની ટોચે પહોંચ્યો છે, જેણે પોતાનો ક્રોધી, અને ગરજમતલબી સ્વભાવ છોડી દીધો છે, જેણે શ્રેષ્ઠ અને અવિચળ ઈશ્વરી નિયમનો આત્માનુભાવ કર્યો છે અને જેની સાથે તે એકરાગ થઈ ગયો છે, તેનાથી જ તે સદ્‌ગુણો દર્શાવી શકાય છે.

●

પ્રેમનો નિયમ એ એક મહાન–સર્વમાન્ય નિયમ છે, અને તે આખી સૃષ્ટિનો પાયો છે–તેના પર સૃષ્ટિનું બંધારણ છે.

---

* કવિ છોટમ—

પૂરાં અંશ પ્રભુના હશે, જ્ઞાન તો તેના ઘટમાં વસે;
પાવક દેખી ડરતા પ્રાણી, સર્વે કોરે ખસે,
ધગધગતા અંગારા હોય, પણ ચકોર ખાવા ધસે;
જ્ઞાન તો તેના ઘટમાં વસે.

તા. ૮ મી ઓગસ્ટ.

***પ્રેમના નિયમનું જ્ઞાન થવું, તેની સાથે આત્માનું એકતાન થવું એ અમર, અજીત, અક્ષય થયા બરોબર છે.**

●

આ નિયમનો આત્માનુભવ કરવામાં મનુષ્ય નિષ્ફળ થાય છે તેથી જ તેને વારંવાર દેહ ધરવો તથા છોડવો પડે છે અને દુઃખ ખમવું પડે છે. જ્યારે આત્માનુભવ થાય છે ત્યારે દુઃખ બંધ પડે છે, દેહભાવ ઊડી જાય અને પંચભૂતનું જીવન તથા જન્મમરણનો ફેરો ટળે છે; કારણ, આત્મા પરમાત્મા સાથે એક થાય છે-જ્યોતમાં જ્યોત ભળી જાય છે.

તે નિયમ તદ્દન દૈવી છે, અને તેની ઉચ્ચ પ્રસિદ્ધ આજ્ઞા સેવા (ભકિત) કરવાની છે. શુદ્ધ હૃદયના મનુષ્યે સત્યનો અનુભવ કર્યો હોય છે ત્યારે જ તેને છેલ્લો મહાન અને પવિત્ર ભોગ, સત્યની સુકમાણીના સુખનો ભોગ આપવા બોલાવવામાં આવે છે. આ જ ભોગના લીધે દૈવી સંપત્તિવાળો મુક્ત થયલો આત્મા ઘણા જ નમ્ર અને ગરીબ મનુષ્યને ત્યાં જન્મ લે છે અને સકળ મનુષ્યજાતિના સેવક તરીકે લેખાય છે.

●

ભવિષ્યની ઓલાદનું અત્યંત માન મેળવવાની યોગ્યતા માટે પ્રેમની ભાવનાવાળાને જ ચૂંટી કાઢવામાં આવે છે.

---

* અખો—

પ્રસન્ન થઇ પ્રભુ પ્રેમે મળ્યો, જોગ જોગારથ કરવો ટળ્યો,
વિધિ નિષેધ ને થાય ઉથાપ, સંકલ્પવિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રકટયો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રેમદા વૃંદ,
સખી સમાગમ સદા નિજ ધામ, અખા એ રસ તેનું નામ.

તા. ૯ મી ઓગસ્ટ.

સત્ અનહદ છે.

ઋષિ, બ્રહ્મજ્ઞાની અને ઉદ્ધારક (અવતારી પુરુષ)ની એક સરખી ખ્યાતિ એ છે કે તેણે ગહન નમ્રતા, શ્રેષ્ઠ સ્વાર્થ-રહિતપણું આત્માનુભવમાં લીધું હોય છે. પૂર્ણત્યાગ તે એટલે દરજ્જે કે પોતાનો દેહભાવ પણ છોડી દીધેલો હોવાથી તેના સઘળાં કામ પવિત્ર અને ટકાઉ હોય છે; કારણ, તે કામમાં હુંપણાનો જરા પણ અંશ હોતો નથી. તે આપે છે, પરંતુ ગ્રહણ કરવા–લેવા માટે વિચાર સરખો કરતો નથી. તે કામ કરે છે, પરંતુ ભૂતકાળમાં થયલા બનાવ માટે શોક કરતો નથી અથવા ભવિષ્યના બનાવ માટે અટકળ બાંધતો નથી, તેમજ બદલો મેળવવાની ઈંતેજારી રાખતો નથી.

ખેડુત જ્યારે પોતાનું ખેતર ખેડી, તે ઉપર ખાતર પાથરી તેમાં બી વાવે છે ત્યારે તે જાણે છે કે પોતાનાથી બનતું તે કરી ચૂક્યો છે. એટલે હવે તો તેણે પંચતત્ત્વ–કુદરત ઉપર વિશ્વાસ રાખવો જોઈએ, તથા કાપણીનો વખત આવે ત્યાં સુધી તેણે ધીરજથી રાહ જોવી જોઈએ; કારણ, ગમે તેટલી ચિન્તા રાખેથી પરિણામમાં ફેર પડવાનો નથી. તે જ પ્રમાણે જેણે સત્ય અનુભવમાં લીધું છે તે સદાચાર રૂપી, વિશુદ્ધિરૂપી, પ્રેમરૂપી અને શાંતિરૂપી બી, આશા રાખ્યા સિવાય અને પરિણામ તરફ નજર નહીં નાંખતાં, વાવતો જાય છે. તે જાણે છે કે મહાન વિશ્વવ્યાપી નિયમ યોગ્ય વખતે પરિણામ આણે છે, અને જે પાલન તથા સંહારનું મૂળ છે તેથી જ આ બધું થાય છે.

સ્વાર્થત્યાગ કરવામાં નિરંતર ખંત રાખવાથી દરેક પવિત્ર માણસ આવો થાય છે.

તા. ૧૦ મી ઑગસ્ટ.

તે પવિત્ર રસ્તે જે જાય છે તે શરૂઆતમાં મનોવિકારને મારે છે.

●

ઋષિઓ, બ્રહ્મજ્ઞાનીઓ અને ઉદ્ધારકોએ જેવાં કામો કર્યા છે, તેઓ જે રસ્તે ચાલ્યા અને જે માર્ગ બતાવ્યો, એટલે સ્વાર્થત્યાગને તથા નિષ્કામ સેવાને રસ્તે તમે ચાલ્યા જશો તો તેવાં કામો તમે પણ કરી શકશો.

સત્ય એ ઘણું શુદ્ધ–સરળ છે. તે કહે છે કે "અહંને છોડી દે, જે કાંઈ અપવિત્ર છે તે છોડી મારા વિષે *મનવાળો થા એટલે હું તને શાંતિ આપીશ." વિવેચનરૂપી પહાડોના જે ઢગલા તેની ઉપર ખડકવામાં આવ્યા છે તે સઘળા જે મનુષ્ય ન્યાયમૂર્તિને ઈંતેજારીથી ખોળે છે તેનાથી તે સત્યને ગુપ્ત રાખી શકાશે નહીં. તેને વિદ્યાની જરૂર નથી. વિદ્યા સિવાય તે જાણી શકાય છે. દૂષિત, ગરજમતલબી મનુષ્યોએ જુદાજુદા રૂપમાં તેને છૂપાવ્યું છે તોપણ સત્યની સુંદર સરળતા અને શુદ્ધ નિર્મળતા જેવી ને તેવી જ રહે છે, ઝાંખી પડતી નથી, અને નિઃસ્વાર્થ હૃદયવાળો મનુષ્ય તેના ચકચકિત પ્રકાશમાં પ્રવેશ કરે છે (ભળી જાય છે), અને તેનો લાભ લે છે. સત્યનો આત્માનુભવ, ગૂંચવણ ભર્યા સૂત્રો યા કાલ્પનિક ફિલસુફી–દર્શનશાસ્ત્ર રચવાથી લેવાતો નથી; પરંતુ અંતરમાં પવિત્રતા રૂપી વણતર વણવાથી, નિર્દોષ જીવનરૂપી દેવળ બાંધવાથી સત્યનો અનુભવ થાય છે.

●

સાધુપણું એ ઋષિ જીવનનું પ્રથમ પગથિયું છે.

---

* ગીતા—અ. ૧૮ શ્લોક ૬૫

मन्मना भव [illegible]क्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

તા. ૧૧ મી ઑગસ્ટ.

દૈવી આત્મા સાથે તમારો જીવાત્મા એકરૂપ થાય ત્યારે જ તમે "યોગ્ય અધિકારી અને સુવ્યવસ્થિત મગજવાળા" હોવાનું કહી શકાશે.

●

અંદરનો દૈવી આત્મા એ શાંતિનું સ્થાન, જ્ઞાનનું મંદિર, અમરપણાનો વાસ છે. આ અંતરના વિશ્રાંતિ સ્થાન, આ મોક્ષના ધામ સિવાય ખરી શાંતિ, દૈવી આત્માનું જ્ઞાન હોઇ શકે નહીં; અને જો તમે ત્યાં એક પળ, એક કલાક અથવા એક દિવસ પણ રહી શકો તો તમારાથી ત્યાં નિરંતર રહી શકાય ખરૂં.

તમારા સઘળા દોષ તથા શોક, ભય અને ચિંતા એ તમારા પંડના છે, અને તમે તેને વળગી રહી શકો તેમ છોડી દઈ પણ શકો. તમારી રાજીખુશીથી તેને વળગી રહી અશાંતિ ભોગવો છો; તમારી રાજીખુશીથી–તમે ધારો તો નિરંતર શાંતિ ભોગવી શકો. તમારા દોષ બીજો કોઈ દૂર કરી શકે નહીં; તમારે જાતે જ તે છોડવા જોઇએ. મહાન આચાર્ય પોતે સત્યને માર્ગે ચાલો તે રસ્તો તમને બતાવી શકે, તે સિવાય બીજું કરી શકે નહીં; તે રસ્તે તમારે જાતે જ ચાલવું જોઇએ. તમારી જાતના પ્રયત્નથી, આત્માને બંધનકારક વસ્તુનો તથા શાંતિમાં ખલેલ પાડતી–શાંતિનો ભંગ કરતી વસ્તુનો ત્યાગ કરવાથી જ તમને મુક્તિ અને શાંતિ મળશે.

●

આપમતલબિયાપણું છોડી દો; હુંપદ છોડી દો અને પછી જુઓ! દૈવી શાંતિ તે તમારી જ છે.

તા. ૧૨ મી ઑગસ્ટ.

પાપ અને સંતાપ રૂપી તોફાનમાંથી બહાર આવો.

●

તેં વહેમ રૂપી રણ પસાર કર્યું છે? શોકાગ્નિએ તને નિર્મળ કર્યો છે? તારા માનુષી હૃદયમાંથી કીર્તિરૂપી દૈત્યોને સત્યે કાઢી મૂકયા છે? કોઈપણ ખોટો વિચાર તારા મનમાં કદી પણ વાસો કરે નહીં એવો તારો આત્મા નિર્મળ થયો છે? એવું હોય તો શાબાશ છે તને કે તું મનુષ્યોને સત્ય વિષે બોધ આપવા ઇચ્છા રાખે છે!

નિરાશારૂપી ભૂમિમાંથી તું પસાર થયો છે? શોકરૂપી કાળી રાત્રે તેં આંસુ પાડયાં છે? હવે તે શોક અને ચિંતામાંથી મુક્ત થવાથી અનિષ્ટ, દ્વેષ અને ભારે દબાણ નજરે આવતાં દયા તથા નમ્રતા તરફ તારા માનુષી હૃદયને તેણે પિગળાવ્યું છે? એવું હોય તો શાબાશ છે તને કે તું મનુષ્યોને પ્રેમ વિષે બોધ આપવા ઇચ્છા રાખે છે!

તું કજિયારૂપી વિશાળ મહાસાગરની પાર ગયો છે? જીવનની સઘળી બેચેનીમાંથી શાંતિરૂપી કિનારા ઉપર તને મુક્તિ મળી છે? સત્ય, પ્રેમ અને શાંતિ એટલાંને જ રહેવા દઇ, તારા માનુષી હૃદયમાંથી બધી હરીફાઈ–હોંસાતોંસી જતી રહી છે? એવું હોય તો શાબાશ છે તને કે તું મનુષ્યોને શાંતિ વિષે બોધ આપવા ઇચ્છા રાખે છે!

●

ભીતરના વિશ્રાંતિસ્થાનમાં પ્રવેશ કરો.

તા. ૬૩ મી ઑગસ્ટ.

તમારી જાતને નિર્દોષ અને પ્રીતિપાત્ર બનાવો એટલે બધા તમારી સાથે પ્રીતિ કરતા આવશે.

●

તમારા ચાકરો માટે માયાળુપણાથી વિચાર કરો. તેમના સુખ અને સગવડ જુઓ. તમે તેમની જગોએ હો તો જે સખત કામ કરવા માટે નારાજ થાઓ તેવાં કામ તેમની પાસેથી લો નહીં. પોતાના શેઠના લાભ માટે કામ કરવામાં પોતાની જાતને જે નોકર તદ્દન ભૂલી જાય એવી આત્માની નમ્રતા સુંદર છે અને તે ભાગ્યે જ જોવામાં આવે છે, પરંતુ જે મનુષ્યો પોતાની સત્તા નીચે હોય છે અને જેઓ તેમના શરીરના પોષણ માટે તેના ઉપર અવલંબી રહ્યા છે તેઓનું સુખ, પોતાનું સુખ ભૂલી જઈ જે શોધે છે એવો ઉદાર આત્મા ક્વચિત જ જોવામાં આવે છે, અને તે દૈવી સુંદરતાને લીધે (આ દૈવી ગુણને લીધે) વધુ સુંદર દેખાય છે. આવા મનુષ્યનું સુખ દશ ગણું વધે છે, તેમજ જેમને તે કામે લગાડે છે તેમના સંબંધમાં બબડવાનું તેને કારણ પણ રહેતું નથી. એક પ્રખ્યાત અને ઘણા મનુષ્યોને રોજી આપનાર પુરુષ જેણે એક પણ મજુરને બરતરફ કર્યો નહોતો, તેણે કહ્યું હતું કે “ મારા મજુરો સાથે મારો સંબંધ હમેશ સુખશાંતિ ભરેલો હતો. તમે મને તેનો ખુલાસો પૂછો તો હું એટલું જ કહું છું કે મારી પાસેથી બીજા જેવી રીતે કામ કરાવે, તેવી જ રીતે મારે તેમની પાસેથી કામ લેવું એવું પ્રથમથી હું લક્ષ રાખતો આવ્યો છું. ”

●

બીજા તરફ મિત્રતાથી વર્તો એટલે તરત જ તમારી આસપાસ ટોળાબંધ મિત્રો આવશે.

તા. ૧૪ મી ઓગસ્ટ.

નિરંતર સારા (નેકીના) વિચારો કરવા એ પોતાની આજુ-બાજુ મધુર અને સત્વવાળી આધ્યાત્મિક હવા પાથર્યા ખરોખર છે, જેથી જે લોકો તેના સંસર્ગમાં આવે છે તેમના ઉપર તેની છાપ પડે છે.

●

ઊગતો સૂર્ય જે પ્રમાણે અનાથ અંધકારને વિખેરી નાંખે છે તે જ પ્રમાણે નિર્દોષપણા અને શ્રદ્ધાથી મજબૂત બનેલા હૃદયમાંથી જે દઢ વિચારના સખ્ત કિરણોનો પ્રકાશ પડે છે તે કિરણો પાપના–આસુરી સઘળા લશ્કરને નસાડી મૂકે છે.

જ્યાં દઢ શ્રદ્ધા અને અડગ વિશુદ્ધિ છે ત્યાં તંદુરસ્તી છે, ત્યાં કાર્યસિદ્ધિ છે, ત્યાં સત્તા છે. એવા મનુષ્યમાં રોગ, નિષ્ફળતા તથા અરિષ્ટને રહેવા સ્થાન નથી; કારણ તેમનું પોષણ થાય એવી એકે વસ્તુ ત્યાં નથી.

શરીરની સ્થિતિ પણ મોટે ભાગે મનની સ્થિતિ ઉપર આધાર રાખે છે, અને આ સત્ય તરફ વિજ્ઞાની લોકો જલદી વળતા જાય છે. મનુષ્યને તેનું શરીર જેવો બનાવે છે તેવો તે થાય છે, એવી જે જૂની દેહાત્મવાદી માન્યતા હતી તે જલદી બદલાતી જાય છે અને તેને બદલે ઇશ્વરી પ્રેરણાની માન્યતા દાખલ થાય છેઃ તે એ કે મનુષ્ય (દેહી) તેના શરીર (દેહ) કરતાં ચઢિયાતો છે, અને વિચારશક્તિથી શરીરને તે જેવું બનાવે તેવું તે થાય છે.

●

જગતમાં જે કાંઈ બદી–પાપ છે તેનું મૂળ અને ઉત્પત્તિ મન સિવાય બીજે ક્યાંય નથી.

તા. ૧૫ મી ઓગસ્ટ.

ત્યાગ શીખો.

●

જો તમને ગુસ્સે થવાની, ઉપાધિ હોરવાની, અદેખાઈ કરવાની, લઘુતાની, અથવા મનની બેસૂર સ્થિતિ કરે એવી ટેવ પડી હોય અને તે સાથે શરીર પૂર્ણ તન્દુરસ્તીમાં રહે એવી આશા રાખો તો તો તમે અસાધ્ય વસ્તુની આશા રાખો છો એમ કહેવા હરકત નથી; કારણ, તમે નિરંતર તમારા મનમાં રોગનાં બીજ વાવ્યા કરો છો. ડાહ્યા મનુષ્યો મનની આવી સ્થિતિને સંભાળપૂર્વક ત્યજી દે છે, કારણ કે ગંધાતી ગટર અથવા ચેપી ઘર કરતાં તે રોગનાં બીજ ઘણાં વધુ ભયંકર હોવાનું તે જાણે છે.

શરીરના દુઃખ તથા પીડામાંથી મુક્ત થવા અને શરીરની પૂર્ણ તંદુરસ્તી ભોગવવા ઇચ્છતા હો તો તમારૂં મન સ્થિર કરો, અને તમારા વિચારો એકસૂરવાળા બનાવો. આનંદ આપે એવા વિચાર કરો, પ્રેમભર્યા વિચાર કરો, શુભેચ્છા-રૂપી અર્કને તમારી નસોમાં વહેવા દો, એટલે પછી તમારે બીજી દવાની જરૂર નથી. તમારી ઇર્ષ્યા, વહેમો, જંજાળો, દ્વેષભાવ, સ્વાર્થી નિરંકુશ મોજમજાહ ત્યજો એટલે તમારો અપચો, પિત્તપ્રકૃતિ, નબળાઇ અને સાંધાનો દુખાવો દૂર થશે.

●

જો તમારે તંદુરસ્તી મેળવવી હોય તો મતભેદ વગર કામ કરતાં શીખવું જોઇએ.

તા. ૧૬ મી ઑગસ્ટ.

વિચારનો ક્રમ ગોઠવો એટલે તમારા જીવનનો ક્રમ ગોઠવાશે.

●

મનોવિકાર અને વહેમો રૂપી તોફાની દરિયા ઉપર શાંતિ રૂપી તેલ રેડો એટલે અરિષ્ટ (વિપત્તિ) રૂપી તોફાનો, તમને ગમે તેટલો ભય આપે તોપણ તમારી આત્મારૂપી નાવ (હોડી) જે ભવ (જીવન) રૂપી સાગર ઉપર ચાલી જાય છે તેને ભાંગી શકશે નહીં. અને જો તે નાવને આનંદી અને અડગ શ્રદ્ધાવાળો હલ્લેસા *મારનાર મળે તો તેની ગતિ-તેનો માર્ગ ઝપટ સહેલો થશે, અને બીજી રીતે તેની ઉપર આવતી વિપત્તિઓમાંથી તે બચી જશે. શ્રદ્ધાના દરેક ચિર-સ્થાયી કામ પૂર્ણ થાય છે. પરમાત્મામાં શ્રદ્ધા, વિશ્વવ્યાપી નિયમમાં શ્રદ્ધા, તમારા કામમાં અને તે કામ પૂર્ણ કરવામાં તમારા બળની શ્રદ્ધા-જો તમારે કાર્ય સાધવું હોય અને પડ-વાની નહીં પરંતુ ઊભા રહેવાની ઇચ્છા હોય તો આ શ્રદ્ધારૂપી ખડક ઉપર તમારૂં બાંધકામ કરો.

●

ગમે તેવા સંજોગોમાં તમારી અંદર રહેલા ઉચ્ચ આશયોને અનુસરો.

---

* **નરસિંહ મહેતા—**

ભવસાગરમાં રે ગુરુ નાવે હું ચઢયો રે, સેહેજે આવ્યો સાગર પાર,
હોડાને હેલ્લા તો રે મુજને નવ નડયા રે, સદ્ગુરુ સાવધ હાંકણહાર.

તા. ૧૭ મી ઑગસ્ટ.

તમારૂં હૃદય વિશાળ, પ્રેમાળ અને નિ:સ્વાર્થી થવા દો, એટલે તમારો વક્કર-તમારી સત્તા અને કાર્યસિદ્ધિ, મહાન તથા લાંબો કાળ પહોંચે એવાં થશે.

●

જીવાત્માને નિર્દોષ અને નિ:સ્વાર્થી કરવા ખાસ ધ્યાન આપો અને એક નેમ રાખી શ્રદ્ધાપૂર્વક અને નિખાલસ હૃદયથી કામ કરો એટલે કુદરત તરફથી જ તમને લાંબો કાળ ચાલે એવી મહત્તા અને સત્તા મળશે.

તમારી હાલની સ્થિતિ તમને નાપસંદ હોય અને તમારા કામમાં તમારૂં દિલ લાગતું ન હોય, તોપણ ઘણી કાળજીથી ખંત રાખી, તમારાં કર્તવ્યો કરતા રહો. અને તમારા મનમાં એવા વિચાર આવે કે વધુ સારી સ્થિતિ અને મોટા સંજોગોની તમને ઝાંખી થાય છે, ત્યારે પ્રાપ્ત થતા સંજોગો તરફ હમેશ ચીવટ નજર રાખતા રહેજો, જેથી અણીનો પ્રસંગ આવે અને નવો રસ્તો દેખાઇ આવે ત્યારે તે કાર્યને માટે તમારૂં મન પૂર્ણ રીતે તૈયાર હોવાથી તમે તે રસ્તે ચઢી શકશો, અને તમારૂં મન કેળવાયલું હોવાથી બુદ્ધિપૂર્વક અને દીર્ઘદૃષ્ટિથી તે કાર્ય કરી શકશો.

તમારૂં કામ ગમે તેવું ભારે હોય તોપણ તમારૂં મન તે તરફ પૂર્ણ એકાગ્ર કરજો, અને તમારામાં હોય તેટલી બધી શક્તિ તેમાં વાપરજો. નાનાં કામો ખામી વગર પૂર્ણ કરવાથી મોટાં કામો કરવા તરફ આપણે અચૂક દોરવાઇએ છીએ.

●

તમારાં સાધનોનો કેવી રીતે સારો ઉપયોગ કરવો તથા તેમને અમુક મુદ્દા ઉપર કોઈ પણ પળે કેવી રીતે એકત્ર કરવાં તે રોજના મહાવરાથી શીખો.

તા. ૧૮ મી ઑગસ્ટ.

ક્રોધ એ શક્તિ નથી; તે તો શક્તિનો દુરુપયોગ છે; તેથી શક્તિ વિખેરાઈ જાય છે.

●

એક જુવાન મનુષ્ય જેને હું ઓળખતો હતો અને જેના ઉપર સતત આફતો અને વિપત્તિ પડતી હોવાથી તેના મિત્રોએ તેની મશ્કરી કરી તેને આગળ યત્ન કરવો બંધ રાખવા જ્યારે કહ્યું ત્યારે તેણે જવાબ દીધો કે હવે થોડા જ વખતમાં મારા કાર્યની ફતેહ થઈ મારો ભાગ્યોદય થશે, અને તેથી તમે આશ્ચર્ય પામશો. જે ગુહ્ય અને અનિવાર્ય શક્તિએ તેને અસંખ્ય મુશ્કેલીઓ પસાર કરાવી હતી અને તેને ફતેહ મેળવી આપી હતી તે તેનામાં હતી એ તેણે બતાવી આપ્યું હતું.

આ શક્તિ તમારામાં ના હોય તો મહાવરો પાડી તે મેળવો; અને તે શક્તિનો પ્રારંભ તે જ જ્ઞાનનું દ્વાર છે. તમે જે બિનઉપયોગી નજીવાં કામોમાં જાણે અજાણ્યે સપડાઈ ગયા છો તેમાંથી દૂર થવાની કોશિશ કરો. નિરંકુશ અને અટ્ટહાસ (ધિંગામસ્તીનું હસવું), નિંદા અને નકામી કૂથલી તથા હાહાહીહી કરવા માટે જ મશ્કરી કરવી–આ બધી બાબતોથી અમૂલ્ય શક્તિનો દુરુપયોગ થતો હોવાથી તેમને દૂર કરવાં.

એક નેમ રાખો. વાસ્તવિક અને ઉપયોગી કામ ઉપાડો, અને તેમાં તન, મન અને ધનથી મચ્યા રહો.

તા. ૧૯ મી ઑગસ્ટ.

પૂર્ણ સંતોષવાળી મનની સ્થિતિ એ જ સુખ છે, અને તેમાં જ આનંદ તથા શાંતિ રહેલાં છે.

●

જે સંતોષ તૃષ્ણા× તૃપ્ત કરવાથી મળે છે તે ક્ષણિક અને ભ્રાંતિમય છે, અને તેથી નિરંતર વધુ તૃપ્તિની ઈચ્છા થયા કરે છે. મહાસાગરની માફક તૃષ્ણા તૃપ્ત થતી નથી, અને જેમ જેમ તેની હાજતો તરફ લક્ષ આપવામાં આવે છે તેમ તેમ તે વધારે ઘોંઘાટ કરી મૂકે છે. જ્યાં સુધી તેના મૂર્ખ સેવકો ઉપર શારીરિક અથવા માનસિક પીડા આવી પડે નહીં, અને શોકાગ્નિમાંથી પવિત્ર થઇ તેઓ બહાર નીકળે નહીં, ત્યાં સુધી તે સેવકો પાસે તે વધુ અને વધુ સેવા કરાવે છે. તૃષ્ણા એ નરકનો પ્રદેશ છે, અને બધા દુઃખનો વાસો ત્યાં છે. તૃષ્ણાનો ત્યાગ એટલે સ્વર્ગ મળ્યું સમજવું, અને બધા પ્રકારનો આનંદ તે પ્રદેશમાં જનારને મળે છે.

"હવે પછીનો જન્મ (અવતાર) કેવો થશે" તે કહેવા સુષુમ્ણા નાડી મારફત મેં મારા આત્માને સંદેશો મોકલ્યો, એટલે થોડીવારે મારા આત્માએ પાછા ફરી કાનમાં ધીમે સાદે કહ્યું કે, "હું જાતે સ્વર્ગ અને નરક છું."

●

સ્વર્ગ અને નરક એ મનની* સ્થિતિ છે.

× तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

ભર્તૃહરી.

* અખો—

પિંડે બ્રહ્માંડ ને બ્રહ્માંડે પિંડ, વસ્તુ વિચારે જો તે અખંડ,
શું શાથી કો અળગું પડે, જો સમરસ પિંડ બ્રહ્માંડ જ વડે:
જેમ વૃક્ષને પત્ર આવે ને ખરે, તો સ્વર્ગ નર્ક અખા શું કરે.

તા. ૨૦ મી ઑગસ્ટ.

સ્વાર્થ માટે યત્ન કરવો એ સુખ ખોવાનું લક્ષણ છે.

●

દેહમાં અને તેના સઘળા ભોગવિલાસમાં ગરક થયા એ નરકમાં પડયા બરોબર છે. જ્ઞાનની જે સ્થિતિમાં દેહને ભૂલી જઈ ચોખ્ખો આત્મસંયમ થાય એવી સ્થિતિમાં ઊંચે ચઢાય એ સ્વર્ગમાં દાખલ થયા બરોબર છે. દેહ આંધળો–વિચારશક્તિ વગરનો, ખરા જ્ઞાન વગરનો છે અને હમેશ દુઃખ આણનાર છે. દૈવીજ્ઞાનની સ્થિતિએ પહોંચેલા મનુષ્યોમાં જ ખરી સમજશક્તિ, નિષ્પક્ષપાતી વિચારશક્તિ અને ખરૂં જ્ઞાન હોય છે, અને આ દૈવીજ્ઞાન જેટલું તમે મેળવશો તેટલું જ ખરૂં સુખ શું છે તે સમજશો. જ્યાં સુધી તમારા સુખ માટે સ્વાર્થી યત્નો ચાલુ રાખશો, ત્યાં સુધી સુખ તમને હાથતાળી આપ્યા કરશે, અને તમે દુઃખનાં બિયાં વાવ્યા કરશો. બીજાની સેવા કરવામાં જેટલે દરજ્જે તમારા પંડને ભૂલી જશો તે પ્રમાણમાં તમને સુખ મળશે, અને તમે પરમાનંદ રૂપી ફળ મેળવશો.

●

અહંને વળગી રહેવાનું બંધ કરી તેને છોડી દેવા તમે જ્યારે ખુશી બતાવશો ત્યારે અખંડ સુખ તમને આવી મળશે.

તા. ૨૧ મી ઑગસ્ટ.

જેનું *ચિંતન તમે નિરંતર કર્યા કરશો તેને તમે સમજી શકશો, એટલુંજ નહીં પરંતુ તે રૂપ તમે થઈ જશો. (કીડો ભમરી થાય છે તેમ.)

●

આધ્યાત્મિક ચિંતનથી ઈશ્વર પાસે જવાય છે. તે ગૂઢ દાદરથી પૃથ્વી પરથી સ્વર્ગમાં, અસત્‌થી સત્‌માં, દુઃખથી શાંતિમાં પહોંચાય છે. બધા સાધુ તે રસ્તે ચઢયા છે, દરેક પાપીએ વહેલા મોડા તે રસ્તે જવું પડશે, અને ભવયાત્રાથી થાકેલો જે પુરુષ અહંભાવ તથા સંસારને ત્યજી જગતપિતાના ધામ તરફ જવા ચિત્ત દૃઢ કરશે તે, તે દાદરના સોનેરી પગથિયાં ઉપર પોતાના પગ અચૂક મૂકશે. તેની મદદ વગર દૈવી સ્થિતિ, દૈવી રૂપ, દૈવી શાંતિ તમને મળશે નહીં, અને તે સિવાય પરમાત્મા–જ્યોતિરૂપનો સતેજ ગૌરવ તથા નિર્મળ આનંદ તમારી નજરે પડશે નહીં.

●

સ્વાર્થી અને દોષયુક્ત કામોનો તમે હમેશ વિચાર કર્યા કરશો તો છેવટે તમે સ્વાર્થી અને દોષયુક્ત બનશો.

---

*કવિ છોટમ—

નિશ્ચે નિશાનપર, મન રહે જેનું રે, અવર ઠામે ન ભમતુંજી;
જીવ અનેકનું જે જીવન ઓળખે રે, તેની સંગાથે રહે રમતું હો.

તા. ૨૨ મી ઑગસ્ટ.

અગાધ અને અખંડ શાંતિ મેળવવા તમારી ઈચ્છા હોય તો હમણાં જ ચિંતનરૂપી રસ્તા ઉપર ચઢો.

●

દિવસનો અમુક વખત ચિંતન કરવા સારૂ પસંદ કરો, અને (પૂજા પાઠ સારૂ પવિત્રતા રાખવા જેમ એકાંતસેવન કરીએ છીએ તેવી રીતે) આ વખતને પવિત્ર ગણો. ઉત્તમ વખત સવારમાં પરોઢિયાનો છે, જે વખતે સર્વત્ર શાંતિ પ્રસરી રહી હોય છે. તે વખતે સઘળું કુદરતી વાતાવરણ તમને અનુકૂળ થશે. આખી રાતના લાંબા વિશ્રામથી વિકારો નરમ પડયા હશે, આગલા દહાડાનો જુસ્સો અને ઉપાધિ શમી ગયાં હશે, જેથી મજબૂત પણ શાંતિભરેલું મન, આધ્યાત્મિક બોધ ગ્રહણ કરી શકશે. ખરેખર, શરૂઆતથી જ તમારે સુસ્તી અને મનમોજીપણું છોડી દેવાં જોઈએ. જો તમે તેમ નહીં કરો તો આગળ વધી શકશો નહીં, કેમકે આત્માના હુકમો અવશ્ય પાળવા જોઈએ.

●

સુસ્ત અને દેહાસક્તિવાળા મનુષ્યને સત્યનું જ્ઞાન થતું નથી.

તા. ૨૩ મી ઑગસ્ટ.

તમારા ચિંતનોનું પ્રથમ ફળ શાંત આધ્યાત્મિક બળ છે.

●

તમને ગુસ્સે થવાની અથવા દ્વેષ કરવાની ટેવ પડી હોય તો ક્ષમા તથા શાંતિનું ચિંતન કરો, જેથી તમારી કઠોર અને બેવકૂફી ભરેલી વર્તણૂક માટે તમને સખત ચટકો લાગે. તે પછી પ્રેમના, શાંતિના અને પૂર્ણ ક્ષમાના વિચારો કરવા માંડશો. જેમ જેમ આસુરી વાસનાને દૈવી સંપત્તિથી જીતશો તેમ તેમ પ્રેમના ઇશ્વરી નિયમનું જ્ઞાન તમારા હૃદયમાં ક્રમે ક્રમે અને ગુપ્ત રીતે આવેલું જણાશે, તે સાથે જીવન અને જીવનવ્યવહારની સઘળી ગૂંચવણોની સમજ પડશે. તમારા દરેક વિચાર, વાણી તથા કાર્યમાં આ જ્ઞાનનો ઉપયોગ કરવાથી તમે વધુ અને વધુ શાંત, પ્રેમી અને દૈવી બનશો. આ પ્રયોગ દરેક દોષ, દરેક સ્વાર્થી તૃષ્ણા તથા દરેક માનુષી ખોડ પર કરવાનો છે. ચિંતનરૂપી શક્તિથી દરેક બદી દૂર થશે, અને જેમ જેમ દરેક પાપ, દરેક દોષ ખસતા જશે તેમ તેમ સત્યનું જ્ઞાન ભવાટવીમાં ફરતા જીવને વધુ ભરપૂર અને નિર્મળ કરશે.

●

પવિત્ર વિચારની ગહન શક્તિથી સઘળું પાર ઉતારાય છે.

તા. ૨૪ મી ઑગસ્ટ.

જેમ જેમ ચિંતનથી મન પવિત્ર થશે તેમ તેમ કજિયો કંકાસ, શોક તથા લોભના પ્રસંગો ઓછા થતા જશે.

●

ચિંતનની શક્તિથી તમે જેમ જેમ વધુ જ્ઞાન મેળવશો તેમ તેમ તમારી સ્વાર્થી તૃષ્ણાઓ જે ચલિત, ક્ષણભંગુર અને દુઃખ તથા શોક ઉત્પન્ન કરનારી છે તેને તમે વધુ અને વધુ ત્યજતા જશો, શાશ્વત નિયમો મુજબ વધુ અને વધુ દૃઢતા તથા વિશ્વાસથી વર્તશો, અને સ્વર્ગની શાંતિ અનુભવશો.

ચિંતનનો ઉપયોગ સનાતન નિયમોનું જ્ઞાન મેળવવા સારૂ છે, અને ચિંતનથી જે શક્તિ મળે છે તેથી તે નિયમો ઉપર વિશ્વાસ રખાય છે અને તે મુજબ ચલાય છે, અને તે કારણે અજરામરમાં તદ્રૂપ થવાય છે. ચિંતનનો આશય જ્યોતિરૂપ ઈશ્વરનું સરળ જ્ઞાન થવાનો અને દૈવી તથા અગાધ શાંતિ મેળવવાનો છે.

દુનિયામાં જુદા જુદા મનાતા દેવોના અથવા નિરનિરાળા (વાડાબંધી) પંથોના સ્વાર્થી વળગણો તેમજ નિર્જીવ ×બાહ્યોપચાર અને નિસ્તેજ અજ્ઞાનને ચિંતનથી દૂર કરી ઊંચે ચઢવા યત્ન કરો.

●

યાદ રાખો કે દઢ ખંતથી તમારે સત્ય (જ્યોતિ) રૂપ થવાનું છે.

× **કવિ છોટમ—**

ઢીંગ તજે પણ હરામ ન તજે, નિરખે કોઇ પર નારી;
લસણ તજે પણ લાંચ ખાય છે, ન તજે ચોરી જારી.
રે શું સમજ્યો વૈષ્ણવ થઇ, અવિદ્યા જો અળગી નવ ગઇ.

તા. ૨૫ મી ઑગસ્ટ.

શુદ્ધ ઋષિ જીવન ગાળી શકાય તેમ છે એવી શ્રદ્ધા રાખો.

●

એવી શ્રદ્ધા રાખવાથી, એવી આકાંક્ષા રાખવાથી, એવું ચિંતન કરવાથી તમારૂં આધ્યાત્મિક જ્ઞાન દૈવી મધુરતાવાળું તથા સુંદર થશે, અને એવાં પ્રતાપી (તેજસ્વી) દર્શનો થશે કે જેથી તમારી અંતરદૃષ્ટિને ઘણો આનંદ થશે. દૈવી પ્રેમ, દૈવી ન્યાય, કૃપાનિધિનો અથવા પરમાત્માનો પૂર્ણ નિયમ જેમ જેમ તમે અનુભવતા જશો, તેમ તેમ તમારો પરમાનંદ અને તમારી શાંતિ વધતાં જશે. જૂની વસ્તુઓ જતી રહેશે અને બધી નવી થશે. સ્થૂલ સૃષ્ટિનો પડદો જે પાપની દૃષ્ટિએ ઘણો ઘાડો અને અભેદ્ય, અને પુણ્યની દૃષ્ટિએ ઘણો પાતળો અને જાળીદાર જણાય છે તે ઊંચો થશે, અને આધ્યાત્મિક સૃષ્ટિ (આત્મસ્વરૂપ સૃષ્ટિ) દેખાશે. કાળની ગતિ બંધ પડશે અને તમે ચિરંજીવી જીવન ગાળશો. જન્મમરણના ફેરા તમને ઉદ્વેગ અને શોક કરાવશે નહીં, કારણ તમે અવિચળમાં ભળશો અને અનંતના હૃદયકમળમાં રહેશો.

●

જેને શ્રદ્ધા છે તે સ્વર્ગીય ટેકરીઓ ઉપર જલદી ચઢી જાય છે.

તા. ૨૬ મી ઑગસ્ટ.

જ્યાં અહંભાવ* છે ત્યાં સત્ય નથી, જ્યાં સત્ય છે ત્યાં અહંભાવ નથી.

●

જીવાત્માના રણક્ષેત્ર ઉપર પ્રભુતાનો મુગટ મેળવવા, હૃદયનું આધિપત્ય તથા રાજ્યપદ લેવા બે ધણીઓ નિરંતર લડયા કરે છે; અહંભાવવાળો જે "આ સંસારનો રાજા" કહેવાય છે તે, અને સત્ય (આત્મા) જે જગતપિતા કહેવાય છે તે. અહંભાવવાળો બંડખોર છે અને ક્રોધ, ગર્વ, લોભ, બેડસાઈ, જીદ એ તેના અજ્ઞાનરૂપી હથિયારો છે. સત્ય (આત્મા) રાજા નમ્રતાવાળો અને નિરભિમાની છે અને નમ્રતા, ધૈર્ય, સદાચાર, સ્વાર્થત્યાગ (સમર્પણ), વિનય, પ્રેમ એ તેના જ્ઞાનરૂપી હથિયારો છે.

દરેક મનુષ્યના શરીરમાં લડાઇ ચાલુ છે. જેવી રીતે એક સિપાઇ એકી વખતે બે લડતા લશ્કરોમાં લડી શકે નહીં, તેમ દરેક મનુષ્ય કાંતો અહંભાવવાળા તરફ અથવા સત્ય (આત્મા) તરફના લશ્કરમાં દાખલ થશે. દહીં અને દૂધ બેમાં પગ રખાતો નથી. જીસસ-અવતારી ક્રાઇસ્ટે કહ્યું છે કે, "કોઇ પણ મનુષ્ય બે ધણીની નોકરી કરી શકે નહીં; કેમકે કાં તો તે એકનો તિરસ્કાર કરે અને બીજાને ચહાય અથવા તે એકનો પક્ષ લઈ બીજાનો અનાદર કરે. માયામાં મન રાખી ભગવાનનું ભજન થાય નહીં."

●

અહંભાવની દ્રષ્ટિથી તમે જોશો ત્યાં સુધી સત્યનું સૌંદર્ય જણાશે નહીં.

---

*કબીર— હરિજન હરિ તો એક હૈ, જો "આપા" મીટ જાય;
જો ઘરમેં "આપા" બસે, સાહેબ કહાં સમાય.

તા. ૨૭ મી ઑગસ્ટ.

સત્ય (આત્મા) ના પ્રેમીઓ અહંભાવનો ભોગ આપી સત્ય (આત્મા) ની સેવા કરે છે. (સત્યના પ્રેમીઓ મનુષ્યજાતિ એક આત્મારૂપ છે, ભિન્ન નથી એમ સમજી કાર્ય કરે છે.)

શું સત્ય (આત્મા) ને જાણવા તથા તેનું જ્ઞાન મેળવવા તમે ઇચ્છા રાખો છો? જો એમ હોય તો તમારે સમર્પણ કરવા–રે, સર્વસ્વનો ત્યાગ કરવા–તૈયાર થવું જોઈએ, કેમકે અહંભાવનું જરા પણ ચિહ્ન રહે નહીં ત્યારે જ સત્ય તેના ખરા રૂપમાં જોઈ તથા ઓળખી શકાય છે.

એક મહાત્માએ કહ્યું છે કે, જેને મારા શિષ્ય થવાની ઇચ્છા હોય તેણે દરરોજ "આ દેહ તે હું* નહીં–હું નહીં" એમ કહેવું જોઈએ. તમારૂં શરીર તે તમે નથી એમ કહેવા, તમારી વાસનાઓ, તમારા દુરાગ્રહો, તમારો કીર્તિલોભ છોડી દેવા તમે ખુશી છો? જો એમ હોય તો તમે સત્યના સાંકડા માર્ગમાં પ્રવેશ કરો અને જે શાંતિ જનસમૂહ મેળવી શકતા નથી તેની ખોળ કરો. અહંભાવનો તદ્દન નાશ, આ દેહ તે હું નહીં એવી સંપૂર્ણ ભાવના, એ સત્યની પૂર્ણ સ્થિતિ છે. બધા ધર્મો તથા ફિલસુફીનાં પુસ્તકો તો આ શ્રેષ્ઠ જ્ઞાન મેળવવાનાં ફક્ત મદદરૂપ સાધનો છે.

તમે અહંભાવને મારશો એટલે સત્યમાં પલટાઈ જશો.

---

*છોટમ— અણુરૂપે છે જીવ દેહમાં, તેને અંશ કહે છે;
ચોવીસ તત્વતણા આલયમાં, રાતોમાતો રહે છે.
અહં દેહ એવી મતિ થઇને, આપ અને મતિ ભૂલ્યો;
ધન જોબન તન સત્ય જાણીને, સદા રહે છે ફૂલ્યો.
દેહ ભિન્ન જો જાણીને, જગકર્તાને જાણે;
કહે છોટમ તે ગુરુ કરુણાથી, જીવ ઠરે ઠેકાણે.

તા. ૨૮ મી ઑગસ્ટ.

દરેક ઋષિ મનુષ્ય જાતિનો ઉદ્ધારક છે.

●

મનુષ્યો દ્વેષ અને અહંભાવના આડે માર્ગે દોરવાઈ જઈ તેમનું "દૈવી મૂળ" જે શુદ્ધ સાત્વિક તથા આત્મસ્વરૂપ છે તે ભૂલી જાય છે, અને એક બીજા સારૂ મત બાંધવા કૃત્રિમ ધોરણો ઊભાં કરે છે, અને પોતાનો જ ધર્મ સત્યનું–આત્માનું શોધન કરવા બસ છે એમ સમજી તે મંજૂર રાખી તેને વળગી રહે છે. તેથી મનુષ્યોમાં (ધર્મ સંબંધી) વિભાગ પડેલા છે; અને તે કારણે જગતમાં હમેશ વેરભાવ અને કજિયા તેમજ કાયમનો શોક અને દુઃખ જણાય છે.

વાંચનાર, તમારો જન્મ સત્યમાં (આત્મારૂપે) થયો છે તેનો અનુભવ લેવા તમારી ઇચ્છા છે? તે માટે ફક્ત એક જ રસ્તો છે. અહંભાવને મારી નાંખો. જે બધા વિષયો, વાસનાઓ, તૃષ્ણા, કીર્તિલોભ, ટૂંક બુદ્ધિ અને ભૂલભરેલા વિચારોને હાલ સુધી ચીવટતાથી વળગી રહ્યા છો તેને તમે કાઢી નાંખો. તે તમને હવે વધુ વખત બંધનમાં રાખે નહીં એમ કરો, એટલે સત્ય (આત્મા) તમારો થશે. બીજા બધા ધર્મો કરતાં તમારો ધર્મ શ્રેષ્ઠ છે એમ માનતા બંધ પડો, અને પ્રીતિભાવનો ઉત્તમ પાઠ શીખવા નમ્રપણે યત્ન કરો.

●

સંસારમાં રહીને પણ સંસારી (જંજાળી) થવાય નહીં તો પૂર્ણતાએ પહોંચાય છે. (પરમાત્મામાં ભળી જવાય છે.)

તા. ૨૯ મી ઑગસ્ટ.

સઘળી શકિતનું તેમજ સઘળી નબળાઇનું કારણ ભીતરમાં છે.

●

આ મહાન નિયમ જે સૃષ્ટિમાં વ્યાપી રહ્યો છે તે પૂર્ણ સમજવાથી મન ઇશ્વરાજ્ઞાધીન થાય છે. ન્યાય, એકસંપ અને પ્રેમ સૃષ્ટિમાં શ્રેષ્ઠ છે એ જાણ્યું એટલે તેથી ઊલટી અને દુઃખદાયક સ્થિતિ તે નિયમ તોડવાનું પરિણામ છે એમ જણાશે. આવું જ્ઞાન થવાથી દૃઢતા અને શક્તિ મળે છે, અને આવા જ જ્ઞાનથી સરળ જીવન, કાયમી કાર્યસિદ્ધિ તથા સુખ પ્રાપ્ત થાય છે. કોઇ પણ સ્થિતિમાં ધૈર્ય રાખશો, અને બધા સંજોગો તમારૂં મન કેળવવા જરૂરના છે એમ માનશો, તો દુઃખદાયક સ્થિતિને તમે પત કરશો નહીં, તેમજ દુઃખોને તમે ખસૂસ દૂર કરશો, એટલું જ નહીં પણ તે સંજોગો પાછા આવવાનો તમને ભય રહેશે નહીં; કારણ કે ઇશ્વરાજ્ઞાધીનતાની સત્તાના બળે તેમનો તદ્દન નાશ થઇ જશે.

ભીતરનો પડદો ખોલ્યો એટલે કંઈ વિશેષ કરવાનું રહેતું નથી.

તા. ૩૦ મી ઓગસ્ટ.

જ્ઞાનમાં ક્રમે કરી આગળ વધ્યા સિવાય ઐશ્વર્ય અથવા શાંતિ કાયમનાં ટકી રહે નહીં.

●

તમે ઘણા ગરીબ છો અને તે કારણે મિત્ર વગરના એકલા પડયા છો, તેથી તમારો ભાર ઓછો થાય એવી તમે તીવ્ર ઈચ્છા રાખો છો; પરંતુ તે ભાર ઓછો થતો નથી, અને તમે વધુ ને વધુ અજ્ઞાનતાના પડદામાં લપેટાયલા જણાઓ છો. તેથી કદાચ તમે બબડો છો, તમારા નસીબને દોષ દો છો. તમારા કુળને, તમારા માતાપિતાને, તમારા શેઠને અથવા જે અન્યાયી શક્તિએ તમને અયોગ્ય રીતે ગરીબાઈ અને દુ:ખ, અને બીજાને સમૃદ્ધિ તથા એશઆરામ બક્ષ્યાં છે તેને તમે ઠપકો આપો છો. તમારૂં બબડવાનું તથા ચીડવાવાનું બંધ કરો. આ બધી ચીજો જેમનો તમે દોષ કાઢો છો તે તમારી ગરીબાઈનાં મૂળ નથી; મૂળ તમારી ભીતરમાં જ છે, અને જયાં મૂળ છે ત્યાં જ તેનો ઉપાય છે.

●

નિયમબદ્ધ સૃષ્ટિમાં અન્યાય છે જ નહીં, અને (તે માટે) ચિન્તા રાખવી એ આત્માનો વધ કર્યા બરોબર છે.

તા. ૩૧ મો ઓગસ્ટ.

તમારા વિચારો તે જ તમારૂં ખરૂં સ્વરૂપ છે.

●

તમારી આજુબાજુની દુનિયા સજીવ તથા નિર્જીવ બન્નેમાં, તમારા વિચારોથી જેવું વાતાવરણ સર્જો છો તેવો દેખાવ તે આપે છે. "આપણે જેવા વિચારો કર્યા હોય તેવું તેનું ફળ હાલની સ્થિતિ રૂપે દેખાય છે. તેનો પાયો આપણા વિચારો છે; તેનું બંધારણ આપણા વિચારો છે." આ પ્રમાણે બુદ્ધ ભગવાને કહ્યું છે, અને તેનું તાત્પર્ય એ છે કે જો કોઈ મનુષ્ય સુખી હોય તો તેનું કારણ તે શુભ વિચારો કર્યા કરે છે; જો તે દુઃખી હોય તો તેનું કારણ તે નિરાશાભર્યા તથા નબળા-હલકા વિચારો કર્યા કરે છે તે છે. જો કોઇ બીકણ અથવા નિર્ભય, બેવકૂફ અથવા ડાહ્યો, દુઃખી (ભારે જંજાળી) અથવા શાંત હોય તો તે સ્થિતિ અથવા સ્થિતિઓનું મૂળ તેના ભીતરમાં છે, બહાર નથી. આમ બોલું છું ત્યારે ગુપ્ત નાદ પૂછે છે: "બાહ્ય સંજોગો આપણા મન પર અસર કરતા નથી કે શું?" હું તેમ કહેતો નથી, પણ મારૂં કહેવું આ પ્રમાણે છે અને તે અચૂક ખરૂં છે કે, "જેટલા પ્રમાણમાં સંજોગોથી તમે દોરવાઓ તેટલા પ્રમાણમાં તેની અસર તમારા પર થાય છે."

●

સંજોગોથી તમે દોરવાઓ છો તેનું કારણ એટલું જ છે કે વિચાર કેવા કરવા, તેનો ઉપયોગ કેવો કરવો, અને તેનું બળ કેટલું છે તેની તમને પાકી સમજ થઈ નથી.

તા. ૧ લી સપ્ટેમ્બર.

તંદુરસ્તી સારી હોય તો ઉપયોગી અને સુખી જીવન ગળાય એમ માનવું એ સૂક્ષ્મ કરતાં સ્થૂળને, દેહી કરતાં દેહને વધારે મહત્વ આપ્યા જેવું છે. (ઘોડા આગળ ગાડી મૂકયા બરોબર છે.)

●

શરીર કોઇ રીતે બગડયું હોય તોપણ મજબૂત મનના મનુષ્યો પોતાની તંદુરસ્તી સંબંધી વિચાર કર્યા કરતા નથી. તેઓ તેથી બેદરકાર રહે છે, અને જાણે શરીર બગડયું ન હોય તેમ કામ કર્યા જઇ જીવન ગાળે છે. શરીર માટે આ પ્રમાણે બેદરકાર રહેવાથી મન નિરોગી અને મજબૂત રહે છે, એટલું જ નહીં પણ શરીર સુધારવાનો એ ઉત્તમ ઉપાય છે. આપણું શરીર પૂર્ણ સશક્ત ન હોય તોપણ મન તો તંદુરસ્ત હોઇ શકે, અને તંદુરસ્ત મન એ જ સશક્ત શરીર રાખવાનું ઉત્તમ સાધન છે.

માંદા શરીર કરતાં રોગી મન વધારે દુઃખજનક છે, અને તેથી શરીર માંદું પડે છે. શરીરના દુઃખથી પીડાતા મનુષ્ય કરતાં, માનસિક પીડાવાળાની સ્થિતિ વધુ દયાજનક હોય છે. દ્દઢ, નિઃસ્વાર્થી અને આનંદી સ્વભાવને માર્ગે ચઢવાથી જ તેમનું શરીર તંદુરસ્ત અને શક્તિવાળું થાય એવા પણ કેટલાક દર્દી હોય છે. (જેમનું દુઃખ તેમના વૈદ્ય જાણે છે.)

●

તંદુરસ્તી તેમજ સુખ માટે નીતિનિયમો એ મજબૂત પાયા છે. (નીતિનિયમો પાળવાથી જ શરીર તંદુરસ્ત રહી સુખ મળે છે.)

તા. ૨ જી સપ્ટેમ્બર.

મનુષ્યો પૈસાની તાણુ-ગરીબાઈને લીધે દુઃખી થતા નથી, પરંતુ પૈસાની તૃષ્ણાને લીધે દુઃખી થાય છે.

●

જ્યાં કારણુ છે ત્યાં પરિણામ આવવાનું જ; અને જો પૈસો જ અનીતિનું, અને ગરીબાઈ જ અધમ સ્થિતિનું કારણુ હોય તો દરેક પૈસાદાર મનુષ્ય અનીતિવાન થાય અને દરેક ગરીબ મનુષ્ય અધોગતિએ પહોંચે.

પાપી મનુષ્ય પૈસાદાર યા ગરીબ હોય યા મધ્યમ સ્થિતિનો હોય, પણુ તે તો કોઇ પણુ સ્થિતિમાં પાપ કરવાનો. સદાચારી મનુષ્ય કોઇ પણુ સ્થિતિમાં નેકીથી કામ કરશે. પાપનો ઘડો ભરાઈ ગયો હોય તે ફોડવા માટે ઘણો જ પૈસો અથવા ઘણી જ ગરીબાઇ મદદરૂપ થાય છે; પરંતુ તે સ્થિતિ પાપના કારણુભૂત નથી, તેમ તેનામાં પાપ ઊભું કરવા શક્તિ નથી.

ગરીબાઈ (પૈસાની તાણુ) ગલ્લા કરતાં-ધન કરતાં મનમાં વધારે જોવામાં આવે છે. મનુષ્ય જ્યાંસુધી પૈસાની વધારે તૃષ્ણા રાખશે ત્યાંસુધી તે પોતાને ગરીબ જ ગણુવાનો, અને તે પ્રમાણે તો તે ગરીબ જ છે, કારણુ લોભ એ જ મનની ગરીબાઇનું લક્ષણુ છે.

●

કંજુસ મનુષ્ય ભલે કરોડાધિપતિ હોય, પરંતુ જે વખતે તેની પાસે દમડી પણુ નહોતી તે વખતે તે જેવો ગરીબ હતો તેવો જ તે આ વખતે પણુ છે.

તા. ૩ જી સપ્ટેમ્બર.

મનુષ્ય જે પ્રમાણમાં પોતાના મન ઉપર કાબૂ મેળવે છે તે પ્રમાણમાં તે જ્ઞાનમાં મોટો, પોતાના મનથી મોટો અને સંસારમાં તેનો વક્કર પણ મોટો હોય છે.

●

કુદરતની શક્તિઓ ખરેખર ચમત્કારિક હોય છે, તોપણ મનુષ્યના મગજમાં જે બુદ્ધિબળ એકત્ર થયલું છે, તથા જે કુદરતના આંધળા યાંત્રિક બળોને દોરે છે અને તેની ઉપર સત્તા ચલાવે છે તેના કરતાં તે ઘણી ઊતરતી છે. તે ઉપરથી એમ અનુમાન થાય છે કે મનોવિકાર, તૃષ્ણા, સંકલ્પ અને બુદ્ધિના ગુપ્ત બળને સમજનાર તથા તેમના ઉપર કાબૂ મેળવનાર અને તેમને દોરનાર પુરુષ મનુષ્યો અને પ્રજાઓ ઉપર સત્તા ભોગવે છે.

બાહ્ય કુદરતના બળને સમજીને તેની ઉપર જે સત્તા ચલાવે છે તે વિજ્ઞાની પુરુષ કહેવાય છે; પરંતુ જે મનુષ્ય મનના આંતરબળોને સમજી તેની ઉપર સત્તા ચલાવે છે તે દૈવી શાસ્ત્રકાર કહેવાય છે. જે નિયમો બહારના દેખાવોનું જ્ઞાન મેળવવામાં કામ લાગે છે તે જ નિયમો ભીતરના ખરા દેખાવોનું જ્ઞાન મેળવવામાં ઉપયોગી થાય છે.

●

જ્ઞાનનો હેતુ તેનો ઉપયોગ કરવા, સેવા કરવા તથા દુનિયાના લોકોનું સુખ અને આનંદ વધારવા માટે છે.

તા. ૪ થી સપ્ટેમ્બર.

સઘળી દ્રશ્ય તથા અદ્રશ્ય ચીજો કાર્યકારણના અજર અમર નિયમને આધીન છે તથા તેને અનુસરે છે.

●

પૂર્ણ ન્યાયથી સૃષ્ટિ ટકી રહી છે; પૂર્ણ ન્યાયથી મનુષ્યનું જીવન તથા વર્તન ચાલે છે. જીવનની દરેક જુદી જુદી સ્થિતિ જે હાલ દુનિયામાં નજરે પડે છે તે, મનુષ્યના વર્તન ઉપર પ્રત્યાઘાત કરતા (કર્મના) આ નિયમના ફળ રૂપે છે. મનુષ્ય કયાં કામો કરવાં તે પસંદ કરે છે-તે પસંદ કરી શકે છે, પરંતુ તેના પરિણામનો પ્રકાર તે ફેરવી શકતો નથી; કેવા વિચારો અને કેવાં કાર્યો કરવાં તેનો તે નિર્ણય કરે ખરો, પરંતુ તે વિચારો અને કાર્યોના પરિણામો ઉપર તેની સત્તા નથી. આ પરિણામો કેવાં હોવાં જોઇએ તેની વ્યવસ્થા સર્વોપરી (કર્મનો) નિયમ કરે છે.

મનુષ્યને કાર્ય કરવા સઘળી સત્તા છે, પરંતુ કાર્ય પૂરૂં થવાની સાથે તેની સત્તા પૂરી થાય છે. તે કાર્યનું પરિણામ ફેરવી શકાતું નથી, નિરર્થક કરી શકાતું નથી, અથવા તેનાથી છટકી શકાતું નથી; તે પરિણામ રદ થઈ શકે જ નહીં. (કર્મનું ફળ ભોગવ્યા સિવાય છૂટકો નથી.)

●

દુષ્ટ વિચાર અને દુષ્ટ કાર્યથી દુઃખદ* સ્થિતિ પ્રાપ્ત થાય છે. સદ્‌વિચાર અને સત્કાર્ય સુખદ સ્થિતિ આણે છે.

---

* કવિ છોટમ—

કણ મધ્યેથી જેમ કાંકરા કાઢે, ને તૂપ મધ્યેથી જેમ છાસ;
નઠારાને સહુ નાંખી જ દે છે, એવો છે અવિનાશ;

ખોટાને ખંડે છે રે, હિસાબ એવો હરતાનો,
ખોટું શું ખેલો છો રે, કોપ થશે કરતાનો.

તા. ૫ મી સપ્ટેમ્બર.

મનુષ્યની સત્તા-શક્તિનો તેના વર્તન પર આધાર છે, અને તેથી તેનું સુખ અથવા દુ:ખ તે ઉપરથી નક્કી થાય છે.

●

ગણિતના દાખલા સાથે મનુષ્યનું જીવન સરખાવી શકાય. તે દાખલાનો ખરો જવાબ આણવાની રીત, જયાં સુધી નિશાળિયાને મળી નથી ત્યાં સુધી તે દાખલો તેને ગૂંચવણ ભરેલો અને ઘણો જ અઘરો લાગશે; પરંતુ જયારે એની રીત તેને સમજાય છે અને મગજમાં ઠસે છે, ત્યારે પ્રથમ જે દાખલો ભારે ગૂંચવણ ભરેલો લાગતો હતો તે જ હવે અત્યંત સહેલો લાગે છે. દાખલો ખોટો ગણવા માટે કોડી બંધ–બલકે સેંકડો રીત છે, પરંતુ ખરી રીતે ગણવાને તો એક જ રીત છે, અને તે ખરી રીત જડે છે ત્યારે તે જ ખરી રીત છે એવું નિશાળિયો સમજે છે. એ વાત પૂર્ણ રીતે જાણવાથી અને અનુભવવાથી જીવનની એવા જ પ્રકારની સરળતા અને ગૂંચવણોનો ખ્યાલ થાય છે; તેમ થયે તેની ગૂંચવણ દૂર થાય છે, અને તે સમજે છે કે તેને ખરી રીત જડી છે.

●

જીવનમાં પરિણામોને ખોટાં પાડી શકાય તેમ નથી; મહાન નિયમ તેને પ્રકટ કરી ખુલ્લાં કરે છે.

તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બર.

સ્વાર્થી વિચારો અને દુષ્ટ કાર્યોથી ઉપયોગી અને સુંદર જીવનનો લાભ મળે નહીં.

●

જીવન એ કાપડના કકડા જેવું છે, અને પ્રત્યેક જીવ તેના તાંતણા રૂપે છે. તાંતણા એક બીજાથી જુદા હોય છે, એકમેક સાથે ભેળસેળ થયલા હોતા નથી. દરેક પોતપોતાને માર્ગે જાય છે. દરેક મનુષ્ય પોતાના કરેલા, નહીં કે બીજાના કર્મોનાં પરિણામે સુખ અથવા દુઃખ ભોગવે છે. દરેકનો રસ્તો ચોક્કસ અને સીધો છે; આખી રચના (કાપડના તાંતણાની માફક) ગૂંથાયલી છે તોપણ તે યોગ્ય વ્યવસ્થાવાળી છે. આઘાત સાથે પ્રત્યાઘાત, કર્મ સાથે ફળ, કારણ સાથે પરિણામ લાગેલાં જ છે, અને તેથી તેને મળતા (સમતોલ) પ્રત્યાઘાત, ફળ અને પરિણામ હમેશ શરૂઆતના કર્મની ગતિના પ્રમાણમાં હોય છે.

●

દરેક મનુષ્ય પોતાનું જીવન બગાડી અથવા સુધારી શકે છે.

તા. ૭ મી સપ્ટેમ્બર.

મનુષ્ય પોતાનાંજ કરેલાં કર્મો માટે જવાબદાર છે; તે તેનાં કાર્યોનો રખેવાળ છે.

●

મનુષ્યનાં પોતાનાંજ કરેલાં કાર્યોમાં "પાપનો પ્રશ્ન", દુઃખનું કારણ રહેલ છે. તે કર્મો જ્યારે શુદ્ધ કરવામાં આવે ત્યારે તે પ્રશ્નનું નિરાકરણ થાય છે. એક વિદ્વાન કહે છે કે " હે મનુષ્ય, પાપનું મૂળ શોધ્યા કરીશ નહીં; તું જાતે જ તેનું મૂળ છે. "

કારણથી પરિણામ જુદું પાડી શકાય તેમ નથી; કારણથી તે જુદા પ્રકારનું હોઇ શકે નહીં. બીજો વિદ્વાન કહે છે કે " ન્યાય મુલતવી રખાતો નથી; જીવનના દરેક વિભાગમાં પૂર્ણ ન્યાયથી સમતોલપણું જળવાઇ રહે છે. "

કારણ અને પરિણામ સમકાલીન છે અને તેથી પૂર્ણતા આવે છે, એમ કહેવામાં ઊંડો અર્થ રહેલો છે. મનુષ્ય જે વખતે એક ઘાતકી કાર્ય કરવા વિચાર કરે છે તે જ વખતે તે પોતાના મનને દુઃખી કરે છે; તે ઘડી પહેલાં, જેવો તે હતો તેવો તે હમણાં નથી; વધુ દુષ્ટ અને વધુ દુઃખી છે; અને ક્રમે ક્રમે આવા ઘણા વિચારો અને કર્મો કર્યા કરવાથી તે વધારે દુષ્ટ અને પાપી મનુષ્ય થાય છે.

●

માયાળુ વિચાર અથવા માયાળુ કર્મ કરવાથી અમીરાઇ અને આનંદ તરત આવી મળે છે.

તા. ૮ મી સપ્ટેમ્બર.

મનની દૃઢતા સિવાય મહાન કાર્ય થઈ શકે નહીં.

●

ચારિત્રની દ્રઢતા અને આગ્રહ જેને સામાન્ય રીતે સંકલ્પ શક્તિ કહે છે તેની વૃદ્ધિ કરવી એ મનુષ્યનું મહાન કર્તવ્ય છે; કારણ તેના બાહ્ય અને લૌકિક કલ્યાણ બન્ને માટે તેની ખાસ જરૂર છે. ઐહિક (સંસારી) યા આધ્યાત્મિક બાબતોમાં દરેક કાર્ય ફતેહમંદ ઉતારવા માટે કાર્ય કરવાનો નિશ્ચય (એક નેમ) પાયા રૂપે છે, અને તે સિવાય જે આશ્રય તેને પોતાની અંદર જ મળવો જોઇએ તે માટે તે બીજાની ઉપર આધાર રાખે છે તો દુ:ખી થાય છે.

મનુષ્યના દરરોજના સામાન્ય જીવનમાં સંકલ્પશક્તિની વૃદ્ધિ માટે ખરો રસ્તો સહેજ માલમ પડે તેમ છે, અને તે એટલો સરલ અને ખુલ્લો છે કે મનુષ્યજાતિનો મોટો ભાગ તે રસ્તો ગૂંચવણ ભરેલો યા ગુપ્ત હશે એમ માની લઈ તે જોયા સિવાય પાસે થઈ ચાલ્યા જાય છે.

●

દરેક દોષની સામા થઈ તેની ઉપર કાબૂ મેળવવો એજ સીધો અને એક જ રસ્તો વધુ બળ આણવા માટે છે.

તા. ૯ મી સપ્ટેમ્બર.

સંકલ્પશકિત કેળવવા માટે ખરાબ* આદતો તોડી પાડવી એ પ્રથમ પગથિયું છે.

●

જે મનુષ્યના મગજમાં આ સરલ સત્ય પ્રથમ ઠસશે તે જોઈ શકશે કે નીચેની સાત કલમોમાં સંકલ્પશક્તિની વૃદ્ધિનો બધો ઈલમ સમાઈ જાય છે.

૧ ખરાબ આદતો તોડી પાડો. (કાઢી નાંખો.)

૨ સારી આદતો પાડો.

૩ ચાલુ કાર્ય કરવા તરફ ખાસ લક્ષ આપો.

૪ જે કાર્ય કરવાનું હોય તે તરત જ અને ઝપાટાભેર કરો.

૫ તમારૂં જીવન નિયમસર કરો.

૬ વાણી ઉપર કાબૂ રાખો.

૭ મન ઉપર કાબૂ રાખો.

●

જે મનુષ્ય ખરા ભાવથી ઉપરની કલમોનું મનન કરશે અને તેને ખંતથી અમલમાં મૂકશે તે મનુષ્ય સંકલ્પશકિત અને પવિત્ર ધારણા ખીલવ્યા સિવાય રહેશે નહીં, જેથી તે દરેક મુસ્કેલી સામું ફતેહમંદ રીતે ટકકર ઝીલી શકશે, અને આકસ્મિક પ્રસંગોમાંથી પસાર થઈ જશે.

---

* ગોવિંદરામ—

મતવી નાંખતી દૂધમાં પાણી, તેની ઘડાવી નથ,
પાણી ભરતાં પડી ગઈ, તે ગઇ ખબડખત;
ગઈ ખબડખત તે ગઈ, પછી તો વિચારી રહી,
કહે ગોવિંદરામ પાછળથી પસ્તાણી, મતવી નાંખતી દૂધમાં પાણી.

તા. ૧૦ મી સપ્ટેમ્બર.

ખરાબ આદતને વશ થવાથી મનુષ્ય પોતાની જાત ઉપર-મન ઉપર કાબૂ રાખી શકતો નથી.

●

આ પ્રમાણે જે મનુષ્ય પોતાની જાતને નહીં સુધારતાં અને જાતે જરા પણ તકલીફ નહીં ઉઠાવતાં, સંકલ્પશક્તિ મેળવવા માટે "ગુપ્ત જંતર મંતરનાં" ફાંફાં મારે છે તે પોતાની જાતને છેતરે છે અને જે શક્તિ તેનામાં છે તેને નપુંસક કરે છે.

ખરાબ આદતો દૂર કરવાથી સંકલ્પશક્તિની જે દ્રઢતા બંધાય છે, તે સારી આદતો પાડવામાં કામ લાગે છે. ખરાબ આદતો દૂર કરવા માટે ફક્ત દ્રઢ મનની જરૂર છે, પણ નવી આદત પાડવા માટે મનને બુદ્ધિપૂર્વક દોરવાનું છે. આ કરવા માટે મનુષ્યનું મગજ ચંચળ અને ઉત્સાહી હોવું જોઈએ.

●

સંકલ્પશકિતની ખીલવણી માટે ચોકસાઈ (પાકું કામ) એક પગથિયું છે; તે વગર ચાલે તેમ નથી. ઢંગધડા વગરનું કામ નબળાઈની નિશાની છે.

તા. ૧૧ મી સપ્ટેમ્બર.

નાનામાં નાનું કામ પણ પાકું-પૂર્ણ કરવા લક્ષ આપવું જોઈએ.

●

મનની શક્તિ વિખેરી નહીં નાંખતા, પરંતુ જેમ જેમ કામ હાથ આવે તેમ તેમ તે દરેક તરફ પૂરૂં લક્ષ આપવાથી એકનેમ અને મનની પૂર્ણ એકાગ્રતા ધીમે ધીમે પ્રાપ્ત થાય છે. મનની આ બે શક્તિઓથી ચારિત્ર્યની વૃદ્ધિ થાય છે તથા આબરૂ વધે છે, અને તેવા મનુષ્યને વિશ્રાંતિ તથા આનંદ મળે છે.

જે જે કરવાનું હોય તે ઝડપથી કરવું, અને તરત જ કરવું એ પણ તેટલું જ ઉપયોગી છે. આળસ અને દ્રઢ સંકલ્પ-શક્તિ સાથે સાથે હોઇ શકે નહીં. ધારેલું કાર્ય પાર પાડવામાં વિલંબ એ પૂરો અંતરાય થઈ પડે છે. ભવિષ્ય માટે–રે, થોડી ઘડી માટે પણ–કામ મુલતવી રાખવું નહીં. જે હાલ કરવા જેવું હોય તે હાલ જ કરવું જોઇએ. આ નજીવું લાગશે ખરૂં, પરંતુ તે આગળ ઉપર ઘણા ઉપયોગનું છે. તેથી બળ (દ્રઢતા), ફત્તેહ (કાર્યસિદ્ધિ) અને શાંતિ મળે છે.

●

મનોવિકારને અનુસરીને નહીં પરંતુ નિયમને અનુસરી જીવન ગાળો.

તા. ૧૨ મી સપ્ટેમ્બર.

નાનાં કામો દુનિયામાં સૌથી મોટાં કામો હોય એમ ગણી કરવાં એ ચોકસાઇનું લક્ષણ છે.

●

સંસારમાં નાનાં કામો ખાસ ઉપયોગનાં છે એ વાત ઘણા મનુષ્યોને સમજાતી નથી; અને નાનાં કામો નહીં કરવાનો, બાજુ ઉપર રાખવાનો અથવા મૂકી દેવાનો વિચાર, કામ સાંગોપાંગ ઉતારવાની અશક્તિ, જે મોટે ભાગે જોવામાં આવે છે તે બતાવે છે; તેથી કામ અપૂર્ણ રહે છે તથા જીવન દુઃખી થાય છે.

મનુષ્ય જ્યારે સમજે છે કે દુનિયાનાં તથા જીવનનાં મોટાં કામો નાનાં કામોના સંયોગથી બનેલાં છે અને નાનાં કામોના સમૂહ સિવાય મોટાં કામો હોઇ શકે નહીં, ત્યારે જે કામોને તે પ્રથમ નજીવાં ગણતો હતો તે તરફ યોગ્ય લક્ષ આપવા માંડે છે.

●

કામ ચોક્કસ કરવાનો ગુણ જે પ્રાપ્ત કરે છે તે મનુષ્ય ઉપયોગી નીવડે છે અને તેનું માન વધે છે.

તા. ૧૩ મી સપ્ટેમ્બર.

કામ ચોક્કસ કરવાની સામાન્ય અશક્તિનું કારણ મોજશોખની તૃષ્ણા છે.

●

સોંપેલા કામમાં અક્કલ તથા શક્તિ વાપરે અને તે કામ પૂર્ણ તથા સંતોષકારક કરે એવા મરદો કિંવા બૈરાં મેળવવાં કેટલાં મુશ્કેલ છે એ, મજૂર વર્ગનો દરેક શેઠ જાણે છે. ખરાબ કામ કરનારા તો ઘણા મળે છે. ઘણા થોડા જ ચતુરાઈ અને ખૂબીથી કામ કરનાર હોય છે. અવિચાર, બેફિકરાઈ અને આળસ એવા સામાન્ય દુર્ગુણો થઇ ગયા છે કે "સાંસારિક સુધારો" થયો છતાં પણ બિનરોજીવાળા મજૂરોની સંખ્યામાં વધારો થતો જાય છે એ વાત જાણી આશ્ચર્ય થવું નહીં; કારણ જેઓ આજે પોતાના કામમાં ખંધાઈ કરે છે તેઓ બીજી વખતે, તેમની ખાસ જરૂરના પ્રસંગે મજૂરી સારૂ ખોળ કરતાં અને રોજી માગતાં પણ ફાવશે નહીં.

"લાયક મનુષ્ય જીવવો જોઇએ", એ નિયમ ક્રૂરતાના પાયા ઉપર નહીં પણ ન્યાયના પાયા ઉપર રચાયો છે; એ દૈવી ન્યાયનું દર્શન દરેક ઠેકાણે પ્રવર્તે છે. દુર્ગુણને "ઘણા ચાબખા પડે છે"; જો એમ ન હોય તો સદ્‌ગુણ કેવી રીતે બહાર આવે? અવિચારી અને આળસુ મનુષ્ય અક્કલમંદ અને ઉદ્યોગી મનુષ્યની આગળ જઈ શકે નહીં, અથવા તેની બરોબરીમાં ઊભો રહી શકે નહીં.

●

જે મનુષ્યનું મગજ મોજશોખમાં મચી રહ્યું છે તે તેને સોંપેલું કામ પૂર્ણપણે કરવામાં એકાગ્ર ચિત્ત કરી શકશે નહીં.

તા. ૧૪ મી સપ્ટેમ્બર.

જે પોતાનાં સાંસારિક કાર્યોમાં ચોકસાઈ બતાવતો નથી તે આધ્યાત્મિક કાર્યોમાં પણ બતાવશે નહીં.

●

ચોકસાઈ એ પૂર્ણપણું, પૂરી ખૂબી છે; એટલે કામ એવું સારૂં કરવું કે એમાં ખોડખાંપણ રહે જ નહીં; એટલે પોતાનું કામ, બીજા કોઈ કરતાં ભલે વધુ સારૂં થાય નહીં તોપણ બીજા જેઓ ઉત્તમ કામ કરે તેમના કરતાં તે ખરાબ હોવું જોઈએ નહીં. તેનો હેતુ એવો પણ છે કે દરેક કામ માટે ઘણો વિચાર કરવો જોઇએ, ઘણી શક્તિ વાપરવી જોઇએ, તે કામ તરફ મનને સતત જોડવું જોઇએ, અને ધીરજ, ખંત તથા કામ કરવાની ઉચ્ચ સમજશક્તિ ખીલવવાં જોઇએ. એક પુરાણા આચાર્યે કહ્યું છે કે, “ જે કાંઇ કાર્ય કરવાનું હોય તે દરેક મનુષ્યે કરવું અને તે ઝડપથી પૂરૂં કરવું. ” વળી બીજા આચાર્યે કહ્યું છે કે, “ જે કાંઈ કામ તારા હાથ ઉપર આવે તેમાં તારૂં પૂર્ણ બળ વાપર. ”

●

અધકચરા ધર્માભિમાની થવું તેના કરતાં પૂરા સંસારી-વ્યવહારકુશળ થવું એ વધારે સારૂં છે.

તા. ૧૫ મી સપ્ટેમ્બર.

જે મનુષ્ય નમ્ર, પ્રેમી, અને આનંદી થવાનું શીખ્યો નથી તે કાંઈ જ શીખ્યો નથી.

●

નિરાશા, ચીડ, ચિંતા, બબડાટ, પરનિંદા, અને રોદણાં રોવાં—આ બધા સડેલા વિચારો છે, મગજના રોગો છે; તેઓ મગજની ખરાબ સ્થિતિ બતાવે છે, અને જેઓ તેનાથી પીડા પામતા હોય તેમણે પોતાના વિચાર તથા વર્તન સુધારવા જરૂરના છે. એ તો ખરૂં છે કે સંસારમાં પાપ અને દુઃખ ઘણું છે, તેથી આપણા તરફથી પૂર્ણ પ્રેમ તથા દયાની જરૂર છે; આપણાં રોદણાંની જરૂર નથી—તે તો ઘણું છે, ઘેરઘેર છે. ઊલટું, આપણા આનંદી સ્વભાવની અને કલ્યાણની જરૂર છે, કારણ તેની ઘણી ખોટ છે. જીવન તથા ચારિત્ર્યની ખૂબી (સૌંદર્ય) સિવાય દુનિયાને બીજું કાંઈ વધુ સારૂં આપણે આપી શકીએ તેમ નથી. એ સિવાય બીજું બધું નકામું છે. આ અતિ ઉત્તમ છે; એ લાંબો વખત નભતું, સાચું અને અવિનાશી છે, અને એમાં સઘળું સુખ તથા પરમાનંદ સમાઈ જાય છે.

●

દરેક મનુષ્યની આજુબાજુના સંજોગો તેની વિરૂદ્ધ હોતા નથી; તે સંજોગો તો તેને મદદ કરવા ખડા હોય છે.

તા. ૧૬ મી સપ્ટેમ્બર.

તમે તમારી પ્રકૃતિ બદલશો તો તમારી આજુબાજુની દરેક વસ્તુનું રૂપ બદલી શકશો.

●

બહાર સઘળે દુશ્મનાવટ ચાલતી હોય તેવે વખતે ચાલુ મધુર વર્તન રાખવું એ દેહાભિમાન જીત્યાની અચૂક નિશાની છે, જ્ઞાન મળ્યાનો પુરાવો છે, અને આત્માનુભવ થયાની સાબિતી છે.

મધુર અને આનંદી જીવન એ જ્ઞાનની પરિપકવ દશાનું ફળ છે, અને તે બીજા મનુષ્યોને આનંદ આપતું તથા દુનિયાને નિર્મળ બનાવતું તેની કીર્તિરૂપી અદ્રશ્ય પરિમળ-ખુશબો દેશદેશાંતર પ્રસરાવે છે.

તમે બીજાને સત્યવાદી કરવા ઇચ્છતા હો તો તમે સત્યવાદી થાઓ; પાપ અને દુઃખમાંથી દુનિયાને મુક્ત કરવા તમારી ઇચ્છા હોય તો તમારી જાતે મુક્ત થાઓ; તમારૂં કુટુંબ તથા તમારાં સગાં વહાલાં-પાડપડોશીને સુખી-આનંદી કરવા ઈચ્છા હોય તો તમે સુખી-આનંદી થાઓ.

તમે સદાચારી થતા જશો તેમ તેમ આ વાત સ્વાભાવિક રીતે અને આપોઆપ બનતી જશે.

●

દરેક ખોટા કર્મ અને દોષથી મુક્ત એવું જીવન ગાળવાની શરૂઆત કરો; મનની શાંતિ અને ખરા સુધારાનો રસ્તો આ છે.

તા. ૧૭ મી સપ્ટેમ્બર.

અમરપણું અહીંયાં (આ દુનિયામાં) અને ચાલુ કાળમાં છે, અને તે મરણ પછી મળે છે એ કલ્પના ખોટી છે.

●

અમરપણું આયુષ્ય કાળને આધીન નથી, અને આયુષ્ય-કાળમાં મળે પણ નહીં. તે તો અનંત કાળનું છે (તેની હદ અનંત કાળ સુધી પહોંચે છે). જેમ આયુષ્ય કાળ અહીંયાં અને ચાલુ કાળમાં છે તેમ અનંત કાળ પણ અહીંયાં અને ચાલુ કાળમાં છે;× અને જે જીવ આયુષ્ય કાળ દરમ્યાનની બિનખાતરીની તથા નાશવંત ચીજો ઉપર જીવન ગાળે છે તે જીવ, જો અહંભાવ દૂર કરે તો અનંત કાળને ખોળી કાઢી તેમાં ભળી જાય.

જયાં સુધી મનુષ્ય તેને રસ પડે એવા વિચારોમાં, તૃષ્ણામાં અને રોજના ચાલુ બનાવોમાં ગરકાવ થઇ રહે અને તે રસ-જનક વિચારો, તૃષ્ણાઓ અને ક્ષણિક બનાવો તેને ખાસ જરૂરના છે એમ માને ત્યાં સુધી તેને અમરપણાનું જ્ઞાન થઈ શકે નહીં. આવો મનુષ્ય જે વસ્તુની ઇચ્છા કરે છે અને જેને ભૂલમાં અમરપણું માની લે છે તે વસ્તુ સતત પ્રવૃત્તિ, એટલે રસ પડતા વિચારો અને ચાલુ બનાવોની સતત શ્રેણી છે.

●

સતત પ્રવૃત્તિ એ અમરપણાનો (મોક્ષનો-પ્રવૃત્તિના વિરામનો) વિરોધી છે.

× આયુષ્યકાળ સો વર્ષનો ગણાય છે. તે દરમ્યાન અમરપણું ન મળે તો બીજે જન્મે બીજા સો વર્ષ ગાળવાં પડે. એમ ક્રમે ક્રમે અનંતકાળ સુધી પહોંચી અમરપણું મેળવાય, પણ ચાલુ કાળમાં જ તે મેળવવા માટે પ્રયત્ન થાય તે સારૂ આ વિવેચન છે.

તા. ૧૮ મી સપ્ટેમ્બર.

દેહ પડવાથી મનુષ્યને અમરપણું મળતું નથી.

●

જીવાત્મા મનુષ્યોથી જુદા નથી અને તેઓ તેમનું ટૂંકું ચંચળ જીવન અધકચરા જ્ઞાનમાં ગાળે છે તથા ચોરાશીના ફેરામાં પડી સડયા કરે છે. જે પામર મનુષ્ય પોતાનું મોજી જીવન ચાલુ રાખવા માટે તલપ્યા કરે છે તે મરણ પછી પણ નાશવંત રહે છે, અને જન્મ મરણના ફેરાવાળું તથા પાછલા ભવના સ્મરણ તથા ભવિષ્યના જ્ઞાન સિવાયનું બીજું જીવન ગાળે છે. (બીજો જન્મ લે છે.)

જ્ઞાનની એક સરખી અને દ્રઢ સ્થિતિએ પહોંચી જઈ આયુષ્યકાળ દરમ્યાનની વસ્તુઓથી જે અલગ રહ્યો છે, અને જેને રોજના બનતા તથા રસ પડતા બનાવો કાંઈ અસર કરતા નથી તે મનુષ્ય અમર છે. સ્વપ્નમાંથી જાગી ઉઠેલા મનુષ્યના જેવો તે જાગૃત છે, અને તે જાણે છે કે તેનું સ્વપ્નું તે લાંબો કાળ ટકતું સત્ય નહીં પરંતુ એક સાધારણ ભ્રાંતિ હતી. તે જ્ઞાનવાળો મનુષ્ય છે, તેને સતત પ્રવૃત્તિ તેમજ અમરપણાની, બન્ને સ્થિતિનું જ્ઞાન છે.

●

અમર મનુષ્યે પોતાના (દેહાભિમાન) ઉપર પૂર્ણ કાબૂ મેળવેલો હોય છે.

તા. ૧૯ મી સપ્ટેમ્બર.

પામર મનુષ્ય, જેને આદિ તથા અંત છે એવી સાંસારિક જાગ્રત અવસ્થા, અથવા આયુષ્યકાળ સુધી નભે એવું જીવન ગાળે છે.

●

અમર મનુષ્ય બધા ફેરફારોમાં દ્રઢતા અને સમતોલપણું રાખી રહે છે; અને તેનો દેહ પડે તોપણ જે સનાતન જ્ઞાન તેનામાં વસી રહ્યું છે તેને કોઈપણ રીતે ખલેલ પહોંચતી નથી. આવા મનુષ્ય માટે એવું કહેવાય છે કે "તેને યમરાજ પકડી લઈ જઈ શકે તેમ નથી," કારણ તે મૃત્યુ રૂપી ઝરાની બહાર નીકળી ગયો છે, અને તેણે સત્ય (આત્મા)માં વાસો કર્યો છે. શરીરો, મહત્તા, પ્રજાઓ અને દુનિયાઓનો નાશ થાય છે, પરંતુ સત્ય ટકી રહે છે, અને તેની કીર્તિને કાળ ઝાંખી પાડે તેમ નથી. એટલે જે મનુષ્યે અહંભાવને જીત્યો છે–દૂર કર્યો છે, જે મનુષ્ય સ્વાર્થી વળગણો–સ્વાર્થસાધક શક્તિઓ સાથે ભળતો નથી, પરંતુ તે શક્તિઓને કુશળતાથી દોરતાં શીખ્યો છે, અને તે કારણે બધી વસ્તુઓના મૂળ તથા પ્રેરકશક્તિ સાથે જેણે તેમને એકત્ર કરી છે તે જ મનુષ્ય અમર છે.

અમર મનુષ્ય બ્રાહ્મી અથવા સ્વર્ગીય જ્ઞાનની સ્થિતિ ભોગવે છે, જેમાં આદિ તથા અંત નથી, પણ હમેશ ચાલુ કાળ છે-ચિરંજીવ સ્થિતિ છે.

તા. ૨૦ મી સપ્ટેમ્બર.

અહંભાવ ઉપર જીત મેળવેથી સઘળાં દુઃખદાયક તત્વોનો નાશ થાય છે.

અહંભાવ ઉપર જીત મેળવવી અથવા તેનો નાશ કરવો એ ઉપદેશ ઘણો સહેલો છે; ખરેખર, તે એટલો સરળ, વ્યવહારોપયોગી અને નજર આગળ છે કે પાંચ વર્ષનું બાળક, જેનું મગજ તર્કવિતર્કથી, આધ્યાત્મિક વિચારોથી અને કાલ્પનિક ફિલસુફીઓથી ભરાઈ ગયું નથી તે, મોટી ઉમરનાં ઘણાં માણસો જેમણે ગૂંચવણભરેલા તર્કવિતર્કમાં પડવાથી સરળ અને સુંદર સત્ય ગુમાવ્યું છે તેમના કરતાં વધુ સહેલાઈથી સમજી શકશે.

જીવાત્મામાં રહેતાં જે તત્વો વિરોધ કરાવે, કજિયો કરાવે અને દુઃખ, રોગ તથા શોક ઉત્પન્ન કરે તેવાં હોય તેને નીંદી કાઢી તેનો નાશ કરેથી અહંભાવનો નાશ થાય છે. એકે સદાચારનો–સુંદર અને શાંતિદાયક ગુણનો નાશ કરવો એવો એનો અર્થ નથી.

અહંભાવ દૂર કરવાથી સઘળા દૈવી ગુણો કેળવાય છે.

તા. ૨૧ મી સપ્ટેમ્બર.

જે મનુષ્ય પોતાના દુશ્મન, સેતાનને જીતવા ઈચ્છા રાખે છે તેણે તેનો રહેવાનો ગઢ તથા છુપાઈ રહેવાની જગા ખોળી કાઢવાં જોઈએ, અને પોતાના કિલ્લાના અરક્ષિત દરવાજા-જ્યાંથી દુશ્મન સહેલાઇથી અંદર આવી શકે છે તે પણ તેણે શોધી કાઢવા જોઇએ.

●

લોભને તેની આનુષંગિક પીડા સાથે અહીંયાં (આ દુનિયામાં) અને ચાલુ કાળમાં દૂર કરી શકાય, પણ તે જ્ઞાનથી જ જીતી શકાય તેમ છે. તે અજ્ઞાનની અથવા અર્ધ જ્ઞાનની સ્થિતિ છે. પૂર્ણ જ્ઞાની જીવ લોભની પાર હોય છે. મનુષ્ય જે વખતે લોભનું મૂળ, પ્રકાર અને હેતુ પૂર્ણ રીતે સમજે છે તે જ વખતે તે તેને જીતે છે, અને પોતાના લાંબા લક્ષ ચોરાશીના ફેરાના કષ્ટમાંથી મુક્ત થાય છે. જ્યાં સુધી તે અજ્ઞાન છે ત્યાં સુધી ધાર્મિક* ક્રિયા, ઘણી ઘણી પ્રાર્થના, અને ધર્મપુસ્તકનું વાંચન પણ તેને શાંતિ આપી શકશે નહીં.

●

સાધુ પુરુષોનું આ પવિત્ર યુદ્ધ છે.

---

* અખો—

જેમ રુદન રણમાંય, કરે ત્યાં કો કોણ વારે;
તેમ જાણવા કર્મ, ધર્મ સહુ અર્થ જ સારે;
તિમિર ભરીને પાત્ર, થકી જન રહ્યો ઉલેચે,
જેમ કુસુમ આકાશ, તાસ લઇ ઘર ઘર વેચે;
તેમ અધ્યાતમ જ્ઞાન વિના, કૃત્ય સકળ જાણે અખા;
મન્દ મતિ માની રહ્યા, કરતા દીસે પખ પખા.

તા. ૨૨ મી સપ્ટેમ્બર.

લોભનું મૂળ ભીતરમાં-મનમાં છે.

●

મનુષ્યો (લોભ ઉપર) જીત મેળવી શકતા નથી, અને લડાઇ બેસુમાર લંબાય છે, કારણ તેઓ મોટે ભાગે બે ભ્રમણામાં રહે છેઃ (૧) બધી લાલચો બહારથી આવે છે, અને (૨) તેઓ ભલા હોવાથી લાલચમાં નંખાયા છે. મનુષ્ય જ્યાં સુધી આ ભ્રમણાઓમાં જકડાયલો રહેશે ત્યાંસુધી તે આગળ વધી શકશે નહીં. જ્યારે તે તેને ખંખેરી નાખશે ત્યારે એક ઉપર બીજી જીત મેળવી જલદી આગળ વધશે, અને આધ્યાત્મિક આનંદ તથા શાંતિનો સ્વાદ ચાખશે.

સઘળા લોભ તથા તેના મૂળનું કારણ મનની તૃષ્ણા છે; તેને નિર્મળ કરી કાઢી નાંખવામાં આવે તો બહારની વસ્તુઓ અને વિજાતીય શક્તિઓ જીવાત્માને પાપ કરવાને અથવા મોહમાં નાંખવાને જરાપણ શક્તિવાન નથી. બાહ્ય વસ્તુ મોહનું કારણ નહીં પરંતુ નિમિત્ત છે; જેને લોભાવવામાં આવ્યો હોય છે તેની તૃષ્ણામાં લોભનું કારણ રહેલું હોય છે.

●

મનના અમુક વલણ અથવા કેટલીક તૃષ્ણાઓ અપવિત્ર ગણાયાં છે, છતાં મનુષ્ય તે તરફ મોહથી ખેંચાય છે.

તા. ૨૩ મી સપ્ટેમ્બર.

**મનુષ્યમાં જે નેકી છે તેને મોહનો પાસ લાગતો નથી.
સદાચાર મોહનો નાશ કરે છે.**

●

મનુષ્યમાં જે બદી છે તેને ઉત્તેજન મળે છે એટલે તે મોહમાં ફસાય છે. મનુષ્ય જેટલો વિષયી તેટલો તે અપવિત્ર–નાપાક છે. મનુષ્ય પોતાનું હૃદય નિર્મળ કરે છે એટલે મોહ બંધ પડે છે, કારણ અમુક અપવિત્ર વાસના હૃદયમાંથી કાઢી નાંખવામાં આવી હોય ત્યારે જે મનોવિષય (પદાર્થ) મનને પ્રથમ ખેંચતો હતો તે હવે તેમ કરતો નથી. તે તો નિર્જીવ અને શક્તિહીન થાય છે; કારણ તેને અનુકૂળ વસ્તુ હવે હૃદયમાં રહી નથી. પ્રમાણિક મનુષ્યને ગમે તેવી સારી તક મળે તોપણ તેને ચોરી કરવાનું મન થશે નહીં. જે મનુષ્ય આહારવિહારમાં સંતોષ પામ્યો છે તે અકરાંતિયો અથવા છાકટો બનશે નહીં. આંતર સદ્‌ગુણના બળે કરી જેનું મન શાંત થયું છે તે ગુસ્સે થશે નહીં, અને વેશ્યા સ્ત્રીના મોહક હાવભાવ નિર્મળ હૃદયવાળા મનુષ્ય આગળ વ્યર્થ, નપુંસક નીવડશે.

●

મનુષ્ય કેટલા પાણીમાં છે તે તેના લોભ ઉપરથીજણાઈ આવે છે.

તા. ૨૪ મી સપ્ટેમ્બર.

ઇશ્વરી આજ્ઞા સદાચાર પાળવાની છે. પ્રમાણિક મનુષ્ય ભયને, નિષ્ફળતાને, ગરીબાઇને અને નામોશીને પત કરતો નથી; એ બધાની પર છે.

●

ચાલુ મોજશોખો અને સ્થૂલ ભોગો જતા રહેવાની બીકથી, અંતરમાં રહેલા સત્યનો જે મનુષ્ય ઈનકાર કરે છે તે દુઃખી થાય છે, લુટાય છે, હલકો પડે છે અને છૂંદાઇ જાય છે; કારણ તેણે પોતાના ઉમદા દેહી–આત્માને ઘા કર્યો છે, લૂટયો છે, હલકો પાડયો છે અને છૂંદી નાંખ્યો છે. પરંતુ દ્રઢ સદ્ગુણ અને નિષ્કંલક પ્રમાણિકતાવાળો મનુષ્ય આવી સ્થિતિને કદી પણ વશ થતો નથી, કારણ તેણે પોતાના અધમ અહંભાવનું ઉપરીપણું નાકબૂલ કરી સત્યનો આશ્રય લીધો હોય છે. ચાબખા અને બેડીથી મનુષ્ય બંદીવાન થતો નથી, પરંતુ ખરૂં તો એ છે કે તે (જન્મથી જ) બંદીવાન હોય છે.

●

નિંદા, આરોપ અને ઇર્ષા પ્રમાણિક મનુષ્યને અસર કરતા નથી, અને તેની તરફથી કડવો જવાબ કઢાવી શકતા નથી, તેમજ તેને પોતાનો બચાવ કરવા તથા પોતાનું નિરપરાધીપણું સાબિત કરવા ફાંફાં મારવાની જરૂર પડતી નથી. દ્વેષભાવવાળા મનુષ્યો જે જે હલ્લા કરે તેની સામું નિરપરાધીપણું તથા પ્રમાણિકપણું પૂરતાં છે.

તા. ૨૫ મી સપ્ટેમ્બર.

પ્રમાણિક મનુષ્ય અશુભ વસ્તુઓને શુભ સ્વરૂપમાં મૂકે છે.

●

પ્રમાણિક મનુષ્યની જ્યારે સખત કસોટી થાય ત્યારે તેણે ખુશી થવું અને સંતોષ માનવો. જે ઉમદા તત્વોને તે વળગી રહ્યો છે તેનું ખરાપણું સાબિત કરવા તેને તક મળી તે માટે તેણે ઉપકાર માનવો જોઇએ, અને તેણે એવો વિચાર કરવો કે "આ ખરી-શુભ તક છે. સત્યનો જય કરવાનો પ્રસંગ હાલ જ છે. ભલે મારૂં સર્વસ્વ જાય પરંતુ સત્યને હું ત્યજીશ નહીં", આવો વિચાર કરી તે અપકારનો બદલો ઉપકારથી વાળશે, અને પાપીની દયા ખાશે.

નિંદાખોર, ચાડિયો અને કુકર્મી થોડો વખત ભલે ફાવી જાય, પરંતુ જગતમાં ન્યાય પ્રવર્તે છે; પ્રમાણિક મનુષ્ય થોડો વખત નિષ્ફળ થતો જણાય, પરંતુ તે અજીત છે, કારણ આ દ્રશ્ય અથવા અદ્રશ્ય દુનિયાનું એકે હથિયાર તેને જીતી શકે તેમ નથી.

●

પ્રમાણિક મનુષ્યે પોતાની અંદરની આસુરી શક્તિઓ જીતી હોવાથી તે શક્તિઓ તેને વશ કરી શકે તેમ નથી.

તા. ૨૬ મી સપ્ટેમ્બર.

સારાસાર બુદ્ધિ (વિવેક શક્તિ) વગર મનુષ્ય માનસિક અંધાપો ભોગવે છે.

●

મનુષ્યનું મન તથા જીવન ઉચાટથી મુક્ત થવું જોઇએ. માનસિક, શારીરિક અને આધ્યાત્મિક મુશ્કેલીઓ દૂર કરવા તેણે તૈયાર રહેવું જોઇએ, અને પીડા તથા કહેવાતાં અનિષ્ટ આવી પડે ત્યારે શંકા, સંકલ્પવિકલ્પ અને ભ્રાંતિની જાળમાં (ઘણા મનુષ્યોની માફક) તેણે ફસાઈ જવું નહીં. ગમે તેવા આકસ્મિક બનાવ સામે તેણે કમર બાંધવી જોઇએ. આવી માનસિક તૈયારી અને દ્રઢતા, સારાસાર બુદ્ધિ વગર થોડી પણ મળી શકે નહીં. તુલનાશક્તિ જાગૃત કરી તેનો સતત ઉપયોગ કરવાથી જ સારાસાર બુદ્ધિની ખીલવણી થાય છે.

●

સ્નાયુની માફક મનને કામે લગાડવાથી તેની ખીલવણી થાય છે.

તા. ૨૭ મી સપ્ટેમ્બર.

ઉચાટ, દુ:ખ અને આધ્યાત્મિક અજ્ઞાન અવિચારી પુરુષોમાં હોય છે.

●

જે મનુષ્ય પોતાના મત સંબંધી સૂક્ષ્મ રીતે વિચાર કરવા અને પોતાની સ્થિતિ બાબત ચોકસ તર્ક કરવા બીએ છે તેણે તેનામાં વિવેકશક્તિ આવે તે પહેલાં ખરી હિંમત ખીલવવી જોઈએ.

મનુષ્ય સત્યના નિર્મળ તત્ત્વો જોઈ શકે, સત્યના પારદર્શક તેજને પામી શકે તે પહેલાં તેણે એકનિષ્ઠ–એકવચની થવું જોઈએ, અભય થવું જોઈએ.

સત્યની શોધ જેમ જેમ વધુ કરવામાં આવશે તેમ તેમ તે વધુ અને વધુ પ્રકાશ આપશે; કસોટી ઉપર ચઢાવવાથી અને તેનું સંશોધન કરવાથી તેને નુકસાન થવાનું નથી.

દોષ સંબંધી જેમ જેમ વધુ શંકા થતી જશે તેમ તેમ તે વધુ કાળો દેખાશે; નિર્મળ અને બારિક વિચારના પ્રવેશ સાથે તેનો નાશ થાય છે.

સત્યશોધન કરવું એટલે સત્ય બોલવું અને પાપ ત્યજવું.

જે અક્કલ વાપરે છે અને ચિંતન કરે છે તે વિવેકી થાય છે; જે વિવેકી થાય છે–ખરૂં ખોટું સમજે છે તેને અનાદ્યંત નિર્વિકારી સત્ય (જ્યોતિ રૂપ) પ્રાપ્ત થાય છે.

●

શાંતિ, સુખ અને સત્યનો પ્રકાશ વિવેકી મનુષ્યોમાં હોય છે.

તા. ૨૮ મી સપ્ટેમ્બર.

શ્રદ્ધા એ મનની એવી એક સ્થિતિ છે જેની ઉપર મનુષ્યના આખા જીવનનો આધાર રહેલો છે.

●

હરેક કાર્યનો પાયો શ્રદ્ધા છે, અને એમ હોવાથી જે શ્રદ્ધા મન અથવા હૃદયમાં હોય છે તે જીવનવ્યવહારમાં દેખા દે છે. જે શ્રદ્ધા મનુષ્યના મનમાં ઊંડી બેઠી છે તેને પૂર્ણ રીતે અનુસરી તે વર્તે છે, વિચાર કરે છે અને તેવું જીવન ગાળે છે. મન ઉપર અસરકરતા નિયમો એવા ચોકસ હોય છે કે બે વિરોધી તત્વોમાં એકી વખતે કોઈની શ્રદ્ધા હોય એ તદ્દન અસંભવિત છે. દાખલા તરીકે, ન્યાય અને અન્યાય, તિરસ્કાર અને પ્રેમ, શાંતિ અને કલહ, દેહ અને આત્મા–આ વિરોધી તત્ત્વોને એકી વખતે માનવું અશકય છે. આ વિરોધી તત્વોમાંના એકમાં અથવા બીજામાં દરેક મનુષ્ય માન્યતા રાખે, પરંતુ બન્નેમાં નહીં. દરેક મનુષ્યનું રોજનું વર્તન તેની શ્રદ્ધા કેટલી છે તે દેખાડી આપે છે.

●

શ્રદ્ધા અને વર્તન જુદાં પડે તેમ નથી, કારણ એક ઉપરથી બીજાનો નિર્ણય થાય છે.

તા. ૨૯ મી સપ્ટેમ્બર.

(સૃષ્ટિમાં) ન્યાય પ્રવર્તે છે, અને જેને અન્યાય કહે છે તે ક્ષણિક અને ભ્રાંતિમય છે.

●

જે મનુષ્ય પોતાના મિત્રો પર ગુજરતા અન્યાય માટે હંમેશ ગુસ્સે થયા કરે છે, જે પોતાને મળતા અન્યાય બાબત પણ બબડે છે, અથવા તેની આસપાસ જ્યાં ત્યાં ન્યાયની ખામી હોવા બદ્દલ શોક પ્રદર્શિત કરે છે, તે મનુષ્ય પોતાના વર્તનથી, મનના વલણથી બતાવે છે કે તે "અન્યાય" ને માને છે. એવું તેનું વલણ નથી એ બતાવવા તે ગમે તેવું બોલે તોપણ સૃષ્ટિમાં ગોટાળો (અશાંતિ) અને અંધેર પ્રવર્તી રહ્યાં છે, એવી તેની અંતઃકરણપૂર્વક માન્યતા છે. પરિણામ એ આવે છે કે દુઃખ અને અશાંતિના વિચારો તે કર્યા કરે છે. તેનું આ વર્તન ભૂલભરેલું–વિરોધી છે.

વળી, જે મનુષ્ય પ્રેમને તથા તેની દ્રઢતા અને શક્તિને માને છે, તે મનુષ્ય ગમે તેવા સંજોગોમાં પણ પ્રેમભાવ રાખે છે, તેમાંથી કદી પણ ખસી જતો નથી, અને દોસ્ત તથા દુશ્મન તરફ એક સરખી રીતે પ્રેમથી વર્તે છે.

●

જે મનુષ્ય ન્યાયને માને છે તે સર્વે કસોટી તથા મુશ્કેલીઓમાં શાંત રહે છે.

તા. ૩૦ મી સપ્ટેમ્બર.

દરેક વિચાર, દરેક કાર્ય, દરેક આદત શ્રદ્ધાનું જ પરિણામ છે.

●

સત્યની શ્રેષ્ઠતા બાબત ખાતરી થવાથી મનુષ્યો દોષ કરતાં અટકે છે. પરમાત્મામાં યા પવિત્ર આત્મામાં શ્રદ્ધા હોવાથી તેઓ પાપ કરતાં અટકે છે. સદાચારમાં શ્રદ્ધા હોવાથી દુરાચાર કરતાં અટકે છે; કારણ શ્રદ્ધા જીવનના દરેક કાર્યમાં જણાઈ આવે છે. મનુષ્યની ધાર્મિક માન્યતા વિષે તપાસ કરવાની જરૂર નથી, કારણ તે બિનજરૂરી છે. જો કોઈ મનુષ્ય આસુરી, પાપવૃત્તિમાં પડી રહે તો બુદ્ધ ભગવાને લોકોના ભલા માટે સંસાર ત્યજ્યો અથવા બુદ્ધ ભગવાન તો પરમેશ્વરનો અંશ હતા અથવા "ધર્મ પ્રમાણે તે મનુષ્યનું કાર્ય વાસ્તવિક હતું," એવું તેને મનાવવામાં શો લાભ છે? જે પૂછવા જેવું છે તે આ છે: "અમુક મનુષ્ય કેવું જીવન ગાળે છે?" "કસોટીના પ્રસંગે તે તેનું કેવું વર્તન રાખે છે?" આ સવાલોના જવાબથી તે મનુષ્ય આસુરી કે દૈવી શક્તિને માને છે તે જણાશે.

●

કોઇપણ બાબત માનતા આપણે બંધ પડીએ છીએ ત્યારે તેને આપણે વળગી રહેતા નથી અથવા તેવું વર્તન રાખતા નથી.

તા. ૧ લી ઓકટોબર.

કોઈ પણ બાબતમાં શ્રદ્ધા સિવાય મનુષ્ય તે સાથે સંબંધ રાખે નહીં; હંમેશ કાર્ય પહેલાં શ્રદ્ધા હોય છે, તેથી મનુષ્યનાં કર્મો તથા તેનું જીવન તેની શ્રદ્ધાનાં પરિણામ (ફળ) છે.

●

સદ્વસ્તુઓમાં જેની શ્રદ્ધા છે તે તેને ચાહે છે અને તેવું જ સાત્વિક જીવન ગાળે છે; દોષયુક્ત અને સ્વાર્થી વસ્તુઓમાં જેને શ્રદ્ધા છે તેને તે ચાહે છે અને તે સાથે સંબંધ રાખે છે. ઝાડ તેના ફળથી ઓળખાય છે.

ઇશ્વર, શ્રીકૃષ્ણ અને ગીતા સંબંધી મનુષ્યની શ્રદ્ધાઓ એક વાત છે, તેનાં કાર્યોથી બંધાયલું–પરખાઈ આવતું જીવન બીજી વાત છે; તેથી કોઇપણ મનુષ્યની ધર્મ સબંધી શ્રદ્ધા ખાસ ઉપયોગની નથી; પરંતુ જે પ્રકારના વિચારો તે ધરાવે છે તે વિચારો, બીજાઓ તરફ તેના મનનું વલણ, અને તેનાં કાર્યો–આ અને આજ મનુષ્યની શ્રદ્ધા સન્માર્ગે કે ખોટે માર્ગે વળી છે તે બતાવી આપે છે.

●

જીવન ઉપર ખરી અસર કરે એવી ફકત બે *શ્રદ્ધા છે, અને તે નેકી–સત્કાર્યમાં શ્રદ્ધા, અને બદી–પાપમાં શ્રદ્ધા છે.

---

* અખો—

વાજું હું તમો વજાવણહાર, તે વાજું શાને ધરે અહંકાર;
તે જોતાં સર્વ તમારાં કામ, આ અછતાનું અછતું નામ,
ધણ ધણ વાજું ધનિ કર થવે, અખા આસુરી કર્તવ્ય અવળું લવે;
આસુરીના ફેરા ફરે છે જન, તે નવ જાણે વસ્તુ તંન,
મૂળ આસુરી નવ ઓળખે અંધ, તો દૈવીનો કયાં મળે સંબંધ;
ચોર શાહની ચિંતા કરે, અખા વળતો શાહ ચોરથી ડરે.

તા. ૨ જી ઓકટોબર.

જેમ ઝાડમાંથી ફળ, ઝરામાંથી પાણી તેમ વિચારમાંથી કાર્ય ઉદ્ભવે છે.

●

જે મનુષ્ય પોતાના મનથી તેમજ લોકોના મનથી દ્રઢ મનવાળો મનાતો હતો તેવો મનુષ્ય કોઈ અઘોર પાપમાં ભારે લાલચને લીધે એકાએક ફસાય, ત્યારે તેના મનમાં તે પહેલાં જે ગુપ્ત વિચારો ચાલતા હતા તે ખુલ્લા કરવામાં આવ્યા હોત તો આ પડતી–અધોગતિ એકાએક અથવા કારણ વગરની નહોતી એમ સમજાશે. આ પડતી તો ફક્ત સમાપ્તિરૂપે, બાહ્ય દેખાવરૂપે, અને વર્ષો પહેલાં જે વિચારો મનમાં ઘૂમ્યા કરતા હતા તેનાં આખર પરિણામરૂપે હતી. તે મનુષ્યે પોતાના મનમાં કુવિચાર આવવા દીધો; અને બીજી તથા ત્રીજી વાર તેને વધાવી લઇ પોતાના હૃદયમાં વાસો આપ્યો. ધીમે ધીમે આવો વિચાર કરવાની તેને ટેવ પડી અને તેનું સેવન કરી, લાડ લડાવી પુષ્ટિ આપી. એ પ્રમાણે વૃદ્ધિ પામીને તેણે આખરે એટલી દ્રઢતા અને શક્તિ પ્રાપ્ત કર્યા કે તેને તેવી સંધિ મળી, જેથી તે વિચાર સ્ફુરી નીકળી કાર્યરૂપે દેખાયો.

●

સર્વ પાપ અને લોભ, મનુષ્યના વિચારોનું સ્વાભાવિક ફળ–પરિણામ છે.

તા. ૩ જી ઓકટોબર.

વાંચનાર, તમારા વિચારો પર પૂરો કાબૂ રાખો, કારણ આજે જેવા ગુપ્ત વિચારો તમે કરશો તે વિચારો કર્મરૂપે આગળ પ્રકટ થશે.

●

" કાંઇ પણ છાની વાત આખરે પ્રકટ થયા વિના રહેતી નથી", અને જે કાંઈ વિચાર મનમાં સેવવામાં આવે છે તે સૃષ્ટિની સ્વાભાવિક પ્રેરકશક્તિના બળે, તેના ગુણ અથવા દોષ પ્રમાણે, સારાં અથવા માઠાં કર્મ રૂપે આખરે બહાર આવશે જ. ધર્મ-ગુરુ અને વિષયાસક્ત-બન્ને પોતપોતાના વિચારોને લીધે તે સ્થિતિએ પહોંચેલા છે, અને હાલ તેઓ જે સ્થિતિમાં છે તે સ્થિતિ, જે વિચાર રૂપી બિયાં તેમણે પોતાના હૃદયરૂપી વાડીમાં રોપ્યાં અથવા પડવા દીધાં, અને પાછળથી પાણી પાઇ, ઉછેરી કેળવ્યાં તેના પરિણામ રૂપે છે.

સમય આવે બાથ ભીડવાનો વિચાર કરી રાખવાથી પાપ અને લોભ દૂર કરી શકાશે એમ મનુષ્યે ધારવું નહીં. પોતાના વિચારો નિર્મળ કરવાથી જ તે તેને દૂર કરી શકશે.

●

મનુષ્ય પોતાની પ્રકૃતિને અનુકૂળ વસ્તુ જ ખેંચશે.

તા. ૪ થી ઓક્ટોબર.

વિચાર રૂપી પ્રાણી તરીકે તમારાં પ્રબળ માનસિક વલણ ઉપર તમારી જીવનસ્થિતિનો આધાર છે.

●

તમારા વિચાર ઉત્પન્ન કરનાર તમે છો, અને તે કારણે તમારી જાત તથા સ્થિતિ ઘડનાર તમે જ છો. વિચાર એ કારણદર્શક અને ઉત્પાદક છે, અને તમારા ચારિત્ર્યમાં તથા જીવનમાં પરિણામ રૂપે દેખાય છે. જીવનમાં આકસ્મિક બનાવો જેવી વસ્તુ નથી. શુભ યા અશુભ પરિણામ તમારા વિચારોના પડઘા છે. મનુષ્ય વિચાર કરે છે અને તેનું ફળ જીવનમાં પ્રકટ થાય છે.

જો તમારૂં પ્રબળ માનસિક વલણ શાંતિમય અને પ્રેમમય હશે તો તમને સુખ અને આનંદ પ્રાપ્ત થશે; જો તે વિરોધી અને તિરસ્કારમય હશે તો દુઃખ અને આપત્તિરૂપી વાદળાં તમારા પર આવી પડશે. વૈરભાવ શોક અને સંકટ આણશે. શુભેચ્છાથી સુખ અને શાંતિ મળશે.

●

તમારા વિચારોની વાડ તમે જાતે જ ઊભી કરી છે.

તા. ૫ મી ઓકટોબર.

દુ:ખ, શોક, સંતાપ અને વિપત્તિ એ મનોવિકારરૂપી ફૂલનાં ફળ છે.

●

જયાં રાગબદ્ધ મનુષ્ય ફક્ત અન્યાય દેખે છે ત્યાં વિવેકી મનુષ્ય જેણે વિકાર વશ કર્યા છે તે કર્મ અને તેનું ફળ જુએ છે, અલૌકિક ન્યાય જુએ છે. આવા મનુષ્યને અન્યાય જેવું કાંઈ લાગતું નથી, તેથી તેની ઉપર અન્યાય ગુજર્યો એવું તે કદી માનતો નથી. તે પોતાની જાતને નુકસાન કરતો નથી, તેમ છેતરતો નથી, તેથી બીજું કોઇ તેને નુકસાન કરે અથવા છેતરી શકે નહીં એમ તે જાણે છે. મનુષ્યો તેના તરફ ગમે તેટલો ક્રોધ કરે અથવા બેવફૂફીથી વર્તે, તોપણ તેથી તેને કાંઈ દુ:ખ થતું નથી. કારણુ તે જાણે છે કે, જે જે તેની ઉપર આવી પડે (પછી ભલે તે નિંદા કે જુલમ હોય), તે તેણે પ્રથમ જે જે વિચાર કર્યા હતા તેના પરિણામ રૂપે છે; તેથી તે બધી બાબતોને શુભ ગણે છે. તે બધી બાબતમાં આનંદ માને છે, દુશ્મનો ઉપર પ્રેમ રાખે છે, જે એને શ્રાપ આપે તેને આશીર્વાદ દે છે, અને એમ સમજે છે કે આવા અજ્ઞાન પણ ઉપકારક સાધનો વડે દૈવી નિયમનું પોતાનું સદસત્ દેવું આપવાને તે શક્તિવાન થયો છે.

●

અલૌકિક ન્યાય અને અલૌકિક પ્રેમ એક જ છે.

તા. ૬ ઠ્ઠી ઓક્ટોબર.

પ્રજાના પરાક્રમોનો સંગ્રહ એ તેનો ઈતિહાસ છે.

●

જેમ શરીર નાનાં છિદ્રોનું, અને મકાન ઈંટોનું બનેલું છે તેમ મનુષ્યનું મન વિચારોનું બનેલું છે. માણસોની જુદી જુદી પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન જાતના વિચારોનું માત્ર મિશ્રણ છે. " મનુષ્ય પોતાના હૃદયમાં જેવું ધારે છે તેવો તે થાય છે," એ કહેવતનું ગહન સત્ય આપણને અહીં સમજાય છે. પ્રત્યેક વ્યક્તિની ખાસિયતો તેના વિચારની ચોકસ શ્રેણી રૂપે છે. એટલે તે ખાસિયતો તેના ચારિત્ર્યના મુખ્ય ભાગ તરીકે છે, અને સંકલ્પ શક્તિના લાંબા પ્રયત્નથી અને મનને ઘણું કેળવેથી જ તેમાં ફેરફાર થઇ શકે અથવા તેને સુધારી શકાય. જેવી રીતે મકાન અથવા ઝાડ ઊભું કરવામાં આવે છે તેવી જ રીતે ચારિત્ર્ય બંધાય છે, એટલે નવી ચીજોનો ચાલુ ઉમેરો કરવાથી તે બંધાય છે, અને તે નવી ચીજ તે વિચાર છે.

●

લાખો ઈંટો વડે સહેર બંધાય છે. લાખો વિચારો વડે ચારિત્ર્ય મન-બંધાય છે.

તા. ૭ મી ઓકટોબર.

દરેક મનુષ્ય પોતાના મનનો ઘડનાર છે.

●

નિર્દોષ, વિવેકી અને સુવ્યવસ્થિત વિચારો પાકી ઈંટો રૂપે છે, જે કદી ખરી જશે નહીં, અને તે વડે તેના માલિકને સુખ અને શાંતિ આપે એવું એક પૂર્ણ અને સુંદર મકાન તાકીદે ઊભું થઈ શકશે. દ્રઢતા, વિશ્વાસ (સ્વાશ્રય) અને કર્તવ્યના ઉત્સાહક વિચારો તથા વિશાળ, સ્વતંત્ર, બંધન સિવાયના અને નિઃસ્વાર્થી જીવનના ઉચ્ચ વિચારો, ઉપયોગી ઈંટો રૂપે છે, અને તે વડે પાકું મનરૂપી દેવળ ઊભું કરી શકાય છે; અને આવું દેવળ બાંધવા માટે જૂના અને નિરુપયોગી વિચારની આદતો તોડી નાશ કરવી જોઈએ.

" અરે, મારા જીવાત્મા, વખત વહી જાય છે, તેથી તું વધુ ભવ્ય મહેલો ઊભા કર. "

●

દરેક મનુષ્ય પોતાની જાતનો ઘડનાર છે.

તા. ૮ મી ઓકટોબર.

ખરા કારીગરની માફક તારી ઈમારત ઊભી કર.

●

જો કોઈ મનુષ્યે યશસ્વી, મજબૂત અને અનુકરણીય જીવન રચવું હોય, જે જીવન વિપત્તિ અને લોભના મહાન તોફાનો સામું જોરથી ટક્કર ઝીલી શકે, તો તેની રચના થોડા સરળ, અચળ નીતિનિયમો ઉપર થવી જોઇએ.

આ નિયમો પૈકી ચાર નિયમો—ન્યાય, પ્રમાણિકપણું, શુદ્ધ ભાવ અને પ્રેમભાવ છે. ઘર બાંધવા માટે ચાર બાજુની ચાર રેષાઓ જેવી જરૂરની છે તે પ્રમાણે જીવન રચવાને માટે નીતિનાં આ ચાર સત્યો જરૂરનાં છે. જો કોઈ મનુષ્ય તેની દરકાર નહીં કરતાં અન્યાય, લુચ્ચાઇ, અને સ્વાર્થીપણાથી યશ અને સુખ મેળવવા ધારે તો તેની સ્થિતિ, બીજો મનુષ્ય જે ગણિતના નિયમ મુજબ રચાયલી રેષાઓનો સંબંધ ભૂલી જઇ એક મજબૂત અને ટકાઉ મકાન ઊભું કરવા ધારે છે તેના જેવી છે, અને તે છેવટે નિરાશ અને નાસીપાસ થશે.

●

સૃષ્ટિના મૂળતત્ત્વોને અનુસરી કામ કરો.

તા. ૯ મી ઓક્ટોબર.

નાની બાબતો કોરે મૂકવામાં આવે તો હરકત નથી, કારણ મોટી બાબતો વધારે ઉપયોગી છે એવું ધારવું-એવી ભૂલ-ઘણા મનુષ્યો કરે છે.

●

જે મનુષ્ય તે ચાર નીતિ નિયમોને પોતાના જીવનના પાયા—આધાર અને કાયદા તરીકે પસંદ કરે છે, જે તેમની ઉપર ચારિત્ર્યરૂપી મહેલ ઊભો કરે છે, જે મન, વાણી કે કર્મ દ્વારા તેમાંથી ચળતો નથી, જે તેનું મહત્વનું તેમ જ સામાન્ય કામ તે નિયમોને પૂર્ણ રીતે અનુસરીને કરે છે, તે મનુષ્ય ખરા પ્રમાણિકપણારૂપી ગુપ્ત પાયા, સહીસલામત અને મજબૂત રીતે રચી, તેની આબરૂમાં વધારો થાય એવી ઇમારત ઊભી કરવા ચૂકશે નહીં. તે સુખ અને શાંતિથી વિસામો લે એવું મંદિર બાંધશે-તેના જીવનનું તે મજબૂત અને સુંદર મંદિર બનશે.

●

જેને પોતાનું જીવન નિર્ભય અને સુખી ગાળવાની ઈચ્છા હોય તેણે જીવનના દરેક કાર્યમાં નીતિનિયમો આચરવા જોઇએ.

તા. ૧૦ મી ઓકટોબર.

એકાગ્રતાની સાથે મહત્વાકાંક્ષા જોડવામાં આવે તો તેનું પરિણામ ચિંતન થાય છે.

●

સાંસારિક અને મનમોજી જીવન કરતાં વધુ ઉચ્ચ, વધુ નિર્મળ અને વધુ તેજોમય જીવન પ્રાપ્ત કરવા તથા અનુભવવા મનુષ્ય જ્યારે ઘણો જ આતુર થાય છે ત્યારે તે મહત્ત્વાકાંક્ષાના વિચાર કરે છે; અને તેવું જીવન મેળવવા માટે પોતાના વિચાર ખરા અંતઃકરણપૂર્વક તે એકાગ્ર કરે છે ત્યારે તે ચિંતન કરે છે.

ભારે મહત્ત્વાકાંક્ષા સિવાય ચિંતન થઈ શકે નહીં. તેના અભ્યાસમાં આળસ અને બેફિકરાઈ નુકસાન કર્તા છે. જેમ જેમ માણસનો સ્વભાવ વધારે આગ્રહી થાય છે તેમ તેમ તેને ધ્યાનનો માર્ગ વધારે જલદી જડે છે, અને તે વધુ ફત્તેહમંદ રીતે તેનો અભ્યાસ કરી શકે છે. જલદ સ્વભાવવાળા મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓ પૂર્ણ રીતે જાગૃત થાય તો ચિતન દ્વારા સત્ય રૂપી શિખરો ઉપર તે જલદીથી ચઢી જશે.

●

આધ્યાત્મિક કાર્યસિદ્ધિ માટે ચિંતનની જરૂર છે.

તા. ૧૧ મી ઓક્ટોબર.

મનુષ્ય જ્યારે સત્યને જાણવા તથા તેનો અનુભવ કરવા ઇચ્છા રાખે છે ત્યારે તે પોતાનું ચારિત્ર્ય સુધારવા અને હૃદયશુદ્ધિ તરફ લક્ષ આપે છે.

●

એકાગ્રતાથી મનુષ્ય બુદ્ધિના ઊંચામાં ઊંચા શિખરે ચઢી શકે, પરંતુ સત્યના સ્વર્ગીય શિખરો ઉપર તે પહોંચી શકે નહીં. આ હેતુ પાર પાડવા માટે તેણે ચિંતન કરવું જોઇએ. એકાગ્રતાથી મનુષ્યને સીઝરના જેવી અજબ સમજશક્તિ અને મહાન બળ મળે, પરંતુ ચિંતનથી તેનામાં બુદ્ધ ભગવાનના જેવાં દૈવી જ્ઞાન અને નિર્મળ શાંતિ આવે છે. એકાગ્રતાની પૂર્ણતા એ શક્તિ છે. ચિંતનની પૂર્ણતાએ પહોંચવાથી જ્ઞાનદૃષ્ટિ ખૂલે છે. એકાગ્રતાથી કળા, હુન્નર, વેપાર વગેરે જીવનની ચીજો બનાવવામાં હુશિયારી મળે છે, પરંતુ ચિંતનથી જીવાત્માનું જ્ઞાન થાય છે, એટલે ખરૂં જીવન ગાળવું, મનને સુધારવું અને જ્ઞાન-ચક્ષુ ખોલવાં, વગેરે. સંન્યાસીઓ, ઋષિઓ, ઉદ્ધારકો—જ્ઞાની મનુષ્યો અને ધર્મગુરૂઓ—એ પવિત્ર ચિંતનનાં પરિપક્વ ફળ છે.

●

સત્ય ઉપર એવો પૂર્ણ અને દ્રઢ પ્રેમ રાખો કે તેમાં તમે એક-રૂપ થઈ જાઓ.

મહાભારત—

આત્મા એ શરીરરૂપી નદી છે, તેમાં સંયમ ઇંદ્રિયનિગ્રહરૂપી પવિત્ર તીર્થ છે, વળી સત્યરૂપી જળ છે, શીળ સદાચરણરૂપી કાંઠા છે, દયારૂપી તરંગો છે. આવા શરીરરૂપી નદીને વિષે હે પાંડુપુત્ર અર્જુન ! સ્નાન કરો; અંતરાત્મા તે સિવાય શુદ્ધ થતો નથી.

તા. ૧૨ મી ઓક્ટોબર.

ચિંતનનો આશય દૈવી જ્ઞાન મેળવવાનો છે.

●

શરૂઆતમાં ખરેખરા ચિંતન પાછળ રોકેલો વખત થોડો—એટલે પરોઢિયે ફક્ત અડધો કલાક—હોય તોપણ મહત્ત્વાકાંક્ષા અને એકાગ્ર વિચારમાં રોકેલા અડધા કલાકમાં મેળવેલું જ્ઞાન આખા દિવસ દરમિયાન ઉપયોગમાં લેવાય છે; એ રીતે ચિંતનમાં મનુષ્યની આખી જીંદગી રોકાઈ જાય છે. તેના અભ્યાસક્રમમાં જેમ જેમ તે આગળ વધે છે તેમ તેમ જે સ્થિતિમાં તે હોય તે સ્થિતિમાં જીવનના કર્તવ્યો કરવાને તે વધુ અને વધુ લાયક થતો જાય છે, કારણ તે વધુ સત્વવાળો, વધુ પવિત્ર, વધુ શાંત અને વધુ વિવેકી થયો હોય છે.

ચિંતનનો મુદ્દો બેવડો છે, તે એ કે:—

૧. નિર્દોષ બાબતો ઉપર વારંવાર વિચાર કરીને હૃદયને નિર્મળ બનાવવું.

૨. જીવનવ્યવહારમાં આવી નિર્મળતા આચરી દૈવી જ્ઞાન મેળવવું.

●

મનુષ્ય એ વિચારવંત પ્રાણી છે, અને તેનું જીવન તથા ચારિત્ર્ય તે રોજ જેવા વિચારો કરતો રહે છે તે ઉપરથી નક્કી થાય છે.

તા. ૧૩ મી ઓકટોબર.

આળુ વર્તન, સંગત અને મહાવરાથી વિચારો ફરી ફરી આવ્યા કરે છે.

●

નિર્મળ વિચારોનું રોજ મનન કરેથી, ચિંતન કરનારો મનુષ્ય શુદ્ધ અને ડહાપણભર્યા વિચાર કરવાની આદત પાડે છે, જેથી શુદ્ધ અને સુજ્ઞ કાર્યો થાય છે, અને કર્તવ્યો સારી રીતે બજાવાય છે. શુદ્ધ વિચારો સતત ચાલુ રાખવાથી તે વિચારો સાથે આખરે તે તદ્રૂપ થઇ જાય છે, અને તેના શાંત તથા વિવેકી જીવન દરમિયાન શુદ્ધ કાર્યો દ્વારા પોતાનું જ્ઞાન બતાવતો તે શુદ્ધાત્મા થાય છે.

મનુષ્યનો મોટો ભાગ વિરોધી તૃષ્ણાઓ, મનોવિકારો, ઉદ્વેગો અને તર્કો (કલ્પના) માં મચ્યો રહે છે, અને પરિણામે બેચેની, સંકલ્પવિકલ્પ અને દુઃખ જણાય છે; પણ મનુષ્ય જ્યારે પોતાના મનને ધ્યાનમાર્ગે દોરે છે ત્યારે ચોક્કસ સિદ્ધાંત ઉપર પોતાના વિચારો સ્થિર કરીને ભીતરમાં થતા યુદ્ધ ઉપર ધીમે ધીમે કાબૂ મેળવે છે.

●

મગજની ધૂનને ચિંતનમાં ગણી કાઢવાની ભૂલ સહેજ થાય છે.

તા. ૧૪ મી ઓકટોબર.

સઘળાં દુઃખ અને પાપરૂપી ઝાડનું મૂળ સ્વાર્થીપણું છે, અને તેને અજ્ઞાનરૂપી કાળી જમીનમાંથી પોષણ મળે છે.

●

પૈસાદાર તેમજ ગરીબ પોતાના જ સ્વાર્થીપણા માટે એક સરખી રીતે દુઃખ ભોગવે છે; કોઇ બચતું નથી. ગરીબને તેમજ પૈસાદારને પોતપોતાનાં ખાસ દુઃખ હોય છે. પૈસાદાર પોતાનો પૈસો ગુમાવતા રહે છે; ગરીબ પૈસો મેળવતા રહે છે. આજે જે ગરીબ તે ભવિષ્યમાં પૈસાદાર બને છે, અને જે પૈસાદાર તે ગરીબ, એમ ક્રમે ક્રમે થયા કરે છે. ભૂતની માફક મનુષ્યની પછવાડે ભય લાગેલો રહે છે. કારણ જે મનુષ્ય સ્વાર્થી બળથી પૈસો મેળવી સંગ્રહ કરે છે, તેને તે ચોરાઈ જવાનો ભય રહે છે, અને તે જતો રહેશે એવી બીક હંમેશ રહે છે; અને જે ગરીબ મનુષ્ય સ્વાર્થી રીતે ધન મેળવવા યત્ન કરે છે અથવા લોભ રાખે છે, તે અત્યંત ગરીબાઇની બીકથી પીડાય છે. કજિયારૂપી આ અધમ ભૂમિકા ઉપર જે કોઈ જીવન ગાળે છે તે તમામ ઉપર એક મહાન ભયની–મોતના ભયની–છાયા પથરાઇ રહેલી છે.

●

દરેક મનુષ્ય પોતાના જ સ્વાર્થીપણા માટે દુઃખ ભોગવે છે.

તા. ૧૫ મો ઓકટોબર.

આધ્યાત્મિક વિષયોના ચિંતનથી ઉત્સાહ વધે છે અને તાજો થાય છે.

●

દરેક મનુષ્યે ત્યાગરૂપી ત્રણ દ્વારમાંથી પસાર થવું જોઇએ. પહેલું દ્વાર તૃષ્ણાના ત્યાગનું છે; બીજું, કીર્તિલોભના ત્યાગનું છે; અને ત્રીજું, અહંભાવના ત્યાગનું છે. ચિંતન કરવાથી તે પોતાની તૃષ્ણાનું નિરીક્ષણ કરશે, મનમાં તેનું પગલું શોધી કહાડશે, અને જીવન તથા ચારિત્ર્ય પર તેનું શું પરિણામ આવશે તે શોધી કાઢશે; તેથી તેને તરત જણાઈ આવશે કે તૃષ્ણાના ત્યાગ સિવાય મનુષ્ય પોતાના દેહનો તેમજ પોતાની આજુબાજુની સ્થિતિ તથા સંજોગો બન્નેનો ગુલામ રહે છે. આ શોધી કાઢવાથી, તૃષ્ણાના ત્યાગનું દ્વાર, જે પહેલું દ્વાર છે તેમાં પ્રવેશ કરાય છે. આ દ્વારમાંથી પસાર થતાં તે પોતાની જાતને સુધારવાનો ક્રમ ધારણ કરે છે, અને આ સુધારણા જીવાત્માને નિર્મળ બનાવવામાં પ્રથમ પગથિયું છે.

શ્રદ્ધારૂપી દીવાને સતત પોષવો જોઈએ, અને તેને ખંતથી સમારવો જોઈએ.

તા. ૧૬ મી ઓકટોબર.

જે મનુષ્યનું મન અહંભાવ જીતવા ઉપર લાગેલું છે તે આજના નુકસાનથી નાહિંમત નહીં થતાં, બીજે દિવસે વધુ ઉત્સાહથી કામ કરી વધુ લાભ મેળવશે.

●

માટે મનુષ્યે તેના મિત્રો બહાર નિંદા કરે તેને તેમજ તેની ભીતરના દુશ્મનોના બબડાટને પત નહીં કરવા, અને મહત્ત્વાકાંક્ષા રાખી, શોધ કરી, યત્ન કરી, પવિત્ર પ્રેમની નજરથી પોતાના લક્ષ્યબિંદુ તરફ હમેશ નજર રાખી, રોજ મનમાંથી સ્વાર્થી હેતુ અને હૃદયમાંથી મલિન તૃષ્ણા કાઢી નાંખી આગળ વધ્યા જવું. કેટલીક વખત લથડી પડાય, કેટલીક વખત પડી જવાય, પરંતુ હમેશ આગળ ને આગળ મુસાફરી કરતાં અને ઊંચે ચઢતાં, પોતાના શાંત હૃદયમાં તે દિવસની મુસાફરીની તેણે રોજ રાત્રે નોંધ લેવી; દિવસમાં ઘણી નિષ્ફળતા અને ખરાબી થાય છતાં, એક પવિત્ર લડાઈ પણ થઈ હોય, પછી તેમાં ભલે હાર મળી હોય, અને કોઈ ગુપ્ત જીત મેળવવા યત્ન કર્યો હોય પણ તે નિષ્ફળ ગયો હોય, તેનો દાખલો રાખી, તેણે નિરાશ નહીં થતાં હિંમત રાખી આગળ વધ્યા જવું.

●

સત તથા અસતનો, ખરી વસ્તુ તથા પડછાયાનો ભેદ પારખતાં શીખો.

તા. ૧૭ મી ઓક્ટોબર.

આધ્યાત્મિક વિવેક-જ્ઞાનરૂપી અમૂલ્ય ઝવાહીર મેળવો.

●

દીનતારૂપી રંગ-પાસ-વગરના કપડાંથી પોતાના આત્માને ઢાંકયા પછી, જે વિચારોને મનુષ્ય આજ સુધી ચાહતો હતો અને પોષતો હતો તેને જડમૂળથી કાઢી નાંખવા તે પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. સત્ય જે એક અને અવિકારી છે તે, અને સત્ય સંબંધી પોતાના તથા બીજાના વિચારો જે ઘણા અને ફરી જાય તેવા છે, તે બે વચ્ચેનો ભેદ તે હવે ઓળખતાં શીખ્યો છે. હવે તેને જણાય છે કે સદાચાર, વિશુદ્ધિ, દયા અને પ્રેમ સંબંધી તેના જે વિચારો હતા તે તે ગુણોથી તદ્દન જુદા હતા, અને તેથી તેણે પોતાના પ્રથમના વિચારોને વળગી નહીં રહેતાં દૈવી નિયમ ઉપર આધાર રાખવો જોઇએ. આજ સુધી તેણે પોતાના વિચારો ઘણા કિંમતી ગણ્યા હતા; પરંતુ પોતાના વિચારોને ઉચ્ચ પદ આપતાં અને બીજાના વિચારો સામે તેમનો બચાવ કરતાં તે હવે અટકે છે, અને તે વિચારો છેક માલ વગરના છે એમ ગણે છે.

●

વિશુદ્ધિ, જ્ઞાન, દયા અને પ્રેમના દૈવી નિયમ પ્રમાણે વર્તો.

તા. ૧૮ મી ઓક્ટોબર.

અંતરમાં રહેલું દૈવી સ્થાન શોધી કહાડો.

●

જે મનુષ્ય એવો નિશ્ચય કરે છે કે બાહ્યરૂપોથી, કલ્પિત વસ્તુઓથી, અને માયાથી સંતોષ માની બેસી રહેવું નહીં, તે મનુષ્ય તે નિશ્ચય રૂપી પ્રબલ પ્રકાશથી ક્ષણિક ભ્રાંતિ દૂર કરશે, અને જીવનનું તત્વ તથા સત્ય સ્વરૂપ સમજશે. જીવન કેવી રીતે ગાળવું એ તે શીખશે, અને ઈશ્વરી જીવન ગાળશે. તે કોઈપણ મનોવિકારનો ગુલામ થશે નહીં, કોઈપણ વિચારનો દાસ બનશે નહીં, ખરાબ દોષનો સેવક બનશે નહીં. પોતાના હૃદયમાં રહેલું સ્થાન શોધી કાઢી તે શુદ્ધ અને શાંત, દ્રઢ અને જ્ઞાની થશે, અને જે દિવ્ય જીવનની અંદર તે પોતાનું જીવન ગાળે છે–જે જીવનરૂપ તે પોતેજ છે તેના જ્ઞાનનો સતત લાભ આપશે.

●

તમારા અંતરમાં જે અવિકારી છે, જે કાળ અને મોતથી પર છે, તેને *ઓળખવો નહીં એ કાંઈપણ નહીં જાણ્યા બરોબર, અને આયુષ્ય કાળરૂપી આયનામાં ખોટાં પ્રતિબિંબો સાથે નકામી રમત કર્યા બરાબર છે.

***નરસિંહ મહેતા—**

જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ત્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
મનુષ દેહ તાહરો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ ઊડી.

તા. ૧૯ મી ઓકટોબર.

અંતરમાં *દૈવી આશ્રય લઈ ત્યાં રહેવાથી મનુષ્ય પાપમાંથી મુક્ત રહે છે. તેની શ્રદ્ધા કોઇપણ શંકાથી ડગશે નહીં, તેની શાંતિમાં કોઈ પણ સંકલ્પવિકલ્પ ખલેલ પાડશે નહીં.

●

મનુષ્યો તેમની તૃષ્ણાઓ ઉપર પ્રેમ રાખે છે, કારણ તેમની તૃપ્તિ તેમને મધુર લાગે છે; પણ તેનું પરિણામ તો ખાલી ફાંફાં અને દુઃખ છે. તેમને બુદ્ધિવાદ ગમે છે, કારણ હું પણું તેમને ઘણું વહાલું હોય છે, પરંતુ તેના ફળ તો માનભંગ અને દુઃખ હોય છે. જ્યારે જીવાત્માને પૂરી તૃપ્તિ મળે છે, અને હુંપણાનાં કડવાં ફળ તે ચાખે છે ત્યારે દૈવી જ્ઞાન ગ્રહણ કરવા અને દૈવી જીવનમાં પ્રવેશવા તૈયાર થાય છે. દુઃખ ખમ્યા સિવાય ઉન્નત સ્વરૂપ મળી શકે નહીં. હુંપણાનો નાશ થવાથી જ હૃદયનો સ્વામી ફરીથી અમર જીવન ધારણ કરી શકે અને જ્ઞાનચક્ષુ ઉઘાડે.

●

અહંભાવ વગરનું જીવન દિવ્ય બગીચા જેવું છે.

---

* અખો—

હું નહીં ગુણ ઇંદ્રિ દેહવાન, પ્રકૃતિ પુરુષનું નહીં મુજ માન;
મુજમાં સહુ હું સર્વાતીત, હું છું ત્યાં નહીં દ્વૈતાદ્વૈત;
અખા એમ સમજી રહે જેહ, જીવનમુક્ત યોગેશ્વર તેહ.

તા. ૨૦ મી ઓક્ટોબર.

જીવનમાં વાસના કરતાં વધુ ઉચ્ચ વસ્તુ છે તે આનંદરૂપે છે; વિશ્રાન્તિ કરતાં વધુ તે શાંતિરૂપે છે; કામ કરતાં વધુ તે કર્તવ્ય રૂપે છે; વેઠ કરતાં વધુ તે પ્રેમરૂપે છે.

●

પાપી મનુષ્યોએ પુણ્યમાર્ગે વળવું, એટલે તેઓ નિર્મળ –પાપ વિનાના થશે; અજ્ઞાન મનુષ્યોએ બળનો આશ્રય લેવો એટલે તેઓ બળવાન થશે; અજ્ઞાન મનુષ્યોએ જ્ઞાનમાર્ગે જવું એટલે તેઓ જ્ઞાની થશે. બધી બાબતો મનુષ્યના હાથમાં છે, અને તેને જેની ઇચ્છા હોય તે તે પસંદ કરે છે. આજે તેને અજ્ઞાનમાં પડી રહેવું ગમે છે, કાલે તે જ્ઞાન માર્ગે જવું પસંદ કરશે. તેને મોક્ષની માન્યતા હોય યા નહીં, તોપણ તેણે "પોતાની મુક્તિ માટે તૈયારી કરવી જોઈશે," કારણ તેનાથી નાશી છુટાવાનું નથી, અથવા પોતાના જીવાત્માની કાયમની જવાબદારી (ગર્ભવાસમાં આપેલું વચન) બીજા ઉપર નાંખી શકાશે નહીં. તેના જીવનક્રમનો નિયમ, જે સદ્‌વિચાર તથા સત્કર્મ વિરુદ્ધની તેની સઘળી સ્વાર્થી યુક્તિઓ, છેતરપિંડી અને બહાનાંઓને છિન્નભિન્ન કરી નાંખે તેમ છે, તેને કોઈ પણ જાતના ધાર્મિક ઢોંગ (ટીલાં ટપકાં, દેવદર્શન) થી તે છેતરી શકશે નહીં; તેમજ તેને માટે નિર્માણ થયલું જે તેણે પોતે જ કરવું જોઈએ તે ઈશ્વર કરી આપશે નહીં.

●

જીવન એ સુખ ભોગ કરતાં વધુ છે, તે તો પરમાનંદ છે.

તા. ૨૧ મી ઓકટોબર.

જેને પરમાનંદ મેળવવા ઇચ્છા હોય તેણે પોતાના આત્માને શોધવો.

●

મનુષ્યો એક પંથમાંથી બીજા પંથમાં જાય છે, પરંતુ તેમને શાંતિ મળતી નથી; તેઓ ઘણા દેશોમાં મુસાફરી કરે છે, પરંતુ તેમને નિરાશા મળે છે; તેઓ પોતાના માટે સુંદર મકાનો બાંધે છે અને સુંદર બગીચાઓ તૈયાર કરે છે, પરંતુ પરિણામે તો ગ્લાનિ (ઉચાટ) અને નિરાશા મળે છે. જ્યાં સુધી ભીતરમાં નિર્દોષ વર્તન રૂપી મહેલ ચણે નહીં ત્યાં સુધી તેને અનંત અને અક્ષય આનંદ મળે નહીં. તે મેળવ્યા બાદ પોતાનાં સઘળાં કાર્યો તથા અંગત મનુષ્યોમાં તે આનંદ પ્રસરાવશે.

મનુષ્ય જ્યારે ઘણું પાપ કરી કંટાળી જાય ત્યારે તેણે આત્મા-ભગવાન જે તેના હૃદયકમળમાં વિરાજે છે તેને શરણે જવું. ત્યાં દેવગણોના મંડળમાં ભળી જવાથી તેનું મન હલકું થશે. (પાપના ભારથી તે મુક્ત થશે).

●

મનુષ્યનું *આધ્યાત્મિક હૃદય તે આખી સૃષ્ટિનું હૃદય છે. (બધાનો આત્મા એક છે.)

---

* અખો ભગત—

બીબાં પ્રત્યે બીબું દીસે, તેમ તમારો વ્યાપ;
બોલે તે બીજો નહીં, જો સામો દિયે જવાબ.
જીવ શિવ એક છે રે, જો જાણે જીવની જાત.

તા. ૨૨ મી ઓકટોબર.

ચાલુ કાળમાંજ સઘળી સત્તા મળે છે, સઘળું બની શકે છે, અને સઘળાં કાર્ય થાય છે.

●

મનુષ્ય જ્યારે ભૂત અને ભવિષ્યના વિચાર કર્યા કરે છે ત્યારે તે ચાલુ કાળ ગુમાવે છે; ચાલુ કાળમાં તેણે શું કરવાનું છે તે તે ભૂલી જાય છે. બધી બાબતો ચાલુ અને ચાલુ કાળમાં જ થઇ શકે તેમ છે. જ્ઞાન રૂપી દીવા સિવાય, અને ખોટી વસ્તુને ખરી લેખવાથી, તે કહે છે કે, " જો મેં ગયે અઠવાડિયે, ગયે મહિને, યા ગયે વર્ષે આમ આમ કર્યું હોત તો આજે મને લાભ થાત." અથવા, " શું કરવું ઉત્તમ છે તે હું જાણું છું અને તે હું આવતી કાલે કરીશ." સ્વાર્થી મનુષ્યો ચાલુ કાળની મોટી અગત્યતા અને કિંમત સમજી શકતા નથી, અને ભૂત તથા ભવિષ્ય તો જેના ખાલી પ્રતિબિંબો છે એવું તે ખરૂં સત્ય સમજવામાં ચૂક કરે છે. ખરી રીતે કહીએ તો ભૂત અને ભવિષ્ય તો ખોટી ભ્રમણા છે, બીજું કાંઇ નથી; અને તેના ખ્યાલ કર્યા કરવા, એટલે તે સંબંધી દિલગીરીભર્યા અને સ્વાર્થી વિચારો કરવા એ જીવનનો ખરો હેતુ બાજુપર મૂકવા જેવું થાય છે.

●

શોક દૂર કરવો, ભવિષ્યના વિચાર અટકાવવા, ચાલુ કાળમાં કામ કરવું, એમાં ડહાપણ છે.

તા. ૨૩ મી ઓકટોબર.

પાપને દિનપ્રતિદિન દાબવામાં સદ્દગુણ રહેલો છે.

●

પરાધીનતા રૂપી નાને રસ્તે જવાનું અને ગલીકૂંચીવાળા આડા અવળા માર્ગ, જે ભૂતભવિષ્યના અણજાણ પ્રદેશમાં લઈ જવા તારા આત્માને લલચાવે તે રસ્તે જવું બંધ કર, અને તારૂં કુદરતી તથા દૈવી બળ ચાલુ કાળમાં બતાવ. "ખુલ્લા રસ્તા ઉપર–ઉજાસમાં બહાર ચાલ્યો આવ."

જે થવાની તમને ઇચ્છા અને આશા હોય તે તમે ચાલુ કાળમાં થશો. હર વખત કામ મુલતવી રાખ્યાથી જ તે પૂર્ણ થતું નથી, અને તમારામાં મુલતવી રાખવાની શક્તિ છે તો તે પૂર્ણ કરવાની–હમેશ પૂર્ણ કરવાની–શક્તિ પણ તમારામાં છે. આ સત્યનો અનુભવ કરો એટલે જે નમૂના રૂપ મનુષ્ય થવાનો તમે ખ્યાલ કરતા હતા તેવા તમે આજે અને દરરોજ થઈ રહેશો.

ચાલુ કાળમાં કામ કરો, પછી જુઓ ! સઘળાં કાર્યો થયાં સમજશો. ચાલુ કાળમાં દૈવી જીવન ગાળો, અને જુઓ ! તમારે ત્યાં લીલાલહેર થઈ રહેશે, જે તે ચાલુ કાળમાં કરો એટલે તમે પૂર્ણ છો એ જાણશો.

●

પાપ તરફ નજર નહીં કરવી, તેને ધ્યાનમાં ન લેવું અને તેને એક ખૂણે સડવા દેવું એ ઋષિ જીવન છે.

તા. ૨૪ મી ઓકટોબર.

"તું આવતી કાલે વધુ પવિત્ર થઈશ" એવું તારા આત્માને કહેતો નહીં, પરંતુ એમ કહે કે "તારે ચાલુ કાળમાં પવિત્ર-શુદ્ધાત્મા થવું જોઈએ.

દરેક કાર્ય આવતી કાલ ઉપર રાખવું એ ઘણું મોડું છે, અને જે મનુષ્ય આવતી કાલે મદદ અને મુક્તિ મળશે એવો વિચાર કરે છે તે હર વખત નિષ્ફળ જશે, અને આજે તેનું અધઃપતન થશે.

ગઇ કાલે તું ભ્રષ્ટ થયો, ખરૂં! ભારે પાપ કર્યું! આવો અનુભવ મળવાથી તે માર્ગે જવું હમણાં અને હમેશને માટે બંધ કર, અને ચાલુ કાળમાં તારાથી પાપ થાય નહીં તેની સંભાળ રાખ. ગયા વખત માટે તું શોક કરે છે તે દરમ્યાન, તારા આત્માનો દરેક દરવાજો ચાલુ કાળમાં પાપને નહીં પેસવા દેવા માટે અરક્ષિત રહે છે, તેની સંભાળ રાખ.

ચાલુ કાળમાં પ્રયત્ન કરવા રૂપી દ્રઢ મજબૂત રાજમાર્ગને બદલે વિલંબ રૂપી નબળો રસ્તો પસંદ કરી, બેવકૂફ મનુષ્ય કહે છે કે, "હું કાલે સવારે વહેલો ઊઠીશ; હું દેવામાંથી કાલે મુક્ત થઇશ. હું મારી ધારણાઓ કાલે પાર પાડીશ." પરંતુ ડાહ્યો-સમજુ મનુષ્ય, અમર ચાલુ કાળની ખરી અગત્યતા સમજીને આજે વહેલો ઊઠે છે, દેવામાંથી મુક્ત રહે છે, પોતાની ધારણાઓ આજે પાર પાડે છે, અને તેથી બળ, શાંતિ અને કાર્યસિદ્ધિ મેળવે છે.

જે ભૂતકાળ-વીતી ગયેલો કાળ સુધારવો અશકય છે તે બાબત શોક કરવાથી નહીં, પરંતુ ચાલુ કાળમાં ઉપાય યોજવાથી તારૂં શ્રેય થશે.

તા. ૨૫ મી ઓકટોબર.

ગયા કાળમાં સારી શરૂઆત નહીં કરવાથી અને ભવિષ્યમાં ખરાબ પરિણામ આવશે એવું માની, મનુષ્યની દ્રષ્ટિ અંધ થાય છે, જેથી તે પોતાનું અમરપણું જોતો નથી.

●

જે વસ્તુ હાથમાં હોય તે તરફ લક્ષ આપવું, અને જેનું અસ્તિત્વ નહીં હોય તેનો ખ્યાલ ન કરવો, એમાં ડહાપણ રહેલું છે. એવા શુદ્ધ ભાવથી તથા એકાગ્રતાથી તે તરફ લક્ષ આપવું કે ભવિષ્યમાં શોક કરવા એકે કારણ રહે નહીં.

મનુષ્યની આધ્યાત્મિક સમજશક્તિ ઉપર અહંભાવનો પડદો પડવાથી તે કહે છે કે, "હું અમુક દિવસે, આટલાં વર્ષ ઉપર જન્મ્યો હતો અને મારો વખત આવે હું મરી જઇશ." પરંતુ તે જન્મ્યો નથી તેમ તે મરવાનો પણ નથી; કારણ જે અમર છે, અનાદ્યંત છે, તેને જન્મ મરણ ક્યાંથી ? મનુષ્યે આ સઘળી ભ્રમણાઓ દૂર કરવી જોઇએ, એટલે તે સમજશે કે દેહના જન્મ અને મરણ તેના (આત્માના) આદિ અને અંત નથી, પણ તેના લક્ષચોરાશીના ફેરાના આનુષંગિક બનાવો છે.

●

સૃષ્ટિમાં સઘળે વર્તમાન-ચાલુ કાળ પ્રવર્તે છે.

તા. ૨૬ મી ઓકટોબર.

મનુષ્યે અહંતા છોડી દેવી એટલે સષ્ટિમાં શુદ્ધ અનન્ય-ભાવ છે તેની પૂરી ખૂબી તે સમજશે.

●

મનુષ્યે એક વ્યક્તિ રૂપે જીવન ગાળવાનું બંધ કરવું, અને પૂર્ણ સમષ્ટિરૂપે* જીવન ગાળવું. પૂર્ણ સ્વરૂપનો અનન્ય ભાવ ત્યારે જ દેખાશે. એક કકડામાં આખાનો સમાસ શી રીતે થાય? પણ આખામાં કકડાનો સમાવેશ થઇ જાય છે એ કેવું સરળ છે? પાપ પુણ્યને કેવી રીતે જોઇ શકે? પણ પુણ્ય પાપને સમજે છે એ કેવું ખુલ્લું છે? જેને મહાન થવાની ઇચ્છા હોય તેણે અધમતા છોડવી જોઈએ. કોઈ પણ આકૃતિમાં વર્તુલનો સમાવેશ થતો નથી; પરંતુ વર્તુલ (શાલિગ્રામ) માં સઘળી આકૃતિનો સમાવેશ થાય છે. કોઈપણ રંગમાં તેજસ્વી પ્રકાશ સમાતો નથી, પણ તેજસ્વી પ્રકાશમાં સઘળા રંગ સમાઇ જાય છે. મનુષ્યે દેહના સઘળા વિકારો ત્યજવા જોઈએ એટલે પૂર્ણ બ્રહ્મનું પૂર્ણ સ્વરૂપ તે સમજશે.

●

મનુષ્ય જ્યારે પોતાના દેહાભિમાનને તદ્દન ભૂલી જવામાં (તેનો નાશ કરવામાં) ફતેહમંદ થાય છે, ત્યારે તે એક આયના રૂપ બને છે, જેમાં વિશ્વવ્યાપી વિભુ-સત્યનું પૂર્ણ પ્રતિબિંબ પડે છે.

---

* **અખો—**

વિશ્વ વસ્તુમાં શાનો ફેર, જે મણ એકના ચાલીશ શેર;
નાના કાટલે સઘળા પિંડ, પણ કહિયે વૈરાટ બ્રહ્માંડ;
હરિમાં વિશ્વ ને વિશ્વમાં હરિ, એમ અખા સૌ ઘરનું ઘર કરી.

તા. ૨૭ મી ઓકટોબર.

વાજીંત્રના પૂર્ણ સ્વરમેળમાં એક તારને વિસારી દેવામાં આવે છે (એક તારનો ઉપયોગ લેવામાં આવતો નથી) તોપણ તે સૂર પૂરે છે, અને તે વગર ચાલે તેમ નથી (જેથી તેની અગત્યતા વધે છે). પાણીનું બિંદુ સાગરમાં ભળી જવાથી તેની કિંમત ઘણી વધે છે.

●

મનુષ્ય જાતિમાં દયાભાવ રાખી તારી જાતને તું ભૂલી જા એટલે દૈવી સૂરો તું ઉત્પન્ન કરીશ, સર્વ તરફ અનહદ પ્રેમ રાખ એટલે તું ચિરંજીવ કામો કરીશ, અને અનાદ્યંત પરમાનંદરૂપી મહાસાગર સાથે તું *તદ્રૂપ થઈ જઈશ.

મનુષ્ય પ્રથમ અતિશય ગૂંચવાડામાં પડે છે, અને તે પછી આત્મસ્વરૂપ તરફ વળે છે. મનુષ્યને જ્યારે જણાય છે કે આત્માને ઓળખ્યા સિવાય સૃષ્ટિને ઓળખવી અશક્ય છે, ત્યારે જે રસ્તેથી શુદ્ધ પ્રેમ સ્વરૂપ મળે છે તે રસ્તે જવા તે નીકળે છે. તે (આત્માને જોવા) ભીતરના પડ ઉકેલે છે, અને જેમ જેમ તે પડ ઉકેલતો જાય છે તેમ તેમ તે સૃષ્ટિનો સમાવેશ પોતામાં કરે છે.

●

ઇશ્વર સંબંધી તર્કવિતર્ક બંધ કર, અને સર્વત્ર ફેલાયલી શુભ વાંછના તું તારામાં જો.

---

* **પ્રીતમદાસ—**

ચૈતન્ય બ્રહ્મ ભર્યો સૌ પાસ, વસ્તુમાં જાણે વિશ્વ વિલાસ;
અંતર ટાળે સ્વતંત્ર હોય, હરિસુખસાગર ઝૂલે કોય.
તેણે તન મન વાણી પલટાય, જન્મ અનેક તણાં અઘજાય;
ટળે દ્વૈતભાવ સ્વતંત્ર થાય, બિંદુમાં આવીને સિંધુ સમાય.

તા. ૨૮ મી ઓકટોબર.

પવિત્ર મનુષ્ય પોતે પવિત્ર છે એ જાણે છે.

જે મનુષ્ય તેની ગુપ્ત કામવૃત્તિ, લોભ, ક્રોધ, ગમે તે બાબતનો પોતાનો અભિપ્રાય છોડશે નહીં, તે કાંઇ પણ જોઇ અથવા જાણી શકશે નહીં; જ્ઞાનની શાળામાં તે *ઠોઠ જ રહેશે, પછી ભલે પાઠશાળાઓમાં તે પંડિત ગણાતો હોય.

જેને જ્ઞાનની કુંચી મેળવવાની ઇચ્છા હોય તેણે પોતાની જાતને ઓળખવી જોઇએ. તારાં પાપો તે તું નથી, તે તારા અંશ નથી; તે તો એક જાતનો રોગ છે, જેને તું ચાહતો આવ્યો છે. તે ઉપરથી તારી આસક્તિ છોડી દે, એટલે તે તને વધુ વખત વળગી રહેશે નહીં. તેને છોડી દે એટલે તારૂં ખરૂં સ્વરૂપ દેખાશે. તેમ થવાથી તું તારી જાતને વૈરાટ સ્વરૂપ (સાર્વત્રિક દૃષ્ટિવાળો), મહત્ તત્વ (અજીત સિદ્ધાંતવાળો), અમર આત્મા, અને અનાદ્યંત શિવસત્ય (પૂર્ણ કામ) તરીકે જાણીશ.

કેવળ નિર્દોષપણું ઘણું જ સરલ છે અને તે સાબિત કરવા એકે દલીલની જરૂર નથી.

---

* બાપુ—

સમજે સત્‌નામ તેને તો કહીએ જ્ઞાની,
તેની મટી ગઇ વૃદ્ધિ ને હાનિ, કે તે જ જ્ઞાની.

ગુરુએ જ્ઞાન બતાવ્યું શ્રીમુખ,
મારૂં મટી ગયું જન્મ મરણનું દુઃખ
હવે ફરી આવવું નથી માતાની કુખ,
મારી ભાંગી મન કેરી ભૂખ.

ઓળખ્યું આપ, મટયો તાપ, નહીં પુણ્ય નહીં પાપ, અઘાપ,
જડયો બાપ, મહાપ્રલયમાં રહે તેની નિશાની; કે તે જ જ્ઞાની.
સમજે સત્‌નામ૦

તા. ૨૯ મી ઓકટોબર.

આત્મા-સત્યને કોઇની મદદની જરૂર નથી.

●

દીનતા, ધૈર્ય, પ્રેમ, દયા અને જ્ઞાન—એ શુદ્ધ પ્રેમસ્વરૂપના મુખ્ય ગુણો છે, તેથી ખોડખામીવાળો—પાપી મનુષ્ય આ સમજી શકે નહીં. જ્ઞાની મનુષ્ય જ જ્ઞાન પારખી શકે છે, તેથી મૂર્ખો એમ કહે કે, "કોઈ પણ મનુષ્ય ડાહ્યો નથી." પાપી—ખોડવાળો મનુષ્ય કહે છે કે, "કોઇ પણ મનુષ્ય શુદ્ધ—પૂર્ણ હોઈ શકે નહીં," અને તે કારણે તે જ્યાંનો ત્યાં જ રહે છે. તે પોતાની આખી જીંદગી શુદ્ધ મનુષ્ય સાથે ગાળે તોપણ તેના મનમાં તેની વિશુદ્ધિ વસશે નહીં. દીનતાને તે બાયલા-પણું ગણશે; ધૈર્ય, પ્રેમ, દયાને તે નબળાઈનાં લક્ષણ ગણશે, અને જ્ઞાનમાં તેને મૂર્ખાઇ લાગશે. પૂર્ણ સારાસારબુદ્ધિ તો પૂર્ણ બ્રહ્મમાં છે, અને તે કાંઇ અમુક ગુણવાળામાં રહેતી નથી; તેથી જ્યાં સુધી મનુષ્યોએ પૂર્ણ જીવન બતાવ્યું નથી ત્યાં સુધી તેમણે કાંઇ પણ અભિપ્રાય આપતાં પહેલાં વિચાર કરવો જોઇએ.

●

નિષ્કલંક જીવન એજ સત્ય (આત્મા)નો સાક્ષી છે.

તા. ૩૦ મી ઓકટોબર.

જેણે તેના અંતરમાં રહેલો આત્મા જોયો છે તેણે સનાતન અને વિશ્વવ્યાપી વિભુ (પરમાત્મા) જોયો છે.

●

અંતરમાં રહેલો દૈવી આત્મા ઓળખવાથી સઘળાના આત્મા ઓળખાય છે, અને જેણે પોતાનું મન વશ કર્યું છે તે સર્વના મન સાથે એક થયો છે. તે કારણે સદાચારી મનુષ્ય પોતાનો બચાવ કરતો નથી, પરંતુ પોતાના જેવા જ બીજાને કરે છે.

અર્ધજ્ઞાની અજ્ઞાની મનુષ્યથી પર છે, તે જ પ્રમાણે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ અર્ધજ્ઞાનીથી પર છે. જ્યારે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પમાય છે, ત્યારે સર્વ શંકાઓ ઊડી જાય છે; તેથી સદાચારી મનુષ્ય "માયા રહિત વિદેહી" કહેવાય છે. જ્યાં પાપ નથી ત્યાં શંકાથી હેરાનગતિ કેવી? અરે, તું મોટી મોટી બૂમો પાડી કામ કરે છે અને વિશ્રાંતિ લેતો નથી! તારા અંતરમાં રહેલા પવિત્ર, શાંત આત્માને શરણે જા, અને તેને અનુસરી જીવન ગાળ, એટલે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને જોઇ, મોહ-માયારૂપી મંદિરનો પડદો વચ્ચેથી તું ચીરી નાંખીશ અને પૂર્ણ બ્રહ્મના ધૈર્ય, શાંતિ અને અનુપમ કીર્તિ મેળવીશ; કારણ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ (નિર્મળ આત્મા) અને દૈવી અનન્ય ભાવ (પ્રેમ) એક જ છે.

●

શુદ્ધ અનન્ય ભાવ એટલો બધો સરલ છે કે તેનું જ્ઞાન થાય તે પહેલાં મનુષ્યે દરેક બંધનમાંથી મુક્ત થવું જોઈએ.

તા. ૩૧ મી ઓકટોબર.

જે મનુષ્ય બીજાની વાહવાહ ઉપર જીવે છે તેને મહાન દુઃખ અને અશાંતિ હોય છે.

●

દરેક બાહ્ય વસ્તુથી અલગ રહેવું અને આંતર સદ્ગુણ ઉપર નિશ્ચિંત વિશ્રાંતિ લેવી એ ખરૂં ડહાપણ છે. આવું જ્ઞાન હોય તો, મનુષ્ય પૈસાદાર યા ગરીબ હોય તોપણ એક સરખો રહેશે. પૈસાથી તેના બળમાં વધારો થશે નહીં, તેમ ગરીબાઈથી તેની શાંતિમાં ખલેલ પડશે નહીં. જેણે પોતાના ભીતર–અંદરનો મેલ ધોઈ નાંખ્યો છે તેને પૈસો ભ્રષ્ટ કરશે નહીં, તેમજ જેણે પોતાના આત્મમંદિરનું ગૌરવ ઓછું કર્યું નથી તેનું ગૌરવ ગરીબાઈને લીધે કમી થશે નહીં.

જે બાહ્ય વસ્તુ યા બનાવ તમારા ઉપયોગ અને તમારી કેળવણી માટે જરૂરના છે તેમનાં બંધનમાં આવવા ના પાડવી એ ડહાપણ છે. જ્ઞાની મનુષ્યો બધા બનાવોને શુભ ગણે છે, અને તેમનામાં પાપદૃષ્ટિ ન હોવાથી તેઓ દિનપ્રતિદિન વધારે જ્ઞાની થતા જાય છે. તેઓ બધી વસ્તુઓનો ઉપયોગ કરે છે, અને એ પ્રમાણે સર્વ વસ્તુઓને પોતાના કાબૂમાં રાખે છે. તેઓ પોતાની ભૂલો એકદમ સમજી જાય છે અને તેને અમૂલ્ય બોધરૂપ લેખે છે, કારણ તેઓ જાણે છે કે દૈવી રચનામાં ભૂલ હોય નહીં.

●

આપણા પર પ્રેમ બતાવે નહીં તેની ઉપર પ્રેમ બતાવવો; આ બળ એવું છે કે તે મનુષ્યને ત્યજતું નથી.

તા. ૧ લી નવેમ્બર.

ડાહ્યો મનુષ્ય જ્ઞાન મેળવવાને હમેશ આતુર હોય છે; પરંતુ શીખવવા માટે કદી હોતો નથી.

●

સઘળું બળ, વિવેક, શક્તિ અને જ્ઞાન મનુષ્યને તેના અંતરમાંથીજ મળશે, પણ હુંપદ હશે તો મેળવી શકાશે નહીં. તે તેને આજ્ઞાપાલનમાં, નમ્રપણામાં અને જ્ઞાન મેળવવાની આતુરતામાંજ પ્રાપ્ત થશે. તેણે સદ્ગુણને અનુસરવું જોઇએ, અને હુંપદથી ફુલાવું જોઇએ નહીં. જે મનુષ્ય ઠપકો, ઉપદેશ અને અનુભવના પાઠને નહીં ગણકારી, પોતાના હુંપદને અનુસરશે તેનું ખસૂસ અધઃપતન થવાનું. અરે! તે અધમતાએ પહોંચી ચૂકયો છે. એક મહાન* ગુરુએ પોતાના ચેલાઓને કહ્યું કે, "જેઓ ફક્ત પોતાના ઉપર ભરોસો રાખી બાહ્ય મદદ ઉપર ભરોસો રાખતા નથી, પરંતુ સત્ય (આત્મા) રૂપી દીવાને મજબૂત પકડી, સત્યથીજ તેમને મોક્ષ મળશે એમ ધારી, પોતેજ પોતાના અંતરમાં પ્રકાશ આપશે, તેઓ પોતાના સિવાય બીજાની મદદ શોધશે નહીં. આવા મારા જે શિષ્યો હશે તેઓજ શ્રેષ્ટ પદ પામશે. પરંતુ તેઓ જ્ઞાન મેળવવા માટે રાજી હોવા જોઇએ."

●

દરેક મનુષ્યના હૃદયમાં ખરો ગુરુ રહેલો છે.

---

* અખો ભગત—

અખિલ જગત મૂર્તિ રામની, મહા જ્ઞાનીની મૂરત કામની;
જડથી ચેતન મૂરત ભલી, જ્ઞાનિ મૂરત સર્વોપરી,
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાં શેષ.

તા. ૨૭ નવેમ્બર.

વ્યગ્રતા એ નબળાઇ છે. એકાગ્રતા એ શક્તિ છે.

●

જે પ્રમાણમાં વિષયો તથા વિચારોના જુદા જુદા ભાગોને મજબૂતિથી અને બુદ્ધિપૂર્વક એકાગ્ર કરવામાં આવે તે પ્રમાણમાં તેઓ ઉપયોગી અને બળવાન થાય છે. ખૂબ એકાગ્ર કરેલો વિચાર એ સંકલ્પ છે. અમુક કાર્ય પાર પાડવા સારૂ સઘળી માનસિક શક્તિઓને વાળવામાં આવે છે, અને કાર્ય સાધનાર તથા કાર્ય વચ્ચે આવતી હરકતોનો ક્રમેક્રમે નાશ કરી તેમને દૂર કરવામાં આવે છે. સિદ્ધિરૂપી મંદિરમાં સંકલ્પ એ ચાવી પથ્થર રૂપે છે. જે વસ્તુઓ તેના વગર છૂટી અને નિરુપયોગી પડી રહે તેમને બાંધી, પકડી રાખી, પૂર્ણરૂપમાં મૂકે છે. ખાલી તરંગો, ક્ષણભંગુર કલ્પનાઓ, અનિશ્ચિત વાસનાઓ અને અધકચરા વિચારો કાર્ય સાધવામાં કાંઇ ઉપયોગના નથી. કાર્ય પૂર્ણ કરવા માટે લાંબા કાળથી કરી રાખેલા વિચારમાં અજીત શક્તિ રહેલી છે, જે ગૌણ વિચારોને દૂર કરે છે, અને સીધી આગળ વધી ફત્તેહ—કાર્યસિદ્ધિ મેળવે છે.

●

જય પામેલા સર્વ મનુષ્ય દૃઢ સંકલ્પવાળા હોય છે.

તા. ૩ જી નવેમ્બર.

તારી જાતનો તારનાર અને મારનાર તુંજ છે એ સમજ.

●

શંકા, ચિંતા અને ઉપાધિ એ દેહાભિમાનની અધમ દુનિયામાં ખોટા ઓળા રૂપ છે, માટે જે કોઇ પોતાના આત્માની શાંત ટોચે ચઢશે (અંતરમાં પૂર્ણ શાંતિ અનુભવશે) તેને તે વધુ હેરાન કરશે નહીં. પોતાના જીવનનો નિયમ જે ગ્રહણ કરશે તે શોકને પણ હમેશને માટે દૂર કરશે. જે એ પ્રમાણે સમજશે તેને જીવનનો સર્વોપરી નિયમ જણાશે, અને તે પ્રેમ છે, અમર પ્રેમ છે એમ તે સમજશે. પ્રેમ સાથે તે તદ્રૂપ થશે, અને તિરસ્કાર તથા મૂર્ખાઇમાંથી મનને મુક્ત કરી, સર્વ ઉપર પ્રેમ રાખી, જે અજીત રક્ષણ પ્રેમ આપે છે તે મેળવશે. કશા ઉપર તે હક્ક રાખતો ન હોવાથી તેને નુકસાન થશે નહીં; મોજશોખ તરફ તેની વૃત્તિ ન હોવાથી તેને શોક થવાનો નથી; અને પોતાની બધી શક્તિઓને સેવામાર્ગમાં સાધન રૂપે વાપરવાથી તે નિરંતર સુખ અને આનંદની શ્રેષ્ઠ સ્થિતિમાં રહેશે.

●

તને ગુલામી પસંદ હશે તો તું ગુલામ જ રહીશ; જો તું મુક્ત થવા માંગીશ તો તું તેવો થઈશ.

તા. ૪ થી નવેમ્બર.

જે નમ્ર થયો છે તેણે ઐશ્વર્ય મેળવ્યું છે.

●

ભારે વાવાઝોડાને પર્વત નમ્યું આપતો નથી; પરંતુ નવી પાંખ આવેલાં પક્ષીઓને તથા ઘેટાંને રક્ષણ આપે છે; અને જો કે બધા મનુષ્યો તેની ઉપર થઇને ચાલે છે તોપણ તે તેમનો બચાવ કરે છે, અને પોતાની અમર છાતી ઉપર તેમને રાખે છે. સાલસ મનુષ્ય પણ એવો જ હોય છે; તે કોઇથી નહીં ડરતાં સંયમી રહે છે, તોપણ છેક કનિષ્ટ પ્રાણીને બચાવવા દયાભાવથી વાંકો વળે છે, અને તેનો તિરસ્કાર થાય તોપણ સર્વ મનુષ્યોની ઉન્નતિ કરે છે, તથા પ્રેમપૂર્વક તેમનું રક્ષણ કરે છે.

પર્વત પોતાના ગુપ્ત સામર્થ્યથી જેવો પ્રતાપી છે, તેવો જ એ દૈવી મનુષ્ય પોતાની શાંત નમ્રતાથી છે. તેનો સ્નેહાળ દયાભાવ, તેના (પર્વતના) દેખાવની માફક વિશાળ અને સુંદર છે. પર્વતના પાયા–તળેટીની માફક ખરેખર તેનું શરીર ખીણો અને ધુમસ રૂપી જંજાળમાં સ્થીર થયું છે; પરંતુ તેનું મનરૂપી શિખર નિરંતર નિર્મળ પ્રકાશમાં નાહે છે, અને શાંતિમાં (આત્મામાં) રહે છે.

●

સાલસ મનુષ્યે દૈવી જ્ઞાન અનુભવ્યું હોય છે, અને તે પોતાને દૈવી અંશ તરીકે જાણે છે.

તા. ૫ મી નવેમ્બર.

જે નમ્ર જીવન ગાળે છે તેને ભય હોતો નથી, કારણ પરમાત્માને તે ઓળખે છે અને અધમ વૃત્તિને દાબી રાખે છે.

નમ્ર મનુષ્ય અંધકારમાં રહી પ્રકાશ પાડે છે અને બહાર ન આવે તોપણ સુખી રહે છે. નમ્ર મનુષ્ય ગર્વ* કરતો નથી, જાતે પ્રસિદ્ધિમાં આવતો નથી, તેમ લોકોની વાહવાહથી ખુશ થતો નથી. નમ્રતા આચારમાં મુકાય છે, તે દેખાય છે, તેમ નથી પણ દેખાતી; તે આધ્યાત્મિક ગુણ હોવાથી આધ્યાત્મિક નજર-દ્રષ્ટિવાળા જ તેને પારખી શકે છે. જે આધ્યાત્મિક રીતે જાગૃત થયા નથી તેઓ તેને પારખતા નથી, અને ઐહિક ઠાઠ તથા ભપકાથી તેઓ મોહિત અને અંધ થયલા હોવાથી તેમને તે ગુણ પસંદ પડતો નથી. નમ્ર મનુષ્યની ઇતિહાસમાં પણ કંઇ ગણના થયલી જોવામાં આવતી નથી. ઇતિહાસ કજિયા અને સ્વાર્થ-લોભની નોંધ લેવામાં તેનું કર્તવ્ય સમજે છે. નમ્ર મનુષ્યનો યશ શાંતિ અને દીનતામાં રહેલો છે. ઇતિહાસમાં પૃથ્વીપરના કામની-અને નહીં કે સ્વર્ગીય કામોની હકીકત આવે છે. જો કે તે (નમ્ર મનુષ્ય) અંધકાર (એકાંત)માં વસે છે, પણ તે છૂપો રહેલો નથી. (દીવો કેમ ઢાંકયો રહે ?) આ દુનિયાનો ત્યાગ કરી ગયા પછી પણ તેનો પ્રકાશ ચાલુ રહે છે, અને જે દુનિયા તેને ઓળખતી નથી તે તેને દેવ તરીકે પૂજે છે.

કસોટી વખતે નમ્ર મનુષ્ય ઓળખાઈ આવે છે. જયારે બીજા મનુષ્યો પાછા પડે છે, ત્યારે તે ઊભો રહે છે.

---

* અખો—કામ સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે;
જીવ થકી કાંઇ નવ થાય, હું હું થૈ ફોકટ બંધાય;
સકટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન.

તા. ૬ ઠ્ઠી નવેમ્બર.

નમ્ર મનુષ્ય કોઇની સામે થતો નથી, છતાં પરિણામે તે બધા પર કાબૂ મેળવે છે.

●

જે એમ ધારે છે કે મને બીજા લોકો નુકસાન કરશે અને જે પોતાના ખરાપણા બાબત તથા બચાવ માટે તેમની વિરુદ્ધ યત્ન કરે છે તે નમ્રપણાનો ગુણ જાણતો નથી; તે જીવનનું રહસ્ય તથા અર્થ સમજતો નથી. "તેણે મને ગાળ દીધી, તેણે મને માર્યો. તેણે મને હરાવ્યો, તેણે મને લૂંટયો." આવા વિચાર જેઓ રાખે છે તેમનામાં દ્વેષ કદી ઓછો થતો નથી; કારણ દ્વેષથી દ્વેષ કદાપિ અટકશે નહીં. પ્રેમથી દ્વેષ જતો રહે છે. તારે શું કહેવું છે? તારો પાડોશી તારે માટે ભૂંડું બોલ્યો? તેમાં શું થઇ ગયું? ભૂંડું બોલવાથી તને કાંઇ નુકસાન થશે? જે ભૂંડું તે ભૂંડું જ છે, અને અહીંજ તેનો અંત આવે છે. તેમાં કાંઇ જીવ નથી; અને જે મનુષ્ય બીજાને તેનાથી નુકસાન કરવા યત્ન કરતો હોય તેના પોતાના સિવાય બીજાને નુકસાન કરવા તેનામાં શક્તિ નથી. તારો પાડોશી તારે માટે ભૂંડું બોલે તેમાં તને લાગતુંવળગતું નથી, પરંતુ તારે તેની સાથે તકરાર કરવી અને તારૂં ખરાપણું સાબિત કરવા યત્ન કરવો, એ તને નુકસાનકારક છે, કારણ એમ કરવાથી તારા પાડોશીના જૂઠાણાને તું જીવન તથા ચૈતન્ય આપે છે, અને તે જ કારણે તને હાનિ પહોંચે છે અને તું દુઃખી થાય છે.

●

તારા પોતાના હૃદયમાંથી સઘળા દોષ દૂર કર. પછી બીજાના તેવાજ દોષ માટે તકરાર કરવાની તારી મૂર્ખાઇ તું જોઇશ.

તા. ૭ મી નવેમ્બર.

સંકલ્પની શક્તિ મહાન છે.

●

સંકલ્પ અને બુદ્ધિ સાથે સાથે જાય છે. બુદ્ધિના પ્રમાણમાં નાના મોટા સંકલ્પ હોય છે. મોટા મનવાળા મનુષ્યનો સંકલ્પ હમેશ મોટો હોય છે. કમઅક્કલવાળા મનુષ્યને સંકલ્પ હોતો નથી. અસ્થિર મન કમી વિકાસ બતાવે છે.

જે જે મનુષ્યોએ માનવજાતના નસીબ ઉઘાડયાં છે, ભાવી ઘડયાં છે, તેઓ મહાન સંકલ્પવાળા થઈ ગયા છે. જેમ રોમન લોક રસ્તો બાંધતા, તેમ તેઓ એક ચોક્કસ માર્ગે ગયા છે, અને અસહ્ય વેદના તથા મોત તેમના પર આવી પડે તોપણ, બાજુએ ચસકવાની–તે માર્ગ છોડવાની તેમણે ના પાડી છે. પ્રજાના મહાન આગેવાનો માનસિક રસ્તો બનાવનાર રૂપે છે, અને બુદ્ધિના તથા આધ્યાત્મિક માર્ગો, જે તેમણે દોરી રાખ્યા છે, જે માર્ગે તેઓ ગયા છે, તે માર્ગે મનુષ્યજાતિ જાય છે.

●

જડ પદાર્થ જીવંત બળને આધીન છે, અને સંકલ્પશકિત આગળ સંજોગ નમતું આપે છે.

તા. ૮ મી નવેમ્બર.

સંકલ્પના શાંત, અનિવાર્ય, સર્વ શક્તિમાન બળને સર્વ વસ્તુઓ આખરે તાબે થાય છે.

●

નબળો મનુષ્ય, જે પોતાના કહેવાનો ઊંધો અર્થ થાય છે એમ જાણી શોક કરે છે, તે મોટાં કાર્ય કરશે નહીં; બડાઈખોર મનુષ્ય બીજાને ખુશ કરવા અને તેમની શાબાશી મેળવવા પોતાના નિશ્ચયમાંથી ચસી જાય તે મોટાં કાર્ય કરી શકશે નહીં; દહીં તથા દૂધ બેમાં પગ રાખનારો મનુષ્ય જે પોતે કરેલા નિશ્ચયની માંડવાળ કરવા ધારે તે કાંઇ પણ કરી શકશે નહીં.

ગેરસમજુતીનો અને ખોટા આરોપોનો, અથવા ખુશામત અને સુંદર વચનોનો વરસાદ વરસે તોપણ કરેલા નિશ્ચયમાં એક રતીભાર પણ નમતું આપતો નથી તે દૃઢ નિશ્ચયવાળો મનુષ્ય શ્રેષ્ઠ અને પરાક્રમી છે. તે જ કાર્યસિદ્ધિવાળો, મહાન અને સત્તા ભોગવવા લાયક છે.

સંકલ્પ કરેલા મનુષ્યને ખલેલથી ઉત્તેજન મળે છે, અડચણોથી તેને નવેસર કામ કરવા બળ મળે છે. ભૂલો, નુકસાની કે પીડાથી તે હારી જતો નથી, અને નિષ્ફળતા એ તો ફત્તેહ–કાર્યસિદ્ધિ રૂપી દાદરનાં પગથિયાં છે, કારણ છેવટે તેને જીત મળવાની છે એવી તેને અચૂક ખાતરી હોય છે.

●

અંતરાયો વધવાની સાથે સંકલ્પનું બળ પણ વધે છે.

તા. ૯ મી નવેમ્બર.

કાર્ય સિદ્ધ થયે આનંદ મળે છે.

●

સઘળા દુઃખી મનુષ્યોમાં કામચોર મનુષ્ય અતિ દુઃખી હોય છે. જે ભારે કામોમાં મહેનત અને શ્રમ ઉઠાવવાં પડે, તેવાં કામો ત્યજવામાં સુખ અને ચેન મળશે એવું ધારવાથી તેનું મન હમેશ દુઃખી અને બેચેન રહે છે; તેથી તેને ઘણી શરમ આવે છે, અને હિંમત તથા સ્વમાન ગુમાવે છે. કારલાઇલ કહે છે કે, "જે પોતાની બુદ્ધિ અનુસાર કામ કરતો નથી, તેને તેના લાયક મોતે મરવા દો." નીતિનિયમ એવો છે કે જે મનુષ્ય તેનું કર્તવ્ય ત્યજે છે અને તેની પૂર્ણ શક્તિથી કામ કરતો નથી, તે પ્રથમ આબરૂ ખુએ છે અને તે પછી શરીર અને પૈસે ટકે ઘસાય છે. જીવન અને કાર્ય એકાર્થી શબ્દો છે, અને મનુષ્ય જ્યારથી શારીરિક અથવા માનસિક શ્રમથી નાસી છૂટવા યત્ન કરે છે, ત્યારથી જ તેનો નાશ શરૂ થયો સમજવો.

●

કાર્ય પૂર્ણ થવાથી, અથવા તેનો થોડો ભાગ પાર પડવાથી હમેશ આરામ અને આનંદ પ્રાપ્ત થાય છે.

તા. ૧૦ મી નવેમ્બર.

જીવન ટકાવવું હોય તો શ્રમ કરવો.

●

ઐહિક બાબતોમાં દરેક ફતેહમંદ કાર્ય તેના પ્રમાણમાં આનંદનો બદલો આપે છે; પરંતુ આધ્યાત્મિક બાબતોમાં જે આનંદ કાર્ય પૂર્ણ થયે આવે છે તે ખરો, ગહન અને લાંબો કાળ નભે એવો હોય છે. અસંખ્ય અને દેખીતા નિષ્ફળ પ્રયત્નો પછી, જ્યારે અમુક દોષ જે તેને તેમજ દુનિયાને આજ સુધી પજવતો તે છેવટે દૂર થાય છે ત્યારે અંતરમાં અતિ, અવર્ણનીય આનંદ ઉપજે છે. સદ્‌ગુણ શોધનારો મનુષ્ય જે ઉમદા ચારિત્ર્ય ઘડવાના પવિત્ર કાર્યમાં રોકાયલો હોય છે, તેને દેહાભિમાન ઉપર જેમ જેમ જીત મળતી જાય છે તેમ તેમ, જીતના દરેક પગલે તેને એવો આનંદ મળે છે કે તે આનંદ તેને છોડી જતો નથી, એટલું જ નહીં પરંતુ તે તેની આધ્યાત્મિક પ્રકૃતિ સાથે એકરાગ થાય છે.

●

કાર્યની પૂર્ણતાનો બદલો આનંદ છે.

તા. ૧૨ મી નવેમ્બર.

જે થાય છે તે વાજબી થાય છે.

●

તમે તમારા વિચારની પૂઠે પૂઠે જાઓ છો. જેટલો પ્રેમ તમે ધરાવશો તેટલા બળથી તે તે વસ્તુ ખેંચાશે. આજની સ્થિતિ તમારા વિચારોએ આણી છે. ભવિષ્યની સ્થિતિ તમારા વિચારો મુજબ થશે. તમારા વિચારોના પરિણામમાંથી તમે છટકી શકશો નહીં, પરંતુ તમે પરિણામો ભોગવી તે ઉપરથી ધડો લઈ શકશો, અને તે સ્વીકારી આનંદ પામશો.

જ્યાં તમારા પ્રેમ (તમારી સતત તીવ્ર મનોવૃત્તિ) ને યોગ્ય તૃપ્તિ મળે ત્યાં તમે હમેશ દોરાશો. જો તમારો પ્રેમ અધમ હશે તો તમે અધમ સ્થળે જશો. જો તે સુંદર હશે તો તમે સુંદર જગોએ પહોંચશો.

તમે તમારા વિચાર બદલો એટલે તમારી સ્થિતિ બદલાશે. તમે બળવાન છો, બળહીન નથી.

●

કાંઇ પણ નિર્માણ નથી* (નસીબમાં લખાવી લાવ્યા નથી). દરેક બાબત નવી રચાય છે.

---

* વેદાંત પ્રમાણે મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે પૂર્વજન્મના પુણ્યપાપના કર્માનુસાર સુખદુઃખનો ભોક્તા થાય છે. નવું પાણી જૂના પાણીને ઠેલે, એ કહેવત મુજબ આ જન્મમાં પુણ્ય કર્મનો ભાગ વિશેષ સબળ હોય તો પાછલા જન્મના કર્મથી થતાં દુઃખમાં કમીપણું આવે, એવી માન્યતા આપણા હિંદુ લોકોની છે. નવી સૃષ્ટિ રચાય તે વખતે કાંઈ નિર્માણ હોય નહીં, તે માટે આ વાક્ય લખેલું સમજાય છે.

તા. ૧૨ મી નવેમ્બર.

જે મનુષ્યના વિચાર, વાણી અને કર્મ નિખાલસ હોય છે તેને તેવા મિત્રો મળે છે; કુટિલ મનુષ્યને કુટિલ મિત્રો મળે છે.

●

કુદરતના દરેક કાર્ય અને ક્રિયાથી સમજુ-જ્ઞાની મનુષ્ય કંઇ ને કંઈ સારૂં શીખે છે. દુનિયામાં એકે એવો નિયમ નથી જે ગણિતશાસ્ત્રના જેવી જ ચોકસાઈથી મનુષ્યના મન પર, અને મનુષ્ય જાતિના જીવન પર અસર કરતો ન હોય. પ્રભુનાં સર્વ વચનો આ સત્ય સાબિત કરે છે, અને તે સઘળાં કુદરતની સાધારણ બાબતોમાંથી તારવેલાં છે. મનમાં અને જીવનક્રમમાં એક રીતે બી વવાય છે. જે માનસિક વાવેતરથી જેવું બી વાવ્યું હોય તેવો પાક મળે છે. વિચાર, વાણી અને કર્મો એક જાતનાં વાવેલાં બી છે, અને જગતના અનિવાર્ય નિયમ મુજબ બીની જાત પ્રમાણે પાક થાય છે.

જે મનુષ્ય દ્વેષી વિચારો કરે છે તે તિરસ્કાર પામે છે. જે પ્રેમભરેલા વિચાર કરે છે તેને બધા ચાહે છે.

●

જ્યારે તમે તમારી જાતને (આત્માને) ઓળખશો ત્યારે તમારા જીવનનો દરેક બનાવ ન્યાયના અટલ ત્રાજવામાં તોળાયલો છે એવું સમજશો.

તા. ૧૩ મી નવેમ્બર.

જેને સુખી થવા ઈચ્છા હોય તેણે શુભ વાંછના કરવી જોઈએ.

●

ખેડુતે જમીનમાં બીનું વાવેતર કરવું, અને તે પછી તેનું પરિણામ કુદરત ઉપર છોડી દેવું. લોભ કરી બી સંગ્રહ કરી રાખે તો તે બી તથા તેનો પાક બન્ને ગુમાવશે, કારણ બી સડી જઈ નાશ પામશે. વાવવાથી બી નાશ પામે છે, પરંતુ તેના નાશથી થોકબંધ પાક થાય છે. તે જ પ્રમાણે જીવનમાં દાન કરવાથી આપણને મળે છે. આપવાથી જ પુષ્કળ પ્રાપ્તિ થાય છે. દુનિયા જ્ઞાન ગ્રહણ કરવા લાયક નહીં હોવાથી મારૂં જ્ઞાન હું બીજાને આપું તેમ નથી, એમ જે મનુષ્ય કહે તે મનુષ્યમાં એવું જ્ઞાન નથી, અને જો જ્ઞાન રહ્યું હશે તો તે જલદીથી કટાઇ જશે. સંગ્રહ કરી રાખવો એ ગુમાવ્યા બરોબર છે; એકલપેટા થવાથી તે વસ્તુ વિનાના થવાય.

●

જેને સુખી થવાની ઈચ્છા હોય તેણે બીજાના સુખનો વિચાર કરવો.

તા. ૧૪ મી નવેમ્બર.

મનુષ્ય જેવું વાવે છે તેવું લણે છે.

●

જો કોઇ મનુષ્ય આફતમાં હોય, ગૂંચવણમાં હોય, શોકાતુર અથવા દુઃખી હોય તો તેણે તેના મનને પૂછવુંઃ

"કેવાં માનસિક બી હું વાવતો આવ્યો છું ?"

"કેવાં બી હું હાલ વાવું છું ?"

"બીજાઓ તરફ મારૂં વર્તન કેવું છે ?"

"આ કડવાં ફળ મને મળે છે તેથી મેં ઉપાધિ, શોક અને દુઃખરૂપી કેવાં બી વાવ્યાં હશે ?"

તેણે ભીતરમાં શોધવું એટલે માલમ પડશે, અને માલમ પડયા પછી દેહાભિમાન રૂપી બીનો ત્યાગ કરવો, અને તે પછી ફક્ત સત્યરૂપી બી વાવવાં.

તેણે ખેડુત પાસેથી જ્ઞાનરૂપી સરળ સત્ય શીખવું અને પરોપકારબુદ્ધિ, નમ્રતા અને પ્રેમરૂપી બી મોટા વિસ્તારમાં વાવવાં જોઈએ.

●

શાંતિના તથા માંગલિક વિચાર, વાણી અને કર્મ પ્રસરાવવાથી શાંતિ અને સુખ મળે છે.

તા. ૧૫ મી નવેમ્બર.

હુંપણાના દૂષિત વિચારો દૂર કરવાથી પ્રેમના ભવ્ય, શાંત હૃદયકમળની વધુ નજીક આપણે જઇએ છીએ.

●

મનુષ્યના સ્વાર્થ અને માયારૂપી ખોટા દેવોની ગણના નહીં રહે એવો જગતની પ્રગતિનો એક સમય આવી પહોંચ્યો છે. વિશ્વવ્યાપી દૈવી સત્ય જે એક છે તેનો હાલ નવા રૂપમાં દુનિયા ઉપર ફરીથી પ્રકાશ પડવા માંડયો છે, અને તેના તેજસ્વી સખત પ્રકાશથી પામર દેવો જે હુંપણાની છાયામાં આશ્રય લે છે તેમને ગભરાટ થયો છે.

જે દેવને ફોસલાવી શકાય છે, જે દેવ તેના પૂજારીઓની ઈચ્છાઓ તૃપ્ત કરવા જગતનો સઘળો ક્રમ ઉલટાવી, નિરંકુશપણે અને તુરંગી રીતે રાજ્ય કરે છે, તેવા દેવમાં મનુષ્યોને શ્રદ્ધા રહી નથી, અને તેઓ તેમના હૃદયમાં ઉદ્ભવેલા નવીન જ્ઞાનથી સાર્વત્રિક નિયમ પળાવતા પરમેશ્વર તરફ વળે છે. તેમના દેહના સુખ અને તૃપ્તિ માટે નહીં, પરંતુ જ્ઞાન, સમજશક્તિ, તથા વિવેક માટે, અને હુંપણાના બંધનમાંથી સ્વતંત્ર થવા માટે, તેઓ તેમના તરફ વળે છે.

●

તે મહાન નિયમને વશવર્તી–અનુકૂળ માર્ગ ઉપર ચઢો

તા. ૧૬ મી નવેમ્બર.

પૂર્ણ બ્રહ્મના નિયમનું જ્ઞાન જે સર્વાંગ શુદ્ધ છે તેને જે સૌ ખરા મનથી શોધે છે તેમને મળે છે.

●

તે સર્વોત્કૃષ્ટ નિયમના રસ્તે ચઢવાથી મનુષ્યો આરોપ મૂકતા, શંકા લાવતા, ખીજવાતા કે નિરાશ થતા નથી; કારણ તેઓ હવે જાણે છે કે ઇશ્વર ખરો છે, વિશ્વવ્યાપિ નિયમ ખરા છે, બ્રહ્માંડરચના ખરી છે, અને જો કાંઇ પણ ખોટું હોય તો તેઓ જાતે જ ખોટા છે; અને તેમની મુક્તિ તેમના જ હાથમાં, તેમના પ્રયત્નો ઉપર, અને જે કાંઇ નિર્મળ છે તેનો અંગીકાર કરવા ઉપર, તથા જે કાંઇ દૂષિત છે તે તદ્દન કાઢી નાંખવા ઉપર રહેલી છે. શ્રોતા તરીકે નહીં રહેતાં, તેઓ શબ્દબ્રહ્મ-ઇશ્વરી આજ્ઞા મુજબ વર્તનારા થાય છે; તેઓ જ્ઞાન મેળવે છે, સમજશક્તિ ગ્રહણ કરે છે, તેમની જ્ઞાનદૃષ્ટિ ખૂલતી જાય છે, અને હુંપણાના બંધનમાંથી છૂટી, મુક્તિ મળે એવું યશસ્વી જીવન ગાળે છે.

●

અહંભાવ ગળી જાય એવું જીવન ગાળો.

તા. ૧૭ મી નવેમ્બર.

દેવાંશી મનુષ્ય સંસારમાં આસક્ત થતા નથી, કારણ તેમ થાય તો જે પૂર્ણ છે તે અપૂર્ણ થયું કહેવાય. સંસારીએ આસક્તિ છોડી દેવાંશી બનવું જોઈએ.

સત્ય—આત્માના અનુયાયીઓ આજે દુનિયામાં છે. તેઓ વિચાર કરે છે, લખે છે, બોલે છે અને કાર્ય કરે છે. રે ! પેગંબરો પણ અહીં છે, અને તેમની ખ્યાતિ આખી પૃથ્વી ઉપર ફેલાય છે. પવિત્ર આનંદનો ગુપ્ત ઝરો દુનિયામાં જોરથી વહે છે, જેથી સ્ત્રીપુરુષોમાં નવી મહત્વાકાંક્ષા અને આશાઓ ઉત્પન્ન થઇ છે, અને જેઓ જોઈ અથવા સાંભળી શકતા પણ નથી—જેઓ વિમુખ રહે છે, તેમના મનમાં પણ વધુ સુંદર અને વધુ પૂર્ણ જીવન મેળવવાની અત્યંત ઉત્કંઠા થાય છે.

કર્મનો મહાન નિયમ પ્રવર્તી રહ્યો છે, અને તે મનુષ્યના હૃદયમાં અને જીવનમાં સત્તા ભોગવે છે. જેમણે નિઃસ્વાર્થી સ્વચ્છ રસ્તે જઇને ખરા પરમેશ્વરનું *મંદિર શોધી કાઢયું છે, તેઓ તે મહાન નિયમની સત્તા સમજવા લાગ્યા છે.

મનુષ્યના માટે તે નિયમનો ભંગ થઈ શકે નહીં, નહીં તો ગોટાળો થાય; એ નિયમ શાંતિ, વ્યવસ્થા અને ન્યાયને અનુસરી રચાયલો છે.

---

*અખો—

હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે કરે;
મારે સમરસ સેજ સંજોગ, સત્ત સ્વતંતર પામ્યો ભોગ.
જેમ ભર સાગરે તિમિંગલ રમે, હું હરિમાં તો દેહ કોણ દમે;
પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી.
તો આઠ વેંતનો હું જે ઘડયો, તે તે કયાં અળગો જઇ પડયો.
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખો ને એ રહી આથ.

તા. ૧૮ મી નવેમ્બર.

પોતાની રુચિ-રૂખને તાબે થઇ રહેવું એના જેવું બીજું વધુ દુઃખદાયક બંધન એકે નથી.

મહાન નિયમ એવો છે કે હૃદય નિર્મળ* થવું જોઈએ, મન વિશુદ્ધ થવું જોઈએ, અને જ્યાંસુધી હુંપણાનો નાશ થઇ સર્વ પ્રેમમય થઇ જાય ત્યાંસુધી આખું જીવન પ્રેમને આધીન કરવું જોઈએ, કારણ મહાન નિયમનું રાજ્ય તે પ્રેમનું રાજ્ય છે. પ્રેમ કોઇને પણ પાછો નહીં જવા દેતા સર્વને આદર–માન આપે છે. પ્રેમને પોતાનો કરી શકાય છે અને સૌ કોઈ ચાલુ કાળમાં પ્રેમમય થઈ શકે છે, કારણ તે પર બધાનો હક છે.

મનુષ્ય પોતાનો દૈવી વારસો ચાલુ કાળમાં મેળવે અને દૈવી સ્થિતિ પામે, એ સત્ય જાણવું કેવું આનંદજનક છે?

અહંભાવને વળગી રહેવાથી મનુષ્ય તેનો (સત્યનો) તિરસ્કાર કરે છે, એ કેવી અફસોસકારક ભૂલ છે?

પોતાની સ્વાર્થી ઇચ્છાઓને તાબે થવું એ શોક તથા દુઃખનાં વાદળાં, જે સત્યના પ્રકાશને ઝાંખો પાડે છે તેમનાથી પોતાના આત્માને ઢાંકયા બરોબર અને પોતાની જાતને ખરા સુખમાંથી અલગ રાખ્યા બરોબર છે; કારણ, મનુષ્ય જેવું વાવે છે તેવું જ તે લણે છે.

સૃષ્ટિના નિયમને સંપૂર્ણ રીતે આધીન થવું એ જ મોટામાં મોટી મુક્તિ છે.

---

* પ્રીતમદાસ—

નના નિર્મળ તેની દશા, જેની હરિ હૃદયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના હૃદયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નના નિર્મળ તેની દશા.

તા. ૧૯ મી નવેમ્બર.

સદસત્ સૃષ્ટિ તેના જુદા જુદા ભાગોની સંપૂર્ણ તુલના વડે ટકી રહી છે, અને રક્ષાય છે.

●

ત્યારે સૃષ્ટિમાં શું અન્યાય છે જ નહીં? અન્યાય છે અને નથી પણ ખરો. મનુષ્ય જે જાતનું જીવન ગાળે છે, અને જ્ઞાનની જે ભૂમિકા ઉપરથી દુનિયાને જોઇ તુલના કરે છે, તે ઉપર તેનો આધાર રહ્યો છે. જે મનુષ્ય મોહજાળમાં જીવન ગાળતો હોય તે બધે અન્યાય જુએ છે. જેણે મોહ વશ કર્યો છે તે મનુષ્ય જીવનની દરેક અવસ્થામાં ન્યાયના પરિણામ જુએ છે.

અન્યાય એ ક્રોધની ભારે ધૂન છે, અને જે એવી ધૂનમાં હોય તેમને તે સાચો લાગે છે. જીવનમાં ન્યાય એ અચળ સત્ય છે, અને જેઓ હુંપણારૂપી દુઃખદાયી સ્વપ્નમાંથી જાગૃત થયા છે તેમને તે સત્ય સ્વરૂપે દેખાય છે.

●

જેમ સ્થૂળ દુનિયામાં વાયુ વિનાની ખાલી જગો કુદરત રહેવા દેતી નથી, તેમ આધ્યાત્મિક દુનિયામાં અશાંતિને સ્થાન નથી.

તા. ૨૦ મી નવેમ્બર.

જ્યાં સુધી *અહંભાવ અને ક્રોધની પાર જવાય નહીં ત્યાં સુધી દૈવી નિયમનું જ્ઞાન થાય નહીં.

●

જે મનુષ્ય એમ ધારે છે કે, “મારી અવગણુના થઈ, મને દુઃખ દેવામાં આવ્યું, મારૂં અપમાન થયું, મારી સાથે ગેરવર્તન ચલાવવામાં આવ્યું ”, તે ઈનસાફ શું છે તે સમજતો નથી. હુંપણુાથી અંધ બની સત્યના નિર્મળ નિયમો તે સમજી શકતો નથી, અને પોતાના દુઃખના જ વિચારો કર્યા કરી તે દુઃખમાં પડયો રહે છે.

મનોવિકારના પ્રદેશમાં વિરોધી શક્તિઓનો કજીઓ સતત ચાલુ હોય છે, અને તેમાં જે સપડાયલા હોય છે તેમને તે દુઃખી કરે છે. જગતમાં આઘાત અને પ્રત્યાઘાત, કર્મ અને ફળ, કારણુ અને પરિણુામ છે. એ બધાની અંદર તથા સૌની પર દૈવી ન્યાય છે, જે ગણિતશાસ્ત્રની પૂર્ણ ચોકસાઈથી શક્તિઓના વેગને નિયમમાં રાખે છે, અને અદલ ઈનસાફથી કાર્યનું પરિણુામ તોલે છે.

●

જેઓ વિરોધમાં ગૂંથાયા હોય છે તેઓ ન્યાય સમજતા નથી-સમજી શકે પણુ નહીં.

---

* અખો—

હું માને તો હોય સંતાન, આતમતાનું થાએ જ્ઞાન;
અખા હરિ જાણી હું ટાળ, જન્મ કોટીની ઉતરે ગાળ.

તા. ૨૧ મી નવેમ્બર.

સદસતના વિષયમાં કારણ અને પરિણામનું જ્ઞાન નહીં હોવાથી (આઘાત અને પ્રત્યાઘાતરૂપે) ક્ષણે ક્ષણે નોંધાતો અદલ ઈન્સાફ મનુષ્યો સમજતા નથી.

●

મનોવિકાર અને રોષમાં જીવન ગાળતાં, જીવનનો ખરો રસ્તો નહીં જડવાથી, મનુષ્યો અંધ થઇ પોતાની ઉપર દુઃખ લાવે છે. તેઓ તિરસ્કારની સામું તિરસ્કાર, ક્રોધની સામું ક્રોધ, અને કજિયાની સામું કજિયો કરે છે. જે મનુષ્ય બીજાને મારી નાંખે છે તે જાતે જ મરાય છે. ચોર, જે બીજાનું પચાવી પડીને જીવે છે તેનું બીજા પચાવી પડશે. જે જાનવરો બીજાનો શિકાર કરે છે તેમનો શિકાર થાય છે અને મરાય છે. આળ ચઢાવનાર ઉપર આળ આવે છે, નિંદા કરનારની નિંદા થાય છે, અને ધમકી આપનાર હેરાનગતિ પામે છે.

"આ નિયમે ખૂની પોતાના જ પેટમાં છરો મારે છે."

"અન્યાયી ન્યાયાધીશનો બચાવ કરનાર કોઈ નથી."

"જૂઠાને તેના જૂઠાણા માટે શિક્ષા મળે છે."

"ખાતર પાડતા ચોર લૂંટારાને લૂંટેલું પાછું આપવું પડે છે."

"કર્મનો મહાન નિયમ આવો છે."

●

અજ્ઞાનથી તિરસ્કાર અને કજિયો જાગ્રત રહે છે.

તા. ૨૨ મી નવેમ્બર.

કારણ અને પરિણામનો ત્યાગ થઈ શકે નહીં.
પરિણામ વેઠયા વિના છૂટકો નથી.

●

રોષ, વેર, ગરજ મતલબીપણું અને હુંપદને દૂર કરેલાં હોવાથી સદાચારી મનુષ્ય સમદર્શી (ન્યાયી) બન્યો હોય છે, અને તેથી અજરામર અને વિશ્વવ્યાપી નીતિનિયમ સાથે તદ્રૂપ થયો હોય છે. મનોવિકારની અંધ શક્તિઓની પર જવાથી તે તે શક્તિઓને સમજે છે, અને પહાડ ઉપર એકલો રહેનાર મનુષ્ય, પહાડની તલેટી આગળના વાવાઝોડાને જેવી શાંત ઊંડી નજરે જુએ છે તેવી રીતે તે તે શક્તિઓને જુએ છે. તેને મન અન્યાય છે જ નહીં, અને જેવી રીતે અજ્ઞાનના પરિણામે દુ:ખ, તેવી રીતે જ્ઞાનના પરિણામે તે સુખ જુએ છે. મૂર્ખ અને ગુલામને તેની દયાની જરૂર છે, એટલું જ નહીં, પરંતુ દગાખોર અને જુલમગારને પણ તેની દયાની તેટલી જ જરૂર છે એમ તે સમજે છે, અને તેથી તે બધા ઉપર દયાભાવ રાખે છે.

●

સઘળે અદલ ન્યાયનું રાજ્ય છે.

તા. ૨૩ મી નવેમ્બર.

જેઓ તેમના બુદ્ધિ રૂપી દીવાને સંકોરશે નહીં તેઓ સત્યનો પ્રકાશ કદી પણ જોશે નહીં.

●

સત્યની શોધ માટે મશાલ તરીકે બુદ્ધિરૂપી પ્રકાશનો ઉપયોગ જે કરશે તે આખરે ગાઢ અંધકારમાં પડી રહેશે નહીં.

પ્રભુ કહે છે કે, "હાલ આવ, આપણે ચોખ્ખી વાત કરીએ. તું ખૂની હઈશ તોપણ તારૂં જીવન બરફ જેવું ઉજ્વળ થઈ શકશે."

ઘણાં સ્ત્રીપુરૂષો તેમની બુદ્ધિનો ઉપયોગ કરતા નહીં હોવાથી અસંખ્ય દુઃખો ભોગવી આખરે પાપ કરતાં કરતાં જ મરે છે; કારણ બુદ્ધિના પ્રકાશના ઝાંખા કિરણથી પણ જેનો નાશ થાય એવી તેમની અજ્ઞાન ભ્રમણાઓને તેઓ વળગી રહે છે; માટે જેઓ પાપ તથા દુઃખરૂપી લોહિયાળ ઝભ્ભાને બદલે સુખ અને શાંતિરૂપી ઉજ્વળ પોશાક ધારણ કરવા ઇચ્છતા હોય તેમણે પોતાની બુદ્ધિનો છૂટથી, પૂર્ણ રીતે, અને શ્રદ્ધા રાખી ઉપયોગ કરવો.

●

જેમને બુદ્ધિ રૂપી દીવો ગમતો નથી તેમને સત્યનો પ્રકાશ ગમતો નથી.

તા. ૨૪ મી નવેમ્બર.

મનુષ્ય પોતાની જાતને સુધારવાની શરૂઆત જ્યાં સુધી કરતો નથી ત્યાં સુધી તે દૈવી જીવન ગાળતો નથી: તે ફક્ત હયાતિ ભોગવે છે–છતમાં છે.

●

દુનિયામાં લાંબી મુદત ટકે તેવું કાર્ય કરી શકે તે પહેલાં મનુષ્યે શરૂઆતમાં પોતાનું જ મન વ્યવસ્થિત કરવું જોઇએ. બે અને બે ચાર થાય, તેના જેવો આ કોયડો છે, કારણ "જીવનનો વિસ્તાર હૃદયમાંથી થાય છે." મનુષ્ય જો પોતાના ભીતરમાં રહેલી શક્તિઓ ઉપર અમલ ચલાવી શકે નહીં, તો આ બાહ્ય જીવનમાં જે પ્રવૃત્તિઓ રહેલી છે તેની ઉપર લાંબો વખત દૃઢ અંકુશ રાખી શકશે નહીં. એથી ઊલટું, મનુષ્ય પોતાની જાત ઉપર જેમ જેમ કાબૂ મેળવે છે, તેમ તેમ જગતમાં તે વધુ અને વધુ સત્તા, ઉપયોગીતા અને ફતેહ મેળવે છે. અત્યાર સુધીનું તેનું જીવન નકામું અને અર્થ વગરનું હતું, પણ હવે પોતાનું નસીબ ખોલવા માટે તે અંતઃકરણ પૂર્વક યત્ન કરે છે. તે "યોગ્ય અધિકારી થયો છે અને તેનું મન સ્વસ્થ છે."

●

આત્મ સુધારણાનો અભ્યાસ કરવાથી મનુષ્ય ઈશ્વરી જીવન ગાળવું શરૂ કરે છે.

તા. ૨૫ મી નવેમ્બર.

જાત સુધારવાની ક્રિયામાં આત્મસંયમ, વિશુદ્ધિ અને ત્યાગ એ ત્રણ ભૂમિકાઓ છે.

●

જે જે વિકારોએ તેને આજ સુધી કાબૂમાં રાખ્યો હતો તે તે વિકારોને વશ કરીને મનુષ્ય પોતાની જાતને સુધારવા માંડે છે; તે લોભની સામું થાય છે, અને સ્વાર્થી ઇચ્છાઓ તૃપ્ત કરવાની વૃત્તિઓ જે ઘણી સહેલી અને સ્વાભાવિક છે, અને જેને તે પ્રથમ વશ હતો, તેનાથી તે ચેતતો રહે છે. પોતાની ભૂખને તે કાબૂમાં લાવે છે, અને એક અક્કલવાળા આજ્ઞાધીન પ્રાણીની માફક ખાય છે, તથા મિતાહારપણું આચરી, ખોરાકની પસંદગી યોગ્ય વિચાર કરી કરે છે; તે એવા હેતુથી કે તેનું શરીર મનુષ્યને શોભે તેવું જીવન ગાળે અને તેવાં કાર્ય કરે, તથા જીભના સ્વાદનું ગુલામ નહીં થતાં એક ચોકખા હથિયારરૂપ બને. તે પોતાની જીભ ઉપર, સ્વભાવ ઉપર, અને ટૂંકામાં, દરેક પાશવવૃત્તિ તથા ઇચ્છા ઉપર અંકુશ રાખે છે.

●

દરેક સ્ત્રીપુરુષના-હૃદયમાં એક જગો એવી છે કે જ્યાં હુંપણું નથી.

તા. ૨૬ મી નવેમ્બર.

સર્વ મનુષ્યોમાં દિવ્ય અને અમર એવો જે *રામ રમી રહ્યો છે તે યુગો થયાં ખડક જેવો સ્થિર છે.

મનુષ્ય જેમ જેમ આત્મસંયમ કરતો જાય તેમ તેમ તેના આંતર સત્ય તરફ વધુ અને વધુ વળે છે. શોક તથા વિકાર, સુખ તથા દુઃખની અસર કમી થતી જાય છે, અને પુરુષાર્થ તથા દૃઢતા બતાવતો તે એકસરખું સદ્ગુણી જીવન ગાળે છે. વિકારો ઉપર કાબૂ રાખવો એ આત્મસુધારણાનું પહેલું પગથિયું છે, અને તેમ થયે તરત જ સાત્ત્વિકતા મળે છે. આથી મનુષ્ય પોતાને એવો શુદ્ધ બનાવે છે કે વિકારને હૃદય તથા મનમાંથી તે જડમૂળથી કાઢી નાંખે છે. તે તેનામાં જાગૃત થાય ત્યારે તેને ફક્ત અટકાવીને જ નહીં, પરંતુ તે ફરીથી ઊઠે જ નહીં એવી રીતે તેને દાબી દે છે. મનુષ્ય પોતાના વિકારો ઉપર ફક્ત અંકુશ રાખવાથી શાંતિ ભોગવશે નહીં, કે પોતાનો ઉચ્ચ આશય પાર પાડી શકશે નહીં. આ વિકારો તો તેણે નિર્મૂળ કરવા જોઇએ.

આસુરી પ્રકૃતિ નિર્મળ કરવાથી જ મનુષ્ય દૃઢ અને દૈવી થાય છે.

---

* **પ્રીતમદાસ—**

ભજો ગુરૂ બ્રહ્મ નિરંતર નામ, વિરાજે વિશ્વ ચરાચર રામ;
વિરંચિ આદિ દેહ કીટ પર્યંત, બોલે બહુરૂપ ધરી ભગવંત.
નિરંજન અંજનમાં રહ્યો આપ, જપે છે પોતે પોતાનો જાપ;
પોતે થયા સ્વામિ, પોતે થયા શિષ્ય, પોતે થયા રંક, પોતે થયા ઇશ.
પોતે થયા મેઘ, પોતે થયા મોર, પોતે સાહુકાર, પોતે થયા ચોર;
પોતે થયા કાયર, ને પોતે શૂર, પોતે થયા ચંચળ, પોતે ચતુર.
પોતે થયા દાતા, પોતે થયા દીન, પોતે ગુણગાન, પોતે ગુણહીન.
પ્રકાશક પોતે પોતાનુંજ રૂપ, ભાળ્યું સચરાચર બ્રહ્મ સ્વરૂપ.

તા. ૨૭ મી નવેમ્બર.

યોગ્ય સંભાળ, ખરા અંતઃકરણના ચિંતન, અને પવિત્ર મહત્વાકાંક્ષાથી વિશુદ્ધ થવાય છે.

●

હૃદયશુદ્ધિથી ખરૂં બળ, શક્તિ અને ઉપયોગીપણું આવે છે, કારણ અધમ પાશવ વૃત્તિઓ, નાશ નહીં પામતાં માનસિક તથા આધ્યાત્મિક શક્તિરૂપમાં ફેરવાઈ જાય છે. પવિત્ર (વિચાર અને કર્મમાં પવિત્ર) જીવનથી શક્તિ વધે છે. દૂષિત જીવન (પાપી વિચાર સિવાય બીજું કાંઈ ન કર્યું હોય તોપણ) એ શક્તિનો ક્ષય છે–એથી શક્તિ ઘટે છે. પવિત્ર મનુષ્ય વધુ શક્તિવાળો છે, અને તેથી તેનાં કામોમાં ફતેહ મેળવવામાં તથા તેની ધારણા પાર ઉતારવામાં તે દૂષિત મનુષ્ય કરતાં વધુ લાયક છે. જ્યાં દૂષિત મનુષ્ય પાછો પડે છે ત્યાં પવિત્ર મનુષ્ય આગળ વધી ફતેહ મેળવે છે. કારણ, તે પોતાની શક્તિઓને વધુ શાંત મનથી તથા વધુ ચોકસાઇથી અને વધુ સંકલ્પબળથી દોરે છે.

●

વિશુદ્ધિની વૃદ્ધિ સાથે જે જે તત્ત્વોનું બળવાન અને સદ્ગુણી પુરુષત્વ બનેલું છે, તે સઘળાં ખીલે છે.

તા. ૨૮ મી નવેમ્બર.

જાતસુધારણાથી મનુષ્ય વધુ અને વધુ ઊંચે-સન્માર્ગે ચઢે છે, અને ઈશ્વરના જેવો વધુ અને વધુ થતો જાય છે.

●

મનુષ્ય જેમ જેમ વધુ નિર્મળ થતો જાય છે, તેમ તેમ તે સમજે છે કે જ્યાં સુધી તેના તરફથી ઉત્તેજન મળે નહીં, ત્યાંસુધી સઘળી પાપવાસના શક્તિહીન છે; અને તેથી તે તેની અવગણના કરે છે, અને પોતાના જીવનમાંથી તેને દૂર કરે છે. જાતસુધારણાનો આ રસ્તો લેવાથી, મનુષ્ય દૈવી માર્ગ ઉપર ચઢે છે અને તેવું જીવન અનુભવે છે, અને જ્ઞાન, ધૈર્ય, ખામોશ, દયા, અને પ્રેમ જેવા ખાસ દૈવી ગુણો દર્શાવે છે. જીવની સઘળી અસ્થિરતા અને સંશયની પાર જતાં, તથા જ્ઞાનમય અને અચળ શાંતિમાં જીવન ગાળતાં, મનુષ્યને જ્યાં અમરત્વનું જ્ઞાન થાય છે તે સ્થળ અહીંઆ જ છે, એવું તે સમજે છે.

●

મનુષ્યને જાતસુધારણાથી પૂર્ણ સદ્‌ગુણ અને પવિત્રતા મળે છે, અને દરેક વસ્તુના હૃદયકમળ સાથે પોતાનું એકપણું અનુભવતો તે છેવટે પરમેશ્વરનો પવિત્ર અંશ થાય છે-અવતારી પુરુષ બને છે.

તા. ૨૯ મી નવેમ્બર.

નિશ્ચય-દ્રઢ સંકલ્પ વગરનું જીવન એ લક્ષ્ય વગરનું જીવન છે, અને લક્ષ્ય વગરનું જીવન એ આમ તેમ ઊડતી અને અસ્થિર વસ્તુ જેવું છે.

●

મનુષ્ય જ્યારે કોઈ નિશ્ચય કરે છે ત્યારે તે પોતાની સ્થિતિથી અસંતુષ્ટ છે એમ સમજવું, અને જે માનસિક તત્ત્વોમાંથી તેનું જીવન તથા ચારિત્ર્ય બનેલાં છે, તે તત્ત્વો વડે વધુ સુંદર કારીગરીનો નમૂનો તૈયાર કરવાનું તે માથે લે છે. જેટલી એકનિષ્ઠાથી તે પોતાના નિશ્ચયને વળગી રહે છે તે પ્રમાણમાં તે પોતાનું કાર્ય પાર પાડે છે.

પોતાના અહંભાવ ઉપર કંઇ પણ જીત મેળવવા નિમિત્તે સાધુ પુરુષો પવિત્ર સંકલ્પ કરે છે. પવિત્ર મનુષ્યોના-ઋષિ જીવન ગાળનારાનાં સુંદર પરાક્રમો તથા દૈવી ગુરુઓની યશસ્વી જીત-કાર્યસિદ્ધિ અડગ સંકલ્પથી થઇ શકયાં છે અને સાધી શકાયાં છે.

●

નિશ્ચય-દ્રઢ સંકલ્પ-એ ઉમદા ધારણા અને ઉચ્ચ ભાવનાનો સાથી છે.

તા. ૩૦ મી નવેમ્બર.

ખરો નિશ્ચય એ લાંબા વિચારનું પરિણામ છે.

●

ડગુમગુ મનનો અનેક વખતનો નિશ્ચય, એ નિશ્ચય નહીં કહેવાય. પહેલી જ કસોટી વખતે તે તૂટી જાય છે.

મનુષ્યે શાંત ચિત્તથી નિશ્ચય કરવો જોઈએ. તેણે પોતાની સ્થિતિ બારીક રીતે તપાસવી જોઇએ, તેના નિશ્ચય સાથે સંજોગ તથા મુશ્કેલીનો પણ વિચાર કરવો જોઇએ, અને તેની સામું થવા તૈયાર રહેવું જોઇએ. તે પોતાનો સંકલ્પ પૂર્ણ રીતે સમજે છે, તે છેવટના નિશ્ચય ઉપર આવેલો છે, અને તે કાર્યમાં તેને કાંઈ પણ શંકા નથી, એવી તેને ખાતરી હોવી જોઈએ. આવી રીતે તૈયાર થયલા મનથી જે નિશ્ચય કરાય છે તે નિશ્ચયમાંથી ચસકાય નહીં, તો તેની મદદથી મનુષ્ય યોગ્ય વખતે પોતાનો દ્રઢ સંકલ્પ જરૂર પાર પાડશે.

●

ઉતાવળિયા નિશ્ચય નિષ્ફળ જાય છે.

તા. ૧ લી ડીસેમ્બર.

આળસ અને બેપરવાઈ બે સગી બ્હેનો છે.
શીઘ્ર કાર્ય એ સંતોષનો મિત્ર છે.

●

જગતમાં બધી બાબતોમાં દયામય કાયદો પ્રવર્તે છે એ વાત મન સમજતાં શીખે અને હૃદય તેનું અનુકરણ કરે તો સંતોષ એ એવો સદ્ગુણ છે જે ઉચ્ચ અને આધ્યાત્મિક સ્થિતિએ પહોંચી શકે.

સંતોષ રાખવો એટલે યત્ન છોડી દેવાનો નથી; એનો અર્થ એવો કે યત્ન કરવો, પણ ચિન્તા ન રાખવી. પાપ, અજ્ઞાન અને મૂર્ખાઈમાં સંતોષ માની બેસી રહેવાનું નથી, પરંતુ કર્તવ્ય બજાવીને અને કાર્ય સંપૂર્ણ કરીને સંતોષ માનવો એવો એનો ભાવાર્થ છે.

અધમ જીવન ગાળતા, પાપ અને દેવામાં પડી રહેતા મનુષ્યને કંઇ અપેક્ષા નથી એમ કહેવાય છે. પરંતુ એવા મનુષ્ય ખરી રીતે તો તેનું કર્તવ્ય, તેની ફરજ–તેના ઋણ અને તેના જાતિભાઇઓ પ્રત્યેની ફરજો બજાવવી ચૂકી જાય છે; તેથી તેનામાં સંતોષનો સદ્ગુણ છે એમ કહેવાય નહીં. જે શુદ્ધ અને શાશ્વત આનંદ પ્રવૃત્તિમય કાર્યોથી મળે છે તેનો અનુભવ તેને થતો નથી.

●

ખરો સંતોષ એ પ્રમાણિક યત્ન અને સાત્વિક જીવનનું ફળ છે.

તા. ૨ જી ડીસેમ્બર.

ખરા સંતોષી મનુષ્યો ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક કામ કરે છે, અને બધાં પરિણામો સ્વસ્થ ચિત્તે માન્ય રાખે છે.

●

મનુષ્યે ત્રણ બાબતોથી સંતોષ માનવો: જે જે આવી પડે તેથી, પોતાના મિત્ર અને માલમતાથી, અને પોતાના પવિત્ર વિચારોથી. જે આવી પડે તેમાં સંતોષ માનવાથી તેને શોક થશે નહીં, પોતાના મિત્ર અને માલમિલકતમાં સંતોષ માનવાથી તે ચિંતા અને દુઃખમાંથી મુક્ત થશે, અને પોતાના પવિત્ર વિચારોને લીધે તે મલિન કામોમાં સડવા તથા દુઃખ ભોગવવા ફરી મન કરશે નહીં.

બીજી ત્રણ એવી બાબતો છે જેમાં સંતોષ માની બેસી રહેવું નહીં: આપમત, પોતાની વર્તણુંક તથા આધ્યાત્મિક સ્થિતિ. આપમતમાં સંતોષ નહીં રાખેથી તે પોતાની બુદ્ધિમાં સતત વધારો કરશે; પોતાના વર્તનથી સંતોષ નહીં માનવાથી તે બળ–દ્રઢતામાં અને સદ્ગુણમાં સતત વધ્યો જશે; અને પોતાની આધ્યાત્મિક સ્થિતિથી સંતોષ નહીં માનતાં તે દરરોજ વધુ વિશાળ જ્ઞાન અને વધુ પૂર્ણ આનંદ મેળવશે.

●

જેવા પ્રયત્નો તેવાં તેનાં પરિણામો હોય છે.

તા. ૩ જી ડીસેમ્બર.

વિશ્વવ્યાપી (પ્રાણી માત્ર ઉપર) ભ્રાતૃભાવ એ મનુષ્ય જાતની શ્રેષ્ઠ ભાવના છે, અને તે ભાવના તરફ જનસમૂહ ધીમે ધીમે પણ ચોક્કસ રીતે વળે છે.

●

જે સ્ત્રીપુરુષો અમુક કાર્ય માટે એકત્ર થાય છે, તેમના હૃદયમાં જ્યાં સુધી જરા પણ સ્વાર્થભાવના વસી રહી હોય છે ત્યાં સુધી ભ્રાતૃભાવનું મંડળ ટકી શકતું નથી, કારણ આવા સ્વાર્થીપણાથી પ્રેમની એકતાવાળો સાંધા વગરનો કોટ અંતે ફાટી જશે. જો કે ભ્રાતૃભાવના મંડળો નિષ્ફળ થયાં છે તોપણ જો કોઈ મનુષ્ય તેના મનમાંથી કજિયાનું મૂળ ખસેડી દે, અને જે દૈવી ગુણો સિવાય ભ્રાતૃભાવના ફક્ત કલ્પિત વિચાર, મત અથવા ખોટા સ્વપ્નવત્ છે, તે ગુણો આચરતો આચરતો જ્ઞાની, પવિત્ર અને પ્રેમી થાય, તો તે મનુષ્ય તે ભાવનાને તેના પૂર્ણ સ્વરૂપમાં અનુભવે, અને તેનું સઘળું સૌંદર્ય અને પૂર્ણપણું સમજે.

●

જે હૃદયમાં કુસંપ વસે છે તે ભ્રાતૃભાવ અનુભવતો નથી.

તા. ૪ થી ડીસેમ્બર.

શરૂઆતમાં ભ્રાતૃભાવના મનમાં વસે છે, અને તેના સ્વાભાવિક પરિણામ તરીકે દુનિયામાં તે બહાર આવવી જ જોઈએ.

●

દીનતાની ભાવનામાંથી નમ્રતા અને શાંતિ ઉદ્ભવે છે. અહંભાવના ત્યાગથી ધૈર્ય, જ્ઞાન, કુશાગ્રબુદ્ધિ–ઝીણી સમજ આવે છે. પ્રેમમાંથી માયા, આનંદ, સંપ જન્મે છે; અને દયામાંથી નમ્રતા અને ક્ષમા ઉદ્ભવે છે.

જે મનુષ્યમાં આ ચાર ગુણો એકત્ર થાય છે તેણે દૈવી જ્ઞાન મેળવ્યું છે. મનુષ્યોનાં કાર્યો કયાંથી ઉદ્ભવે છે અને તેનાં શા પરિણામ આવે છે એ તે જુએ છે, અને તેથી અધમ વૃત્તિઓની મોહજાળમાં તે વધુ વખત પડી રહેતો નથી. અદાવત, ઇર્ષા, વેર, હોંસાતોંસી અને નિંદાથી મુક્ત એવું ભ્રાતૃભાવનું પૂર્ણ સ્વરૂપ તેણે અનુભવ્યું છે. આસુરી વૃત્તિઓ-વાળા તેમજ દૈવી ગુણોવાળા સર્વ મનુષ્યો તેના ભાઇઓ છે. તેનું મન બધા તરફ એકસરખી શુભેચ્છા દર્શાવે છે.

●

જ્યાં ગર્વ, સ્વમાન, તિરસ્કાર અને નિંદા છે ત્યાં ભ્રાતૃભાવ હોતો નથી.

તા. ૫ મી ડીસેમ્બર.

ભ્રાતૃભાવ માટે મનુષ્યે પ્રથમ અહંભાવનો ત્યાગ કરવો જોઈએ.

●

ભ્રાતૃભાવ વધારવા માટે કલ્પિત વિચારો અને યોજનાઓ ઘણી છે, પરંતુ ભ્રાતૃભાવની ભાવના તો એકજ અને અચળ છે, અને તે અહંભાવ તથા કજીઓ તદ્દન બંધ કરવામાં, અને શુભેચ્છા તથા શાંતિ આચરવામાં રહેલી છે. કારણ, ભાતૃભાવના એ કાંઈ કલ્પિત વસ્તુ નથી, તે તો આચરવી પડે છે. અહંભાવનો ત્યાગ અને શુભેચ્છા તેના ગ્રહદેશતા છે, અને શાંતિ તેનો વાસો છે.

એક બીજા વિરૂદ્ધ અભિપ્રાય રાખવો, એવા મમત પર જ્યાં બે જણા આવ્યા હોય ત્યાં અહંભાવ તથા વૈરભાવ હોય છે, અને ભ્રાતૃભાવ હોતો નથી.

જ્યાં બે જણા એક બીજાની દાઝ જાણવા, એક બીજામાં દોષ ન જોવા, એક બીજાની સામું હુમલો નહીં કરવા પરંતુ સાથે કામ કરવા, તૈયાર થયા હોય છે ત્યાં સત્ય તથા શુભેચ્છા હોય છે, અને ભ્રાતૃભાવ વસે છે.

●

જેનું હૃદય આખી દુનિયા સાથે એક છે તે જ ભ્રાતૃભાવ જાણે છે અને અનુભવે છે.

તા. ૬ ઠ્ઠી ડીસેમ્બર.

વહેમ અને ઘાતકીપણું એક છે.

●

જેઓ આપણા કરતાં વધુ શુદ્ધ અને વધુ જ્ઞાની હોય તેમને આપણી દયાની જરૂર નથી, કારણ તેવા મનુષ્યો તેવી જરૂરિયાતની પર ગયા હોય છે. આવે વખતે ભક્તિભાવ દર્શાવવો અને વધુ પવિત્ર ભૂમિકા ઉપર પોતાને ચઢાવવા તથા તે દ્વારા વધુ વિશાળ જીવનમાં દાખલ થવા યત્ન કરવો જોઈએ. વળી પોતાના કરતાં જે વધુ ડાહ્યો છે તેને જે મનુષ્ય પૂર્ણ રીતે સમજી શકતો નથી, તેણે તેની નિંદા કરતાં પહેલાં પોતાના મનને ખરા ભાવથી પૂછવું કે, જેને તે તેનો કટ્ટો દુશ્મન ગણે છે તેના કરતાં તે વધુ સારો છે કે કેમ? જો તે પોતે વધુ સારો હોય તો તેણે તેની દયા ખાવી. જો પોતે તેવો ન હોય તો તેણે તેના તરફ ભક્તિભાવ દર્શાવવો.

●

જે મનુષ્યને બીજા તરફ કરડી નજરથી જોઇ નિંદા કરવાની ટેવ પડી છે, તેણે પોતાનામાં કેટલી ખામી છે તે જોવું જોઈએ.

તા. ૭ મી ડીસેમ્બર.

અપ્રીતિ, રોષ અને નિંદા એ તિરસ્કારનાં જુદાં જુદાં રૂપો છે, અને જ્યાં સુધી તેને હૃદયમાંથી દૂર કર્યા નથી ત્યાં સુધી દોષ થતા અટકે નહીં.

થયેલા નુકસાનના વિચાર મનમાંથી કાઢી નાંખવા એ જ્ઞાન મેળવવાનો પ્રારંભ છે. એ કરતાં પણ વધુ ઉચ્ચ અને સારો રસ્તો છે; અને તે રસ્તો હૃદયને નિર્મળ કરવાનો અને મનને જ્ઞાની બનાવવાનો છે, જેથી નુકસાન કરવાના વિચાર તો આઘા રહ્યા, પણ તેવો એક્કે વિચાર પણ સ્મરણ-પટપર આવે નહીં. કારણ, બીજા લોકોનાં વર્તન અને કાર્યોથી ફક્ત અહંકારી અને સ્વાર્થીને ખમવું પડે છે, અને તેમને જ કચવાટ થાય છે. પરંતુ જે પોતાના હૃદયમાંથી અહંકાર અને અહંભાવને દૂર કરે છે તે, " મને બીજાએ નુકસાન કર્યું છે " અથવા " બીજાએ મારી ઉપર ખોટો દોષ ચઢાવ્યો છે " એવો વિચાર કદી કરશે નહીં.

નિર્મળ હૃદયમાંથી ખરી વસ્તુસ્થિતિની સમજ થાય છે અને વસ્તુસ્થિતિની ખરી સમજ દ્વારા શાંત, દ્વેષ તથા દુઃખથી રહિત, નિશ્ચિંત અને જ્ઞાની જીવન ઉદ્ભવે છે.

●

જે બીજાનાં પાપો માટે સંતાપ કરે છે અને અસ્વસ્થ રહે છે તે સત્યથી દૂર છે.

તા. ૮ મી ડીસેમ્બર.

જે પોતાનાંજ પાપો માટે સંતાપ કરે છે અને અસ્વસ્થ રહે છે તે જ્ઞાનના દ્વારની ઘણી નજીક આવી પહોંચ્યો છે.

●

જેના હૃદયમાં રોષના ભડકા બળી રહ્યા છે તેને શાંતિ મળતી નથી, અને તે સત્યને સમજતો નથી. જે પોતાના હૃદયમાંથી રોષ દૂર કરશે તે (સત્યને) ઓળખશે અને સમજશે.

જેણે પોતાના હૃદયમાંથી પાપવાસના દૂર કરી છે, તે બીજાને તેવા પાપી જોઈને રોષ કરશે નહીં અથવા તેની સામું થશે નહીં, કારણ તે ક્યાંથી ને કેવી રીતે ઉદ્ભવી તેનું તેને જ્ઞાન થયું છે, અને અજ્ઞાન અવસ્થાની ભૂલોનું તે પરિણામ છે એમ તે સમજે છે. જ્ઞાનની વૃદ્ધિથી પાપ થતું અટકે છે. જે પાપ કરે છે તેનામાં સમજ હોતી નથી; જે સમજે છે તે પાપ કરતો નથી.

જેઓ મૂર્ખાઈથી શુદ્ધ મનુષ્યને ઇજા કરવા પોતાને સમર્થ માને છે તેમના તરફ પણ તે મનુષ્ય તેનો માયાભાવ બતાવે છે. બીજા લોકોના તેના તરફના નીચ વલણથી તેને દુઃખ થતું નથી. તેનું હૃદય દયા અને પ્રેમમાં વિશ્રાંતિ ભોગવતું હોય છે.

●

જેઓ નીતિમય જીવન ગાળવા ધારતા હોય તેમણે તે બાબત શાંત ચિત્તે અને સમજપૂર્વક વિચાર કરવો.

તા. ૯ મી ડીસેમ્બર.

શુદ્ધ હૃદય અને સાધુ જીવન એ બે મોટી અને સૌથી અગત્યની બાબતો છે.

●

સ્વાર્થી અને આપમતલબના વિચારો અને કર્મો દુઃખ આણે છે. સત્યમાંથી ઉદ્ભવતા વિચારો અને કર્મો આનંદ આણે છે. જે રીતથી મન આ પ્રમાણે બદલાય છે અને રૂપાંતર થાય છે તે રીત બે છેઃ ચિંતન અને તેનો આચાર. શાંત ચિંતનથી સદ્વર્તનનું મૂળ અને તે મુજબ વર્તવાનું કારણ શોધી કઢાય છે, અને આચારથી રોજ સત્કર્મ કરાય છે.

સત્યનું જ્ઞાન પુસ્તકથી, સૂક્ષ્મ તર્કથી, વાદવિવાદથી અથવા વિવાદયુક્ત ચતુરાઈથી મળતું નથી; તે તો સત્કર્મથી મળે છે.

●

સત્યનું જ્ઞાન કંઇ ચોપડીમાંથી મળતું નથી; તે તો તેને આચારમાં મૂકવાથી જ શીખી અને જાણી શકાય છે.

તા. ૧૦ મી ડીસેમ્બર.

જે સત્યને આચારમાં મૂકી જાણે છે તે જ સત્યનો* અધિકારી છે.

●

જે સત્યને મેળવવા ઇચ્છા રાખતો હોય તેણે તેને આચારમાં મૂકવું જોઇએ. તેણે આત્મસંયમના પહેલા પાઠથી જ શરૂઆત કરવી જોઇએ, તેમાં પૂર્ણ રીતે પાવરધા થવું જોઇએ, અને સદસત્‌ની પૂર્ણ કળા જે મેળવવાની તેની ઇચ્છા છે તે મેળવે ત્યાં સુધી તેણે એક પછી એક સદ્‌ગુણ પ્રાપ્ત કરી આગળ વધવું જોઇએ. મનુષ્યો સાધારણ રીતે એમ ધારે છે કે અમુક વિચાર અથવા અભિપ્રાય રાખવામાં સત્ય સમાયલું છે. તેઓ સંખ્યાબંધ પુસ્તકો વાંચી અમુક અભિપ્રાય ઉપર આવે છે, અને તેને "સત્ય" કહે છે; અને તે પછી પોતાનો અભિપ્રાય સત્ય છે એમ સાબિત કરવા પોતાના જાતિભાઇઓ સાથે વાદવિવાદમાં ઊતરવા બહાર પડે છે. સાંસારિક બાબતોમાં મનુષ્યો ડાહ્યા હોય છે, કારણ તેમની પોતાની ધારણા પાર પાડવા માટે તેઓ અમુક કાર્ય કરે છે, પરંતુ આધ્યાત્મિક બાબતોમાં તેઓ મૂર્ખ હોય છે; કારણ તેઓ ફક્ત વાંચી જાણે છે અને કાર્ય કરતા નથી; અને તેમ છતાં તેમણે સત્ય મેળવ્યું છે એમ તેઓ ધારે છે !

●

જેનું જીવન શુદ્ધ અને નિષ્કલંક વર્તન દાખવે છે તે જ સત્યનો અધિકારી થયો હોય છે.

---

* અખો—

બ્રહ્મવેત્તા કેમ દર્શે ભાઇ, જે બ્રહ્મ કલામાં રહ્યા સમાઇ;
મેલી આંખે જે કોઇ ધાય, બ્રહ્મવેત્તા કેમ દર્શ્યા જાય;
અખા આંખ જો ઊપજે નવી, તો બ્રહ્મવેત્તા દર્શે અનુભવી.

તા. ૧૧ મી ડીસેમ્બર.

કોઇનો પણ અપવાદ રાખ્યા સિવાય સર્વ ઉપર પ્રેમ રાખો.

●

પ્રેમનું સ્વરૂપ એવું છે કે તે ઉપર કોઇ ધર્મ, પંથ, શાળા અથવા મંડળની સ્વતંત્ર માલિકી થાય નહીં. તેથી અમુક લોક તેમના અમુક પંથોમાં સત્યની સ્વતંત્ર માલિકીનો હક ધરાવતા આવે એ તો પ્રેમનો અસ્વીકાર કરવા બરોબર છે. સત્ય એ જીવ અને આત્મા છે, અને જો કે ઘણા સંપ્રદાયો તેનો ઉપદેશ કરે તોપણ તે અમુક સંપ્રદાયનું જ છે એમ કહેવાય નહીં. પ્રેમ એ પાંખોવાળો દેવદૂત છે, જે કોઈ પણ પુસ્તકિયા મતથી બંધાઇ રહેતો નથી. મનુષ્યોના અભિપ્રાય, ઉપદેશ, અને તત્ત્વજ્ઞાન–એ સઘળા કરતાં પ્રેમ મહાન અને પર છે; તોપણ તે ધાર્મિક અને અધર્મી, પ્રમાણિક અને અપ્રમાણિક, સ્વચ્છ અને મલિન સૌને આલિંગન આપે છે. જેનો પ્રેમ એવો ગહન અને વિશાળ હોય કે સઘળા ધર્મના સર્વ મનુષ્યોને તેની પાંખમાં લઈ લે તે જ મનુષ્ય ખરો ધર્મિષ્ઠ, ખરો ડાહ્યો અને ખરો જ્ઞાની છે, કારણ મનુષ્યોને તેમના ખરા રૂપમાં તે જાણે છે તથા જુએ છે.

દ્વેષ એ પ્રેમનો અભાવ છે, અને તેથી પ્રેમમાં જે સઘળાનો સમાવેશ થાય છે તે સઘળાનો તેમાં અભાવ છે.

તા. ૧૨ મી ડીસેમ્બર.

મનુષ્યનું મન સમસ્ત મનુષ્યજાતિને કાંઈ પણ ભેદભાવ સિવાય પોતાની માયા ભરેલી બાથમાં લે ત્યાં સુધી પ્રેમ મનને વિશાળ કરે છે.

●

પ્રેમનો રસ્તો એ જીવનનો—અમર જીવનનો રસ્તો છે, અને તે રસ્તાની શરૂઆત બીજાનાં છિદ્રો, કજિયા, દોષ, અને વહેમ દૂર રાખવામાં સમાયલી છે. આ નાના દુર્ગુણો આપણામાં હોય તો આપણે ભોળવાવું નહીં, પરંતુ આપણામાં પ્રેમ નથી એમ કબૂલ કરવું જોઇએ. જાતે આવા ખુલ્લા દિલના થવાથી પ્રેમ શોધવા પાત્ર થઇશું. પરંતુ જાતને ભોળવવાથી પ્રેમથી દૂર રહેવાય છે. જો આપણે પ્રેમમય થવું હોય તો પહેલેથી જ શરૂઆત કરવી, અને આપણા દેશી ભાઇઓ અને દેશી કારીગરો સંબંધી સર્વ હલકા અને વહેમ ભરેલા વિચારો મનમાંથી કાઢી નાંખવા જોઇએ. ઉદાર દિલથી તેમની સાથે વર્તવા, તેમનાં કાર્યો યોગ્ય દ્રષ્ટિથી જોવા અને જાતિહક તથા જાતિસ્વતંત્રતા સંબંધી તેમના અભિપ્રાય, રીતભાત અથવા કર્મો, આપણાથી ઊલટાં હોય ત્યારે તે માટે તેમને ક્ષમા આપવા આપણે શીખવું જોઇએ. આ પ્રમાણે એક મહાત્મા પ્રેમને એક સ્થાયી શક્તિ હોવાનું કહે છે, ને તેવા પ્રેમથી આપણે તેમને ચાહીશું.

●

કોઈ પણ પંથનો હોય યા ન હોય તોપણ જેનામાં પ્રેમ છે તેને જ સત્યનું જ્ઞાન થાય છે.

તા. ૧૩ મી ડીસેમ્બર.

સત્યનું જીવન એવું છે કે તેમાં કુવિચાર અને કુકર્મનો ત્યાગ થાય છે, અને સુવિચાર અને સત્કાર્ય કરાય છે.

●

મનુષ્યોનાં કુકર્મો જ દુનિયામાં સર્વ પ્રકારનાં દુઃખ આણે છે; સત્કર્મો જ સઘળી વિપત્તિઓને સુખરૂપમાં બદલી શકે છે. કુકર્મોથી દુઃખ થાય છે; સત્કર્મોથી સુખ મળે છે.

પરંતુ મનુષ્યે એવો વિચાર ન કરવો કે, "બીજાનાં કુકર્મોથી હું દુઃખી થયો," કારણ એવા વિચારથી બીજા તરફ વેરભાવ થાય છે અને તિરસ્કાર વધે છે. તેણે સમજવું જોઇએ કે તેના પોતાના અંતરમાં કાંઈ ખામી છે, જે દુઃખ આણે છે. તે હજુ અપૂર્ણ છે, અને તેના અંતરમાં કંઈ ખોડ છે જે તેણે સુધારવાની છે, એવું તે (દુઃખ) બતાવે છે. પોતાના વર્તનની ખાતરી માટે અથવા પોતાની દુર્દશા માટે તેણે બીજાઓ ઉપર આરોપ મૂકવા ન જોઇએ, પરંતુ હૃદયને વધુ દ્રઢ બનાવવું, અને સત્ય વધુ બળથી ગ્રહણ કરવું.

●

સત્યના પવિત્ર માર્ગ ઉપર નમ્ર પગલે ચાલો.

તા. ૧૪ મી ડીસેમ્બર.

સત્યના નિયમો સ્થાયી અને શાશ્વત છે; તે કોઇથી ઘડી શકાય તેમ નથી, તેમ રદ થઇ શકે તેમ પણ નથી.

●

સત્યના નિયમો બારીક તપાસથી અને આચારમાં મૂકી શોધી કાઢેલા છે, અને તેમનું વિવેચન એવી રીતે કરી તેમને ગોઠવેલા છે, કે બીજા મનુષ્યોને તે માર્ગે જવું વધુ સુલભ પડે. જે લોકો પાપમાંથી પાપ રહિતપણામાં, અસત્માંથી સત્માં ગયા છે તે દરેક આ જ રસ્તે ગયા છે. એ જ સનાતન માર્ગે દરેક સાધુ, દરેક મહાત્મા, દરેક પેગંબરે ચાલીને દૈવી પૂર્ણતા મેળવી છે, અને ભવિષ્યમાં આ યશસ્વી આશય સાધવા, દરેક પામર જીવ એ જ રસ્તે જશે. જો કોઇ મનુષ્ય પાપમાંથી મુક્ત થવા દરરોજ યત્ન કરતો હોય, અને પોતાના હૃદયને નિર્મળ કરતો હોય, તો તે કયો ધર્મ પાળે છે તે જોવાનું નથી; તે આ જ શુભ માર્ગે ચાલે છે. કારણ મતમતાંતરો, શાસ્ત્રો અને ધર્મોમાં મતભેદ ભલે થાય, પરંતુ પાપમાં મતભેદ થતો નથી–પાપ દૂર કરવામાં મતભેદ થતો નથી, અને સત્યમાં મતભેદ થતો નથી.

●

યુગે યુગે ધર્મ બદલાય છે, પરંતુ દૈવી સદ્ગુણના નિયમો અનાદ્યંત એકજ રહે છે-તેવાને તેવા જ ચાલુ રહે છે.

તા. ૧૫ મી ડીસેમ્બર.

જો કે સત્ય (આત્મા)ના રૂપો જુદાં છે અને તેઓ મનુષ્યોના ઊર્ધ્વ માર્ગના પ્રત્યેક ક્રમને અનુકૂળ છે તોપણ તે-સોનો આત્મા* એક છે.

●

આપણે સર્વ મહાન ગુરુઓને ચરણે પડી તેમનો બોધ લઇએ છીએ. જે દૈવી ગુણો અને બોધવચનો શ્રી કૃષ્ણના ચારિત્ર્યમાં જોવામાં આવે છે, તે દૈવી ગુણો અને બોધવચનો દેશ દેશના સદ્‌ગુરુઓના જીવનચરિત્રમાં તથા ઉપદેશોમાં જોવાથી અનહદ આનંદ થાય છે. આપણને તેઓ ચમત્કારિક અને પૂજનીય છે, અને તેઓ એવા મહાન, સદાચારી અને જ્ઞાની છે કે આપણે તેમની ભક્તિ કરીએ તથા તેમનો બોધ લઈએ. જે જુદી જુદી જાતોમાં તેમણે અવતાર લીધો છે, તેમના મન ઉપર આપણા જેવી જ કાયમની એક સરખી અદ્‌ભુત છાપ તેમણે બેસાડી છે, અને લાખો મનુષ્યોનું અમર પૂજન તેઓ પામતા આવ્યા છે.

●

મહાન ગુરુઓ મનુષ્યજાતિના ઉત્તમ પુરુષો છે; એ સ્થિતિ સર્વ મનુષ્યોએ એક દિવસ પ્રાપ્ત કરવાની છે.

---

* જીવ શિવ એક છે રે, જો જાણે જીવની જાત;
પોતાને રંગ પાસ લાગ્યો, ત્યારે *બીબે પાડી ભાત.

તા. ૧૬ મી ડીસેમ્બર.

દેહાભિમાની જીવના સઘળા ભોગવિલાસ અને તૃષ્ણામાંથી મુક્ત થવું એ હૃદયની પૂર્ણ શુદ્ધિની સ્થિતિ છે.

●

સાંસારિક જીવન અને ધાર્મિક જીવન વચ્ચે ફરક રહેલો છે. દૂષિત વિચારોને ત્યજી દેવાની ઇચ્છા વગર જે તેને દરરોજ અનુસર્યા કરે છે તે અધર્મી છે, અને જે તેના દૂષિત વિચારો ઉપર દરરોજ કાબૂ રાખી તેને દૂર કરે છે તે ધર્મિષ્ઠ છે.

ધર્મિષ્ઠ મનુષ્યે તેના વિકારોને તથા વિલાસવૃત્તિને તૃપ્ત કરતાં અટકવું જોઈએ, કારણ તેમાં જ ધર્મ છે. તેમણે મનુષ્યો તથા વસ્તુઓને તેમના મૂળ સ્વરૂપમાં જોતાં શીખવું જોઈએ, કારણ તે સૌ પોતપોતાની પ્રકૃતિને અનુસરી જીવન ગાળે છે, તથા બુદ્ધિમાન મનુષ્યની માફક પોતપોતાનો રસ્તો જાતે પસંદ કરે છે, એ તેણે સમજવું જોઈએ. તેણે પોતાના જીવનના નિયમો તેમના ઉપર ઘૂસાડવા જોઈએ નહીં, અને તે પોતે તે લોકો કરતાં વધુ ઉચ્ચ ભૂમિકા ઉપર છે એવું કદી અનુમાન કરવું નહીં-તેમ ધારવું પણ નહીં. તેણે પોતે તેમની સ્થિતિમાં બેસી તે દ્રષ્ટિથી જોતાં શીખવું જોઈએ.

●

સત્યનો પ્રેમી સર્વ મનુષ્યોને ચાહતો હોવો જોઈએ. તેણે પોતાનો પ્રેમ કાંઈ પણ હાબ વગર, વિના સંકોચે ચોગરદમ પાથરી દેવો.

તા. ૧૭ મી ડીસેમ્બર.

જીવનના સઘળા બનાવોમાં જે બાબત ઉપર આપણે પૂરો વિશ્વાસ રાખી શકીએ, તે બાબત સદસતના કાયદાની ચોક્કસ સત્તા છે.

●

જીવનના સતત ફેરફાર અને તેની બેસલામતી તથા તેના રહસ્યને લીધે મનની સુખશાંતિ ટકાવી રાખવા સારૂ અમુક ચોક્કસ ધોરણ શોધવું જે ઉપર ઠરી શકાય. આ મૂળ ધોરણ જેનું જ્ઞાન આખી મનુષ્યજાતે છેવટે મેળવવું જોઈએ તે “દૈવી ન્યાય” શબ્દોથી ઓળખાય છે. માનુષી ન્યાયમાં દરેક મનુષ્યના જ્ઞાન અથવા અજ્ઞાનને અનુસરી ભેદ પડે છે, પરંતુ જે દૈવી ન્યાયની સૃષ્ટિ અનાદ્યંત ટકી રહી છે, તેમાં કાંઈ ફરક પડી શકે નહીં. દૈવી ન્યાય એ આધ્યાત્મિક ગણિત રૂપે છે. જેમ આંકડાઓ અને પદાર્થોની ગણતીમાં, બે અને બે ચાર જ થાય, તેવી ગણતી, મનુષ્યોના વિચારો અને કાર્યોની છે.

●

જેવું કારણ તેવુંજ પરિણામ હંમેશ આવશે.

તા. ૧૮ મી ડીસેમ્બર.

જે સઘળા આધ્યાત્મિક નિયમો મનુષ્યો જાણે છે તે નિયમો ચોક્કસ ધોરણે ચાલે છે અને ચાલવા જોઇએ.

●

એક સરખા બનાવમાં જેવા વિચાર અથવા કર્મ કર્યાં હોય, તેનાં પરિણામ હમેશ તેવાં જ આવશે. આ જરૂરી ન્યાય સિવાય જનસમાજનું બંધારણ ટકી શકે નહીં; કારણ મનુષ્યનાં કાર્યોને ન્યાય મળતાં જોઈ, જનસમાજ અધોગતિમાં પડતી અટકે છે.

આ ઉપરથી એમ અનુમાન થાય છે કે સુખદુઃખની વહેંચણી સંબંધી, જીવનક્રમમાં દેખાતી વિષમતા એ અચૂક ન્યાય માર્ગે જતી સદસત્ શક્તિઓનું પરિણામ છે. આ અચૂક ન્યાય, આ પૂર્ણ કાયદો જીવનક્રમમાં ખસૂસ દેખાય છે, જેનું જ્ઞાન થવાથી મનુષ્ય પૂર્ણતાએ પહોંચે છે, ડાહ્યો તથા જ્ઞાની બને છે, અને તેને સુખ શાંતિ મળે છે.

●

સૃષ્ટિનો સદસતનો નિયમ પક્ષપાતી નથી, અને તેમ હોઈ શકે નહીં; કારણ તેમ હોય તો સૃષ્ટિ પડી ભાંગે.

તા. ૧૯ મી ડીસેમ્બર.

સત્યથી અધિક કાંઈ નથી.

●

મનુષ્યના હૃદયમાંથી આ ચોક્કસ માન્યતા ખસેડી લો, પછી જુઓ, તે પ્રારબ્ધ રૂપી પોતે જ રચેલા સાગર ઉપર સુકાન, નકશા અથવા હોકાયંત્ર વગર આમ તેમ તણાતો માલુમ પડશે. (તે એકલો પડેલો હોવાથી) તેને પોતાનું જીવન અથવા ચારિત્ર્ય ઊભું કરવાનું સ્થાન નથી, ઉમદા કાર્યો કરવા ઉમંગ થતો નથી, અને (પૃથ્વીનો છેડો ઘર એવું તેને ન હોવાથી) નીતિમય કાર્ય કરવા કારણ નથી. તેના હૃદયમાં શાંતિરૂપી બેટ નથી, તેમ આશ્રયરૂપી બંદર નથી. દૈવી ન્યાય એવા ચોક્કસ સિદ્ધાંત પર રચાયલો છે કે છેક અજ્ઞાન મનુષ્યો ઈશ્વરને એક મહાન પુરુષ માની તેનું મન નિર્મળ છે, તે ભૂલ કરતો જ નથી, અને તે બેવચની નહીં થતાં અંશમાત્ર ફરતો નથી, એમ કહી તે ન્યાય માટે તેમની શ્રદ્ધા દ્રઢ બનાવે છે.

આ સિદ્ધાંત મુજબ કોઈના ઉપર કૃપા અથવા દૈવયોગ હોતા નથી, પરંતુ તેમને અચૂક અને અચળ ન્યાય મળે છે. આ હિસાબે મનુષ્યોનાં દુઃખો, તેમના કર્મના ફળ તરીકે ખરાં છે, જેનાં કારણો તેમની અજ્ઞાનતામાં થયલી ભૂલો છે; પરંતુ છેવટે તો તે દુઃખો—કર્મફળો જતાં રહેશે.

●

મનુષ્યે જે કાંઇ કર્યું ન હોય અથવા કરવું બાકી રાખ્યું હોય તે માટે તે દુઃખ ભોગવતો નથી, કારણ જો એમ બને તો કારણ વગર પરિણામ થયું કહેવાય.

તા. ૨૦ મી ડીસેમ્બર.

કાશલ્ય, વિચક્ષણ બુદ્ધિ, સદાચાર અને ગૌરવવાળા મનુષ્યો દુનિયા પર તૈયાર ઊતરી આવતા નથી. અનેક જીવોમાં કરેલાં કર્મ અને તેના ફળના પરિણામ રૂપે તેઓ છે.

●

ફૂલનો વૃદ્ધિક્રમ જોવામાં આવે છે. માનસિક વૃદ્ધિ જો કે જોવામાં આવતી નથી, તોપણ તેમાં તેવું જ થાય છે.

મેં કહ્યું કે માનસિક વૃદ્ધિ જોવામાં આવતી નથી; સામાન્ય ભાવાર્થ તરીકે જ આ ખરૂં છે. ખરો તત્ત્વજ્ઞાની અને ઋષિ તેની જ્ઞાનદૃષ્ટિથી આધ્યાત્મિક વૃદ્ધિક્રમ જુએ છે. સાધારણ નિરીક્ષણ કરનારની માફક, ભૌતિકવિદ્યા જાણનાર કુદરતી કાર્યો અને તેનાં પરિણામોથી જેવો માહિતગાર હોય છે તેવો આધ્યાત્મિક કાર્યો અને તેનાં પરિણામોથી તે માહિતગાર હોય છે. છોડની માફક ચારિત્ર્યનો વૃદ્ધિક્રમ તે જુએ છે, અને જયારે વિચક્ષણ બુદ્ધિ અને સદ્ગુણવાળા મહાન પુરુષો તેની નજરે પડે છે, ત્યારે કેવાં માનસિક બિયાંમાંથી તેમનો ઉદ્ભવ થયો છે, અને લાંબા કાળની ગુપ્ત ખિલવણીથી ધીમે ધીમે કેવી રીતે પૂર્ણ દશાએ તેઓ પહોંચ્યા છે એ તે જાણે છે.

●

તૈયાર (પરિપક્વ) દશામાં કાંઇ પણ હોતું નથી. હંમેશ ફેરફાર, વૃદ્ધિક્રમ અને પૂર્ણ દશા એ ક્રમ ચાલે છે.

તા. ૨૧ મી ડીસેમ્બર.

આધ્યાત્મિક જાગૃતિ થવાથી વધુ ઉમદા જીવન તરફ આપણે વળીએ છીએ.

હરકોઈ મનુષ્ય જેમ બે દેશોમાં એકી વખતે રહી શકે નહીં, પરંતુ બીજા દેશમાં વસે તે પહેલાં તેણે એક દેશ છોડવો જોઈએ; તેજ પ્રમાણે બે માનસિક પ્રદેશોમાં તે એકી વખતે વસી શકે નહીં. સત્યના પ્રદેશમાં (દૈવી–અલૌકિક ભૂમિમાં) તે શાંતિથી રહે તે પહેલાં તેણે પાપનો પ્રદેશ છોડવો જોઇએ. પોતાના કરી લીધેલા પ્રદેશમાં નવે નામે શરૂઆત કરે, ત્યારે જેમ કોઈ તેનું મૂળ વતન છોડતી વેળા તેનાં વહાલાં વળગણો-સંસ્મરણો, માયાભરી સોબતો, પ્રિય મિત્રો તથા સગાંઓ, રે, જે સઘળાં ઉપર તેનું મન સદાનું-નિરંતરનું ચોટી રહ્યું હોય તેમનાથી જૂદા પડી તેમને પાછળ મૂકે છે, તેજ પ્રમાણે જે કોઈ સત્યની નવી દુનિયામાં રહેવા નિશ્ચય કરે, તેણે દૂષિત જૂની દુનિયા, તેની વહાલી મોજમઝા, પોષેલાં પાપો, અને ખોટી સોબતોનો ત્યાગ કરવો જોઇએ. આવા ત્યાગથી તે મનુષ્યને લાભ થાય છે, મનુષ્યજાતિને લાભ થાય છે, અને સૃષ્ટિ વધુ સુંદર અને પ્રકાશવાળું સ્થાન બને છે.

જો મહાન શાંતિમાં આપણે ભળવું હોય, તો આપણા શરીરે વળગેલો ×અધમ વાસનારૂપી મેલ દૂર કરવો જોઇએ.

× **પ્રીતમદાસ**—

મોટા મુની દેહ દમે દિન રાત, હરિનું હારદ ન આવે હાથ;
કોઇ પીએ દૂધ, ખાએ ફળ ફૂલ, કોઇ ખાએ કાઢીને તે કંદમૂળ.
કોઇ કરે તીરથ વ્રત અમૂલ્ય, ના'વે, નિજ નામ જાણ્યાને તૂલ્ય;
કોઇ કરે જોગ જગન ને જાગ, કોઈ ધરે વેષ વિશેષ વૈરાગ.

કોઈ તજી લુણ અલુણું ખાય, કોઈ તજી ધામ ઊઠી વન જાય;
કોઈ તજે ભોગ તણા વિલાસ, કોઇ ફૂટે શિર મૂકે નિશ્વાસ.
કોઇ કહે ધિક ધિક આ સંસાર, કોઇ ત્રીયાહી મને દે નિરધાર;
આવા કાંઇ પાર વિનાના પ્રપંચ, તેણે કરી રામ ન રીઝે રંચ.

તા. ૨૨ મી ડીસેમ્બર.

સત્ય વિચારો સત્ય માનસિક વલણમાંથી ઉદ્ભવે છે અને સત્ય કાર્યો તરફ દોરે છે.

●

જે માનસિક વૃત્તિ જીવનના સઘળા બનાવો શુભ સમજે અને તેમાંથી દૃઢતા, જ્ઞાન અને વિવેક મેળવે, તે જ ખરી કહેવાય. આનંદના, ખુશીના, આશાના, વિશ્વાસના, હિંમતના, દ્રઢ પ્રેમના, વિશાળ ઉદારતાના, અપૂર્વ શ્રદ્ધા અને ભરોસાના વિચારો, એજ ખરા વિચારો છે. આવા વિચારોથી મનુષ્યો દ્રઢ ચારિત્ર્યવાળા, અને ઉપયોગી કાર્ય કરવાવાળા અને ખાનદાન બને છે, અને જે કાર્યસિદ્ધિથી દુનિયા આગળ વધે છે તે માનવવિકાસરૂપી ઇમારત રચે છે. કોઇ વાસ્તવિક ધારણા પાર પાડવા માટે કાર્યમાં ઉત્સાહ અને શક્તિ પ્રેરતા આવા વિચારોમાંથી સારૂં પરિણામ નિઃસંશય આવે છે; અને ટેકરી ઉપર ચઢનાર જેમ આખરે ટોચે પહોંચે છે તેમ ખંતીલો, આનંદી અને અથાગ કામ કરનાર આખરે પોતાનો હેતુ પાર પાડે છે.

●

કામ પાર પાડનાર લોકોએ તેમની કાર્યસિદ્ધિ તે કામ પાછળ આખો વખત મંડી રહી મેળવી છે.

તા. ૨૩ મી ડીસેમ્બર.

દુઃખ એ નિર્મળ મન કરતી તથા પૂર્ણતા આણતી ક્રિયા છે.
"આપણે દુઃખ ભોગવીએ છીએ તેને લીધે આપણે આજ્ઞાધીન થઈએ છીએ."

●

બીજાઓને દુઃખ દેવું એ અજ્ઞાનમાં વધુ ગરક થવા બરોબર છે; પરંતુ જાતે દુઃખ ભોગવવાથી જ્ઞાનની વધુ નજીક જવાય છે. કેવી રીતે માયાળુ અને દયાળુ થવું તે દુઃખ શીખવે છે. તેથી તેઓ આખરે કોમળ હૃદયના થઈ, બીજાનાં દુઃખો માટે વિચાર કરે છે. મનુષ્ય જ્યારે ઘાતકી કર્મ કરે છે, ત્યારે તે તેના અજ્ઞાનને લીધે એમ ધારે છે કે આટલેથી જ તેનો પાર આવ્યો; પરંતુ આ તો તેની શરૂઆત છે. તે કર્મને લગતાં પરિણામોની હારમાળા તેને દુઃખના ત્રાસદાયક નરકમાં પટકાવી દેશે. કારણ, દરેક ખોટા વિચાર અથવા દયાહીન કર્મ માટે આપણને માનસિક અથવા શારીરિક દુઃખ, કોઈ રૂપમાં થવું જોઇએ; અને પ્રથમ કરેલા વિચાર અથવા કર્મના પ્રમાણમાં જ તે દુઃખ થશે.

●

મનુષ્ય દુઃખથી માહિતગાર થાય છે ત્યારે બીજાનાં દુઃખો સારૂ તેને અનુકંપા થાય છે.

તા. ૨૪ મો ડીસેમ્બર.

તમારી પાસે અને તમારી ભીતરમાં દરેક *ઉપાય છે.

●

જેમ નાનાં કામો ખંતથી કરવાથી વધુ દ્રઢતા મળે છે તેમ તેવાં કામો બેવફૂફીથી કરવાથી વધુ નિર્બલતાએ પહોંચાય છે. મનુષ્ય જે પ્રકારે તેની નાની નાની ફરજો બજાવે છે તેવા જ તેના ગુણો હોય છે. કમઅક્કલપણું એ પાપનાં જેવું જ દુઃખનું મોટું મૂળ છે, અને જ્યાં સુધી તેનામાં દૃઢ ચારિત્ર્યનો કાંઈ અંશ હોય નહીં ત્યાં સુધી મનુષ્યને ખરૂં સુખ મળે નહીં. નાનાં કામો પણ જરૂરનાં છે એમ સમજી તે ધોરણે કામ કરવાથી નિર્બળ મનુષ્ય દૃઢતાવાળો થાય છે. નાનાં કામો બાબત શિથિલતા અને બેદરકારી રાખેથી બળવાન મનુષ્ય નબળો બને છે, તેથી તેનું સરળ જ્ઞાન ખુએ છે, તથા તેની શક્તિ ઉપર પાણી ફેરવે છે.

●

ચાલુ વખતમાં જ મક્કમપણે અને ડહાપણથી વર્ત્યા સિવાય દ્રઢતા અને જ્ઞાન મેળવવાનો બીજો રસ્તો નથી.

---

* અખો—

સાધન સર્વ વિચાર, બુદ્ધિથી જેને શોધી;
હું નહીં, તું નહીં, તે નહીં, ઘર મૂક વિરોધી,
ગુરૂ થા તારો તુંજ, નથી કોઇ બીજો ભજવા;
બાહ્ય સુરતને ટાળ, વાળ અંતરમાં વસો,
જેમ છે તેમનું તેમ અખા, થયું ગયું કાંઈ નથી;
આપે આપ આનંદઘન, સ્વસ્વરૂપ જોયું મથી.

તા. ૨૫ મી ડીસેમ્બર.

વર્ષ પૂરૂં થવા આવ્યું છે, માટે હવે તે દરમિયાનની ભૂલો, અપકાર, નુકસાનો જેઓ હમેશ માટે ભૂલી જાય અને ફરી યાદ ન આવે એમ કરે, તેઓ સુખી સમજવા.

●

જે થવાનું તે થઇ ગયું, તે બદલાય તેમ નથી; માટે તે તદ્દન ભૂલી જાઓ, પરંતુ તેનો દૈવી બોધ લક્ષમાં લઇ સાર ગ્રહણ કરો. તે ઉપદેશોનો ચાલુ કાળમાં આશ્રય લો, અને હવે પછીનાં વર્ષોમાં તેમને વધુ ઉમદા, વધુ નિર્મળ, વધુ પૂર્ણ (ઋષિ) જીવનનાં પગથિયાં તરીકે ગણો. ગત વર્ષની સાથે તિરસ્કાર, રોષ, કજિયા અને દુષ્ટ ભાવનાને જવા દો; તમારી હૃદયરૂપી પાટી ઉપરથી દ્વેષભાવનાં સ્મરણો અને સર્વ મલિન ઈર્ષાઓને ભૂંસી નાંખો. “પૃથ્વી ઉપર શાંતિ પ્રસરો અને ભ્રાતૃભાવ વધો” એવો પોકાર, જેના પડઘા દુનિયામાં હાલના વખતે લાખો મનુષ્યના મુખમાંથી નીકળે છે, તે પોકાર નકામા ટાહેલા તરીકે નહીં વાપરતાં આચારમાં મૂકો. તે સત્ય મુજબ તમારૂં વર્તન રાખો. તેને તમારા હૃદયમાં વસવા દો, અને દુષ્ટ વિચારોથી સલાહશાંતિની ભાવનામાં તેને ખલેલ પાડો નહીં.

●

કોઇએ તેને નુકસાન કર્યાનું જેને યાદ નથી, કોઈનું ભૂંડું કર્યા બદલ જેણે પશ્ચાતાપ કરવાનો નથી, જેના નિર્મળ હૃદયમાં બીજાને માટે દ્વેષી વિચાર મૂળ ઘાલી વિસ્તાર પામતો નથી તે સુખી છે.

તા. ૨૬ મી ડીસેમ્બર.

એવી એકે મુશ્કેલી નથી જેની સામું થઈ તેને વશ કરવાનું સામર્થ્ય મનુષ્યમાં ન હોય.

●

તમારી મુશ્કેલીઓ અને ગૂંચવણોને આફતનાં અશુભ ચિહ્નો તરીકે ગણશો નહીં. એમ કરવાથી તમે તેમને અશુભ બનાવશો. માટે તેમને શુભ ચિહ્નો તરીકે ગણો, અને ખરે-ખર તે તેવા જ છે. તમે તેમાંથી છટકી જઇ શકો એવો વિચાર મનમાં લાવશો નહીં, કારણ તમે તેમ કરી શકો તેમ નથી. તેમનાથી નાસી છૂટવા યત્ન કરતા નહીં; એ અશકય છે; કારણ, જ્યાં જ્યાં તમે જશો ત્યાં તે તમારી સાથે જ આવશે; માટે શાંતિથી અને હિંમતથી તેમની સામે થાઓ. મનને ડગવા દીધા સિવાય અને સ્વમાન રાખી તેમના સામું થજો. તેમના પ્રમાણની તુલના કરો, તેમનું બળ તપાસો, તેઓ કેવા પ્રકારના છે તે સમજો, તેમની ઉપર હુમલો કરી છેવટે તેમને હરાવી કાઢો. આ પ્રમાણે તમે બળ અને બુદ્ધિ ખીલવશો, અને તેમ કરવાથી ઉપરચોટિયા જોનારની નજરે નહીં પડતા સુખી જીવનના એકાદ રસ્તા ઉપર તમે ચઢી જશો.

●

પાપ કરવાથી શાંતિ મળતી નથી; દોષ કરવાથી વિશ્રાંતિ મળતી નથી; જ્ઞાન સિવાય છેવટનો બીજો એકે આશ્રય નથી.

તા. ૨૭ મી ડીસેમ્બર.

અંતરના પ્રેમથી કામ કરવાનું માથે લ્યો, એટલે તે કામ તમે પ્રફુલ્લ હૃદયે અને આનંદથી કરશો.

●

એવો એકે ભારે બોજ નથી જે નબળા વિચારો અને સ્વાર્થી તૃષ્ણાઓને લીધે વધુ ભારે અને વધુ અસહ્ય થયો નહીં હોય. જો તમારા સંજોગો તમને કસોટી ઉપર લેતા હોય તો તેનું કારણ એ છે કે તેની તમારે જરૂર છે, અને તેમની સામે થવા પૂરતું બળ તમે વાપરી શકો. તે તમારી કસોટી કરે છે, તેનું કારણ એ છે કે તમારામાં કાંઇ ખામી છે, અને તે જયાં સુધી નિર્મૂળ થઈ નથી, ત્યાં સુધી તમારી કસોટી થયા કરશે. વધુ દૃઢ અને વધુ સમજુ–જ્ઞાની થવાની તક તમને મળી તે માટે તમે ખુશી થાઓ. જ્ઞાની મનુષ્યને મન કોઇ પણ સંજોગ કસોટીવાળો નથી. પ્રેમને કોઈ થકવી શકે તેમ નથી. તમારા પોતાના દુઃખના દિવસો બાબત વિચાર કર્યાં કરવાનું બંધ કરો, અને તમારી આસપાસના મનુષ્યોમાંના થોડાક મનુષ્યોના જીવનનું નિરીક્ષણ કરો.

●

તમારાં કર્તવ્યમાંથી તમે છટકી જવા માંગો છો તે સારૂ તમારો અંતરાત્મા તમને ઠપકો દે છે; જે મોજમઝાની પાછળ તમે દોડો છો તે વહાલા વેરી સમાન છે.

તા. ૨૮ મી ડીસેમ્બર.

પાશવ વૃત્તિવાળાને સત્યની સમજ હોતી નથી.

●

કેટલાક નાના નાના સ્વાર્થી ઉપભોગો છે; તેમાંના કેટલાક નિર્દોષ લાગે છે, અને તેમનું સામાન્ય રીતે પોષણ કરવામાં આવે છે; પરંતુ એકે સ્વાર્થી ઉપભોગ નિર્દોષ નથી. જનાની અને સ્વાર્થી ભોગોને વારંવાર અને વખતો વખત વશ થવાથી સ્ત્રીપુરુષો શું ખુએ છે તેનો ખ્યાલ તેમને આવતો નથી. મનુષ્યમાં જો દૈવી અંશ હિંમત કરી ઊભો થઈ ફતેહ મેળવે તો તેનામાં આસુરી અંશનો નાશ થયા વગર રહે નહીં. પાશવ વૃત્તિ જો કે નિર્દોષ અને મધુર લાગે તોપણ તે સુખ અને સત્યની બહાર લઈ જાય છે. તમારી પાશવ વૃત્તિને જ્યારે જ્યારે તમે આધીન થાઓ છો અને તેનું પોષણ કરી તેને તૃપ્ત કરો છો, ત્યારે ત્યારે તે વધુ બળવાન અને વધુ તોફાની થતી જાય છે, અને તમારૂં મન જે સત્યને તાબે હોવું જોઇએ તેની ઉપર તે વધુ મજબૂત કબજો મેળવે છે.

●

***વિષયવાસનાનાં તૃષ્ણાથી પર-ઊંચું જીવન ગાળો એટલે તમારૂં જીવન સાર્થક અને અમર થશે.**

*** શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.**

હરણ શબ્દ અથવા નાદથી, હાથી સ્પર્શથી, પતંગિયું રૂપથી, માછલું રસથી અને ભ્રમરો ગંધથી મોહિત થઈ પોતાના પ્રાણ ખુએ છે. એકેક વિષયને સેવનાર જો આ પ્રમાણે મરણ પામે, ત્યારે મનુષ્ય જે પાંચે વિષયને સેવનાર છે તેની શી દશા?

તા. ૨૯ મી ડીસેમ્બર.

દ્વેષી ભાવનાનો ભોગ આપો, અને વિશ્વમય પ્રેમ-પ્રેમરૂપી યજ્ઞવેદિ ઉપર તેનો વધ કરો.

●

તમારે માટે બીજાઓ ગમે તે બોલે, તેઓ તમને ગમે તે કરે, પણ તમારે કદી ગુસ્સો આણવો નહીં. દ્વેષનો બદલો દ્વેષથી વાળશો નહીં. જો કોઈ તમારો દ્વેષ કરતો હોય તો તમે કદાચ જાણે અજાણે, તમારા વર્તનમાં કોઈ ઠેકાણે ચૂકયા હશો, અથવા કાંઇ ગેરસમજુતી થઈ હશે, જે ગેરસમજુતી થોડી નમ્રતા અને બુદ્ધિ વાપરવાથી દૂર થઇ જશે; પણ દરેક પ્રસંગે "હું હવે પછી તેમની સાથે કામ પાડવાનો નથી," એમ કહેવા કરતાં "હે જગતપિતા, તેમને ક્ષમા કર," એ બોલવું ઘણું સારૂં છે. દ્વેષ એ ક્ષુદ્રક અને અધમ, આંધળો અને કંગાલ છે. પ્રેમ એ મહાન અને ઉત્કૃષ્ટ, દીર્ઘદર્શી અને આનંદી છે.

●

જે મધુર, મહાન સુંદર પ્રેમ બધાને પોતાની બાથમાં લે છે તેને અંદર લેવા માટે તમારા હૃદયના દ્વાર ખુલ્લાં કરો.

તા. ૩૦ મી ડીસેમ્બર.

નિઃસ્વાર્થપણારૂપી દ્વારની અંદર શાશ્વત આનંદ આપતું સ્વર્ગનું ધામ છે.

●

સ્વાર્થીપણું દુઃખ આણે છે, અને નિઃસ્વાર્થીપણાથી આનંદ થાય છે. આ આપણે એકલાએ જ જાણવાનું નથી; કારણ જો તેમ હોય તો આપણાં પ્રયત્નો કેવાં અયોગ્ય કહેવાય ? એ તો આખી દુનિયા માટે છે; કારણ જેમની સાથે આપણે રહીએ છીએ અને જેમના સંબંધમાં આવીએ છીએ તેઓ, તે વાત જાણવાથી, નિઃસ્વાર્થપણાથી વધુ સુખી અને વધુ પ્રમાણિક થશે. મનુષ્યજાત એક છે, અને એકનો આનંદ તે બધાનો આનંદ છે. આ જાણીને જીવનના સામાન્ય રસ્તાઓમાં કાંટા નહીં પરંતુ ફૂલ વેરો. રે ! આપણા દુશ્મનોના ધોરી રસ્તાઓ ઉપર પણ નિઃસ્વાર્થ પ્રેમના ફૂલ વેરો, એટલે તે પરની હવા તેમના પગના ભારથી પવિત્રતા રૂપી પરિમલથી ભરાઈ જશે, અને આનંદ રૂપી ખુશબોથી દુનિયા ખુશખુશ થશે.

●

પુણ્ય સ્વરૂપને* શોધો એટલે તમને પરમ ગહન, મધુર આનંદ થશે.

---

* પ્રીતમદાસ—

રાંકને રોટલો મળે નહીં રાજ, ફકીરને નાણે સરે નહીં કાજ;
તિમિરને વરસે ન પાકે ધાન, જ્યાં લગી આવ્યું ન આતમ જ્ઞાન.
એ પ્રેમ શુદ્ધ હરિ ગુરુ સાથ, તેણે મળે તુરત ત્રિભોવન નાથ.
જે નહીં ભક્તિ વિના ભગવાન, સાચું મન તેને સદા મહેરબાન.

તા. ૩૧ મી ડીસેમ્બર.

ઈશ્વરને કોઈ વહાલું અળખામણું નથી. તે અત્યંત ન્યાયી છે, અને દરેક મનુષ્યને તેનો યોગ્ય બદલો આપે છે.

●

જીવનમાંથી અહંભાવનો ત્યાગ થયો છે એવી સ્થિતિએ જે મનુષ્ય પહોંચ્યો છે તે શાશ્વત આનંદમાં સુખી છે. સ્વર્ગના પ્રદેશમાં તે કયારનોએ, ચાલુ કાળમાં અને આ જીવનમાં દાખલ થઈ ગયો છે. અનંતની છાતી ઉપર તે વિશ્રાંતિ લે છે.

જેણે પોતાના હૃદયમાંથી વિષયવાસના, દ્વેષ અને દુષ્ટ ભાવનાઓ દૂર કરી છે તેની શાંતિ મધુર છે, અને તેનું સુખ ગહન છે. સ્વાર્થીપણું અને દ્વેષભાવનો પડછાયો પણ પોતાની ઉપર પડવા ન દેતાં, તથા દુનિયાને અનહદ દયા અને પ્રેમથી જોઈ એકે અપવાદ અથવા ભેદભાવ ન રાખતાં, જે પોતાના હૃદયના ભીતરમાં "સૌ સુખી રહો" એવો આશીર્વાદ બોલે છે તે મનુષ્ય, કદી લઈ લેવાય નહીં એવા સુખની ટોચે ભરપૂર શાંતિમાં, પૂર્ણ પરમાનંદની પરિપૂર્ણતાએ પહોંચ્યો છે.

●

મનુષ્ય તેના જીવનમાં ખરો રસ્તો ખોળી કાઢી શકે તેમ છે, અને તે ખોળ્યાથી તેને આનંદ આનંદ થઈ રહે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ॥

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ

તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો

		પ્રતની સંખ્યા
૧	શ્રમણ નારદ	૩૧૦૦૦
૨	શ્રી રામકૃષ્ણ પરમહંસનું સંક્ષિપ્ત જીવન ...	૧૦૦૦
૩	શ્રી રામકૃષ્ણ પરમહંસ (જીવન અને ઉપદેશામૃત)	૧૨૫૦
૪	શ્રી નાગમહાશયનું જીવન વૃત્તાંત કી. ૦–૬–૦ પો. ૦–૨–૦...	૧૨૫૦
૫	શ્રી રામચંદ્ર દત્તનું જીવન વૃત્તાંત કી. ૦–૮–૦ પો. ૦–૨–૦...	૧૨૫૦
૬	મુક્તાત્મન્ મહાપુરુષ શ્રી નાગમહાશયના જીવનનું રેખા દર્શન	૧૭૦૦
૭	એક સંતનો અનુભવ	૧૧૬૦૦
૮	જીવલેણ ગાડું (નશાબંધી પ્રચારાર્થે)...	૩૭૫૦
૯	અણોજો (હિન્દુ–મુસ્લીમ એકતા)... ...	૩૭૫૦
૧૦	સહકાર (ગ્રામોદ્ધાર)	૨૦૦૦
૧૧	તત્ત્વ મીમાંસા (સ્વતંત્ર વિચાર)... ...	૧૦૦૦
૧૨	શ્રી રામકૃષ્ણ ઉપદેશ	૪૦૦૦
૧૩	શાન્તિદાસ (સ્વદેશી વિષે)	૫૮૫૦
૧૪	નવું રેલ્વે સ્ટેશન	૩૭૫૦
૧૫	આત્મા સાક્ષાત્કાર થયેલા એક મહાત્મા સાથેનો પરિચય	૨૮૦૦
૧૬	કર્મનો નિયમ...	૧૦૦૦૦
૧૭	**शिवमहिम्नः स्तोत्रम्**	૧૦૦૦
૧૮	પરમયોગી સ્વામી રામતીર્થના વચનામૃતો ...	૧૦૦૦
૧૯	Shraman Narad (in English) ...	૧૦૦૦
૨૦	તત્ત્વચિંતન કી. રૂ. ૧–૦–૦ પો. ૦–૪–૦ ...	૧૦૦૦
૨૧	સ્વા. વિવેકાનંદ (બાળકો માટે)	૧૦૦૦
૨૨	શ્રી ગિરીશચંદ્ર કીં. ૦–૬–૦ પો. ૦–૨–૦ ...	૧૦૦૦
	કુલ્લે	૯૧,૯૫૦

શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી પ્રસિદ્ધ થયેલાં તથા બીજાં ધાર્મિક પુસ્તકો.

		કિંમત.
૧	શ્રી રામકૃષ્ણ લીલા પ્રસંગ ભા. ૧	૦–૮–૦
૨	,, ,, ,, ,, ,, ૨	૧–૦–૦
૩	,, ,, ,, ,, ,, ૩	૧–૦–૦
૪	ભક્તિ તત્ત્વ (પાકું પૂઠું)	૧–૦–૦
૫	શ્રી રામકૃષ્ણ પરમહંસનાં સદ્વચનો	૧-૧૨-૦
૬	શ્રી રામકૃષ્ણ ઉપદેશ	૦–૪–૦
૭	મા શારદા	૦–૩–૦
૮	શ્રી રામકૃષ્ણ દેવ (ટૂંક જીવન ચરિત્ર)	૦–૩–૦
૯	સંન્યાસીનું ગીત	૦–૧–૦
		રૂા. ૫–૧૫–૦

ઉપરનાં નવે પુસ્તકો એક સાથે ખરીદનારને રૂા. ૫–૨–૦ થી આપવાની યોજના થઈ છે.

શ્રી રામકૃષ્ણ મઠ અને મિશન તરફથી બહાર પડેલાં બીજાં પુસ્તકો શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ અને સ્વામી વિવેકાનંદના ફોટાઓ પણ મૂળ કિંમતે મળશે.

લખો:-શ્રી રામકૃષ્ણ આશ્રમ—રાજકોટ.